शत वर्षभाव–कुं

અને

पंच समाचार.

કિંમત ચાર આના. પો. જુદું.

शत-वर्ष भाव-कुंडळीआ.

(ચૈત્રી વર્ષ સં. ૧૯૦૧ થી ૨૦૦૦ સુધી. વીશમી સદીના).

અને

मेघ-समाचार.

(ગુરૂસાર વગેરે મહાન જોગો સાથે.)

भाग बीजो.

આવૃત્તિ બીજી.

સંશોધન કરી રચી પ્રસિદ્ધ કરનાર દેશી વાયુચક્રશાસ્ત્રી.

દેવજીભાઈ ઉકાભાઈ મકવાણા.

રોજીદ (તાબે ધંધુકા)-ગુજરાત-કાઠીયાવાડ.

शिखरिणी.

"सदा वृष्टि सारी, सुखद वसुधामां वरसजो;
सदा नंदे वंदी, प्रभु नियममां सौ विचरजो.
सदा शान्ति पामी, परम भजने सावध थजो.
दया विद्या लक्ष्मी, स्थल स्थल प्रजामां प्रसरजो."

ચૈત્રી સંવત ૧૯૬૯. સન ૧૯૧૨.

કિંમત બાર આના. પો. જુદુ.

આ પુસ્તક અમદાવાદ યુનાઈટેડ પ્રીન્ટીંગ એન્ડ જનરલ એજન્સી
કંપની 'લીમીટેડ' ના પ્રેસમાં મેનેજર જીવણલાલ
અમરશી મેહેતાએ છાપ્યું.

अर्पण पत्रिका.

આર્યજન હિતેચ્છુ-વિદ્વજનાધાર-સૌજન્ય સુધાસાગર શ્રીયુત મે. દામોદરભાઇ રાજારામ રાવજી વડોદરાના પ્રખ્યાત નવાબ-મીર સદરૂદ્દીન હુસેનખાન સાહેબ બા. ના કારભારી સાહેબ.

શુભસ્થળ-વડોદરા.

આપ તન, મન અને ધનથી દેશ હિતનાં સાર્વજનીક પરોપકારી કાર્યો કરવામાં અતિ પરિશ્રમ લેતા જણાઓ છો. અને શુદ્ધ અંતઃકરણથી ગુજરાતી સાહિત્ય ખાટના ગ્રંથો રચનારને ઉત્તેજન આપી, અપાવી-સારા પુસ્તકોનું રત્નભંડાર વૃદ્ધિ કરવામાં સંપૂર્ણ અનુમતિ ધરાવો છો.

જેથી કાઠીયાવાડમાં પ્રખ્યાત પામેલા શ્રીનાગજી મહારાજ તરફથી રચવામાં આવેલા શતવર્ષભાવ કુંડળીઓની બુક સઘળા વર્ગના લોકોને ઘણી ઉપયોગી છતાં. તે બુકોનો બહોળો ફેલાવો તેના ટોટાના લીધે થઈ શકયો નહોતો. તેથી તેની પહેલી આવૃત્તિ આપના સબળ ઉત્તેજનથી જાહેરમાં આવેલ હતી. અને તે મેં પ્રેમપૂર્વક આપનેજ અર્પણ કીધી હતી. પણ પહેલી આવૃત્તિ લોકોપયોગી નીવડવાથી તમામ બુકો ખલાસ થતાં-તેની વધારે માગણી થવાથી ઘણાજ સુધારા-વધારા સાથે આ બીજી આવૃત્તિ પ્રકાશમાં

લાવવાનું થતાં. તે પણ આપનેજ અર્પણ કરવા આગ્રહ કરવાં. આપે કબુલ રાખી ઘટતી મદદ આ વખતે પણ આપવા હોંસ બતાવી છે. આપ દરેક સાર્વજનીક કાર્યોમાં આવીને આવીજ ઉત્કંઠા રાખો છો. જેથી આ બીજી આવૃત્તિ આપનેજ અર્પણ કરૂંછું. તો તે સ્વીકારી સદાને માટે આભારી કરશો. "સુ. કિ. બ."

(ચૈત્રીવર્ષ સં. ૧૯૬૫ વઇશાખ સુદ ૪ મું રોજીદ (તાબે ધંધુકા.)

લી પ્રાચીન સંશોધક,
હરજીભાઇ ઉકાભાઇ મકવાણા.
દેશી વાયુશાસ્ત્રી.ગુજરાત-કાઠિયાવાડ

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

દોહા.

દોષ ગુણ દુનિયા વિષે, પુષ્ટ રચ્યો પ્રપંચ;
નીર ખીર નોખાં કરે, જો હોય સુમતિ હંસ.

માહાત્મા શ્રી નાગજી માહારાજના સાઠસંવત્સરી કુંડળીઆ અને ચોમાસાના વર્તારાનો કોહિનુર નામનો ગ્રંથ પ્રગટ થયા બાદ તે સાર્વજનીક હોઇ તે કામને રાજા–પ્રજાએ એક અવાજે વધાવી લેવાથી અમારા સંશોધનમાં ઉમંગ વધ્યો હતો.

આવતું ચોમાસું અને વર્ષભાવ કેવાં આવશે, તે માટે માહાત્મા શ્રી નાગજી વિપ્રના વર્ષભાવના કુંડળીઆ દરસાલ મગાવવા ઉપરાંત તે સંબધે હકીકત ચોતરફથી પુછવી જારીજ હતી. જેથી એ હેતુ પાર પાડવા માટે વર્ષભાવના કુંડળીઆ–ચૈત્રી સં. ૧૯૦૧ થી સં. ૨૦૦૦ સુધીના પુરા આ બીજા ભાગમાં ટીકા સાથ દાખલ કરવાનું માન માહાત્માશ્રીના સદ્‌ગુણી અને વિદ્વાન–મરહુમ–પુત્ર ગૌરીશંકર નાગજીભાઇને ઘટે છે. તેમણે પોતાના પીતાની જાહોજલાલી જાળવી રાખવા માટે પોતાથી બનતું કર્યું છે. અને તેમના પછી સઘળી જાહોજલાલી ટકાવી રાખવાનું કાર્ય મુખ્ય સેવક તરીકે અમારે શીર આવી પડવાથી ઉત્તરોત્તર તન, મન અને ધનથી મગજને લાંબે ઝુવાળે નાખી મેઘમાળા (મેઘ સમાચાર)ના કેટલાક મહાન ઉપયોગી જોગોનું લાંબી મુદ્દત અવલોકન જારી રાખી આવતું ચોમાસું અને વર્ષભાવ કેમ શોધી શકાય તેનો આબેહુબ ચિતાર આકાશ, વાયુ વગેરેની જાતે નિરિક્ષા કરી પુષ્કળ દાખલા દલીલથી આ બીજા ભાગમાં દાખલ કર્યો છે. અને દેશને ધક્કો લગાડનાર–એ જોરાવર દુશ્મન દુકાળ અને મરકી સામે કુદરતી અને વહેવારિક કારિગતો અનુભવ પૂર્વક સામે લગાડવા પ્રયત્ન કર્યો છે. અને ચોમાસાના વર્તારા

અને સુકાળ-દુકાળનું ભવિષ્ય એ દેશહિતની મુખ્ય બીના હોવાથી મારા અનુભવમાં અને સંશોધનમાં જે જે આવ્યું તે બધું, ગુરુભેદ ન રાખતાં-આપણી પ્રાચીન રૂઢીઓના અભિમાન ધરાવનારા મહાન જોશીઓનું આ ગ્રંથમાં જો સાક્ષાતપણું સુજ્ઞ રાજા પ્રજાને જણાશે તો સાર્વજનીક ધારણા પાર પાડવાની સદ્બુદ્ધિને માટે પ્રભુનો હું પાડ માનવા સાથ કૃતકૃત માનીશ.

આ ઉપયોગી ગ્રંથ જાહેરમાં લાવવાનું મુખ્ય માન વડોદરાના પ્રખ્યાત નવાબ સાહેબ મીર સદરૂદ્દીન હુસેનખાન સાહેબના સદ્ગુણી કારભારી શ્રીયુત દામોદરભાઇ રાજારામ રાવળને ઘટે છે તેમના સંગીન ઉત્તેજનથીજ આ ગ્રંથ વેળાસર જાહેરમાં આવ્યો છે. જેથી આ પુસ્તક તેમની રજા લઈ તેમનેજ અર્પણ કરવાની ઈશ્વરે તક આપી છે તે ખાતે પરમ આનંદ થાય છે.

આ ગ્રંથ જાહેરમાં લાવતાં દેશી વર્તમાનપત્રોમાં આવતી હવા પાણીની ઉપયોગી નોંધોનું અવલોકન મને કેટલુંક ઉપયોગી લાગ્યું છે તે માટે તેમનો અને રાજકોટના વોટસન મ્યુઝયમના કયુરેટર શ્રીયુત આચાર્ય વલ્લભજી હરિદત્તનો મને જે કીમતી સલાહો આપી છે તે માટે તેમનો અભિનંદન પૂર્વક આભાર માનું છું.

પુસ્તક રોયલ સોળ પેજી છે પણ તેમાં ઉપયોગી લખાણ ઘણું સમાવેલું છે માટે ઉપયોગી મુદ્દા ઉપર સુજ્ઞ વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએ.

આ દેશી વાયુચક્રખાતાને સંગીન ઉત્તેજન આપવા વડોદરા વગેરે સ્થળે હીલચાલ ચાલે છે. અને ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છ તેમજ મુંબઈ વગેરેની પ્રજાએ આ ગ્રંથને ઉમળકાથી ઉત્તેજન આપતું જારી રાખવાથી તે સૌનો ઉપકાર માનું છું.

મુ. રોજીદ (ધંધુકા) } પ્રાચીન સંશોધક
મીતી સં ૧૯૬૧ માઘ શુદ ૨ } સંગ્રહકર્તા.

બીજી—આવૃત્તિની પ્રસ્તાવના.

આ ગ્રંથની પહેલી આવૃત્તિ ચૈત્રી વર્ષ સં. ૧૯૬૧ (સન ૧૯૦૪) ની સાલમાં બહાર પડી હતી. પણ તેના મહાન જોગો અને ભાવ સુદ્ધા રાજા-પ્રજા-વપારી, ખેડુત-સમસ્તને ઉપયોગી થઇ પડવાથી તેની પહેલી આવૃત્તિ ખલાસ થતાં-આ બીજી આવૃત્તિ. લોકપ્રિય ગુરૂસાર, મહત્વ વિચાર, બારે માસની સંક્રાંતિનાં ફળ, ગ્રહોના ઉદય-અસ્તનાં ફળ, તથા વરસ-સુકાળ કે દુકાળના યંત્રો અને મંત્રો તથા અનાજ ર વગેરેની તેજી મંદીના વગેરે મહાન જોગોનો વધારો કરી કર્તવ્ય પરાયણ દેશભક્તિ બજાવવા ઇશ્વર કૃપાથી અમો ભાગ્યશાળી થયા છીએ

આ બીજી આવૃત્તિ સંવત ૧૯૬૧ પછી ૮ વરસે બહાર પડે છે. પણ તે દરમીયાન સુકાળ-દુકાળ ફળી કાઢવાના ઘણા અનુભવ સિદ્ધ ચોકસ મહાન જોગોનો વધારો કરી મેઘ સમાચારની પુષ્ટી માટે ઘણા વરસના દાખલા-દલીલો ટાંકી હવાપાણી કેવાં નિયમિત આવે છે તે સાધારણ માણસ સમજી શકે તેમ નિર્ણય કરવા-ગુરૂભેદ સાથે સઘળા ખુલાસા અને નવીન શોધ તરીકેની કરણી. ચૈત્રી સં. ૧૯૬૮ (સન ૧૯૧૧) ની સાલ સુધી વર્ણવી છે. જેટલો અનુભવ કોઇ યુરોપીઅન વાયુશાસ્ત્રીને હાથે લખાયો હોય તો તેની પડાપડીથી ખુશ થાય. પણ અમારા પરિશ્રમની ખુશ કરવાનું કામ સુદ્ધા વાંચનાર રાજા પ્રજાની મુનસફીપર સોંપુછું.

મારા અનુભવમાં અને અવલોકનમાં જે વાજબી જણાયું તે સબ દૃષ્ટાંતોથી સિદ્ધ કરી બતાવી. નવા વરસ માટે અને તેજી મંદી માટે આપણી પ્રાચીન દેશી રૂઢીના મહાન જોગોના અભિમાન માટે ઘણાં નવાં સિદ્ધાંતો શોધ તરીકે ઉદ્ધાર કર્યો છે. કે ભવિષ્યની પ્રજા સુકાળ દુકાળની કરણીનો અગમચેતીથી લાભ લઇ શકશે તો મારો લખવાનો હેતુ ઇશ્વર કૃપાથી પાર પડયો ગણી કૃત કૃત માનીશ.

આ બીજી આવૃત્તિ કાઢવામાં . સ્વામી શ્રી હરિપ્રસાદજી તરફથી મેઘમાળાની પ્રત સંશોધન થવા મદદ મળી તે ખાતે ઉપકાર માનું છું.

ચૈત્રી સં. ૧૯૬૯ વૈશાખ શુદ ૭ કર્તા. મકવાણા.

અનુક્રમણિકા.

॥ श्री जगदीश्वराय नमः ॥

शत-वर्षभाव-कुंडळीआ.

(શ્રી નાગજી માહારાજ વિરચીત).

ચૈત્રી-વર્ષ સં.-૧૯૦૧ થી સં.-૨૦૦૦ સુધી સૈકાપુરાના

(સન ૧૮૪૪ થી-સન ૧૯૪૩ સુધીના.)

દરેક કુંડળીઆનો ભાવ ચૈત્રી વર્ષથી એટલે ચૈત્ર માસથી વરસ કુંડળીઆનું બદલાય છે એમ સમજવાનું છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૦૧. સન ૧૮૪૪.

કુંડળીઓ.

અંતર ધર્યા અન્ન એકકા, હાર્દ હૃદે દુઃખ હર્ન;
[1]ના ફરકો [2]ડરકો નાહિ, તાજા તોય અન્ન તર્ન.
તાજા તોય અન્ન તર્ન, ધન સંપત સુખ સાજે;
ચિત્ત રિત [3]અરૂ-વિત્ત, વિશ્વમેં નવીન વિરાજે.
કહે નાગજી વિપ્ર, સુભક્ષિ સુખ રહે સ્વતંતર:
નેક કહ્યા દુઃખ નહિ. એકકા ધર્યા અન્ન અંતર. ૧

શબ્દાર્થ—૧ ફડકો નહિ. ૨ ભય. ૩ બીજું નવિન જાણ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૦૨. સન ૧૮૪૫.

બિલોતરદી. બર્નકુ, આગમ બાત અવેર;

[1]પાવસ પશ્ચિમ [2]મેખરા, અલ્પ નિપતિ-[3]મેવ.
અલ્પ નિપતિ મેવ, કચ્છુ દિન લાગે કરકું;
[4]અનીલ [5]લીલ ઉત્પન્ન, ત્યાંક બે ખાંડા બરકું.
કહે નાગજી વિપ્ર, નભાવ પશુ ઓર નરકી;
હિમત રહો હુશીયાર, બર્નકુ બિલોતરકી. ૨

શબ્દાર્થ—૧ ચોમાસું. ૨ સાચું. ૩ થોડી નિપજ. ૪ વાયુ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૦૩. સન ૧૮૪૬.

તિલોતરકી તિન ગત, મે મોઘા કચ્છુ મર્ન;
પાવસ પશ્ચિમ પ્રબલહે, ધાન તરન ધન ધર્ન.
ધાન તરન ધન ધર્ન, હર્ન સબ દુઃખ હૃદયકા;
દાન ગાન અતિ ખાન, [1]માન મહિ બઢે [2]અદુકા.
કહે નાગજી વિપ્ર, [3]મયણ આમય ભય [4]મર્કી;
હરકિ કરેસો સોઇ, તિન ગત તિલોતરકી. ૩

શબ્દાર્થ—૧ આબરૂ. ૨ માણસની. ૩ પૃથ્વી. ૪ રોગચાળો.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૦૪. સન ૧૮૪૭.

ચિડોતરકી શ્રવણ મન, સુજાન ધારિયો ચંત;
[1]આર વાર પશુ-[2]છારસો, અહિલાસરે ઉપજંત.
અહિલાસરે ઉપજંત, ચંત સબ રખનાં સોહિ;
આધિક બઢે આનંદ, ચંદ-[3]કૈરવ હિત હોઇ.
કહે નાગજી વિપ્ર, નિક નિધડક કહિ નરકી;
સુજાન ધારિયો ચંત, શ્રવણ મન ચિડોતરકી. ૪

શબ્દાર્થ—૧ સૌને જમવાનું. ૨ નિરણ. ૩ કમોદ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૦૫. સન ૧૮૪૮.

પંડિત પ્રિછો પંચકી, [1]રંચન [2]કમતિ રીન;
પ્રગટ પ્રથિજગ પેખનાં, [3]નરબર ધર્યા [4]નવીન.

નરધર ધર્યા નવનીત, રીત મંગળ મહિ વરતે;
જળબળ સલિતા જોર, ડોર [5]રવ જરનાં જરતે.
કહે નાગજી વિપ્ર, [6]ગલીન [7]બુકાદવ કિયો;
રંચન [8]ઔરા રીત, પંચકિ પંડિત પ્રિછો. ૫

શબ્દાર્થ—૧ લગાર. ૨ થોડી. ૩ પૃથ્વી. ૪ માખણુ. ૫ સાલ. ૬ ગળવું. ૭ વૃદ્ધિ. ૮ બીજી.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૦૬. સન ૧૮૪૯.

ખટકા રખો ન ખલકમેં, [1]અલ્પ [2]અલિક દુઃખ ઉર;
મે મળશે ફળશે મહિ, પ્રબળ સલિતા પુર.
પ્રબળ સલિતા પુર, [3]કુર કોડુ સાલ નેક–નિ;
ચલે ધરાસર વાર, સાર સુખ સબ જન દેનિ.
કહે નાગજી વિપ્ર, [4]ધનામ્રત ભર સબ–[5]ચટકા;
ચટકા શિરી શંક, ખલકમેં રખો ન ખટકા. ૬

શબ્દાર્થ—૧ થોડું. ૨ ખોટું. ૩ નઠારી. ૪ જગ અમૃત જેવું. ૫ રેલ ચડશે.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૦૭. સન ૧૮૫૦.

બાત બખાનું સાતકી, જાન સંક સંદેહ;
અમ્ર વરખ્યા જળ અલ્પહુ, તો પ્રગટે બલ તેહ.
તો [1]પ્રગટે બલ તેહ, [2]ગેહ ગોજરસેં [3]ગરહિ;
અન્ન તરણુ અપાર, ભાર કોઠાર [4]કન ભરહિ.
કહે નાગજી વિપ્ર, જિહ ગુરૂગમ મેંહ જાનું;
પૂર્ણ સુનિ સુખ પાત, સાતકી બાત બખાનું. ૭

શબ્દાર્થ—૧ પાછળથી જોર. ૨ ઘર. ૩ પાડે. ૪ અનાજ.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૦૮. સન ૧૮૫૧.

ઠાઠ ઠીકહે આઠકા, ચૌદીશ હોત સુગાળ;

મયણુ પરે મરથી ફરે, મસ્તા મર્દ પશુ માલ.
મસ્તા મર્દ પશુ માલ, તાલ સાલ સુખ સમતા;
તર્ન અન્ન નાહિ તાણ, વાણુ ઘત પય મનગમતા.
કહે નાગજી વિપ્ર, લખી ગુન ગહા ગતિ લે;
અવર ન ઘડતાં ઘાટ, આઠકા ઠાઠ ઠિક હે. ૮

શબ્દાર્થ—૧ મરચી. ૨ ઘી. ૩ દુધ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૦૯. સન ૧૮૫૨.

નવમે નિધિ નિહારિયો, દવમે દુનિયાં દુઃખ;
ભવમે અંત બિટકત ફરે, બિન્યા વિવેક બિમુખ.
બિન્યા વિવેક બિમુખ, દુઃખ કયું દિલકા જાહિ;
મિલેજો જીવન મુક્ત, જુક્ત[1] રૂપ-રૂપ[2] ન દેખાહિ.
કહે નાગજી વિપ્ર, શાલ શુભ માનો સિધિ;
તો કંચિત કહિ તાણ, નિહરિયો નવમે નિધિ, ૯

શબ્દાર્થ—૧ જુકિત. ૨ દેરી રૂપી.

ચૈત્રી વર્ષ. સંવત-૧૯૧૦. સન ૧૮૫૩.

ગમ સુનાવું અગમકિ, [1]નેચલ તત્ત્વ નિહાર;
કાલ કહો મત કરવરા, ચોપદ ગદ સંહાર.
ચોપદ ગદ સંહાર, દશુકા[2] ખેલન[3] ખોટા;
અન રસ ઉપજે ઘરન, તરન-ચરનકા[4] ત્રોટા.
કહે નાગજી વિપ્ર, ગુરૂ-વિન[5] સંકટ[6] ગાવું;
સમધારણ તોલ સાલ, અગમકિ ગમ સુનાવું.

શબ્દાર્થ—૧ ફકી. ૨ દસમા વર્ષના. ૩ ભાત. ૪ ખડખોટ.
૫ મોટું, પૈસાનું. ૬ દુઃખ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૧૧. સન ૧૮૫૪.

આન અંદેશા અંતરે, હાલ શાલ અગિયાર;

ખાંટ[1] બેચાયા વર્ષકુ, બર્શેગા[2] અમ્બાર[3].
બર્સેગા અમ્બાર, કચ્છુ જલ કષ્ટિ કાવે:
નરધર પશુ નભાવ, એય નહિ આલિ ભાવે.
કહે નાગજી વિપ્ર, કહુન કચ્છુ રખ્યાન-શેશા[4];
હાલ શાલ અખિયાર, અંતરે આન અંદેશા.

શબ્દાર્થ—૧ વેચવું. ૨ વરસે. ૩ જળ ૪ લગાર.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૧૨. સન ૧૮૫૫.

બનું બતિયાં બારકિ, છતીયાં રખની શોય;
મે વર્સે મોઘા કચ્છુ, હાકમકુ[2] સંક[3] હોય.
હાકમકુ સંક હોય, તરન અન્ન તાજા લુંગિ;
બણે નહિ અન્ય બાત, આદમી રહે ઉમંગી.
કહે નાગજી વિપ્ર મર્દ એહિ ધારો મતીયા;
સાલ ખ્યાલકા તાલ, બારકી બરનું બતિયાં.

શબ્દાર્થ—૧ છાતીને વિષે. ૨ રાજાને. ૩ ભય.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૧૩. સન ૧૮૫૬.

તોય અશાડી તેરમે, ઘેર ઘેર મહિ[1] ધુમ;
દલીપર દળ ઉમટે, રૂશ[2] રોહીલા[3] રૂમ.
રૂશ રોહિલા રૂમ, ધુમ ધંધકી[4] ધરમે;
અગલા[5] પરજન[6] હોય, તોય છન્નકત ધર સરમે.
કહે નાગજી વિપ્ર, દલિપની બતિયાં ગાઢી;
સુગાળ-તાળ ચૌફેર, તેરમે તોય અસાઢી.

શબ્દાર્થ—૧ પૃથ્વી ઉપર દુઝણાની છત. ૨ દેશી. ૩ મુસલ-
માન. ૪ લડાઈ. ૫ બહોળાં. ૬ વરસાદ, ૭-નરસું.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૧૪. સન ૧૮૫૭.

રાખો ન શંકા રૈરકી,[1] કોરા બજે ન ઢાળ,

નર પશુ વસુ નભાવહિ, ચૌદો-તેરકી શાલ.
ચૌદો તેરકી શાલ, માલ[2] મહરગત માનો;
[3]જવન [4]જડાં [5]જકુજેર, [6]પરાભવ [7]રાજ-પીછાનો.
કહે નાગજી વિપ્ર, વાયરા હોવત વંકા;
અંતે અનાજ અપાર, રૈરકી રખો ન શંકા,

શબ્દાર્થ—૧ કાળની. ૨ મોંઘાઈ. ૩ મુસલમાન. ૪ તલ-વાર ચાલે. ૫ મરાય. ૬ હાર. ૭ રાજને.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૧૫. સન ૧૮૫૮.

પરખ્યા કિન પનરકી, વરખ્યા વિજહે વોમ[1];
ચૌપદ-[2]મદગદ સેસ્ટસો, સાલ મહરગત સોમ્ય.
સાલ મહરગત સોમ્ય[3], ભોમ્ય અન્નભાવ ભલેરા;
ઘુપ ગોધમ ગુડ તેલ, ખેલ લેવત એક બેરા.
કહે નાગજી વિપ્ર, [4]નજુમમે એસા નરખ્યા;
અંત બઢે આનંદ, પનરકી કિનિ પરખ્યા.

શબ્દાર્થ—૧ આકાશ. ૨ બળવાન. ૩ રૂડી. ૪ જોતિષ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૧૬. સન ૧૮૫૯.

સુનિયો બતિયાં સોળકિ, ધર પર હોશે ધાન;
સુભીક્ષ હોય પ્રજા સુખી, રસ કસ અગળા જાન.
રસકસ અગળા જાન, દાન દયા ધર દરસે;
અધિક બઢે આનંદ, વારતો ચૌદીસ વરસે.
કહે નાગજી વિપ્ર, શંક કચ્છુ રખો ન છતિયાં;
અધિક બઢે આનંદ, સોળકી સુનિયો બતિયાં.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૧૭. સન ૧૮૬૦.

ચંતે ધરિયો સતરકી, ભાવિ વરનું ભેદ;
ધન વરસે અન્ન આકરા, વાચક અફર એ વેદ.

વાયક અક્ષર એ વેદ, ભેદ જમીનહાર ઉર જાણો;
દ્વારામતિ[1] ડમડોલ, ધરા તેહિ ધખ ધુહ્રાણો.
કહે નાગજી વિપ્ર, [2]અસિ-ખેલ સલહી અંતે;
સુણુત સલિતાંપુર, સતરકી ધરિયો ચંતે.

શબ્દાર્થ—૧ દ્વારકામાં વાઘેરનું તોફાન. ૨ તરવાર ચાલે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૧૮. સન ૧૮૬૧.

જોરા બઢે જવન જગ, હિંમત [1]મત-હિંદવાન;
મોઘાં સરવશ માલ મહિ, બિસદ ધાનકા [2]માન.
બિસદ ધાનકા માન, જાન હૃદે કેહિ હેતુ;
પાવસ રતમે પ્રગટ, ઉગહિ અંબર કેતુ.
કહે નાગજી વિપ્ર, ઠરત ભાવ-[3]ચ્યા ઠોરા;
કોરા બજે ન કાળ, સાલ જવનુકા જોરા.

શબ્દાર્થ—૧ હિંદ હિંમતમાં પાછો પડે. ૨ વરસ સારું પણ અનાજનું માન, તમામ ઠેકાણે આકરું. ૩ પુંછડીયોતારો દેખાશે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૧૯. સન ૧૮૬૨.

મોંઘા સરવસ માલ મહિ, સાલ ઓગણિસા સોઈ.
નટે[1] ન વર્ખા [2]નેષ્ટતા, હલકા ભાવ ન હોય.
હલકા ભાવ ન હોઈ, તોય સોરઠ ધર તંગી;
મટે ન મન જન[3]-મોદ, અતે સબ જન ઉમંગી;
કહે નાગજી વિપ્ર, સબીજનસી નાહિં સોંઘાં;
હાલ સાલ નહિ કાળ, માલ મહિ સરવશ મોંઘા.

શબ્દાર્થ—૧ ફરે નહિ. ૨ વરસ કઠણ. ૩ હર્ષ. ૪ સર્વ ચીજ મોંઘી. આ સાલમાં બાજરા કાદરીઆ થયાને રૂની પીઠ પણ વધી.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૨૦. સને ૧૮૬૩.

વિશા આવત વિશ્વમે, સુણ આગમ ગુણ સાર;
[1]દર્પ દનિ ડર દેખકે, કિન કુમક કિરતાર.
[2]કિન [3]કુમક કિરતાર, વારતા પ્રાવટસે વરસે;
તાજ્ન તર્ન અન ધર્ન, [4]ડભ રસ દુઃખ ભાવે દર્સે.
કહે નાગજી વિપ્ર, સમી સુખ દુઃખ સમ દિશા;
લહે [5]તુલ અન લાભ, વિશ્વમે આવતા વિશા.

શબ્દાર્થ—૧ ભય. ૨ કરી. ૩ મદદ. ૪ કાળનો ભય. ૫ રૂ માટે અમેરિકામાં લડાઈ ચાલવાથી ત્યાં કપાસ વવાણો નહિ માટે હિંદના રૂની પાક વધી.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૨૧. સન ૧૮૬૪.

અબ દાખું એકિશકા ભવશ હોનકા ભેદ;
[1]ત્રાસ તરે જીમુદ ઝરે, ફરે ન બતિયા બેદ.[2]
ફરે ન બતિયાં બેદ, [3]ખેદ નરનાર ન ખટકા;
પ્રબલ પિડા [4]મહિ દીઠ, લેકી રૂવાંકે [5]લટકા.
કહે નાગજી વિપ્ર, શુભ [6]ગુન [7]ગોઈ ન રાખું;
ભવશ હોનકા ભેદ, એકેશકા અબહિ દાખું.

શબ્દાર્થ—૧ ભય વહાણને. ૨ વેદ. ૩ પીડા નહિ. ૪ બલાત્કાર પેડે દેખાય. ૫ રૂનો. ૬ ભાવ. ૭ ભેદ. ૮ છાનો નથી રાખતો. રૂનો ભાવ ૪૦ શેરના ૧ મણના ૩૨ રૂા. થયા. ઘી, મરચાના ભાવ પણ એજ હતા.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૨૨. સન ૧૮૬૫.

ધનકી તંગી ધન પરે, બાવીસમે બુધ જાણ;
ચપલ ચણકા [1]મહગના, વસ્તુ સમુહકી વાણ.[2]
વસ્તુ સમુહકી વાણ, જાણુ ક્ષત્રી [3]રણ ખેલે;

દેશ [4]દર્પ ડમ[5]ડોળ, મોલ[6]–મનુખ કાહુ મેલે.
કહે નાગજી વિપ્ર, ફોજ બહુ ફરે [7]ફીરંગી;
અંત હોત આનંદ, ધરાપર ધનકી તંગી.

શબ્દાર્થ—૧ મોંઘાઈ. ૨ સોંઘાઈ. ૩ લડાઈ થાય. ૪ ભય. ૫ ડામાડોળ. ૬ મોલને ખોરડાં બીકથી છોડે. ૭ અંગ્રેજના અર્થમાં.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૨૩. સન ૧૮૬૬.

બનું તત્વ ત્રેવિશકા, ભુપત શિર હે શિર હે [1]ભાર;
અતિ જોર [2]અંગ્રેજકા, તબ છુટત [3]તલવાર.
તબ છુટત તલવાર, હાર ખત્રી મન હોઈ;
જુધ મૃચિકા જોર, કાયમ નર જોનાં કોઈ.
કહે નાગજી વિપ્ર, ધંધ [5]પશ્ચિમકિ ધરનું;
[6]રહિત સહિત સંતાપ, તત્વ ત્રેવીશકા બનું.

શબ્દાર્થ—૧ રાજાને ભાર. ૨ અંગ્રેજનું પરિબળ. ૩ લડાઈ જાગે. ૪ વાયુનું જોર. ૫ પશ્ચિમ ધરામાં તોફાન ૬ રૈયતને.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૨૩. સન ૧૮૬૬.

• [1]વિશ વશા ચોવિશ હે, પંચાંગે પરમાન;
• [2]તારા અવગુણ તાહમે, પડે [2]લોન [3]પેજ્જન.
પડે લોન પેજ્જન, જાન બેટે રીત રાહુ;[4]
સંવતસર[5] [6]સુગન ન ચાંડ, અંતર નર રાખો ઉચાહુ.[7]
કહે નાગજી વિપ્ર, તત્વમેં કહેહીં તાકે;
કર્યા હોઈ કિરતાર, ચોવીશ હે વિશ વસાકે.

શબ્દાર્થ—૧ તારા ખર્યાનો અવગુણ. ૨ મીઠું. ૩ દુઃખમાં પડે તેમ ૪ રાહુ નડવાથી ગ્રહણ થાય. ૫ વરસ. ૬ સારાપણું. ૭ નહિ મેલે.

સંવત-૧૯૨૫-(સન ૧૮૬૮ નું ૬૯ સુધી) હતું. અને સં-

વત ૧૯૨૬ (સન ૧૮૬૯) નું વર્ષ વરસાદ પાણી બોહળા અને સાતે સરા પાકી હતી. પણ દેશમાં તીડનાં જબરાં ટોળાંએ વીજળીને વેગે સેંકડો ગાઉમાં ફરી વળી પાકનો નાશ કર્યો ને દુકાળ પાડયો. આવાં તીડ કોઈવાર આવ્યાં નથી. આ તીડ અસંખ્ય અને સેંકડો ગાઉમાં આકાશ વાદળાં માફક છવાઈ ગયેલું દેખાણું હતું. કાંઈક પાછોતર પાક બચવા પામ્યો હતો ઈશ્વરની કુદરતી ગતિ અગાધ છે.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૨૭. સન ૧૮૭૦.

વરખ આગે આ વિશ્વમે, સાઉસો સતાવીશ;
ઉભુત વરખે જગત સો, કુવિ જામહી કીચ;
કુવિ જામહિ કીચ, મીચ મરધી સો મરહે,
ચતુર્પદ સિલિ શંક, હરિભાવ ધરિયો હરહે.
કહે નાગજી વિપ્ર, જગત જ્વર જોરા ભયે,
સમતા સમજી સાઇ, વિશ્વમેં વરખ અબ આયે;

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૨૮. સન ૧૮૭૧.

ચિત્ર ભાનુકિ સમજીઓ, આગમકો અનુસાર,
અઠ્ઠાવીશા આવતાં, વરસે વિશ્વે વાર;
વરસે વિશ્વે વાર, કચ્છુ દિન લાગે કરકું,
અનિશ આતપ હે અપાર, ખલકમેં ખાંપ્રબરકું.
કહે નાગજી વિપ્ર, ધરાપર પીડ ધાનુકી;
કરનહાર કિરતાર સમજીયો ચિત્ર ભાનુંકી.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૨૯–(સન ૧૮૭૨) ની સાલમાં મહા વદ ૫ ની રાત્રે જે ઉજેસ થયો તે ઉપર શ્રીયુત ગવરીશંકર મહારાજનો કુંડળીયો.

ડરીયો મત કોઈ દેખકે, અંબર નિશા ઉજેસ:
પોષ વદી દશમી દીને, કિયો જગત અંગરેશ.

ક્રિયો જગત અંબરેશ, વિશ્વ મૃત રક્ષણુ હેતુ;
મૃત લોકકે માંય, પુન્યકી બાંધો સેતુ.
કહે ગવરી ગુણુ જાહ, ધ્યાન ધનિકા ધરીયો;
અંબરનિશા ઉજેશ, દીલમેં મત કોઈ ડરીયો.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૩૦ થી સંવત-૧૯૩૩ (સન ૧૮૭૩ થી ૧૮૭૬ સુધીનાં વર્ષના કુંડળીયામાં વિશેષ જાણુવા જેવું નથી. પણુ તેનો ભાવ સાઠ સંવત્સરનાં તે સાલનાં કુંડળીયા પ્રમાણે જાણુવો.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૩૪. સન ૧૮૭૭.

ચાર ત્રીસકી સબ સુનો, બનિયા ભાવી બખાન;
પ્રથમ પાવસ પ્રથક હે, ધરા ધાનકા માન.[1]
ધરા ધાનકા માન, તાન જાવત હે [2]તરને;
નવિન અન્ન નિપાય, ધિરજ અર ધરમજ ધરને.
કહે નાગજી વિપ્ર, મયયણુમે મનુષ મીસકી;[4];
નરપતી દરક નવીન, સુનો સબ ચાર ત્રીસકી.

શબ્દાર્થ—૧ અનાજનું માન. ૨ ખડની ઘણી તંગી. ૩ માણુસ. ૪ મરે.

આ સાલમાં દુકાળ હતો. માણુસ, પશુ ઢોરને પુરં સંકટ હતું.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૩૫. સન ૧૮૭૮.

બિચારી બતિયાં પાંત્રીસકી, ધારી લેનાં ધીર;
[1]સારી સો ખારી લગે, નદ ભારી વહે નીર.
નદ ભારી વહે નીર, [2]શીર [3]સસ [4]સબમાં શંકા;
જ્વર નર પીડત જોર, ચોર સબ ઢોર અટંકા[5].
કહે નાગજી વિપ્ર, [6]મર્મ કહ્યા એહી [7]મદનારી;
[8]ઈંદ્ર કોપ એ સમય, પાંત્રીસકી બતિયાં બિચારી.

શબ્દાર્થ—૧ વરસાદ ઘણો ભીન થવાથી ખારો લાગે. ૨ માથું,

૩ મોલ. ૪ ટીડ. ૫ અચલ ભય. ૬ ભેદ. ૭ શીત. ૮ ઇંદ્ર કોપશે. આ સાલ બીજ થઈ. ખડ ધાન પાંચમાથી અને બીજથી તાવના વાયરા વધ્યા ટીડ આવ્યાં. ચારે માસ વરસાદ થયો અને ભીન વરસ થયું.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૩૬–૩૭ (સન ૧૮૭૯–૮૦)

ના વર્ષ સારાં હતાં, વિશેષ જાણવા જોગ નથી. (બેઉ સાલ ભલહરા થયાં,)

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૩૮. સન ૧૮૮૧.

વરખા વરસે વિશ્વમેં, પરખ્યા પ્રબલ પવન;
નિરખ્યા અદ્ભુત નવીન, જલ જગ જયાં હવન.
જલ જગ જયાં હવન, જવનકે જોખા જાણો;
જલધી બુડત બીજ, અનલ ઉગત કાણો;
કહે નાગજી વિપ્ર, ચિતમેં નિશ્ચે નિરખા:
આડત્રીસે આનંદ, વિશ્વમેં વરસે વરખા.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૩૯. સન ૧૮૮૨.

વારો સારો વિજયકો, ધરો શ્રવણમેં ધ્યાન;
સાલ પતિ શુભ ચંદ્ર હે, સમતા સમજ સુજાન.
સમતા સમજ સુજાન, થંભ એક આવન;
પરજન પરિયટ ગ્રહે, મેહતો શ્રાવણ સુકાત.
કહે નાગજી વિપ્ર, ધરમ દીલ દાને ધારો:
બાવી ગરતો ભીન, વિજયકો વારો સારો.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૪૦. સન ૧૮૮૩

જયકી જુકિત જાનીયો, રવી વરસ કે રાજ;
ચાલીસે જન સબ સુખી, પુનકી કરિયો પાજ.
પુનકી કરિયો પાજ, કેતુ કચ્છુ કષ્ટ કરાવે;
અગ્નિ ચોર ઉત્પન્ન, મૃગિકા જુદ્ધ કરાવે.

કહે નાગજી વિપ્ર, અવનીયે જય આમયકી;
ખપર થંભ હે તીન, જાનીયો જુકિત જયકી.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૪૧. સન ૧૮૮૪.

પરખ્યા આગમ પીછાંયો, બર્નવુ ભાવી બાત;
દુ:ખ દલસે ફળસે મહિ, અનચર સબે અઘાત.
અનચર સબે અઘાત, તેગ પુરવ ધર ત્રાસા;
માસ આસુકે મધ્ય, ગ્રહેહૂં ગ્રહે ખગ ગ્રાસા.
કહે નાગજી વિપ્ર, કચ્છધર કમતી વરખ્યા.
તર-કણ તજી ભાવ, પ્રિછયો આગમ પરખ્યા.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૪૨. સન ૧૮૮૫.

બેંતાલીસે બરનવુ, આગળ વરસ અંત્વ:
ભૂમી તનય વરસ ભૂપહે, મંદ મંત્રિ તતબેવ.
મંદ મંત્રિ તતબેવ, ચૈત્ર શશિ દગુ દમતા;
ચૌપદ ગદ સંતાપ, તુંગી નૃપ તેજ સમતા;
કહે નાગજી વિપ્ર, દનિમે મિશ્રિત દીસે:
કૈથલ તંગી હોય, બરનવુ બેતાલીસે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૪૩. ગન ૧૮૮૬,

વરસે [1]વરખ્યા વર્ષમે, ત્રેંતાલીસે તોય:
ધર સરવર સરિતા ભરે, ડરે [2]ડાઢ [3]દવ દોગ.
ડરે ડાઢ દવ દોય, [4]તોય રત ધામે [5]ધ્રામે;
નર રૂજ કરહિ નાસ, [6]હામ-હિન ગામો ગામે.
કહે નાગજી વિપ્ર, દયા ઈષ્ટ સો દરસે;
કરનહાર કિરતાર, વર્ષમે વરખ્યા વરસે.

શબ્દાર્થ—૧ વરસાદ. ૨ રોગ. વગેરેની ટાઢ. ૩ અગ્નિ. ૪ જેઠ માસમાં. ૫ પ્રથક પૃથક. ૬ જ્યાં હવન વગેરે નહિં ત્યાં.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૪૪. સન ૧૮૮૭.

સમય સાધારણ શુભહે, ધરા ધગંત રવિ ધૂપ;
જલ જોરા બળ પવનકા, ભ્રગુ ભયે વર્ષ ભૂપ.
ભ્રગુ ભયે વર્ષ ભૂપ, તુપ તુલ તરેન અન તાજા;
ચુમાલીશ સુભીક્ષ, સુર નરનાર સમાજા.
કહે નાગજી વિપ્ર, વસુધા વિપત્તિ વિડારણ;
કરનહાર કિરતાર, શુભ હે સમય સાધારણ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૪૫. સન ૧૮૮૮.

પીસ્તાલીશકી પ્રીછ અબ, મન ધરિયો મતવંત;
વિકારી વારા વિશ્વમેં, અનીક બાત ખટ અંત.
અનીક બાત ખટ અંત, જંત રુજ જલજર ખામી;
વિલંબ વરતે વિશ્વ, સોઈ સમ એ અનુગામી.
કહે નાગજી વિપ્ર, દવન ડર ધર કંપ દીસે;
શીવ શાંત સુખ સેન, પ્રીછ અબ પીસ્તાલીસે.

ટીપ—પ્રથમ વરસાદ થયા પછી પાછળથી **થયો નહિં, જેથી** કાર્તિકી પાંચમ ઉપર ભારે માવઠું થયું ને સમુદ્રમાં વીજળી **નામની** આગબોટ હોમાણી. તે હજારો માણસના જાનની ખુવારી **થયાનો મુ**-ખ્ય બનાવ છે. ખડખોટથી ઢોર બહુ દુઃખી **થયાં.**

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૪૬. સન ૧૮૮૯.

છેતાલીસે સમજીયો, આગમ બાત અનૂપ;
પાવસ પશ્ચિમ પ્રબલ હે, ભુવણ ચંદ્ર વર્ષ ભૂપ.
ભુવણ ચંદ્ર વર્ષ ભુપ, તુપ તુલ તુંગી તાજા;
અસાડ પુનમ આત, રાહુ ગ્રસહી વર્ષ રાજા.
કહે નાગજી વિપ્ર, નીરણે કિયાહે નિશ્ચે;
રહે દ્વાદશ ઘટી રાત, સમય એ છેતાલીસે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૪૭. સન ૧૮૯૦.

સમતા સુખ સુડતાલીસે, દમતી પુરવ દુઃખ;
રમતા રાહુ કહુ રવી, જેઠ ભોમ નીસી મુખ.
જેઠ ભોમ નીમી મુખ, કાતિ પુનમ બુધ કુંગે;
રહે કલાક દ્વી રાત, શશી સંગ્રામે ચૈંગે.
કહે નાગજી વિપ્ર, ગુનવંત ભ્રગુ મન ગમતા;
ભયે વર્ષકા ભૂપ, સુડતાલીસં સુખ સો સમતા.

ટીપ—આ સાલમાં મુબઈ ઇલાકામાં સરાસરી વરસાદ બહુ ઓછો થયો. પાછલા વરસાદની તાણુ થઈ ને વરસ ખાંડા ભરડું થયું.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૪૮. સન ૧૮૯૧.

નિશ્ચે ધરિયો નર સબે, અડતાલીસકી ઉર;
જવર ખાંસીકા જોર હે. ભાદરવા ભરપુર.
ભાદરવા ભરપુર, કૃર નહિ જાનો ફિકા;
ચંદ્ર ગહન યુગ સત્ય, વૈસાક પુનમ કાતિકા.
કહે નાગજી વિપ્ર, દોઈ ખગ્રાસે દીસં;
શની મંદ છે સત્ય, નરસબ ધરિયો અંતે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૪૯. સન ૧૮૯૨.

ધારો સબહી ધ્યાનમેં, શુભ વચક એ સોય;
સાધારન એ સમય હે, ઓગણ પચાસં ઓય.
ઓગણુપચાસેં ઓય, હોય વર્ષ રાજન ભોમે;
ચૌપદ-સીસી શંક, નરા ગદ પીડીત ગોમે.
કહે નાગજી વિપ્ર, તંએબર દરસે તારો;
પુંછ સહિતા પેખ, ધ્યાનમેં સબહી ધારો.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૫૦. સન ૧૮૯૩.

પ્રીછો સબહી પચાસકી, અગમ પરીક્ષા એહ;

રવિ રાજા વર્ષ રાજહીં, મહિપર મંદા મેહ.
મહિપર મંદા મેહ, એહ શગુન શેહુ ખેલા;
ચંદા પુન્યમ સાહય, દરસ દીન કરહીં ગ્રહેલા.
કહે નાગજી વીપ્ર, હવિ એ મરજી હરિમો;
પુન્યે પીડા નાસ, પચાસકી સબહી પ્રીછો.

ટીપઃ—આ સાલમાં પરસોત્તમ માસમાં એટલી બંધ વરસાદ થયો ને પાછળથી તાણુ કીધી.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૫૧. સન ૧૮૯૪.

એકાવનકી ઉર ધરો, આગમ બાત એ વાર.
મે જેતરા મયંકકા, સૂર્ય ગ્રહન નીરધાર.
સુર્ય ગ્રહન નીરધાર, વાર મંદ ઓહિ મેં પાલા.
નર પશુ વસુ નમાન, નાન કુટન તેહ કાલા.
કહે નાગજી વિપ્ર, જગતમેં જડતા જનકી;
પાપ પ્રબલ હિન પુન્ય, ઉરે ધરો એકાવનકી.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૫૨. સન ૧૮૯૫.

બાવન બતિયાં બિચારતાં, સમતા સમજત સાલ;
ચોપદમેં શીલી ચલે, કવિન રોગ કાળ.
કવિન રોગ કાળ, માલ કણ અગ્રે મોંઘા;
પુનમ ચંદા પડ, [1]શોહા-[2]નર હોંસે સોંઘા.
કહે નાગજી વિપ્ર, નરાં અંન દુઃખ નસાવન;
ગ્રેણ હુતાસન હોઈ, બિચારતાં બતિયાં બાવન.

શબ્દાર્થ—૧ ખેપ. ૨ વહાણ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૫૩. સન ૧૮૯૬.

ત્રેપન વરસે તીન ગત, અન તરણ ધન ઉત્પન;
[1]સીત [2]સમીરા [3]સસભસો, [4]દુઃખ દરસે દસ દીન

દુ:ખ દરસે દસ દીન, ⁵પીન-⁶પશુ પેખ પ્રથીમે;
⁷તીલ ⁸માંખ ⁹ગુડ ¹⁰તુપ, ધરાપર ધારો ¹¹ધીમે.
કહે નાગજી વિપ્ર, ચદા સુર ગ્રહન ન દરસે;
રવી વરસકા રાજ, તીન ગત ત્રેપન વરસે.

શબ્દાર્થ—૧ ટાઢ. ૨ પવન. ૩ ટીડ. ૪ દશ દહાડા ૫ ફુલક જણાય. ૬ જાડાં ૭ ઢોર. ૮ અડદ. ૯ ગોળ. ૧૦ ઘી. ૧૧ થોડાં નીપજે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૫૪. સન ૧૮૯૭.

ચોપન સાલ સમતા સહી, ભયા શની વર્ષ ભૂપ;
પરભીતિ પરધર પરે, ધગત ધરા રવી ધૂપ.
ધગત ધરા રવી ધૂપ, ગ્રહનકી પોપે પેખો;
દર્શ પુન્યમ દર્શાત, આતશની શુક્ર લેખો.
કહે નાગજી વિપ્ર, અકડ પીડન અન્ન ધનકી;
પશુ પ્રજા-ગદ પીડન, સમતા સહી સાલ ચોપનકી.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૫૫. સન ૧૮૯૮.

પંચાવનકી પ્રીછીયો, ભાવિ ભાખું ભાવ;
બુધ બને રાજ વર્ષકા, ભલા ભૂવિસર ભાવ.
ભલા ભૂવિસર ભાવ, નાવ નીર્ધાયે નાસે:
અસાડ માગશીર્ષ, આત, ગ્રહનકી પુનમ આસે.
કહે નાગજી વિપ્ર, ધરા-ચઢ ધોરત ધનકી;
અન્ન-ક્રયમન આનંદ, પ્રિછીયો પંચાવનકી.

સબ્દાર્થ—૧ આ સાલમાં અનાજનો સંગ્રહ કરશો તેને આનંદ

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૫૬. સન ૧૮૯૯.

¹મહીસુર-સરિતા મેલહી, સોઈ છપના સાલ;
કલિ પ્રબલ મલ કોશકે, તબે દેખતાં તાલ.
તબે દેખતાં તાલ, ગ્રહન યુગ પુનમ આસે:

જેઠ માગસીરે જાણુ, થાવર ભ્રગુ ખગ્રાસે થાશે.
કહે નાગજી વિપ્ર, શની વર્ષ રાજા હરિતા;
પાપ બુદ્ધી પ્રતાય, મેલહી મહિસુર સરિતા.

અર્થ—૧૯૫૬ માં દેવનાની નદી ગગા સત મુકી સ્વર્ગ જશે જેથી કલીયુગનું પ્રબળપણું વર્ત્તાશે. ને જોયા જેવા તાલ થાશે. મતલબ ઘોમ દુકાળ પડશે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૫૭. સન ૧૯૦૦.

સમય સાધારણ સાલ હે, સતાવનકી સોય:
રાહુન ગ્રસહી રવી શશી, તંગી કછુ તવ તોય.
તંગી કછુ તવ તોય, હોય ભુપ વર્યકા ભોમે;
સોરઠ પશ્ચિમ સુખ, દુઃખે દરસે પરગોંમે.
કહે નાગજી વિપ્ર, તુલકા તેજ બધારન;
હવન હોમ ભય હરન, સાલ હે સમય સાધારન.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૫૮. સન ૧૯૦૧.

અઠાવનકી ઉર ધરો, મીટે ન હોવન હાર;
સુર ગુરૂ રાજા સાલકા, સુખી સર્વ સંસાર.
સુખી સર્વ સંસાર, સાર શસ્યધર સરખા;
અમાસ આસુકી આય, અંગહીન ગ્રસ કહી અરકા,
કહે નાગજી વિપ્ર, મહાતમ કહી એ મનકી;
તનકી [2]ગદ તવ ત્રાસ, ઉર ધરો એકાવનકી.

શબ્દાર્થ—૧ મોલ, ૨ રોગનો ત્રાસ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૫૯. સન ૧૯૦૨.

અનુભવ અબે ઓગણસાઠકા, સમજો સોમતિ શુદ્ધ;
જરહી જીમુત જગતમે વર્ષ રાજહે બુધ.
વર્ષ રાજહે બુધ, જુદ્ધ શશી રાહુ આકાશે;

ભોમે ભડના ભીતિ, ગ્રસત ઘટો ત્રિ ખગ્રાસે.
કહે નાગજી વિપ્ર, દનીકર દુઃખ દરસે દવ;
કરનહાર કિરતાર, ઓગણસાઠકા અંએ અનુભવ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૬૦. સન ૧૯૦૩.

સમજે સબહિ ચીતસો, ઠીક સાઠકા ઠાઠ;
સબગી રાજ વૃખ સુરહે, આખર બાતુ આઠ.
આખર બાતુ આઠ, શીત શમીર ગ્રહે ચંદા;
આસુ ચૈત્ર ઉભય, અષ્ટ ખટઘટી દીન મંદા.
કહે નાગજી વિપ્ર, કસ્મેર પરજન કમજે;
પરિણામે સુખ સાઈ, ચિત્ત દઇ સબહીં સમજે;

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૬૧. સન ૧૯૦૪.

અનુભવ અંએ એકસઠકા, ઘરખર ધગહીં ભૂપ;
જલ હિન જોરા પવનકા, ભ્રગુ ભયે વર્ષ ભૂપ.
ભ્રગુ ભયે વર્ષ ભૂપ, તુપ તુલ તગ હે મંદા;
માઘ માસકે મધ્ય, ઘટીસે ગ્રસહીં ચંદા.
કહે નાગજી વિપ્ર, જૂઠ નહિ જાનો તલ જવ;
હરિ સો કરતા હોય, એકસઠકા અંએ અનુભવ.

અર્થ—સંવત ૧૯૬૧ નો ભાવ એવો છે કે પૃથ્વી ઉપર રાડકો ખુબ પડશે. વરસાદ થોડો માટે કરવરૂં થાશે. અને પવન જોર વર્તાશે. રાજા શુક્ર છે. ઘી અને રૂની પીઠ મંદી રહેશે. માઘ માસમાં ચંદ્ર ગ્રહણ થાશે. એ બનાવો માટે જવ તલ જેટલું જૂઠ ન માનશો. પછી જગત્કર્તા ઇશ્વર કરે તે ખરૂં.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૬૨. સન ૧૯૦૫.

બિચારી બાત બાસઠકી, ધારી લેનાં ધ્યાન;
[1]ખારી સરી ખલકમેં, [2]મિશ્રીન મહિમે માન.

મિશ્રીત મહિમે માન, જન જવર પીડીત જોરા;
વર્ષ રાજ હે બુધ, કેવળ કુર હે ન કોરા.
કહે નાગજી વિપ્ર, વિશ્વમે વરસે વારી;
ગ્રહન નહિ શશી સૂર, બાસઠકી બાત બિચારી.

શબ્દાર્થ—૧ નરસુ, ૨ સારૂં બેઉ વૃત્તાંસે. ૩ કાંઇક ભલ-હરાને કાંઇક મોળું.

અર્થ—બાસઠનો ભાવ ધ્યાનમાં લેજો. સારૂં અને નરસું બેઉ ભાવ પૃથ્વી ઉપર જણાશે તાવની પીડા વધશે. રાજા બુધ છે. જેથી પારણામ ખરાબ નથી. જગતમાં વરસાદ સારો થાસે ગ્રહણ નથી.

ચૈત્રી-વર્ષ. સં.–૧૯૬૩. સન ૧૯૦૬.

હાલ બખાનું સાલકા, તીન સઠકા તાલ;
બરખ્યા ઓત ન વરસહીં, બીરાજે રવી ભુપાલ.
બીરાજે રવી ભૂપાલ, ચંદ્ર શ્રાવણ ખગ્રાસે;
અમાસ પોષકી આત, સવિતા રાહુ થાશે.
કહે નાગજી વીપ્ર, ફીકર શશી રાહુકી જાણો;
માઘ માસકી મધ્ય, સાલકા હાલ બખાનું.

અર્થ:—વરસાદ તેહતો થાય. વધી ન જાય. રાજા રવી છે. શ્રાવણમાં ચંદ્ર ગ્રહણ ખગ્રાસ છે. અને પોષમાં સૂર્ય ગ્રહણ છે. અને મહા માસની મધ્યે પણ ગ્રહણ છે.

ચૈત્રી-વર્ષ. સં.–૧૯૬૪. સન ૧૯૦૭.

સુખ દુઃખ સમતા સમયમેં, ચોસઠયાકી સાલ;
અન્ન તરન અવની પરે, નાહીં ગ્રહન તે કાલ.
નહિ ગ્રહન તે કાલ, શાલ નૃપ ભ્રગુ ભયે હેં;
અપર ચૈત્રથી આય, લક્ષસાં નજુમી લયે હે.
કહેં નાગજી વીપ્ર, રીખણુ પીર અસાયે રમતા;
પુન ધરા પ્રમોદ, સાલમે સુખ દુઃખ સમતા.

અર્થ—ચોસઠમાં વરસાદે કરી અનાજ, ખડ પેદા થાશે. ગ્રહણ નથી. શુકર રાજા છે. ચૈત્ર અધિક છે. પૃથ્વી ઉપર લડાઈ જાગશે. વરસ સાધારણ છે. પુન્યે કરી માણુસો પ્રમોદ (આનંદ) પામશે.

ચૈત્રી-વર્ષ. સં.-૧૯૬૫. સન ૧૯૦૮.

પરખ્યા પ્રીછો પાંસઠે, વરસે વરખ્યા વીશ;
હરખ્યા રહે નર હેતમે, નરખ્યા નૃપ સુર ઈશ.
નરખ્યા નૃપ સુર ઈશ, શીશ સુદી અઘન આતે;
પુનમ રાહુ પરશ, ઘટી તીન ચંદે સાતે.
કહે નાગજી વીપ્ર, નજુમે એસા નરખ્યા;
તરખ્યા તમન તોય, પાંસઠે પ્રીછો પરખ્યા.

અર્થ—વરસાદ વીશ આના થવાથી વરસ વીસ વાસાનું થાય જેથી માણુસો હર્ષમાં પ્રીતે કરી રહે. માગશર શુદ પુનમે ચંદ્ર ગ્રહણ છે. તે ત્રણ ઘડી રહેશે વરસાદની તરખ્યા નામ તુષ્ણા નહિ રહે. એવું નજુમ (જોતિષ) માં કહ્યું છે.

ચૈત્રી-વર્ષ. સં.-૧૯૬૬. સન ૧૯૦૯.

રાજા ચંદ્ર છાસઠમે, નૃપ વૃંદકા નીક;
પ્રાવટ[1] પેલા પેખસે, જોરા જીમુત છીંક.
જોરા જીમુત છીંક, કૈંક નદી સલકે નાલા;
ગત [2]ગ્રસમકે માસ, પથર જળ પરસે [3]પાળા.
કહે નાગજી વીપ્ર, તરત અન્ન હોશે તાજા;
ગ્રહુન જેઠ ખગ્રાસ, છાસઠે સાસે રાજા.

શબ્દાર્થ—૧ ચોમાસામાં. ૨ ઉનાળામાં. ૩ જેઠ માસમાં. ૪ પથ્થર જેવા કરા પડે.

અર્થ—રાજા ચંદ્ર છે. (ચૈત્રી પડવો જે વારો આવે તે વર્ષનો રાજા ગણવો.) તે નીક નામ સારો છે. ચોમાસામાં પ્રથમથીજ વરસાદ ખૂબ થાશે. જેથી નદી નાળામાં પૂર ચાલ્યાં જતાં

છલકાઇ જાશે. જેઠ માસમાં પથ્થર સમાન કરા પડશે. વરસાદે કરી અનાજ, ખડ ખાસાં થશે. જેઠ માસમાં-ખગ્રાસ ગ્રહણ છે.

ચૈત્રી-વર્ષ. સં.-૧૯૬૭. સન ૧૯૧૦.

સડસઠ આયે સમય સો, બરનું અબહીં બાત;
રવી રાજ બિરાજહીં, ચંદ કાતિ સહાત.
ચંદ કાતિ સહાત, થાત પુનમ બુધ તારે;
ગ્રસે. રાહુ ખગ્રાસ, દર્સે ચંદ વળતે વારે.
કહે નાગજી વીપ્ર, પરજન ઘર સબહે પાયે;
કોથલ તંગી તોય, સમય સો સણુસડ આયે.

અર્થ—ચૈત્રી વર્ષનો રાજા રવી છે. કાર્તિકી પુનમે ચંદ્રનું ખગ્રાસ ગ્રહણ છે. વળતે દિવસ વર્તાશે. તમામ ઠેકાણે વરસાદ લીલા લહેર કરશે. પણ કોઈ ઠેકાણે જુજ તાણ રહી જશે.

ચૈત્રી-વર્ષ. સં.-૧૯૬૮. સન ૧૯૧૧.

સાઠ આઠકી સો કહુ, નરખ્યા નર રૂજ નાસ;
દરસ આસુકી આવતાં, રવી રાહુકો ગ્રાસ.
રવી રાહુકો ગ્રાસ, પાંચ ઘડી પંચતે પરહી;
શુક્ર વરસ સીરદાર, અનળ જળ ઉમુત જરહીં.
કહે નાગજી વીપ્ર, જમીન જડી સમીર ઝાટકી;
સમય સો સાધારન, સો કહી સાઠ આઠકી.

અર્થ—અડસઠાની સાલમાં રોગથી માણસો મરે. આસો માસમાં સૂર્યનું ગ્રહણ છે તે પાંચ ઘડીનું પરબ છે. રાજા શુક્ર છે. વરસાદ થાય પણ અનળ નામ અગ્નિ જેવો ખેદ રૂપ કરાવે. કોઈ ઠેકાણે પવનના જોરથી ઝાડ ઉખડશે. એવું જોર છે. વરસ સાધારણ છે મતલબ-સુખ દુઃખ સરખાં છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૬૯ સન ૧૯૧૨.

ઓગણતેરા આવતાં, ભ્રગુ ભયે ભૂપાલ,

પૃથક વરખ્યા પેખીઆ, કુવિ ન કોરા કાલ;
કુવિ ન કોરા કાલ, સાલ યુગ અસાડા આવે,
ઉભય ગ્રહન મુધુ માસ, રવી શશી રોકુત રાવે.
કહે નાગજી વિપ્ર, ફાગન ચંદ ગ્રાહી કેરા,
આગુ સમ એ નહિ, આવતાં એ.ગણુતેરા.

શબ્દાર્થ:--શુકર રાજા છે. બધે સરખો વરસાદ નહિ થાય. પ્રથમ પ્રથક થશે. પછી તમામ ઠેકાણે થાશે. પૃથ્વી માથે આ સાલમાં કોઈ પણ ઠેકાણે કોરો કાળ પડશે નહિ. એ અસાડ છે. ગ્રહણ બે છે. ગયા સૈકા પેઠે આ સાલમાં કાળ નામ પડશે નહિ. ઇશ્વર વીઘ્ન ટાળે માટે પુન્ય જોગ વધારવાથી સારૂં થશે.

ચૈત્ર–વર્ષ. સંવત–૧૯૭૦ સન ૧૯૧૩.

શ્રવણ ધારો શીતેરકી, શશી વર્ષ સરદાર,
અન રસકા હે આકરા, વિશ્વે વરસે વાર;
વિશ્વે વરસે વાર, ભાર ભાદુ શશી સાસે,
નંદ[1]–ઘટીકા નીમ, રાહુ રોકે ખગ્રાસે.
કહે નાગજી વિપ્ર, સમી[2] ચોપદહી[3] સારો;
અન્ન તરણ ધન ઉત્પન્ન, શીતેરકી શ્રવણે ધારો.

શબ્દાર્થ:—૧ નવ ઘડી. ૨ પૃથ્વી. ૩ ઢોરને સારૂં.

અર્થ:- શીતેરમાં રાજા ચંદ્ર છે. તેથી વરસ સારૂં છે. પણ અનાજ તથા રસ કસની આકરત આવી જાશે. વરસાદ આ સાલમાં સારો મન માનતો થવાથી અનાજ, ખડ પેદા થાશે. ભાદરવામાં ચંદ્રનું નવ ઘડી ગ્રહણ છે. ઢોરને પણ વરસ સુખકારી છે. ઘી, દુધ ઓહોળાં ને ઢોર મસ્તાન બનશે અનાજ રસ કસમાં પીઠ લાંબો વખત આકરી રહેશે નહીં.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૭૧ સન ૧૯૧૪.

અંતર ધારો એકોતેરકી, શુકર વર્ષ શિરદાર,

અન્ન તરણુ અવનિ ઉપજે, વખતેં વરસેં વાર;
વખતેં વરસેં વાર, ધાર શ્રવન રવી સાહી,
શુદી ભાદુકા ચંદ, ગ્રહન ખગ્રાસે ગ્રાહી.
કહે નાગજી વિપ્ર, દુઃખો નર રહે સ્વતંતર,
જોખા જવની જોર, એકોતરકી ખારો અંતર.

અર્થ:—એકોતેરમાં શુક્ર રાજા છે તેમાં પૃથ્વીપર અનાજ, ખડ સાધારણ રીતે પેદા થાશે. કોઇવાર વખતેં વરસાદ થાય. તો કોઇવાર ન પણ થાય. શ્રાવણમાં અમાસે સૂર્ય ગ્રહન છે અને ભાદરવી પુનમે ચંદ્ર ગ્રહણ છે. માણસો અંતરમાં દુઃખી પણ મોઢેથી શરમાઈ મોઢું રાતું રાખી સ્વતંત્ર માફક રહેશે અમુક ભાગમાં વરસાદનું જોર વરતાશે. અને દરિયામાં જોખો થશે. વહાણવટીઓએ સાવચેત રહેવું. ગુ. કાઠિયાવાડમાં કહેવાશે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૭૨ સન ૧૯૧૫.

બરની બતિયાં બહોંતેરકી, કરની જો કિરતાર,
ધરની ધંધ કચ્છુ તે ધુની, બરની મંદા વાર;
બરની મંદા વાર, ભાર ભૂપ વધે ભોમે,
અપર વૈશાખા આન, ગ્રાહ ને સુર અરૂ સોમે.
કહે નાગજી વીપ્ર, ધીર હોઈ અન ધરણી;
મોંઘા રહે ખટ માસ, બહોંતરકી બતિયાં બરની.

અર્થ:—બોંતેરની સાલમાં કાંઇક ધંધ જાગે કોઈ ઠેકાણે વરસાદ મંદા થાશે. આપણે ગુજરાત-કાઠિયાવાડમાં વરસાદ ઠીક થાશે. રાજા મંગળ છે. સૂર્ય-ચંદ્રના ગ્રહણ નથી, બે વૈશાખ છે. પ્રથમ લગભગ ૬ માસ મોંઘાઈ રહેશે. (ચોમાસના મધ્યમાં પીક નરમ પડશે.) વરસાદે કરી પૃથ્વી માથે ધીરજ વર્તાશે. અને પાછલા વરસનો ધા રૂઝાશે. પછી તો જગકર્તા હરિ કરે તે ખરૂં.

उत्तरार्ध वर्षभाव कुंडलीआ.

(શ્રીયુત મરહુમ કવિ ગૌરીશંકર નાગજીભાઈ વિરચીત)

ચૈત્રી–વર્ષ. સંવત ૧૯૭૩ થી ૨૦૦૦ સુધીનો ઉત્તરાર્ધ ભાગ તેમના જેષ્ઠ પુત્ર કવિ–મરહૂમ–શ્રીયુત ગૌરીશંકર નાગજીભાઇએ પુરો કરી આવતાં વર્ષોનું ભવિષ્ય ભાખવામાં અને દુનીની જાહોજલાલી માટે પોતાનું નામ અમર કરી જવા સાથ જગત ઉપર પરમ ઉપકાર કર્યો છે.

શુભ–હેતુ.

કુંડળીઓ.

બનું અગાહીં વર્ષકા, હારદ હોવન હાર;
સરવાળે સૈકા લગે, ચિત્ત દઈ સમજે સાર.
ચિત્ત દઈ સમજે સાર, તાર પ્રભવસેં પેલા;
તોંતેરથી તજવીજ, સૈકડે સમજે છેલા.
કહે ગવરી ગુણ જાન, ધીરજતા નાવ એ ધરનું;
શાણા સમજે સોઈ, વર્ષકા અગાહીં બનું.

અર્થ—ચૈત્રી વર્ષ સંવત ૧૯૭૩ થી ૨૦૦૦ સુધીનો વર્ષનો તથા સંવતસર ભાવ. એટલે બેઉ જાતના ભાવ જે થવાનું છે તેનો હારદ વર્ણવું છું. તેનો સાર સમજુ ગૃહસ્થો મન દઈ સમજી લેજો. તે જગતના કલ્યાણ માટે ધીરજતાનું પાર ઉતારનાર નાવ (વહાણ) સમજી લેજો.

ચૈત્રી–વર્ષ. સં.–૧૯૭૩. સન ૧૯૧૬.

ફરે પ્રભવ હે તોંતેરમેં, પ્રિછો વાકા પાર;

સૂરજ ચંદા ના ગ્રહે, શશી વર્ષ શીરદાર.
શશી વર્ષ શીરદાર, વાર ધર પશ્ચિમ વરસે;
છપલા ગિરે સમશેર, દૂસ જંત હોઈ ધગ્સે.
કહે શું શંકર સત્ય, વિશ્વ કાજ મેંઘા કચ્યુ હે;
સંવત્સર પ્રથમેં પ્રભવ, તોનરમેં ફરે પ્રભવ હે.

અર્થ—સંવત ૧૯૭૩ માં પ્રભવ નામનો સંવત્સર બોલાશે તેનો ભાવ સૂર્ય-ચંદ્ર ગ્રહણ નથી. ચંદ્ર વર્ષનો રાજા છે. પશ્ચિમ ધરામાં વરસાદ થાય. છપલા નામ વિજળી આકાશમાં તરવાર પેઠે ઝપાટા મારશે. અને પૃથ્વીના જંત ઉપર પડશે અનાજની લગાર મોંઘારત આવી જાશે.

ચૈત્રી-વર્ષ. સં.-૧૯૭૪ સન ૧૯૧૭.

ચુમોતેરસેં સમઝીઓ, શની વર્ષ શિરદાર;
મે મંદા અન્ન ઉપજે, શશી ગ્રહન તે વાર.
શશી ગ્રહન તે વાર, આસુ પુનમકા સાસે;
નંદ ઘટી નિરધાર, રાહુ રોકા ખગ્રાસ.
કહે શું શંકર સત્ય, નરાં ગદ ભીતિ નેરે;
વિભવ યુગ વરતાન, સમઝીઓ ચુમોતેરે.

અર્થ—આ સાલમાં રાજા શની છે વરસાદ રાજેતાની સરેરાશ કરતાં કમતી થાય પણ અનાજની નિપજ સારી થશે. આસો માસમાં ચંદ્રનું ગ્રહણ છે. રોગથી માણસોને નેરે નામ તુર્ત પાડીદે એવો ભય છે. માટે આ સાલમાં રોગની શાંતિ માટે હવન હોમ બ્રહ્મ ભોજ વગેરે શુભ ક્રિયાઓ વધારવી.

ચૈત્રી-વર્ષ. સં.-૧૯૭૫. સન ૧૯૧૮.

પરખ્યા અબેં પચોતેરકી, ભ્રગુ ભયે વર્ષ ભૂપ;
પરજન અન્ન ત્રણ ઉપજે તુંગી મેધા તૂપ.

તુંગી મોંઘા તૂપ, ઘુંપ ઘર પશુ ગદ પેખો;
શુકલ સંવત્સર શુભ, દગુ શશી સુરે ન દેખો.
કહે શું શંકર સત્ય, નજુમે એહિ બિધ નરખ્યા;
કરનહાર કિરતાર, પંચોતેરકી અબહિ પરખ્યા.

અર્થઃ—આ સાલમાં રાજા શુકર છે વરસાદે કરી અનાજ, ખડ નિપજશે. પૃથ્વી ઉપર ઘીની મોંઘારત થાશે. તડકા ખુબ પડશે. ઢોરમાં રેગ આવશે. શુકલ સંવત્સર છે. તે સારો છે. એકે ગ્રહણ નથી. એવું નજુમ નામ જ્યોતિષમાં જણાય છે.

ચૈત્રી–વર્ષ. સં.–૧૯૭૬. સન ૧૯૧૯.

છોંતર આયા ચિત્ત ધરો, ભયો હે આગે[1]-બીજ;
તા સમ તોયતો ના જરે, ધરે પશુવા-પીન[2].
ધરે પશુવા પીન, મીન[3] જળ મીટે ન માજા;
ખપર તીનકા ખેલ, રાજત–કુજ[4] વરસે રાજા.
કહે શું શંકર સત્ય, કષ્ટ નહિ વરજીત[5]–કાયા;[6]
સ્વતંતર વસે સુર, ચિત્ત ધરો છોતેર આયા.

શબ્દાર્થ—૧ ગયા સૈકામાં બીજ હતું. ૨ જાડાં ૩ માછલાં. ૪ મંગળ રાજા છે. ૫ છોડવું. ૬ શરીર.

અર્થઃ—ગયા સૈકાના ૧૮૭૬ માં બીજ વરસ હતું. તેટલો વરસાદ આ સાલમાં નથી. તોપણ વરસાદ ઠીક થવાથી ઢોર મસ્તાન (જાડાં) થાશે. માછલાં જળની માગ નહિ મુકે. મતલબ કે જળ નદી નાળે રહેશે. ત્રણ ખપરનો ખેલ છે. રાજા કુજ નામ મંગળ છે. માણસો એકાએક માંદા પડી ઝાઝું દુઃખ નહિ જણાતાં દેહ રોગથી મુક્ત થાય એવા રોગ આવશે. માટે વરસની શરૂઆતમાંજ હવનહોમ ને બ્રહ્મભોજ કરવાથી વીઘ્ન હણાશે.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૭૭ સન ૧૯૨૦.

ભાંખુ ભાવિ ભુવિ ભલા, તામે તીખા તાલ,

પરવરતાં પરજાપતિ, સતોતેરકી શાલ;
શતોતેરકી શાલ, ભુપાલ વરખકા [1]ભાનું,
આસો વૈસાખ ઉભય, છાયા-સુત[2] સંગ્રામે જાનું.
કહે શું શંકર સત્ય, રાડ-[3]રાંકેશા આવી;
ખેલહી દ્વી ખગ્રાસ, ભવિ ભલા ભાંખુ ભાવી.

શબ્દાર્થ:—૧ સૂર્ય. ૨ રાહુ. ૩ ચંદ્રમા.

અર્થ:—સતોતેરની સાલનો ભાવ તાણો છે. સતોતેરની સાલમાં પ્રજાપતિ સંવત્સર છે રાજા સુરજ છે. આસો-વૈશાખમાં મળી બે ગ્રહણ છે. પ્રજાપતિ સંવત્સરમાં વરસાદ સારો થાય.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૭૮ સન ૧૯૨૧.

ભાવિ ભાંખુ ભવણસો, અગલો અઠોતેર,
શની રાજ વરસ તાસમે, વસુ[1]-વિકાસે[2] વેર[3];
વસુ-વિકાસે વેર, ફેર અંગારા આયે,
આસુ ચંદ્ર આકાશ, ગણું[4] રાંકેશા ગ્રાયે.
કહે શું શંકર સત્ય, જગત જન આરત[4] ભાવિ;
સમય સાધારન સોય, ભવણ અગ ભાંખુ ભાવિ.

શબ્દાર્થ:—૧-પૃથ્વી ૨-પ્રગટે. ૩-દુશ્મન જાગે. ૪-રોગ. ૫-થવું.

અર્થ:—અઠોતેરની સાલમાં શની રાજા છે પૃથ્વી ઉપર દુશ્મન જાગવાથી વેર જાગશે, આસુમાં ચંદ્ર ગ્રહણ છે. અંગીરા સંવત્સર આ સાલમાં છે. પૃથ્વી પર માણસને પીડા વર્તાશે. (ટીપ)— અંગીરાનો ભાવ વાયુ જળ અને અગ્નિની હરકત પડે. હીમની બીક છે. ને ઉત્તરમાંથી તોફાન જાગશે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૭૯ સન ૧૯૨૨.

ઓગણાએંશી આવતાં, બણ્યા બુધ નૃપ વર્ષ,

રાહુ રવીહીં રૂંદહીં, દેખો ભાદુ દર્શ;
દેખો ભાદુ દર્શ, પર્શ ઘટી પાંચ પ્રમાણે,
ખપર ખલકમેં ખેલ, તેલ તુપ તંબહીં તાણે.
કહે શ્રી શંકર સત્ય, પ્રવર્તે સંવત્સર પેશી;
સાતમાં શ્રી મુખ નામ, આવતાં ઓગણુંએંશી.

અર્થ:—ઓગણાએંસીની સાલમાં બુધ રાજા છે. ભાદરવામાં સૂર્ય ગ્રહણ છે. મરકીનો ખેલ છે. તેલ અને ઘી તણાશે. સંવત્સર સાતમાં શ્રી મુખ નામનો આ સાલમાં છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૮૦ સન ૧૯૨૩.

આયા એસી અવનિયા, પાયા હે પિછાન,
વાયા વરન વિશ્વમેં, ઘર સર મોંઘા ધાન;
ઘરશર મોંઘા ધાન, ભાન[1] વર્ષકા ભૂપા[2];
ભડત સંવત્સર ભાવ, કુવી તોય વધહિ કુંપા[3].
કહે શું શંકર સત્ય, શશીમાં સંકટ શેશી;
નંદ ઘટી નિરધાર, વર બુધ આયે એંશી.

શબ્દાર્થ—૧ સુરજ, ૨ રાજા. ૩ કુવા.

અર્થ—એંસીની સાલમાં એવો ભાવ છે કે, અનાજની મોંઘવારી. રાજા રવી છે. સંવત્સર ભાવ છે. વરસાદથી કુવામાં જળ વધશે. ચંદ્ર ગ્રહણ છે. તે નવ ઘડીનું ગ્રહણ છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૮૧. સન ૧૯૨૪.

અંતે સમહી સમજીયો, ખંતે બરતું ખ્યાલ;
એકાશીકા આવતાં, મંદ હોઈ મૈયાલ.
મંદ હોઈ મૈયાલ, કાલને કરડા કેશે;
માઘ શ્રાવણ દો મધ્ય, શશી શીર સંકટ શેશે.
કહે શું શંકર સત્ય, યુવા આખરકે અંતે;

ધર નર ધારે ધીર, સમજીઓ સબહી ચીતે.

અર્થ—એકાશીમાં શની રાજા છે કાલ નથી પણ કરડું છે. માહ અને શ્રાવણ માસમાં ચંદ્ર ગ્રહણ છે. આ સાલમાં યુવા સંવત્સર છે ને તેમાં અંતે ધીરજ છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૮૨. સન ૧૯૨૫.

ચિત્ત દઈ સબહી સમજ્યો, બરનું બ્યાસી વિચાર;
બુધ અને નૃપ વર્ષકા, વરસેં વિશ્વે વાર.
વરસેં વિશ્વે વાર, કારે કાલશા કમતે;
શ્રાવણ શુદી જે ચંદ, દર્સ પોસે દમને.
કહે શું શંકર સત્ય, ³મનુષ ⁴મન મોદ બઢે મે.
ધાતા દસમે ધાર, સમજ્યો સબહી ચંતે;

શબ્દાર્થ—૧ અમલ. ૨ રાજાનો અમલ. ૩ ઘટે. ૪ હર્ષ વધે ૫ પૃથ્વીમાં.

અર્થ:—બ્યાસીમાં રાજા બુધ છે. જગતમાં વરસાદ થાશે. રાજાનો અમલ ઘટે. શ્રાવણ અને પોસ માસમાં ચંદ્ર ગ્રહણ છે. માણસમાં આનંદ વધશે. ધાતા નામનો સંવત્સર આ સાલમાં છે. દેશના કોઈ ભાગમાં કહેવારશે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૮૩ સન ૧૯૨૬.

તપાશી બતિયાં તાશીકી, ખાશી રાશી નાહિ,
ચંદ્ર રાજહે સાલકા, ગ્રહન જોગ નૈ ગ્રહિ;
ગ્રહન જોગ નહિ ગ્રાહિ, થાય મરકી કો થાને,
ઉડ ગન ધુમા આકાશ, ધરા શીર નિપન ધાને,
કહે શું શંકર સસ, નરા દુઃખ વિપત્તિ નાસી;
ઇશ્વર અગિયારે સત્ય, તાશીકી બત તપાસી.

અર્થ—તાસીની સાલ ખાસી નામ મજાની છે. રાજા ચંદ્ર

છે. ગ્રહણ નથી. મરકી પ્રથક જણાશે ઉડગનધુમા નામ પુંછડા સહિત તારો ઉગશે. પૃથ્વી ઉપર અનાજ નિપજશે. ઇશ્વર નામ સંવત્સર છે. અને વિપત્તિ નાસ પામે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૮૪ સન ૧૯૨૭.

ચોરાશિકી ચિત ધરો, રવિ ભયે વષ રાય,
બૌધાન્ય આવે બારમાં, શશિ રવિ રાહુ ન સાય;
શશિ રવિ રાહુ ન સાય, થાય પીડા કો થાને,
જાજા કુમતિ [1]જલદ, [2]કૌતકકો સુણાહ કાને.
કહે શું શંકર સત્ય, [3]તત્વ હે કાયા હે તાકી;
[4]રાકી જગમેં રાડ, ચિત્ત ધરો ચોરાસીકી.

શબ્દાર્થ:—૧ વરસાદ, ૨ નવીન બનાવ, ૩ હારદ, ૪ રાજાની રાંડ.

અર્થ:—ચોરાશીમાં રવી રાજા છે. ગ્રહણ નથી બૌધાન્ય સંવત્સર છે. પૃથક પીડા છે. વરસાદ કાંઈ વધારે, ને કાંઈ થોડો. આ સાલમાં કોઈ નવો બનાવ સંભળાશે. રાજાની રાડ જણાશે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૮૫ સન ૧૯૨૮.

પરખ્યા પ્રીછ પંચાશીકી, નરખ્યા સમય સો નીક,
નરખ્યા રહે ન તોયકી, જરહી જીમુત જીક;
જરહી જીમુત જીક, ઠીક સુર ગુરૂ નૃપ વર્ષે,
આશુ માસ અમાસ, દગુ દીનકર જુદ્ધ દરસે.
કહે શું શંકર સત્ય, વિશ્વમેં વરસે વરખ્યા;
હરખ્યા પ્રમાથી હોઈ, પંચાશાકી પ્રીછો પરખ્યા.

અર્થ:—પંચાશીની સાલમાં સમય સારો છે વરસાદથી તાણુ રહેશે નહિ પણ જીમુત નામ વરસાદ ખુબ ઝીકશે. ગુરૂ રાજાછે. આસો માસમાં ગ્રહણ છે. સંવતસર પમાર્થી છે. તે સારો છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૮૬ સન ૧૯૨૯.

સાલ તપાશી શ્યાશીકી, ખાસી નામી નાહિ,
વાંચી વીરલા વિચારતેં, મુકર કરો મન માંહિ;
મુકર કરો મન માંહિ, થાહિ બુધ રાજા વરસે,
ચૈત્ર સુર રાહુ સંજોગ, દેશ આનંદો દરસે.,
કહે શું શંકર સત્ય, ભાવ પીડ ન આકરી ભાસી;
વિક્રમ વરતે વિશ્વ, શ્યાશીકી સાલ તપાસી.

અર્થ:—સંવત ૧૯૮૬ ની સાલ ખાસી નામ સારી છે. તે વિર પુરૂષો મનમાં મુકરર વાત જાણજો. રાજા બુધ છે. ચૈત્ર માસમાં ગ્રહણ છે. પણ તે બીજે દેશ દેખાશે. વિક્રમ સંવત્સર છે. અને પીડ આકરી નહિ.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૮૭ સન ૧૯૩૦.

સાધારણ સો સમયકો, [1]હદ વર્ષ સંવત્સર હાલ,
શાસે [2]ગુન બેર ચંદ તે, સત્યાશીકી સાલ;
સત્યાશીકી સાલ, ભૂપાલ બુધ બન્યા તે વર્ષ,
સીત સમીરા શંક, ભુવી ગદ સિલિ ભરખ.
કહે શું શંકર સત્ય, તુંગી માવટ વરસે તોય;
આખર નર આનન્દ, સમયકો સાધારન સોય.

શબ્દાર્થ:—૧ તે વખતની અંદર. ૨ ત્રણવાર ચંદ્રગ્રહણ થાશે.

અર્થ:—વરસાદ થાશે. વરસ સમધારણ. પણ આખરે માણસમાં આનંદ રહે. તેવું બુધ રાજાનું ફળ છે. ટાઢ ને પવનનું જોર છે. સીલીથી બાળકો મરશે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૮૮ સન ૧૯૩૧.

વર્ષ અઠાસી આવતાં, ભયે ભ્રગુ વર્ષ ભુપ,

મોંઘા હે કચ્છુ મેદની, તાજા [1]તીલ [2]તુલ [3]તુપ;
તાજા તીલ તુલ તુપ, [4]ધુપ રવી ધગહિ ધરશે,
ચૈત્ર ભાદુકા ચંદ, ખલકમે વૃષ્ટિ ખાસી.
કહે શું શંકર સત્ય, દગુ યત [5]દધિ સુત દરસે;
ચિત્ર ભાનુ તે સાલ, આવતાં વર્ષ અઠાસી.

શબ્દાર્થ:—૧ તલ, ૨ રૂ, ૩ ઘી, ૪ તડકો, સમુદ્રનો દીકરો ચંદ્રમા.

અર્થ:—અઠાસીમાં શુકર રાજા છે. મોંઘાઈ જણાશે. તલ, રૂ ને ઘી તાજાં થાશે. તડકા પડશે. ચૈત્ર અને ભાદરવામાં ચંદ્ર ગ્રહણ છે. વરસાદ સારો થાશે. આ સાલનો સંવત્સર ચિત્રભાનુ છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૮૯ સન ૧૯૩૨.

નર રહે નિધડક નેવાસીમેં, કડક ન કહીયો કોઇ,
થડકન દુભંખર દેશમેં, [2]શશી સુત રાજા સોઈ;
શશી સૂત રાજા સોઇ, હોઈ ગ્રહન હીમ કરકે,
ભાદુ પુનમ ભેદ, ખેદ [4]ઘટી નંદ [5]નજરકે.
કહે શું શંકર સત્ય, શુભાનું સતરમાં શુભ છે;
દુ:ખ રૂજ કરહીં દુર, નેવાશીમેં નિધડક નરને.

શબ્દાર્થ:—૧ કાળ, ૨ બુધ, ૩ ચન્દ્રનું, ૪ નવ ઘડી, ૫ નજરે દેખાય.

અર્થ:—નેવાસીમે નિડર રહેવું. કાળ નથી. રાજા બુધ છે. ચંદ્રનું ગ્રહણ છે. ભાદુ પુનેમે નવ ઘડી દેખાશે. માણસના રોગ નાશ પામે એવો સુભાનું સંવત્સર છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૯૦ સન ૧૯૩૩.

નિશ્ચે ધારો નેવકી, ચંદ્ર વરસ શિરદાર,
તરણુ સંવત્સર તાસમેં, વરસે વાર અપાર;

વરસે વાર અપાર, શ્રાવન રવિ રાહુ સાસે,
મહા મંગળ[1] અમાસ, દગુ [2]દીન નૈ દેખાશે.
કહે શું શંકર સત્ય, વિશ્વમાં એવો વારો:
ટાઢ ડાઢકા દરક, નેઉકી નિશ્ચયે ધારો.

શબ્દાર્થ—૧ રાહુ. ૨ આપણુને દહાડે ન દેખાય. ૩ ટીડ વગેરે જંતુની ડાઢ.

અર્થ—નેવમાં ચંદ્ર રાજા છે તારણુ નામનો સંવત્સર છે. વરસાદ ઘણો થાશે. શ્રાવણુમાં ચંન્દ્ર ગ્રહણુ થાશે. અને મહા માસમાં સૂર્ય ગ્રહણુ છે. પણુ આપણુને નહિ દેખાય ટાઢ (હીમ) અને ડાઢનો ભય.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૯૧. સન ૧૯૩૪.

સાલ એકાણું આવતાં, ભ્રગુ હોઇ વર્ષે ભૂપ;
પેખો સંવત્સર પાર્થીવ, ઓગણીશાએ [1]અનૂપ.
ઓગણીશાએ અનૂપ, ધુપ ધગત ધન ધરસે;
પોષ અસાડી ઉભય, પુનમ શશી દગુવે [2]પરસે.
કહે શું શંકર સત્ય, ત્રાસ તસ્કર તે ટાણું;
જન આરત જગ જાણુ, આવતાં સાલ એકાણું.

શબ્દાર્થ—૧ રૂડું ૨ ગ્રહણુ કરે, ૩ પીડા.

અર્થ—એકાણુંની સાલમાં શુકર રાજા છે. સંવત્સર પાર્થીવ છે. ને વરસ સારૂ છે. તડકો ખુબ પડશે. ને વરસાદ થશે. પોષ અને અસાડમાં ચંન્દ્ર ગ્રહણુ છે. ચોરનો ભય જણાશે. પૃથ્વી ઉપર માણુસમાં રોગની પીડા છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૯૨ સન ૧૯૩૫.

બાત બખાનું બાણુંકી, જાણું ગુરૂ ગમ જોઇ.
ટાણું [1]ધ્યપનું તે સમે, આણું અનુભવ ઓઇ.

આણું અનુભવ જોઇ, હોઇ ગ્રહન આકાશે;
પોષ પુનમ પરસ, ગિલત શશી અષ્ટ ખગ્રાસે.
કહે શું શંકર સત્ય, ધંધ-ધર ઉત્તર ધુફાણું;
સુર-ગુરૂ વર્ષકા રાય, બાણુંકી બનિયાં બખાણું.

અર્થ—બાણુંની સાલનો ગુરૂગમ જણાવું છું. વ્યય નામનો સંવત્સર છે. પોષ માસમાં સૂર્ય ગ્રહણ ખગ્રાસ છે. ઉત્તરમાં ધંધ જાગશે. માટે સાણી સરકારે સાવચેતી રાખવી.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૯૩. સન ૧૯૩૬,

તાણું આયા તાસમય, ભૂપ ભયાહે ભોમ;
દર્શ-જેઠી દીનકર-ગ્રહે, સંજોગ રાહુ સોમ.
સંજોગ રાહુ સોમ, અસાડી પુનમ આતે;
જીમુત જરહીં જગતમેં, ઠોરકા થોડા થાને.
કહે શું શંકર સત્ય, જગત કણ મોંઘા જાણું;
સર્વજીત સંવત્સર સાલ, તા સમય આયા તાણું.

અર્થ—તાણુંમાં મંગળ રાજા છે. જેઠની અમાસે સૂર્ય ગ્રહણ છે. ને અસાડી પુનમે ચન્દ્રનું ગ્રહણ છે. વરસાદ થશે. પણ કોઇ ઠેકાણે કમતી રહી જશે. અનાજની મોંઘવારી જણાય આ સાલમાં સર્વજીત નામનો સંવત્સર છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૯૪. સન ૧૯૩૭.

સાધારન સો સમજીયો, ચોરાણુંકી સાલ;
તોજર ધર-સરવર ભરે, શશી વર્ષ શીરદાર.
શશી વર્ષ શીરદાર, ભાર નૈ દગુ શશી ભાનું;
જવન દવનકા જોર, ઠોર કોય કષ્ટ કેવાનું.
કહે શું શંકર સત્ય, કુવિ જવર કયા હે કારણ;
સર્વધારી સો ચરત, સમજીયો સો સાધારણ.

અર્થ—ચોરાણુંની સાલમાં વરસાદ થયાથી સરોવર ભરાશે. રાજા ચંન્દ્ર છે. તે સારો છે. ચંદ્ર કે સૂર્ય ગ્રહણ નથી. કોક ઠેકાણે દુઃખ દેખાશે. પૃથ્વી ઉપર તાવનું જોર છે. આ સાલમાં સર્વધારી સંવત્સર છે.

ચૈત્રી વર્ષ. સંવત–૧૯૯૫. સનં ૧૯૩૮.

પેખ પંચાણું પ્રથમસો, [1]આગુ ભયા [2]અનીક;
સો–સમે અબ ચલ ગયે, નીરખો આયા [3]નીક.
નીરખો આયા નીક, બીક નૈ વર્ષ બુરાહિ;
અધિપતિ [4]ઉષ્ના આઈ, ગ્રાહિ કાતિ ચંદ છોહિ.
કહે શું શંકર સત્ય, તરત અન્ન ઉત્પન્ન ટાણું;
વીરોધી ડરકા ડાઢ, પ્રથમ સો પેખ પંચાણું.

શબ્દાર્થ—૧ પાછલા સૈકાનો પંચાણુવો. ૨ ખરાબ. ૩ આતો સારો. ૪ શુકર રાજા છે.

અર્થ—ગયા પંચાણુવો કાળ હતો. પણ આ સુગાળ છે. માટે બીક રાખવી નહીં. રાજા શુકર છે. કાર્તકમાં ચંદ્ર ગ્રહણ છે. વરસાદથી ખડ–અનાજ થશે. અને વીરોધી સંવત્સરમાં ડાઢનો ભય છે.

ચૈત્રી–વર્ષ. સંવત–૧૯૯૬. સન ૧૯૩૯.

સુભિક્ષ હોશે છનવો, ઘેર ઘેર અતિ આનંદ;
ભોમ વર્ષકા ભુપતિ, રાજ રાજ વિગ્રેકા ફંદ.
રાજ વિગ્રેકા ફંદ, ચંદ વૈસાખી શાસે;
અષ્ટ ઘટિ અનુમાન, નવા તે નખતા થાસે;
કહે શું શંકર સત્ય, પ્રસુન અકાલો વીકસે;
ચોવીશે વિકૃતિ સોય, છનવો હોશે સુભીક્ષે.

અર્થ—છનવાની સાલમાં ઘર ઘર આનંદ વર્તાશે. રાજા મંગળ છે. રાજમાં કોઇ ફંદ જાગશે. વૈસાખમાં ચંદ્ર ગ્રહણ થાશે.

કોઇ નવો બનાવ બનશે. પ્રશુન નામ ફુલ રન વિના ઉઘડશે. આ સાલમાં વિકૃતિ નામનો સંવત્સર છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૯૭. સન ૧૯૪૦.

સાલ સતાણું સોધતાં, [1]મયક વર્ષ મહિપાલ;
પશ્ચિમ પાવસ પેખંલે, મહિખી મસ્તા[3] માલ.
મહિખી મસ્તા માલ, કાલ નર કહે ન કોઇ;
[4]તરણુ સરણુકા સુખ, દુ:ખ દવ પુરવ હોઇ.
કહે શું શંકર સત્ય, નવીન કોઇ નીરખે નાણું;
ખર ધર [5]અનળ [6]અનીલ, શોધતાં સાલ સતાણું.

શબ્દાર્થ—૧ ચંદ્ર. ૨ ભેંસ, ૩ જાડાં. ૪ ખડ. ૫ અગ્નિ. ૬ વાયુ.

અર્થ—સતાણુંમાં ચંદ્ર રાજા છે તે સારો છે. પશ્ચિમ ધરામાં વરસાદ થશે. ભેંશો મસ્તાન બનશે. કાળ નથી. ચારાનું સુખ. પૂર્વ દેશમાં દુઃખ છે. નવું નાણું જોવામાં આવે. ખર સંવત્સર છે. અગ્નિ અને વાયુનું પ્રબળ વર્તાશે.

ચૈત્રી-વર્ષ, સંવત-૧૯૯૮. સન ૧૯૪૧.

અંતે રૂડો અઠાણુવો, શુક્ર ભયે શિરદાર;
સંવત્સર આતા છવિશામાં, નંદનનો નિરધાર.
નંદનનો નિરધાર, વાર ગ્રહન ત્રી ગ્રાસે.
અર્ક ભાદુ અમાસ, સુદી પૂનમ પણ સાસે.
કહે શું શંકર સત્ય, સુઘડ નર ધારો ચંતે;
ફાગણ પુનમ ફરે, અઠાણુવો રૂડો અંતે.

અર્થ—અઠાણુંની સાલ રૂડી છે. રાજા શુકર છે. સંવત્સર નંદન છે. ગ્રહણ ત્રણ છે. ભાદરવામાં સુર્ય અને ચંદ્રનું અને પાછું ફાગણમાં ચંદ્રનું છે.

ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૯૯. સન ૧૯૪૨.

નરભે એ વર્ષ નવાણુવો, ફુવિશા વર્ષ કુંજ;
મે વરસે દરસે દની, રાડ રીખણુ નર રૂજ.
રાડ રૂખણુનર રૂજ, જુજ જન-જવર ઘર જાહિ;
શશી-રવી રહે ન શંકા, ગગન તે રાહુ ગ્રાહી.
કહે શું શંકર સત્ય, દની કોઈ દેશમેં દુરભે;
વિજય એ વારા વિશ્વ. નવાણુવો વરસ એ નરભે.

અર્થઃ—વરસ નરભે પાયા છે. વરસાદ થાય અને દુઃખ દબાશે. રાજા મંગળ છે. તાવની રડ બોલાશે. ગ્રહણ નથી બીજા દેશમાં બે જણાશે.

ચૈત્રી-સં.-૨૦૦૦ સન ૧૯૪૩.

સૈકો આયો તાહિ સગો, રવી વર્ષકા રાય;
અર્ક[1] ગ્રહે અષાડકા, દેશ [2]એ-હિન દેખાય.
દેશ એ હિન દેખાય, સાહે ફેર શ્રાવન ચંદા;
અષ્ટ ઘટિ અનુમાન, મહિપતિ[3] કયા હે મંદા.[4]
કહે શું શંકર સત્ય, મોહે મન અંતે મહિકો;
રખો ધર્મમે ધ્યાન, તાહિ સમે આયો સૈકો.

શબ્દાર્થ—૧ સુરજ. ૨ અહીં નહિ. ૩ રાજાને. ૪ મંદપણું. ૫ આનંદ.

અર્થ—વીસમા સૈકામાં સૂર્ય રાજા છે અશાડમાં સૂર્ય ગ્રહણ છે. પણ અહિ નહિ દેખાય. શ્રાવણમાં ચંદ્ર ગ્રહણ થાશે. પૃથ્વી ઉપર રાજાને મંદપણું. પણ અંતે આનંદ વધે. માટે ધર્મમાં ધ્યાન રાખવાથી જગકર્ત્તા પરમ દયાળુ પરમેશ્વર સારૂંજ કરશે. અસ્તુ.

શત વર્ષ ભાગ સમાપ્ત વિષે.

સૈકા ભર્ષ સમાપ્તિ, જાન લહો સુ જાન;

અકળ કળાકી એ લહે, ભુત ભવિષ્ય વર્ત્તમાન.
ભુત ભવિષ વર્ત્તમાન, હોન વૃધ્ધ જગમે હાની;
કાળ-સુકાલા સોય, પેખતે પરે પહેછાની.
કહે શું શંકર સત્ય, મરમ મન સમજે મહિકા;
ભયકા ભેદહિ ભરમ, સમાપ્તિ ભયા હે સૈકા. ૧
સાઠ સંવત્સર-શત વર્ષ કે, ભવ ભાંખ્યા એ ભેદ;
કહે ગૌરીશંકર ગીરા, વરણો વાયક વેદ.
વરણી વાયક વેદ, ચેદ નિશ્ચે ચિતકો;
ઉદય અર્ક ઉર જ્ઞાન, ભજન મય તિમિર બિતકો.
કહે શું શંકર સત્ય, ગનિ એ લહે ગુણી નર;
પામર નાહિ પીછાન, શત વર્ષ કે સાઠ સંવત્સર. ૨

ભાવાર્થ—વીશના સૈકા લગી ભુત, ભવિષ્ય અને વર્ત્તમાનને વિષે જગતમાં શુભ અશુભની આગળ વાણી ભાંખી છે તેનો ગુણીજન હંસ રૂપ થઈ સાર ગ્રહણ કરશે. બાકી જગકર્ત્તા હરિ કરે તે ખરૂં છે.

प्रकरण बीजुं.

मेघ–समाचार.

(માસવાર–વરસનું તમામ ભવિષ્ય.)

મેઘ વૃષ્ટિ—ઉપર જગતના પ્રાણીમાત્રના સુખનો મુખ્ય આધાર છે, તેમાં હિંદ જેવા દેશનો મુખ્ય આધાર તો મેઘ વૃષ્ટિજ છે, જેથી આવતું દરેક ચોમાસું કેવું આવશે. તેની ભવિષ્યની અગમચેતી જાણવામાં હોય તો આવના વરસના ભવિષ્યના જોષ ઉપરથી ખેડુતોને લાભકારક અગમ ચેતીઓ મળવા સાથ–સુજ્ઞ રાજા–પ્રજાને ઘણું ચેતવાનું અને જાણવા જોવાનું હોય છે. જેથી આપણા પ્રાચીન રૂષિયો પોતાના આશ્રમમાં રહી, આકાશની નીરીક્ષા કરી તમાલપત્ર ઉપર નોંધો રાખી અનુભવ અને અવલોકન કરતા. જેના પરિણામે આકાશ મંડળ, વાયુ, વાદળ, વીજ વગેરે ઉપાધીઓનું અવલોકન પૂર્વક જોષ જોઇ સંહિતા તરીકે **वाराही संहिता** અને **नारद संहिता.** તેમજ **મેઘમાળા** વગેરે નામથી ભવિષ્યના જોષના ગ્રંથો બંધાણા છે. અને તે લાંબી મુદ્દતનું અનુભવ સિદ્ધ (નિયમ પૂર્વક) શોધનું પરિણામ ગણાય છે.

મેઘમાળા (મેઘ સમાચાર) ગ્રંથ દૈવ ઇચ્છાબળ શ્રેષ્ઠ અને પ્રસિદ્ધ છે. તે માટે આ દેશના કલ્યાણાર્થે શરૂઆતમાં શ્રી પાર્વતીજીએ શ્રી શીવ ભગવાનને કૈલાસ વિષે આગમ ભેદ પુછયો. તેના ઉત્તરમાં શ્રી શીવજીએ આકાશ, રૂતુ, નક્ષત્ર, વાદળ, વીજ, વાયુ વગેરેનું અવલોકન કરી સાઠ સંવત્સરી રૂપે ભવિષ્ય કૈલાસને વિષે પાર્વતીજી પ્રત્યે ભાંખી ગયા છે. તે અમોએ પહેલા ભાગમાં સાઠ સંવત્સરી છપાવી છે. ઉપરાંત મેઘમાળા કે મેઘ સમાચાર નામનો

ગ્રંથ બારે માસના તીથીવાર, નક્ષત્ર, આકાશ, વાયુ, વાદળ, વીજ, ગર્ભ, તોફાન, ગ્રહણ, માવઠાં વગેરેના અવલોકનથી બાંધી ગએલા જણાય છે. તેની એક પ્રત-(નકલ) મોરબીના જૈન પુસ્તક ભંડારમાંથી ત્યાંના પ્રખ્યાત પુજશ્રી મરહુમ ઝવેર રાજ સ્વામી પાસેથી જગત ગુરૂઓ (બ્રાહ્મણો)ને ત્યાં નકલ ગએલ, અને ત્યાંથી ઉત્તરોત્તર સંશોધન કરતાં સવત-૧૯૫૨ (સન ૧૮૯૫) માં અમને મળી આવતાં જેનું મેં ઘણાં વરસ જતે અવલોકન કરી જોનાં-સંશોધન તરીકે આ મેઘ સમાચારમાંથી ઘણું જાણવા જોવાનું મળી આવ્યું છે અને તેમાંના કેટલાક મહાન્ જોગો હવા પાણીને લગતા સિદ્ધ કરી દેખાડયા છે. જેથી આ મેઘ સમાચારનું ભવિષ્ય ઘણે ભાગે ખરૂં પડે છે તે અમોએ અવલોકન પૂર્વક સિદ્ધતા કરી જોઈ કેટલાંક ઉપયોગી પ્રમાણ મેળવ્યાં છે. માટે આ મેઘ સમાચારના બારે માસના જોગોનું માસવાર-તીથીવાર- તકે તકે જોશો, પલે પલે જોશો, રાત દિવસ જોશો, સાચવીને જોશો, દિવસે દિવસની નોંધ રાખશો. અને પાછલાં વર્ષો સાથે મેળવી જોશો તો વરસના જોણનું ભવિષ્ય ખરૂં પડશે તક ભુલશો, જોશો નહિ તો ખરૂં પારખ્યું પડશે નહિ. માટે ખરૂં અવલોકન કરી નોંધો રાખી ખરૂં લાગે તે ગ્રહણ કરવું. સિદ્ધ કરેલા જોગોનો વિશ્વાસ રાખી સત્યતા જોતા રહેવી. ને તેનો લાભ તક આવે મેળવવા સાવચેત રહેવું. કોઇવાર જોણમાં તફાવત પડે કે જોગમાં તફાવત પડે ત્યારે સંક્રાંતિઓ, નક્ષત્ર બેસવામાં કે રૂતુમાં નવીન તફાવત હોવો જોઇએ, કારણ આ મેઘ સમાચારની રૂતુનો પૂર્વે અવલોકનથી ભવિષ્ય સંસ્કાર થએલો છે. કારણ સંક્રાંતિઓ બેસવામાં હજારો વરસ પહેલાંની રૂતુ કરતાં તફાવત પડતો જાય છે. જેથી નક્ષત્રમાં પણ ફેર પડે છે. જુઓ. જુનની ૫ મી તારીખે મૃગશર નક્ષત્ર સૂર્યની સાથે મળ્યું જોઇએ.

મતલબ સાથે ઉગવું જોઇએ. પણ તા. ૭ મી જુને મૃગશર આવે છે. તેમજ મકર સંક્રાતિ બેસવાની તારીખમાં ફેર પડતો જાય છે. જેથી કોઇવાર વર્ષા ૠતુના જોગમાં કાંઇક અંશે તફાવત પડે છે, (જુઓ વીગત—અમારા બનાવેલા ભાગ ૧ લાના પ્ર. ૨ જામાં વાંચો) માટેજ આ મેઘ સમાચારના જોગોનું તકે તકે અવલોકન કરી નોંધો રાખવાથી ખરૂં ખોટું જણાઈ આવતાં તેમાંથી સત્ય સિદ્ધાંતો તારવી કાઢવાથી ખરી શ્રેણી મળશે. કેમકે અમારા અવલોકન પ્રમાણે આ મેઘ સમાચારનો ઘણો ભાગ નિયમિત અને અલૌકિક જણાએલ છે. અને અમને અવલોકન કરતાં જે અનુભવમાં નિશ્ચય જણાયું તે દાખલા દલીલો ટાંકી તથા વર્તારા કાઢવાની પુષ્ટી માટે પાછલી ૠતુની કરણીનો ઇતિહાસ નોંધરૂપે આપી ચોમાસાના વર્તારા અને દરેક વરસનું ભવિષ્ય જાણવા મહાન શોધ તરીકેનો અનુભવ ચોકસ નિયમ તરીકે દાખલ કરેલ છે, કે—દર ચોમાસું કયારે શરૂ થશે, વરસાદ ચોમાસામાં કેવો પડશે. વરસનું પરિણામ કેવું આવશે, અનાજ વગેરેની પીઠ—તેજી કે મંદી થશે, વગેરે વગેરે મહાન જોગોની અનુપાદીકાઓ ઇશ્વિર કૃપાથી અને ૩૦ વર્ષના જાતિ અનુભવ અને સંશોધનથી હવા પાણીના સંજોગો સાથે—મગજને લાંબે જુવાલે નાખી—આ મેઘ સમાચારના મહાન જોગો સુજ્ઞ રાજા-પ્રજાની સન્મુખ મુકવા અમે ભાગ્યશાળી થયા છીએ. તો આવાં અવલોકન કરવાનો પરિચય દેશી બંધુઓમાં સત્વર સન્મતિ તરીકે વધો. અને તેનો અમૂલ્ય લાભ અગમચેતી તરીકે રાજા પ્રજાને મળે. જે હેતુથીજ આ મેઘ સમાચાર મારા મનની ઉત્કંઠા પ્રમાણે પ્રગટ કરવા ઇશ્વિર કૃપા અનુકુળ થતાં પરમ દયાળુ ઇશ્વિરનો મારા ઉપર અને દેશ ઉપર મોટો ઉપકાર થયો માનું છું.

મેઘ સમાચાર.

મેઘનો ફુલ (ગર્ભ) લાગ્યાનાં ચિન્હ:--૧ નિયમીત મા જ (જે તથ વારે કે માસમાં) ૨ વીજ, કે ૩ વાદળ ૪ સૂર્ય કુંડ. ૫ ચંદ્ર કુંડ, ૬ ઇંદ્ર ધનુષ. ૭ હીમ કે ટાઢનાં વાયાં (હીમ અતિશે નહિ) ૮ કાળાંભ (ધુમસીઆં કે ઝાકળી વાદળીનો વારમવાર વૈ શાખ, જેઠ ઘેરાવો.) ૯ નિયમ પ્રમાણે વાયુચક્ર ૧૦ નિયમ પ્રમાણે ગરમી. એ દશ ગર્ભ બંધાવાનાં ચિન્હ છે. અને તે બારે માસના જોગમાં વીગત આવશે. (પહેલા ભાગમાં વીગતવાર વર્ણન આપેલું છે.)

મેઘનો ફુલ (ગર્ભ) બગડવાનાં ચિન્હ:–

૧ કોરે આભે અથવા દશ વિનાની (ઘર મુકીને) વીજળી થાય. ૨ કરા પડે. ૩ ધરતી ધ્રુજે. ૪ લોહી જેવો વરસાદ થાય. ૫ ધુડનાં તોફાન બહુ થાય. ૬ તારા બહુ ખરે. ૭ ચંદ્ર કે સૂર્ય ગ્રહણ થાય (ગ્રહણ પછવાડે છાંટા કે માવઠું થાય. તેને ગ્રહણ ધોયું કહે છે).. ૮ ઝાકળને અતિશે ઝરવું. ૯ ઘર વિનાનો વાયુ. ૧૦ નિયમથી ઉલટી ગરમી. (ચૈતરમાં-ઠંડી અને માહ માસે ગરમી) એ દશ ગર્ભ વણસવાના પ્રકાર છે.

મેઘ સમાચાર અને વરસ વિચાર.

(બારે માસના જોગ),

કાર્ત્તકના જોગઃ–કારતક માસે મેઘનો ફુલ લાગે. એકમથી પુનમ લગી પંદર કળા જાણવી. કારતક માસે ગરભ બંધાય તો ચારે માસ વધતો ઓછો વરસાદ થાય. અને સામી (આવતી) સરા સુગાળ થાય. અને ઘણું ધાન નિપજે.

ગર્ભ બંધાવાનાં ચિન્હ:—કારતક માસે ધોળા-પીળા કહ અથવા ધોળાં, પીળાં, કાળાં, રાતાં, નીલાં (લીલાશ પડતાં) સિ-

દુર વરણાં, જાુઈ (ધોળાં અને જાંબુઈ છાંટવાળાં, રંગે વાદળ હોય તો ગરભ પાકયો જાણવો. અથવા કારતક માસે માવઠું થાય તોપણ ગર્ભ પાકયો ગણવો. જેથી કરી આવતા તે સાલના ચોમાસામાં અવશ્ય સાતે સરા પાકે તેવો જોઇતો સુગાળી વરસાદ થાય.

ટીપઃ—જુઓ ચૈત્રી સંવત ૧૯૪૫ (સન ૧૮૮૮). ચૈત્રી સંવત ૧૯૪૭ (સન ૧૮૯૦). ચૈત્રી સ–૧૯૫૦. (સન ૧૮૯૩). ચૈત્રી સં–૧૯૫૨ (સન ૧૮૯૫). ચૈત્ર સં– ૧૯૫૩ (સન ૧૮૯૬). ચૈત્રી વર્ષ સં–૧૯૬૧ (સન ૧૯૦૪). ચૈત્રી વર્ષ સં–૧૯૬૫ (સન ૧૯૦૮) એ સાલોના શિયાળામાં કારતકે માવઠાં થયાં હતા. તેના પરિણામે તે પછીની સાલો. ચૈત્રી વર્ષ ૧૯૪૬, ૧૯૪૮, ૧૯૫૧, ૧૯૫૩, ૧૯૫૪, ૧૯૬૨, ૧૯૬૬ નાં ચોમાસાં સુગાલ અને ભલહરા થયાં હતાં.

કારતક શુદ ૧ ના રોજ બુધવાર અને શુદી ૧૫ ના રોજ રવીવાર હોય તો રૂ નો ભાવ વધે. (ચૈત્રી વર્ષ ૧૯૬૭ માં બુધવારને પડવો હતો માટે ભાવ વધી ગયા હતા. માટે એમ ઘણાં વરસ મેળવી કામ કરવું.)

કારતક શુદ ૫ મે મુગ નક્ષત્ર હોય તો ગયું વરસ વાળે. પણ પૂર્વા–અશાઢા હોય તો સાધારણ અને ઉત્તરા–અશાઢા આવે તો તીડનો ભય જણાવે.

કારતક શુદ ૫, ૭, ૯, ૧૧, ૧૨, ૧૩ તે દિવસે વાદળાં કે વરસાદ નિશ્ચે જોઇએ તો જેઠ વદમાં ચોમાસું શરૂ થાય અને વરસ સુગાળ થાય એમ શીવ પાર્વતીજીને કહે છે.

કારતક શુદ ૧૪ ને દિને વાદળાં કે વરસાદ થાય તો અશાડ માસે શુદીમાં વરસાદ થાય.

કારતક શુદ ૧૨ નેં દિને ઘડી પુરી હોય તો મેહનો ફુલ લાગ્યો જાણવો.

કારતકી પુનમે કૃત્તિકા નક્ષત્ર પુરૂં હોય તો આવતું વરસ મહા શુગાળ થાય. રાજા પ્રજાને સુખ. ભરણી હોય તો ખંડ વૃષ્ટિ થાય. વાત વગેરે ખટરોગ ચાલે. કટકચાળો થાય. રોહણી હોય તો કરવરૂં થાય. પ્રજામાં રોગની ઉત્પત્તિ જણાય. અને બે પગાં કે ચોપગાં જાનવર દુઃખી થાય. અશ્વની હોય તો આવતું વરસ મધ્યમ થાય.

કારતક વદ ૪ ને દને વાદળ કે વરસાદ થાય તો વરસ સુભીક્ષ અને વરસાદ અશાડ શુદમાં ચોમાસું જોરમાં મંડાય.

કારતક વદ ૮ વીજળીનો પ્રકાશ થાય તો શ્રાવણમાં વરસાદ થાય.

કારતકી પુનમે ચંદ્ર ગ્રહણ હોય અથવા તારા ખરે તો તે વરસમાં ઉલ્કાપાત થાય. અને પૃથ્વી કંપે અને તે દહાડે ધુમસના પાણીનાં આકાશમાંથી ટબકાં પડે. ચંદ્ર-સૂર્યને કુંડું હોય કે ઈંદ્ર ધનુષ હોય, ધુમકેતુ ઉગે તો સર્વ ધાનનો સંગ્રહ કરવો કે એક વાર મોંઘાઈ થશે. કારતકી અમાસે ગ્રહણ થાય તો સુગાળ થાય. પણ ઘીમાં પીઠ આવી જાય.

मागशरना जोग.

માગશર—સંક્રાંતિ (ધન સંક્રાંતિ) જો વરસે તો મધ્યમ ધાન નિપજે. અથવા પોષ માસે વર્ષે તો સુગાળ થાય. (પજો છે).

પ્રમુખ—(માગશરથી ચૈત્ર સુધી) પાંચ માસને વિષે અજવાળી પક્ષ તિથિ ઘટે તો દુકાળ કે કરવરૂં થાય. છત્ર ભંગ થાય અને કોઇ પણ દેશમાં રાજ વિગ્રહ જાગે.

માગશર માસે સંધ્યા ટાણે મેઘ વરસે-સૂર્ય-ચંદ્ર વાદળાંથી ઘેરાએલ રહે અને ટાઢ ઘણી પડે તો પોષ મહિને હીમની અસર જણાય. (માગશરમાં ઘણી ટાટ પડે ત્યારે પોષમાં હીમ પડવાની

કુદરતી અગમચેતી ખરી પડતી જણાઈ છે. અને પોષમાં સાધારણ હીમ તો ચોમાસામાં વરસાદ ભારે જોર પકડે.)

માગશરે જેષ્ટા તથા મુળ નક્ષત્ર તપે તો અનાજ ઘણું નિપજે. (મતલબ જે સાલમાં શિયાળો ગરમા ગરમ એટલે થોડા દહાડા ટાઢનાં વાયાં પડે અને થોડા દહાડા ગરમા ગરમ રત વરતાય. તે સાલનું ચોમાસું અફરે અને અનાજ ઘણું નિપજે. જુઓ ચૈત્રી-વર્ષ. સંવત-૧૯૪૬, ૧૯૪૯, ૧૯૫૧, ૧૯૫૮, ૧૯૬૦, ૧૯૬૨, એ સાલોના ચોમાસાના પાછલા શિયાળા ઉપર મુજબ ગરમા ગરમ નીવડ્યા હતા. તો વરસ ઉત્તમ થયાં હતાં.)

માગશર શુદ ૮ ને રોજ ખડાદાર વાદળ કે વીજળી થાય તો શ્રાવણ માસમાં સારો વરસાદ થાય.

માગશર શુદ ૧૦ ને રોજ ઉત્તરનો કે ઇશાનનો વાયુ રાત દિવસ વહ્યા કરે તો ગર્ભ સમાન ધારણ થયો ગણવો.

માગશર શુદ ૬, ૭ કે ૯ ને દિવસે ઇશાન ખુણે મે ઉપડે અથવા ગર્ભ ગાજે તો ચોમાસામાં મે સાધારણ થાય. અને વાયરૂં કાઢે. (માગશરનું માવઠું અનિયમિત ગણવું.) માગશર શુદ ૧૫ મે ચંદ્ર ગ્રહણ હોય તો પંડિતે ધાનનો સંગ્રહ કરવો. પાંચ માસે એક વાર પીઠ આવી જાય. પણ ધાર્યો ભાવ ન આવે. (પંચાંગથી મેળવવું.)

માગશર વદ ૪ ને દિને મઘા નક્ષત્ર હોય તો તેણે દિન વીજળી હોય અને મેઘ વરસે તો અશાડ માંહિ મેઘ વરસે. જળ થળ મેદની થાય. વરસ સુગાળ અને ઘેર ઘેર આનંદ થાય.

માગશર વદ ૮ ને રોજ વરસાદ થાય તો શ્રાવણ શુદમાં અવશ્ય મે થાય. રાત્રે ગાજે તો ચારે માસ ભલા.

માગશર વદ ૧૨, ૧૩, ૧૪ અને અમાસે આઠે દિશાનો પવન વાજે (થાય) અને મેહના છાંટા આવે તો અશાડ શુદમાં અવશ્ય મે આવે.

માગશર માસે શુક્ર અસ્ત પામે તો માહા વિગ્રહ કોઈ દેશમાં જાગે.

માગશર વદ ૧૦ ને દિને ચારે દિશાએ ધમઘોર અને વરસાદ હોય તો શ્રાવણ વદમાં તથા ભાદરવામાં સારો વરસાદ થાય.

માગશરમાં મુલથી ભરણી સુધી ૧૧ નક્ષત્રના દિવસોમાં વાદળ હોય તો ચોમાસાનાં તમામ નક્ષત્રો થોડાં ઝાઝાં વરસે (મેળવી જોવું).

માગશર વદ અમાસે મુલ નક્ષત્ર હોય ને વાદળ વીજળી કે ગાજ હોય તો ચારે માસ વધતો-ઓછો વરસે.

માગશર વદી અમાસે જેષ્ઠા કે ઉતરા-અશાઢા હોય તો અનાજમાં મોંઘાઇ અને મુલ તથા પૂર્વા-અશાઢા હોય તો આગળ જતાં અનાજ સસ્તું થાય.

માગશર વદ અમાસને રોજ ગ્રહણ થાય તો રૂ, કપાસ મોંઘાં થશે (મેળવી જોવું).

પોષ માસના જોગ.

પોષ માસે ઠાર પડે એટલે વાયુ પડે તે સારૂં. (શિયાળામાં જેટલાં વાયાં પડે તેટલા મે ચોમાસામાં એની બંધ થાય.)

પોષ માસની વીજળી જે દેશ કે પ્રાંત માથે થાય ત્યાં વરસ સુગાળ થાય. તેમજ વૈશાખની વીજળી જે દેશ કે પ્રાંત માથે થાય. તે ઠેકાણે વરસ સુગાળ જાણવાના **બે મોટા થંભ જાણવા.** (દેશ હદ દુકાલ જ્યારે પડે. પણ તોપણ તે ઠેકાણે સાધારણ પાકતો થાય જ)

પોષ માસે હીમ પડે તો મહા ગરભ પાકયો જાણવો પણ તે દારૂણ એટલે લકડ હીમ અતીશે ન જોઇએ. પોષ માસે શુક્ર અસ્ત પામે તો વિગ્રહ કોઇ દેશે જાગે: પોષ શુદ ૪ ને દિને વીજળી દીસે તો ભલી. આકાશ વાદળે છાંયો હોય તો ભલો. સૂર્યને મછ (કુંડું) હોય તો સારૂં. ઈંદ્ર ધનુષ હોય તો સારૂં. ગાજ, વીજ, વા-

દળ, ધનુષ, મચ્છ એ પ્રમુખમાંથી એક લક્ષણ તે દહાડે ન હોય તો નક્ષત્રો થોડાં વરસે. પણ એ દિવસ સુધરે તો વરસાદ તે સાલમાં સારો થાય. શ્રાવણ વદ ૮ દીને એ ગર્ભ જન્મ પામે. માટે રાત દિવસ એ દિને ઉપલાં લક્ષણ જોવાં.

પોષ શુદ ૫ ને દિને શતભીષા અથવા અશ્લેખા હોય અને આઠે દિશાનો વાયુ વાય, અથવા હીમ આવે અથવા મેહ થાય તો ગરભ પાકયો જાણવો. તેણે કરી અસાડ શુદ ૪ ને દિવસે મેહ થાય અને ભાદરવો પણ વરસે (વારાહ સંહિતાના નિયમ પ્રમાણે સાડા ૭ મહિને ગરભ પાકે છે. તો એ રીતે અશાડ વદમાં ચોમાસું જોરમાં જામે છે. પોષ શુદ છઠને દિને વરસાદ હોય કે માવઠું હોય તો શ્રાવણમાં વરસાદ થાય.

પોષ શુદ સાતમ રેવતી નક્ષત્ર હોય, આઠમે અશ્વની હોય, નોમે ભરણી હોય અને તે ત્રણે દિવસે વાયુ કે હીમ પડ તો ગરભ એસી બંધ પાકયો જાણવો. (પણ દારૂણ કે લકડ હીમ ચૈત્રી વર્ષ એટલે ચાલુ ૧૯૬૮ માફક આવે તો વરસાદ સરાસરી ઓછો પડે અને છેવટ ભાદરવો બગડે ને સરાસરી એક વરસાદની ખેંચ રહી જાય. પણ સાધારણ હીમ હોય તો ચોમાસામાં મધ્ય ભાગે એસી બંધ મેહ થાય. વધુ વીગત રૂતુની કરણીમાં આવશે.)

પણ જો સાતમે સ્વાંતિ નક્ષત્ર હોય અને મેહ થાય તો મહા શુભેચ્છક કલ્યાણ થાય.

પોષ શુદ ૧૧ ને દિવસે રોહણી હોય, હીમ પડે, વીજલી હોય અને મેહ વરસે તો અસાડ વદ અમાસને દહાડે મે થાય. ઘણું અનાજ નિપજે. પ્રજા આનંદ કરે અને ગાય વગેરે ઢોર મસ્તાન બને શ્રાવણ પણ વરસે. (સં. ૧૯૫૯ માં વાદળ ને છાંટા હતા.)

પોષ શુદ ૧૪ ની વીજળી જે પ્રાંત માથે થાય તે પ્રાંતમાં અસાડ વદીમાં અવશ્ય વરસાદ થાય.

પોષ સંક્રાંતિ અથવા મકર સંક્રાંતિ શની, રવી કે મંગળવારી હોય તો ધાન, ઘી મોંઘાં થાય ને વેપારીને સારો લાભ. અને બુધ, શુક્ર અને ગુરૂવારી હોય તો અનાજ ઘણું નિપજે અને સસ્તુ થાય અને માણસો નિરોગી રહે.

પોષ માસે મુલથી માંડી ભરણી સુધી વાદળ હોય તો ગરભ જાણવો. તેમજ આદ્રાથી વિશાખા સુધી વાદળ હોય તો પણ ગરભ થયો જાણવો. તે છથી સાડા છ માસે ગજે. (જન્મ પામે).

ધન સંક્રાંતિ મુળથી માંડી ભરણી સુધી એકે નક્ષત્રે વાદળ, વીજ હોય તો ૧૯૫ દિવસે અવશ્ય મેહ વરસે.

પોષ શુદ ૧૫ ચંદ્ર ગ્રહણ હોય તો મોતી પરવાળાં, શંખ, કોડી, કસુંબો, કેશર ૨ એક માસમાં સંગ્રહ કરીએ તો બમણો લાભ થાય. (મેળવી જોવું.)

પુનમે ચંદ્રમા ઉતર-દક્ષિણ (ઇશાને) દિશે ચાલ્યો જાય અથવા વિજળી, આકાશ, વાદળે છાંયો હોય તો શ્રાવણ વદ અમાસે ઘણો મે થાય. (સંવત ૧૯૫૮ માં છાંટા હતા. તો શ્રાવણ વદ ૨ થી અમાસ તક ભારે વરસાદ એલી બંધ પડી ગયું વરસ વાળ્યું હતું.

પોષ વદ સાતમે છુટાં વાદળ હોય તો થોડો મે વરસે અને વરસાદ કે વીજળી હોય તો અશાડમાં તાણ થાય અને શ્રાવણ શુદ ૧૫ મે મેહ આવે (જુઓ સંવત ૧૯૫૮) પણ જો તે દહાડે હીમ કે ગાજ-વીજ હોય તો વરસાદ વધે ને વરસ આબાદ નીવડે.

પોષ વદી અમાસે રાત્રી દિવસ પવનનું તોફાન નીકળે અથવા વાદળ, ગાજ-વીજ કે હીમ હોય તો વરસ સુગાળ અને ચોમાસું સારૂં નીવડે અને પાછલો વરસાદ ભાદરવી અમાસે પણ આવે.

પણ જો તે દહાડે પૂર્વ દિશાએ વીજળી દેખાય અને હીમ

પડે તે શ્રાવણ શુદ ૧૫ મે શ્રાવણું નક્ષત્રે મેહ વરસે. વળી તે દિન પૂર્વનો કે શિયાળુ વાયુ વાય આકાશ વાદળે છાંયો હોય. શ્વાંતિ નક્ષત્ર હોય અને તે દિન મે વરસે તો તે સાલમાં વરસાદ કમ ન પડે. અમાસ શની, રવી કે મંગળવારી હોય તો ભાવ આવે (વાર મેળવી સત્યતા ગ્રહણ કરવી. વાર માટે અમને શંકા છે). પોષ અમાસે ગ્રહણ થાય તો વરસાદ પ્રથમ તણાવે અને અનાજ મોંઘું થાય. (પીઠ આવી જાય).

માહા માસના જોગ.

(મહા માસમાં ત્રીશે દિવસ વાદળાં પવન વગેરે ધ્યાન પૂર્વક જોવાં.)

માહા માસમાં વાદળાં જોવાનું પ્રમાણ.

શુદ-૧-૨-૩-૪ એ ચાર દિવસ નક્ષત્રના સમજવા.

શુદ-૫-૬, ૭-૮ એ ચાર દિવસ મૃગશર નક્ષત્રના સમજવા.

શુદ-૯-૧૦, ૧૧-૧૨ એ ચાર દિવસ આર્દ્રા નક્ષત્રના સમજવા.

શુદ-૧૩, ૧૪-૧૫ વદી ૧ એ ચાર દિવસ પુનર્વસુના સમજવા.

વદી ૨-૩-૪-૫ એ ચાર દિવસ પુષ્ય નક્ષત્રના સમજવા.

વદી ૬-૭-૮-૯ એ ચાર દિવસ અશ્લેશા નક્ષત્રના સમજવા.

વદી ૧૦-૧૧-૧૨-૧૩ એ ચાર દિવસ મઘા નક્ષત્રના સમજવા.

વદી ૧૪ ને અમાસ એ બે દિવસ પૂર્વા નક્ષત્રના સમજવા.

સમજણ:—આ તિથિઓમાં વાદળાં થાય તો-તો તે તિથિએ લખેલા ચોમાસાના પંદરીયાં નક્ષત્રોમાં વરસાદ થાય. એમ પ્રાચીન અનુભવીઓ કહે છે માટે નોંધ રાખી અનુભવ વધારવો. આ નક્ષત્ર પંદર દિવસનાં મોટાં સમજવાં. દનિયાં નક્ષત્ર સમજવાં નહિ. માહ માસ ત્રીસે દિવસ અને પહોરે પહોરે જોવો. એટલે વાદળાં ઉગમણાં આથમણાં હોય તો તે તિથિએ ઉપરના કોષ્ટકમાં જે નક્ષત્ર લખ્યું

છે. તે નક્ષત્રના ચાર દિવસ બગડ્યા એટલે માહા શુદી પડવાને દિવસે આપણે આખો દિવસ વાદળાં જોઇએ. તેમાં ઉગમણાં આથમણાં હોય તો પંદરીયુ રોહણી નક્ષત્ર ચોમાસામાં જે તિથિએ બેસે તે બેસતાં ચાર દિવસ સુધી તે નક્ષત્રમાં વરસાદ થાય. બીજે દિવસ પણ ઉપર મુજબ વાદળાં હોય તો રોહણીના આઠ દિવસ વરસે. અને ત્રીજને દિવસ ઉત્તર-દક્ષિણ વાદળાં ચાલે અથવા વાદળાં ન હોય તો ચાર દિવસ ધોરા કાઢે ચોથને દિવસ ને ત્રીજને દિવસ બરાબર પૂર્વ પશ્ચિમ વાદળ ચાલે તો આખું નક્ષત્ર વરસે. એ મુજબ. શુદ ૫-૬-૭-૮ ના વાદળાનું પરિણામ મૃગશર નક્ષત્રનું પરિણામ થાય. એ પ્રમાણે તમામ નક્ષત્રાં સમજવું. એટલે જે તીથીએ જેટલી ઘડી વાદળાં સમ-વિષમ હોય તે પ્રમાણે તે દિવસનો એક પહોરે ૪ નક્ષત્રનો એક દિવસ સુધર્યો અથવા બગડ્યો છે એમ જાણવું.

(માહમાસનાજ વાદળાં ઉપરથી આખા ચોમાસાનું નકી થતું હોય તો બીજા જોગ જોગાની જરૂર શી ? એવો પ્રશ્ન અમારા ભાવીક ભકતોને થશે. પણ આ વિષે અમારો આધીન મત એવો છે કે આવા જોગ દરસાલ નજરે જોઈ નોંધ રાખવી અને સાર સાર ગ્રહણ કરવો. તો તેમાંથી સત્ય સિદ્ધાંતો તારવી કાઢવાનું શીખશે) માહામાસે **मकरसंक्रांति** વરસે તો ગાય ભેંસો ઘણું દૂધ કરે અને અનાજ ઘણું નિપજે. (આ મહાન જોગ ખરો છે) કારણ મકરસંક્રાંતિમાં સ્થાનીક વરસાદનું તોફાન થાય તે કરતાં જો હિંદી મહાસાગરનું તોફાન હિંદમાં પસાર પામે તો માહા સુગાળ થાય ચૈત્રી વર્ષ. ૧૯૬૨ અને ચૈત્રી વર્ષ સં. ૧૯૬૬ ના શિયાળામાં એવાં તોફાન (વહન) નીકળ્યાં હતાં. જેથી ચૈત્રી વર્ષ. ૧૯૬૩ અને ૧૯૬૭ નાં ચોમાસાં મહા સુગાળ અને રેલમછેલમ નીકળ્યાં હતાં. માટે મકરસંક્રાંતિ વરસવાનું ફળ ઉતમ જાણવું. (સં. ૧૯૬૬ માં મકરસં-

ક્રાંતિનું તોફાન ઉત્તર હિંદથી હેઠ બૂંગાળા સુધી લંબાણું હતું.) મા-હાશુદ ૧ ને દીને બુદ્ધ હોય કે સર્વ માસની પડવે બુધવારી હોય તો ધાન મોઘું થાય. (મેળવી જોવું) મહા માસે, ઘણો વા વાય કે વાયાં પડે ચંદ્રમા સૂર્ય શીતે (ટાઢે) કરી ઝાંખા ગર્ભાઈ ગએલ દીસે, વળી સૂર્ય ઉગતે–આથમતે ઘણી ટાઢ પડે. વાદળાં પણ હોય. વળી માહામાસે ટાઢી લહેરોથી હીમાઝો હલકે તો મહા સુગાળ થાય. અને સર્વ ધાન નિપજે કદાચ માહામાસે સદા મે વરસે. રાત દિવસ વાદળાં રહે, ઠાર પડે. અને નૈરૂત્ય ખૂણાની વીજળી હોય. ઈશાની રાત દિવસ સરખો પવન વાયતો માહા સુગાળ જાણવો. ચાર માસ સરખો મે વરસે. પણ ઘણે વરસાદે ભીંજ થાય. ઉંદર, પતંગીયાં વધે અને સર્પની ડાઢ વધે.

માહામાસે ટાઢ ન પડે. જોકે મુળ વણસે. અને આર્દ્રાનો મેહ ન ઉઠે તો કરવરૂં થાય. અને મોંઘવારી થાય.

માહા માસની શુદમાંહિ ભરણી, કૃતિકા નક્ષત્રે મેઘ વરસે તો ધાન નિપજે. અથવા મહાશુદ માંહિ ભરણી કૃતિકા ન વરસે તો ધાનનો સંગ્રહ કરવો (પીઠ એકવાર આવશે.) શની, રવી, મંગળ એ ત્રણે ત્રણ માસ લગા લગો લગ પાંચ પાંચ હોયતો દુકાળ પડે, આકરત થાય. ને રાજા વિગ્રહ જાગે.

માહ માસની પડવે પવન થાય અને મેઘ વરસે તો તેલ, ઘી સુગંધી વસ્તુનો સંગ્રહ કરવો. બીજને દિને વાદળ, છાંટા કે ગાજે તો અનાજ મોંઘુ થાય. (ફાગણ શુદ ૨ પછી ૧ માસ મોંઘાઈ રહે. પણ તે વરસમાં ધાન્ય ઘણું નિપજે.

ત્રીજને રોજ વાદળાં કે ગાજવીજ હોયતો ચૈત્ર શુદ ૨ પછી ઘઉં અને ધોળી ચીજ મોંઘી થાય.

ચોથને દહાડે મે થાય તો વૈશાખ શુદ ૨ પછી નાળીએર મોંઘાં થાય.

પાંચમે વાદળ-વીજકે છાંટા પડે તો ભાદરવો વરસે. પણ પશ્ચિમનુ વાદળ વીજનું તોફાન હોયતો સારૂં અને ઉત્તરનો વાયુ અને તોફાન હોયતો ભાદરવામાં કહેવરાવે. ને મોંઘાઈ જણાવે.

છઠ નિર્મળ હોયતો અશાડ કોરો જાય. અને વાદળ મેઘ હોય તો અશાડ ભરપૂર વરસે ને કપાસમાં તેજી આવે. (માહાશુદ ૧ થી ૬ લગીની તીથીઓનો નોંધરાખી અનુભવ કરવા સલાહ છે.)

માહાશુદ સાતમ કે મહી આઠમે હીમ-વીજળી સાથ વરસાદનું મંડાણ હોયતો ચારે માસ મે થાય. મહી આઠમે સૂર્ય નિર્મળ ઉગે તો મૃગશર કે આદ્રા ન વરસે શ્રાવણમાં પણ કહેવરાવે. (મહી આઠમે નરસિંહ મેહેતાએ કુંવરબાનું મામેરૂં ભરતાં મલ્હાર રાગ ગાતાં વરસાદ થવાની કહેવત છે. માટે તે વરસનો કોલ જાણવો. આ જોગ ખરો છે.)

માહા શુદ ૯ ચંદ્રમા સમીપે વાદળામાં હોયતો સર્વ અશાડ વરસે. ધાન સોંઘાં થાય. વળી જો વાદળ વીયાળ કરે (આમ-તેમ દોડે) તો ભાદરવો વરસે. વાદળ તલ જવ ન થાય તો શ્રાવણમાં કહેવરાવે. પણ જો નોમે મુળ હોય અને વાદળ, વીજ, મેઘધનુષ થાયતો ભાદરવાની નોમે અવસ્ય મે થાય.

માહાશુદ પુનમે ચંદ્ર ગ્રહણ હોયતો સાડાચાર માસ મેઘ વરસે પણ સર્વ ધાનનો સંગ્રહ કરવો કે માસ ૧૫ પછી પીઠમાં તેજી આવશે. (રસ કસમાં તુરતજ લાભ થાય.)

માહાશુદ ૧૫ ને દિન વાયુ, વાદળ, અને ઉત્તર કે દક્ષિણની વીજળી કે ચંદ્રમા કુંડ હોયતો ગરભ પાકયો જાણવો. તેણે કરી વરસ સુધરે (હિંદમાં માહાશુદ પુનમે ઉપર મુજબ હોયતો હિંદદેશ બહુ પાકશે.)

માહા વદ ૨ ને દિને વાદળં-વિજળી હોય તો શ્રાવણ ભાદરવો વરસે.

માહા વદ ૫, ૯, ૧૦, ૧૧ ને દિને વાદળીવીજ હોયતો મેઘ ઘણા વરસે. વદ ૭–૧૩ પૂર્વ દિશા મેહ ઉપડેતો અશાડ માસે ૭ દિવસની એલી થાય અને લોકોને ઉત્સાહ વધે.

માહા વદ ૧૪ કે અમાસે વદળી–વીજનું તોફાન મોસમનું પૂર્વમાં પસાર પામે કે હિમ કે મે દેખાય કે પવનનું તોફાન–પસાર પામે. પંચવરણાં વાદળાં થાયતો માહ ગરભ પાક્યો ગણવો. તે કરણીએ ભાદરવા શુદ પુનમ કે આસપાસ ભાદરવો ગેડ મચે. (ચૈત્રી વર્ષ. સં. ૧૯૬૨ ના માહા શુદ ૧૪ ને અમાસનું તોફાન હિંદી માહાસાગરનું ગુજરાત કાઠિયાવાડ માથે પસાર પામ્યું હતું. તેના પરિણામે ચૈત્રી વર્ષ સં. ૧૯૬૩ નું ચોમાસું અફર નીવડ્યું હતું. તેનો વર્તારો. ગુજરાતી પેપરમાં એપ્રીલ માસમાંજ વધામણી તરીકે આપ્યો હતો. એવો એ મહાન ખરો જોગ છે.)

માહા વદ અમાસે સુર્ય ગ્રહણ થાયતો વરસ સારૂં અને વરસાદ ઘણો થાય.

फागण–मासना जोग.

ફાગણ માસે વા વાયતો ભલો, વંટોળ ભલા, લુખા આકાશ ઉપવન (વા) વાજેતો ભલો. સૂર્ય–ચંદ્ર પાસે મોરૂં કુંડાળું હોય, અને સૂર્ય લીલો, રાતો હોયતો ભલો. ફાગણ માસે શુક્ર આથમે તે ૭ માસ નબળું ફળ બતાવે.

ફાગણ માહા હીમ સહીત (હીમ જેવો ટાઢો) હોય તે ફાગણ વદ ૧ ને દિને દેખીને શુભ કહેવો. (ફાગણમાં શિયાળો લંબાય તો ચોમાસુ મોડું બેસે. જુઓ. પ્ર. ૪ થું. પાછલી ૠતુની કરેણી.)

ફાગણ સંક્રાંતિ માંહિ મેહ વરસે તો વૈશાખ, જેઠ ભલા (પણ ચોમાસામાં કહેવરાવે) તેમ ફાગણ, ચૈત્ર અને વૈશાખ માસે શ્વાંતિ વસે તો અશાડ માસે જીવડાં (અળશીયાં) ઘણાં વરસે (ચૈત્રી

વર્ષ. સં. ૧૯૬૧ ના અશાડમાં જીવડાં વરસાદ. સાથે બહુ વરસ્યાં, પણ પછી મેહ ભાગી ગયો ને કસ્વરૂ થયું.)

ફાગણ શુદ ૭ મે કૃત્તિકા હોય અને ૮, ૯, ૧૦ મે હોયતો ભાદરવા વદી અમાસે તથા આસો સુદ ૫–૧૧ પણ વરસે. (ચૈત્રી વર્ષ ૧૯૬૦ માં ઉપરની તિથિએ મે હતો. જેથી ચૈત્રી સં. ૧૯૬૧ (સન ૧૯૦૪) માં શ્રાવણી અમાસે અને ભાદરવા શુદ ૫ મે વરસાદ થઇ વરસ થોડે ભાગે વાળ્યું હતું. તેવીજ રીતે ચૈત્રી સંવત ૧૯૬૭ ના ફાગણમાં ગરભ ગળ્યો હતો. તો ચાલુ ચૈત્રી વર્ષ. ૧૯૬૮. (સન ૧૯૧૨) નું ચોમાસું બગડયું. ને ભાદરવા શુદ ૫ મે મે આવ્યો હતો. માટે આ રામબાણ ખરો જોગ છે.

ફાગણ શુદ પુનમે મેઘ કે વીજળી કે કરાનું તોફાન હોય તો ચોમાસામાં મોટું વાયરૂ વાય. ૭ માસની અંદર ચીજ માતરના ભાવ આવી જાય. અને એ જોગે ભાદરવી અમાસે કે પહેલા પક્ષમાં ગરભ ઉભો થાય. મતલબ ગયો મે **પચુસણ** કે **પૂર્વા** નક્ષત્ર લાવે તેમ ચૈત્રી સં. ૧૯૬૧ (સન ૧૯૦૪) માં અને ચૈત્રી સંવત ૧૯૬૮ (સન ૧૯૧૨) ના ચોમાસામાં ૨॥ માસનું સખત વાયરૂં કાઢી ચીજ માતરના ભાવ ચડી ગયા બાદ બેઉ સાલોમાં પચુસણમાં મે વધતો ઓછો પડી કે રા દુકાળમાંથી વરસને થોડે અંશે પણ બચાવ્યું. માટે ફાગણ શુદ પુનમનો જોગ ઉપર મુજબ બગડયો હોય તે સાલમાં અનાજ તથા ખડનો સંગ્રહ રાખનારને લાભ મળશેજ. આ દર્શનીક જોગનો પુરાવો કુદરતે પ્રાચીન જોગને ખરો કરી દેખાડયો છે માટે આ પણ મહાન જોગ ખરો છે.

ફાગણ વદ ૮ તથા અમાસે મે વરસે તો સુગાળ થાય. વરસાદ બહોળા અને ધાન નિપજે. (ચૈત્રી સં. ૧૯૪૯ ના ફાગણ વદ ૮ ને દહાડે ગાજવીજનું તોફાન કરા સહીત હાલાર, પાંચાળ વગેરેમાં થયું.

હતું તો સં. ૧૯૫૦ (સન ૧૮૯૩) માં ચોમાસું મોટી એલી બંધ નીવડયું હતું. માટે હુતાશણી માથે તોફાન, ગાજવીજ કે કરાનું તોફાન તે નબળું ગણવું. પણ હુતાશણીથી સાત કે દશ દિન આઘા પાછા વાદળ, વીજ કે તોફાન થાય. તે ચોમાસા માટે વધામણી જાણવી.

મતલબ હુતાશણી પહેલાં કે પછી. સાત કે દશ દિવસ આગળ પાછળ કેશુડાં ધ્રુવે તેટલો વરસાદ થાય. વૈશાખ વીજળી વાળો હોય ને જેઠ ખૂબ તપેતો તે સાલનું ચોમાસું અફર નિવડે. મતલબ વરસાદ ના કહે, પણ રહે નહિ.

ફાગણ શુદ પુનમે ચંદ્રગ્રહણ હોયતો સર્વ ધાનનો સંગ્રહ કરવો. આઠ માસની અંદર લાભ મળશે.

ફાગણ શુદ પુનમના હુતાશણીના પવન વગેરેનો વિચાર પહેલા ભાગમાં આપેલ છે. તે જોવાથી પવનનું ફળ સમજાશે.

ફાગણ વદ અમાસે મેઘ કે ઘટા પંચ રંગી ગર્ભની હોયતો ચોમાસું તે સાલનું સુધરે. (ખરો જોગ છે).

ફાગણ વદ અમાસે ગ્રહણ થાયતો ખડની તાણ થાય અને અનાજ સંઘરવું. (અનુભવ કરવો)

चैत्र मासना जोग.

ચૈત્ર નિર્મળ અને તપે અને લૂ ઝરે તો વરસ ઉત્તમ જાણવું. શિયાળાનાં વાયાં પડે અને ચૈત્રની લૂ ખૂબ ઝરે તે સાલનું ચોમાસું અફર થાય એમ મુસલમાની નજુમમાં કહેલું છે. માટે શીયાળાનાં જેમ ટાઢ સાથે વાયાં તેમ ચૈત્ર નિર્મળની લૂ ઝરે. તે વરસનો મોટો થંભ જાણવો.

ચૈત્ર માસે આકાશ ઘણે ભાગે નિર્મળ રહે, સૂર્ય-ચંદ્ર પાસે કુંડાળું હોય તો ગરભ થયો જાણવો. તે સાલમાં ઘણા વાયુ અને મે થાય. (સંવત ૧૯૫૨ માં એમ બન્યું હતું.)

ચૈત્ર શુદ ૧ ને રોજ તીથી, નક્ષત્ર અને યોગ એ ત્રણમા જો તીથી વધેતો ખડનો વધારો. નક્ષત્ર વધારે ઘડી હોયતો અનાજ વધુ પેદા થાય. યોગની ઘડી વધેતો રોગનો વધારો થાય. (ઘણાં વર્ષ પંચાંગે મેળવવાં) ચૈત્ર શુદ પાંચમે રોહણી, સાતમે આદ્રા, નોમે પુષ્ય. પુનમે ચિત્રા હોય અને વરસે તો ગરભ ગળ્યો જાણવો અને તે અનુક્રમે અશાડ, શ્રાવણ, ભાદરવો અને આસોનો ગરભ વણસાડે છે. વળી પાંચમે અભ્રણ (વાદળ) હોયતો ઘઉંમાં તેજ. સાતમે આકાશ વાદળામાં છાંયો હોય અને છાંટા આવેતો ઘઉંનો ભાવ શ્રાવણમાં આવે. તેમજ સાતમે ધુંસર આવેતો ગર્ભ વણસાડે તેમજ ફાગણ, ચૈત્ર, વૈશાખ અને અશાડ એ ચાર ચાસ માંહિશ્વાંતિ નક્ષત્ર વરસેતો સર્વ ધાનનો સંગ્રહ કરવો. પાંચ માસની અંદર લાભ મળે.

ચૈત્રશુદ ૫, ૭, ૯, ૧૩ તારા ખરે તોપણ વરસ વણસે. ચૈત્ર વદી એકમને દીને મે હોયતો શ્રાવણ માંહિ મે વરસે. વદ બીજને દિને પૂર્વનો વા વાયતો મે મંઠા વરસે. અને વરસેતો ભાદરવો વરસે. (વચમાં વાયરૂં કાઢે) વદ ત્રીજને દિને દક્ષિણ વાયુ વાય. વાદળ પૂર્વ દિશા જાય. તે વારે આસો માસ વરસે. વદ ચોથે છાંટા આવે તો પરિણામ સાધારણ થાય. વદ ત્રીજ ચોથે દક્ષિણ પ્રશ્ચિમ પવન વાયતો ધાન કમતી નિપજે. વદ ત્રીજ–પાંચમનો પૂર્વ કે ઉત્તર વા વાયતો સર્વ ધાન નિપજે.

ચૈત્રવદ માંહિ મુલથી માંડી ભરણી સુધી દનીયાં જોવાં. જો તપેતો ચોમાસાના ચારે માસ વરસાદને વાદળ વરતાય–પણ દનીયાં. વાદળ–વીજથી બગડેતો વરસ બગડે. (વાદળનાં ફુલ થાય તે બગડયાં ગણવાં નહિ)

ચૈત્ર શુદ ૧૫ ને રોજ ગ્રહણ થાયતો આવતું વરસ નબળું થાય. અને ઉપજ બરાબર આવે નહિ. આ જોમ ઘણા વરસના પ્રમાણથી મેળવી જોવો.

ચૈત્રવદી અમાસના રોજ સૂર્યગ્રહણ થાયતો સુગાળ, પણ ધ- ઉંમાં લાભ થાય.

ચૈત્રવદી ૧ થી વૈશાખ શુદ ૧૫ સુધી જે જણસનો ભાવ આ- કરો રહે તે જણસનો ભાવ ભાદરવે આકરો રહે. (અનુભવ કરી જોવો.)

ચૈત્ર માસની તિથિ ઘટવા વિષે:—પડવો ઘટેતો પૃથ્વી ઉપર પીડા. બીજ ઘટેતો કાળ પડે, ત્રીજ ઘટેતો રાજા પડે. ચોથ ઘટે તો ચારે ખંડ ડોલે. સાતમ ઘટેતો સાત સમુદ્ર સુકે, મતલબ વરસાદ થોડો થાય. આઠમ ઘટેતો હીમ પડે. નોમ ઘટે તો નવખંડ ડોલે. (તિથિઓ ઘટવા વિષે પંચાંગથી મેળવી જોવું: સત્ય જણાય તે ગ્રહણ કરવું.)

ચૈત્ર વદિ અમાસ જેટલી ઘડી હોય તેટલા શેર અનાજ આ- વતા કારતકમાં વેચાય. (મેળવી જોવું.)

वैशाख मासना जोग.

વૈશાખના વાવલીઆ ભલા, તેમજ ગાજવીજ ભલાં. આપણે પાછળ કહી ગયા કે ચૈત્ર ગાજવીજથી બગડે તો પાછલા જોમ ફરી જાય. પણ જો વૈશાખ માસમાં એક દિવસ પણ કાચબી તાણે કે પંચવરણો આકાશ કે ગાજવીજનું તોફાન થાયતો—પાછો ગર્ભ ઉભો થયો ગણવો—કહેવત છે કે:—

વૈશાખ વીજ વલો, જેઠ હોય તપંતો,
તો જળ હર, કોણ રાખે સંગ્રરતો. ૧

વળી—વૈશાખી પડવા દિન, વાદળ વીજ કરેહ;
દાણા વેચી ધન કરો, પુરી સાખ ભરેહ. ૨

ઉપરની બેઉ કહેવતો મુજબ વૈશાખનાં લક્ષણ જણાય, એ ચોમાસા માટે વરસનો ત્રીજો થંભ માંહા ગુગાળીક જાણવો. સંવત

૧૯૪૯, ૫૧, ૫૪ ૫૯, ૬૦, ૬૬, ૬૭, ની સાલોમાં એ ચિન્હો હતાં.

(અખા ત્રીજને દહાડે સવારમાં દિવસ ઉગતાની પહેલી ઘ-ડીનો પવન જોવા જતાં. વાદળ કે વરસાદ કે ગાજ વિજનું તોફાન જણાયતો આવના વરસ માટે જોષ જોવા જવાની જરૂર ન રહી જાણવી. પણ તે સાલ મહા સુગાલ થાશે એમ નિશ્ચય જાણવું. અ-ખાત્રીજના પવન વિષે તથા તેજી મંદિના જોષનાં બંદર વગેરે માટે ભાગ ૧ લામાં વાંચવું.)

વૈશાખ માસે શુક્ર અ.થમે તે દહાડે ગાજ વિજ કે તોફાન હોયતો વરસમાં કહેવરાવે.

અખાત્રીજ ને દહાડે ગુરૂવાર અને રોહણી નક્ષત્ર સંપુર્ણ હોય તો ધાન્ય તથા રસ-કસ તે સાલમાં બહુ સોંઘાં વેચાય. કૃતિકા નક્ષત્ર હોયતો વરસ કરવરૂં. અને મૃગશર હોયતો નબળું વરસ થાય (ચંન્દ્રમા કોની સાથે આથમ્યો તે જોવું.)

વૈશાખ શુદ ચોથને રોજ ગુરૂવાર આવે તો રૂ,માં તેજી આવે અને છઠ શુક્રવારે પુર્ણ હોય તો રૂનો ભાવ માસ અગીયારમાં અડધો કે મંદ થઈ જાય- (ઘણા વરસનું મેળવી જોવું.)

વૈશાખ શુદ પાંચમને દીને આકાશ વાદળે છાંયો હોય અને ગાજે-વરસે, પ્રભાતથી સાંજસુધી પૂર્વ વા વાય, તો સર્વ ધાનનો સં-ગ્રહ કરવો. ભાદરવે નિશ્ચય લાભ થાય. (ચૈત્રી સંવત ૧૯૫૩ વૈશાખ શુદ પાંચમે તે પ્રમાણે ઉત્તર હિંદમાંથી તોફાન આ તરફ આવી અરબી સમુદ્રમાં ગયું. વળી હિમાળુ પવનથી ગોળાનાં પાણી શીતળ થયાં હતાં. જેથી હિંદના મોટા ભાગમાં ગર્ભ વણસાડી દુ-કાળ પાડયો હતો. આ અગમચેતી હિંદના મોટા ભાગના વસ્તારો માટે રામબાણ નીવડી છે. પણ તેથી કરી મુંબઈ ઈલાકામાં ભારે વરસાદ પડે. અને ભાદરવે ખેંચ જણાવે તેમ સંજોગ ઉપન થાય

છે. આ સાલ મુંબઈ ઇલાકામાં ભારે વરસાદથી ઘઉંની નિપજ અ-ઢળક થઈ પડી હતી. પણ ઉત્તર હિંદમાં ખેંચ થતાં સખત મોંઘ-વારી થઇ હતી.) વાદળ વીજ વિના એકલો પવન પૂર્વનો હોય તો એટલે દરજે નબળું ફળ ન આવે.

વૈશાખ શુદ પુનમે ચંદ્રગ્રહણ હોય તો, રૂ, કપાસ, મગ, અડદ, ઘઉં, તેલનો સંગ્રહ કીજે. ત્રીજે માસે લાભ થાય. (ઘણાં વર્ષનાં ગ્રહણ પંચાંગથી મેળવી જોવાં.

વૈશાખ વદિ ૮ અને ૧૪ નો વાયુ દક્ષિણ કે ખારી (અગ્નિ) તોફાન સાથે હોય તો તે સાલમાં વરસાદ આખા હિંદમાં જેજેકાર કરે. (ચૈત્રી સં. ૧૯૬૭ માં હતો.) ખરો જોગ છે. વૈશાખ વદી અમાસે સૂર્યગ્રહણ થાય તો રસકસ મોંઘા થાય. (મેળવી જોવું).

વૈશાખ શુદ ૩ પછી. ૬ કે ૭ દહાડે આંધી (ખારી) ચડે તો ચોમાસામાં વરસાદ સાધારણ થાય. પણ લગભગ એક માસ પછી ખારી (વેપાર વાયુ) નું તોફાન પસાર પામે તો ભાદરવો ભરપુર રેલે અને બીજા મસો પણ વરસે (જુઓ ચૈત્રી સં. ૧૯૬૬–૬૭ (સન ૧૯૧૦–૧૧) ની બેઉ સાલોમાં તેમજ ચૈત્રી સં. ૧૯૪૬. ૧૯૪૯, ૧૯૫૨, ૧૯૫૪, ૧૯૬૩ વગેરે સાલોમાં બન્યું હતું.)

જેઠ માસના જોગ.

જેઠ માસ તપંતો ભલો અથવા તપવા સાથ ગર્ભાઈ ભલી. (પરસેવો બહુ છુટે તેવી ગરમી તે ઉત્તમ જાણવી)

જેઠ શુદમાં આદ્રા નક્ષત્રથી માંડી ૯ દિવસ જોવા. જો વાદળ હોય તો ભુંડાં પણ તે દિવસ નિર્મલા ભલા.

જેઠ શુદ બીજને દિને ચંદ્રમા રોહણીમાં ઉગેતો ધાન મોંઘાં થાય. જેઠમાં ચિત્રા, સ્વાંતિ અને વિશાખાએ વાદળ ન થાયતો અ-સાડ ન વરસે પણ શ્રાવણ ભાદરવો વરસે. અને જો જેઠી બીજે

ચંદ્ર ઉગે તે રોહણી સંગ હોય તો શ્રાવણ માંહી મે વરસે.

જેઠ શુદ ૨ જયાં ગાજે ત્યાં વરસાદનો ગરભ ગળ્યો જાણવો. (બધા મુલકમાં તોફાન હોય તો વરસ ફરી જાય. ચૈત્રી સં. ૧૯૫૬ માં એમ બન્યું હતું.)

જેઠ શુદ ૨ અથવા ૫ ગાજે, દક્ષિણ વાયુ વાય. આકાશ વાદળે છાંયો હોય તો ધાનનો સંગ્રહ કરવો. શ્રાવણ ભાદરવે લાભ મળશે.

જેઠ શુદ ૮ નો ચારે દિશાનો વાયુ થોડો વાય તો ભલો. જેઠ શુદ ૧૧ ને દિને ધજા બાંધી વાયુ જોવો. જો ઉત્તરનો વાયુ વાય તો ચારે માસ સરખો વરસાદ થાય. જેઠ શુદ ૨ અને પુનમે મુલ નક્ષત્ર વરસે તો સાઠ દિવસ ન વરસે. જો મુલ નક્ષત્રનો પહેલો પાયો વરસે તો એક માસ વાયરું કાઢે. બીજે પાયે બે માસ. ત્રીજે પાયે ત્રણ માસ ન વરસે. પણ જો ચોથે પાયે વરસે તો મે વહેલો વરસે. (અનુભવ કરી જોવો.)

જેઠનાં મુળ બગડયા પછી પૂર્વા અશાડા પ્રથમ વરસે તો તેજ નક્ષત્રે ચોમાસામાં જે દિવસ હોય તે દિવસ પાછો મે વરસે. પૂર્વા આશાઢા ગાજે તો ગરભ પાકયો જાણવો. અને સાતે સરા નિપજે કહેવત છે કેઃ—

" અશ્વની ગળી, ભરણી ગળી, ગળ્યાં જેષ્ઠાને મુળ; પૂર્વા-અશાઢા ધડકીયાં, તો પાકે સાતે તુલ." આ જોગ મહાન જોગ છે. અને નોંધ રાખી જોવું.

જેઠ માસના કૃષ્ણ પક્ષમાં જ્યારે શ્રવણ-ધનિષ્ઠા નક્ષત્ર આવે તે દિવસને વિષે જેટલી ઘડી વીજળી અને વારી-અભ્ર (વરસાદને વાદળ) દેખાય તેટલા દિવસ વરસાદ ચોમાસામાં થાય. આને શ્રવણ પંચકાના છાંટા કહે છે. અને જૈન ધર્મના સાધુઓ ઉપરના બે નક્ષત્રના છાંટા થાય. ત્યાંજ ચતુર માસ ગાળે છે. કહ્યું છે કેઃ—

શ્લોક.

जेष्ठच मासे बहुलेज पक्षे, नक्षत्र युगमम श्रवणम् घनेष्टा ॥

यावत घटी विद्युतवारि अभ्र, त्वात् हीनावर्षांति वारि मेघा ॥

બીજી વળી કહેવત છે કે:—

ભડલી કાં તું ડડલી, જેઠ વંઠયાં મુળ;

જો વરસે શ્રવણ પંચકાં, તો થાળ ભરાતું કુર.

ભાવાર્થ—જેઠમાં મુળ અગડયા પછી પૂર્વા–અશાઢા ધનુકે અથવા શ્રવણ પંચકાં વરસે. તે પણ કમોદ પાકી ચુકી તેટલો વરસાદ થાય.

જેઠ શુદ ૧૩ કે અમાસ અહોરાત્રી મે દિવસે તો ઘણો વરસાદ થાય. પણ વાયુ વાય તો કાળ કે કરવરૂં થાય. મતલબ અમાસે વીજળી થાય તો અશાડ શુદ બીજે થાય. ને બીજે વીજલી થાય તો પાંચમે અવશ્ય થાય.

જેઠ શુદ પુનમે ચંદ્રગ્રહણ હોય તો સર્વ ધાનનો સંગ્રહ કરવો. ૭ માસની અંદર પીઠમાં એકવાર જરૂર લાભ મળશે (મેળવી જોવું).

જેઠ વદ અમાસને રોજ સૂર્યગ્રહણ હોય તો આગળ અનાજ મોંઘું થાય. (પાછલાં ગ્રહણ મેળવી જોવાં).

अशाड मासना जोग.

અશાડ શુદ પડવાને દિને જેટલી ઘડી પુનરવસુ તેટલી વર્ષા જાણવી.

અશાડ શુદ ૨ થી ૫ સુધી વાદળ-વીજ મે થાય તો શ્રાવણમાં મે ઘણા થાય. (ચૈત્રી સંવત્ ૧૯૫૪, ૫૯, ૬૧, ૬૨, ૬૩,

૬૫, ૬૬, ૬૭ વગેરે સાલોમાં એમજ બન્યું હતું. વળી અશાડમાં કર્ક સંક્રાંતિ વરસે તો પણ શ્રાવણ વરસે. ત્રીજને દહાડે પૂર્વ વા વાય અને મે ઉઘડે તો ભાદરવા માસે મે વરસે. (સં. ૧૯૫૯, ૬૦ માં તે વાયુ વાયો હતો. જેણે કરી ભાદરવામાં મે ઘણો હતો. મતલબ આથી હવા પાણી નિયમિત આવશે એમ પુરવાર થાય છે. (ખરો જોગ છે.)

અશાડ શુદ પાંચમનો ઉત્તર વાયુ વાય અને મે ઉઘડે તો કાર્તક મહિને લાભ. ત્રીજ-પાંચમનો પૂર્વ-ઉત્તર (ઇશાન) નો વાયુ વાય તો ઘણું ધાન નિપજે.

અશાડ શુદ ૨, ૪, ૫, ૭, ૮, ૧૦ વરસે તો અથવા તે દિને પશ્ચિમ દિશાએ પીળાં વાદળાં થાય તો ગરભ જાણવો. અશાડે પહેલે મંગળવારે સૂર્ય ઉગતાં પ્રગટ દેખાય. વાદળ કે ગાજવીજ તે દહાડે દેખાય નહિ તો બે માસ વાયરું કાઢે. સંવત ૧૯૬૧ (સન ૧૯૦૪) અને સંવત્ ૧૯૬૮ (સન ૧૯૧૨) ના અશાડમાં એમ બન્યું હતું. બે કલાક વાદળામાં ઉગે તો પણ વરસ સારું થાય અને આખો દિવસ વાદળામાં રહે તો કાળ થાય-(અનુભવ કરી જોવો.)

અશાડ માસની રોહણી નક્ષત્રે વાદળ, વીજ કે મે હોય તો કરવરું થાય. અને શ્વનાંતિમાં વાદળ, વીજ હોય તો ઘણાં ધાન નિપજે.

ઉજળી નોમનો સૂર્ય વાદળામાં ઉગે અને દિવસે વાદળ હોય તો ચોમાસું જામે. તેમજ શુદ ૧૨ કે ૧૫ વા ચલે તો મે થોડો થાય.

અશાડ માસે મેહ વાચ્છી વાદળોથી છાયો હોય (ધાબુ હોય) તો ગરભ ભલો જાણવો. (એલી મંડાશે એમ નિશ્ચે જાણવું)

અશાડ સુદ ૧૫ પૂર્વા અશાઢાએ વાદળ, વીજ હોય તો ધાન ઘણાં નિપજે. અને પુનમનો ચંદ્રમા (હાંડો) ઉગતાં ન દેખાય કે રાતે છાંયો રહે તો મે ઘણા થાય. અને નિર્મળ ઉગે તો કાળ કે કરવરૂં થાય. (વધારે સમજ હાંડા વિષે ભાગ ૧ લામાં જુઓ).

અશાડ સુદ ૧૪ તુટે તો પીઠ આવે તેમજ જે જે માસમાં ૧૪ તુટે તે માસમાં પીઠ આવે. (પંચાંગથી મેળવતા રહેવું). અશાડ શુદ પુનમે ચંદ્રગ્રહણ હોય તો કપાસ તથા અનાજમાં ચાર માસે લાભ આવી જાય. (મેળવી જોવું)

અશાડ માસના અજવાળીઆમાં બુધનો ઉદય થાય અને શ્રાવણે શુક્રનો ઉદય થાય તો કહેવરાવે. પણ બુધનો ઉદય વદમાં થાય તો સારૂં. અશાડમાં બુધ અને શુક્ર એક સંગા હોય તો વરસાદ ઘણા થાય. પણ વચમાં સૂર્ય હોય તો વરસાદ કમ થાય.

અશાડી પુનમે ગાજવીજ કે વરસાદ થાય તોવરસ સારૂં ગણવું.

અશાડી પુનમનો પવન અખાત્રી માફક જોવો. પણ તે દિવસ ઉગ્યા પછી સવા ઘડીએ જુએ છે. કેટલાક આખા દિવસની કરણી જુએ છે. જો પૂર્વનો કે અગ્નિ વાયુ વાય તો સર્વ ધાનની નિપજ થાય. પણ રોગની ઉત્પતિ જણાવે. (પૂર્વ કે અગ્નિ વાયુ એ ખારી કે **વેપાર વાયુ** કહેવાય છે, ચોમાસાના મુખમાં તે જોરવાળો થાય તો વરસાદ બોહોળા અને સાતે સરા નિપજે. જુઓ. ચૈત્રી વર્ષ. ૧૯૪૬, ૪૯, ૫૨, ૫૪, ૫૫, ૫૯, ૬૦, ૬૨, ૬૩, ૬૫, ૬૬, ૬૭ માં તે વાયો હતો.

દક્ષિણ વાયુ વાય તો લગભગ એક માસનું વાયરૂં કાઢે. કાં તુરત આવે. જો એક માસે આવે તો એલીબંધ વરસાદ મનસુન (નૈરૂત્ય) પવનથી મંડાય છે. વળી કોઇ દેશમાં લડાઇથી વીર સુભટનો ક્ષય થાય. ને રૂધીર ચાલે.

નૈઋત્યનો વા વાય તો કમતી વરસાદ થાય. (વાયરૂ પણ વાય) પીઠ આવે અને નવાણે નીર કમતી રહે.

પશ્ચિમનો વા વાય તો નદી સરોવર છલકી જાય. અને સર્વ ધાન નિપજે.

વાયવ્યનો વાયુ વાય તો ઢોર મસ્તાન બને અને દુધનો વધારો થાય. કારણ અશાડે સૂર્યાનું જોર વધે તો વરસાદ ઓહોળો થાય. પણ જો ઉત્તરનો વાયુ વાય તો અપ્રબળ પાણી વરસે અને વરસ સુભીક્ષ થાય. (સં. ૧૯૫૯ અને ૬૦ માં વાયો હતો. આ મહાન જોગ છે.)

પવન સ્થિર હોય તો શ્રાવણ–ભાદરવો રેલશે. આડે દિશાનો વા વાય તો વરસાદની તાણ અને તાવની ઉત્પત્તિ તથા છત્ર ભંગ થાય, અને વરસ કરવરૂં થઇ જાય.

અશાડ શુદ ૧૫ નો હાંડો અને અશાડ વદ ૮ નો ભાંડો (ખાંડો) જોવાની રીતો અને ફલ ભાગ ૧ લામાં જુઓ.

અશાડની અમાસે સૂર્ય ગ્રહણ થાય તો વરસાદ તો થાય પણ કોઇ દેશમાં રાજ વિરોધ જાગે.

श्रावण मासना जोग.

શ્રાવણ માસે ચિત્રા, શ્વાંતિ અને વિશાખાએ મે વરસે તો વરસ સુભીક્ષ અને સર્વ ધાન નિપજે અને રાજા–પ્રજા સુખી. પણ વરસાદ ન થાય તો વરસાદ કમતી પડે અને મોંઘવારી થાય. માટે ઘરેણાં વેચી ધાન્ય રાખવું.

શ્રાવણે શુક્ર આથમે તો અવશ્ય મે વરસે તે મેહ દૂધ સરખો જાણવો.

શ્રાવણ શુદ ચોથને દહાડે મે થાય તો સવાયો લાભ અને યોગ મે આવે. (આ મહાન જોગ ખરો છે)

શ્રાવણ શુદ સાતમે સ્વાતિ નક્ષત્રે મે વરસે તો સર્વ ધાન્ય નિપજે. પણ રાતનો મે તે દહાડે થાય તો પાછળથી વરસાદ કમની પડે.

શ્રાવણ શુદ પુનમે (નાળીએરી પુનમે) શ્રવણ નક્ષત્રે છાંટા આવે તો ગયું વરસ વાળે અને ઘણો મે ન વરસે તોપણ સામાન્ય તો થાય જ.

શ્રાવણ સુદ પુનમે ચંદ્રગ્રહણ હોય તો ઘી, તેલનો સંગ્રહ કરવો. એ માસે ઘી તેલમાં લાભ મળે અનાજના ભાવ સસ્તા થશે. (મેળવી જોવું.)

શ્રાવણ વદી અમાસે સૂર્ય ગ્રહણ થાય તો અનાજ મોઘું થાય.

શ્રાવણ વદી ૧૧ રોહણી જેટલી ઘડી તે પ્રમાણે વરસ વાસા થાય. ૬૦ ઘડી હોય તો ૨૦ વાસા અને તે પ્રમાણે પ્રમાણ જોવું.

શ્રાવણ વદી ૧૧ ને દીને રોહણી નક્ષત્રે ઉત્તરનો વાયુ ચાલે અને વરસાદ હોય તો વરસ સુભીક્ષ. અને ઘરે ઘરે આનંદ મંગળ વરતાય અને રાત દિવસ વાદળાં રહે તો ભાદરવો પણ વરસસે (રાતની ગાજવીજ) તો વરસમાં છેવટ જતાં કહેવરાવે.

भाद्रवा मासना जोग.

ભાદરવે શુક્ર આથમે તો ઘણા મે વરસે અને ધાન નિપજે. ભાદરવાની કન્યા સંક્રાંતિએ મે વરસે તો ઘણા રોગ થાય. આસો માસે શુભ શાંતિ થાય.

ભાદરવા શુદ ૧-૧૨-૧૩ અને પુનમે મે દિસે તો આવતે વર્ષે સુગાળ થાય. બ્રાહ્મણની પુજા ચાલે દેવની માનતા થાય. (આ મહાન જોગ છે) પણ જો શુદ ૧-૭-૯-૧૨ અને પુનમે પશ્ચિમ દિશાએ મે દેખાય તો ઘણા મે થાશે.

ભાદરવા શુદ ૬ અનુરાધા નક્ષત્ર હોય તો ગયું વરસ વાળે. જો

વાદળ-વીજ-ગાજવીજ વરસાદ હોયતો સુભીક્ષ વરતાવે. દુકાળ હોયતો પણ વધતો ઓછો વરસાદ પડે. પણ ખાલી ન જાય (આ મહાન જોગ છે.) ભાદરવે અગસ્ત ઉદય થાયતો વરસાદ બંધ પડે. પણ જો ઉદય સાથે વરસાદ શરૂ હોયતો વરસાદ વધી જાય.

ભાદરવા શુદીમાં ચિત્રા, સ્વાંતિ અને વિશાખામાં વરસાદ ન થાયતો ચોમાસું બંધ પડે. (જોર કરે નહિ)

ભાદરવા શુદ પુનમે ચંદ્રગ્રહણ હોયતો ઘી, તેલ, અનાજનો સંઘરો કરવો, બીજે માસે લાભ થાય (અનુભવ પંચાંગથી મેળવી કરી જુઓ.)

आसो मासना जोग.

આસો શુદ ચોથ કે પાંચમ વરસેતો ગરભ હોયતો સુગાળ થાય. અને રાજા રાજ થાય.

આસો માસે શુક્ર આથમે તો ભલો અને સર્વ સુખી થાય. આસોની શુદ. ૭-૮ વરસાદ થાયતો વરસ સુગાળ થાય. તેમજ વદ ૧-૫-૭-૧૩ અને અમાવાસીઆએ મે ઉપડેતો અને પૂર્વ દિશાએથી ચડેતો ભલો. પાંચ દિવસ હેલી થાય. (આ મહાન જોગ બંગાળાના ઉપસાગરનું વહન ઉપડવાનો પુરાવો આપે છે.) તેમજ પૂર્વ દિશાએ વાદળાં છવાતાં આવે અને આકાશ ઝાંખો હોયતો સાત દિવસ વરસે.

આસે, માસે ઉત્તરમાં સંધ્યા વખતે વાદળાં પર્વત સરખાં જણાય. એ લક્ષણે જોરાવર મે થાય.

આસો માસે પશ્ચિમ દિશાએ ગીરનાર સરખાં (હાથી જેવું ઓપ્યુ) દીસેતો પંચરાત્રી મે વરસે.

આસો માસે અગ્નિ ખુણે વાદળાં થાય, અને મે ઉપડેતો પાંચ રાત્રી વરસે.

આસો માસે વાયવ્ય ખુણે મે ઉપડે તો રાત્રીએ ઝડી થાય. આસો માસે નૈરૂત્ય ખુણેથી મે ઉપડે તો ઘણા મે વરસે. અને ઇશાન ખુણેથી અરધી રાતે મે ઉપડેતો પાંચ દિવસ વરસે. (આસો માસમાં આઠે દિશાનો વરસાદ ઉપડવાનાં ચિન્હ અવલોકન કરવા જેવાં ઉત્તમછે).

આસો શુદ પુનમે ચંદ્રગ્રહણ થાયતો ૩, કપાસનું આકરૂં થાય. (મેળવી જોવું).

આસો માસની અમાસે ગ્રહણ થાય તો સુગાળ થાય. પણ ઘી તેલમાં તેજી આવી જાય.

દીવાળી ઉપર અને આસપાસના દીવસોમાં વાદળ થાય તે સારાં.

बारे मासनी पुनमना गर्भ विचार.

(અનુભવ કરતા રહેવો.)

ચૈત્રી પુનમઃ—નિર્મળી જોઇએ. તે દહાડે ચંદ્રનું ગ્રહણ હોય કે તારા ખરે કે વીજ થાય કે ભૂમિ કંપે કે ચંદ્ર–સૂર્યની આસપાસ કુંડું હોય કે ધુમર દેખાય કે ધુળની વૃષ્ટિ દિશાએ દિશાએ સઘળે હોયતો સઘળાં ધાનનો સંગ્રહ કીજે, પાંચ મહિને લાભ થાય.

વૈશાખીપુનમઃ-મિશ્ર ઘેલડી ભલી. નિર્મળી હોય તોપણ હરકત નહિ ગાજવીજ કે તોફાન હોય તો ભાદરવે અનાજની પીડ આવે.

જેઠીપુનમ;—નિર્મળી ભલી. જો ઘેલડી હોયતો ધાન્ય સંગ્રહ કીજે. ચોથે કે સાતમે માસે લાભ થાય.

અશાડીપુનમઃ—ઘેલડી (વાદળાં વાળી ઘુંઘરાયલી કે ભલે ગા-

જવીજને વરસાદ હોય તોપણ) સારી તો સર્વ ધાન્ય વેચવું. શ્રાવણ મહિને પીઠ તુટશે.

શ્રાવણી પુનમઃ—નીર્મળી ભલી-અશાડી પુનમના જેવાં લક્ષણ હોયતો ગયું વરસ વાળે. તે દહાડે શ્રાવણ નક્ષણ હોય અને વરસાદ થાયતો વરસ વાળે.

ભાદરવીપુનમઃ—ઘેલડી સારી–ગાજવીજ હોયતો ધાન્ય વેચી નાખવું. ચંદ્રમા નિર્મળ હોયતો ત્રણ માસે ધાન્યમાં તેજી આવે.

આશોની પુનમઃ—નિર્મળી ભલી. અને ધાન્ય વેચવું. ગાજવિજ હોયતો ધાન્યસંગ્રહ કીજે બીજે માસે લાભ થાય.

કાર્તકી પુનમઃ—નિર્મળી હોયતો સર્વ ધાન સંગ્રહ કીજે. પાંચ માસે લાભ થાયઃ

માગશર પુનમઃ—નિર્મળી ભલી. ઘેલડી હોયતો અનાજ તથા ઘીનો સંગ્રહ કીજે. પાંચ માસે લાભ થાય

પોષી પુનમઃ—વાદળાં સહીત ભલી. ત્રણો વાયુ ભલો. સખ્ત ટાઢ સાથે વાગ્રાં પડે અને ધુડની ધુંસર અને વાયુનો શીયાળુ ઝપાટો માહા ગરભ પાકયો જાણવો. તેવુંજ ચોમાસું જામે. તેમ ન હોયતો સર્વ ધાનનો સંગ્રહ કીજે.

માહી પુનમઃ—નિર્મળી ભલી. વાદળાં વાળી કે તોફાન હોયતો આગળ જતાં પીડમાં તેજ આવશે.

ફાગણી પુનમઃ- નિર્મળી ભલી. જો આભે ડોળ કે વૃષ્ટિ કે ગાજવિજ કે કરા પડે તો સર્વ ધાનનો સંગ્રહ કરવો. ૭ માસની અંદર તમામ ચીજના ભાવ આવે અને ચોમાસામાં અઢી માસનું વાયરૂં કાઢે. (ચૈત્રી વર્ષ ૧૯૬૧ અને ૧૯૬૮ માં હતું).

प्रकरण त्रीजुं.

સુકાળ-દુકાળના મુખ્ય થંભ અને યંત્રો.

वर्षभावना मुख्य थंभ.

કુંડળીઓ.

વરસો વરસ બિચારીયેં, કાતિ પંચમી વાર;
દેવ પોઢે એકાદશી, અમાસ પોષ નિરધાર.
અમાસ પોષ નિરધાર, અખા રોયણ પણ એસેં;
છઠે અનુરાધા સત્ય. તરત ભાદુમે તેંસેં.
કહે નાગજી વિપ્ર, દનીમેં સુખદુઃખ દરસે;
પ્રવીન પ્રીછો પાર, બિચારીયેં વરસો વરસ. ૧
કાતિ માસે પંચમી, વરસ વીગતી કહું વાર;
મંગળ-આઠ દશ-રવી, સોમ-સોળ બુધ-બાર.
સોમ-સોળ બુધ-બાર, વારતો એહિ બિધ વરતે;
અષ્ઠાદશ-ગુરૂ એહ, ભ્રગુ એકીસે દરસે;
કહે નાગજી વિપ્ર, શનીકી રૈ રૈ ભ્રાંતિ;
કણ ધણ નાશ કરંત, પંચમી માસે કાતિ. ૨

અર્થ:—વરસો વરસ કારતકી પાંચમે મુળ. અશાડી શુદ ૧૧ દેવ પોઢે તે સોમ, બુધ, ગુરૂ, શુકર હોયતો ઠીક. નહિતો શની, રવી કે મંગળે પોઢે તો દોર દુઃખી થાશે. તેમજ પોષ માસની અમાસ જેટલી ઘડી તેટલા શેર અનાજ વેચાય છે. અખાત્રીજને દહાડે રોહણ વધુ તેમ વરસ ઉત્તમ. કર્તકા હોય તો કરવરૂં. અને મૃગશર હોય તો દુર્ભીક્ષ કહેવરાવે છે. તેમજ ભાદરવા શુદ છઠે અનુરાધા હોયતો ગયું વરસ વાળે છે. માટે આ જોગ જોતા રેહેવા. ૧

કાર્તિકી પાંચમે મુળ નક્ષત્ર હોયતો વરસ વાળે. પણ મુળ ન હોયતો નીચે મુજબ. તે તથના વાર તેનો ભાવ ભજવે છે.

પાંચમે મંગળ હોયતો આઠ વસાનું વરસ. રવીવાર હોયતો દશનું. સોમવારે સોળ; બુધવારે બાર, ગુરૂ અઢાર. શુક્રવાર ૨૧ વાસાનું. જો શનીવાર હોયતો રૈ રૈ કાળનો ભય દેખાડે છે. પણ મુળ નક્ષત્ર થોડી ઘડી પણ હોય તો પછી આ વારનો ભાવ જોવો નહિ.

सुकाळ-दुकाळनी समजनां यंत्रो.

(મુંબઈ-ગુજરાત-કચ્છ-કાઠિયાવાડને લાગુ પડતી પ્રાચીન અનુભવિક ગણત્રી.)

સુકાળ-દુકાળને માટે કુદરતી હવા-પાણી—વાયુ-વાદળ-વીજ-ઠંડી-તાપ વગેરે નિયમો જેટલે દરજ્જે અનુકૂળ પડતા નીવડયા છે, તેટલે દરજ્જે અનુભવીઓનાં અનુમાનીક ગણત્રીની સાદી સમજના યંત્રો નીવડતાં નથી. કોઈવાર લાગુ પડે છે. તો કોઈવાર તેવાં યંત્રો કોઈ કોઈ વરસને લાગુ પડતાં નથી. માટે તે માટે કેટલે દરજ્જે આધાર રાખવો અને તેની સમજમાં વારમવાર અનુભવ વધારવા જતાં નવું શીખવાનું અને કેટલુંક અગમચેતીનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે કેટલાક અનુભવી વિદ્વાનો આવતા વરસના સુકાળ-દુકાળ માટે નીચે મુજબ ગણત્રી કરતા જણાય છે. તે ઉપર સુજ્ઞ વાંચકવર્ગનું ધ્યાન ખેંચતાં તેમાંથી સત્ય બાબતો ગ્રહણ કરવા ભલામણ છે.

૧:—ચૈત્રી સંવત જે ચાલતો હોય તે સાલના છેલ્લા બે આંકને×૩ ગુણી + ૨૦ ઉમેરી÷૭ ભાગ લેવો જો-+૨ વધેતો પુરતો વરસાદ અને શુભ વરસ થાય. જો-+૩ વધેતો મધ્યમ વરસાદ અને વરસ સમધારણ જો-+૫ વધેતો રેલ ચડે અને લીલો દુકાળ પડે.

જો– + ૬ વધે. તો વરસાદ સરેરાશ ૩ પડે. (છેક કરવરૂં વરસ થાય

જો+ ૧+૪ વધેતો વરસાદ સરેરાશ ૩ પડે. (અડધો દુકાળ ગણાય.)

જો– + ૦ વધેતો ચોમાસું નિષ્ફળ અને ઘોર દુકાળ પડે.

ઉપરની ગણત્રીની સત્યાસત્યતા માટે કેટલાક વરસની ગણત્રીના આંકડા નીચે ટાંકયા છે. તો તેથી સુજ્ઞ વાંચનારને ખાતર ભરોશા થશે કે પ્રકરણ બીજા અને ચોથામાં મેઘસમાચારના જોગોના વધારા તરીકે અમોએ ઘણા વર્ષના અનુભવના નજરે જોગો જોઈ જે પુષ્ટીઓ અને હવા પાણીના નવા શોધ તરીકે મહાન જોગો સિદ્ધ કરી બતાવ્યા છે, તે ઉપર ભાવિક વાંચકવર્ગનું વધુ ધ્યાન ખેંચીએ છીએ. તે પણ–તર્કે જોઇ લાભ ગ્રહણ કરવો.

યંત્રના–પુરવારના દાખલા.

ચૈત્રી સં. ૧૬૧૫, ૧૯૧૫, ૧૯૬૪, ૧૯૭૧ ના વર્ષમાં ૨ વધેછે. આ જોતાં આવતું ચૈત્રી વર્ષ ૧૯૭૧ નું ભયવાળું છે. તેને બીજી રીતે પુષ્ટી મળીછે.

ચૈત્રી સં. ૧૮૪૭, ૧૯૫૪, ૧૯૩૩, ૧૯૬૧, ૧૯૬૮, ની સાલોમાં ૦ વધેછે. છતાં પાંચ વરસમાં ત્રણ દુકાળો અને બે સારાં છે.

ચૈત્રી સં. ૧૮૬૯, ૧૮૭૬, ૧૮૯૦, ૧૯૦૬, ૧૯૩૪, ૧૯૫૫, ૧૯૬૨, ૧૯૪૮, ૧૯૬૯ માં ૩ વધેછે તો વરસ સાધારણ થાય. પણ તેમાં કેટલાંક ભીન વરસ છે, કટલાંક વરસ કોરા દુકાળ વાળાં પસાર પામ્યાં છે અને કેટલાંક ભલહરા છે. હવે આવતું ૧૮૬૯ નું વરસ ૩ વધતાં સાધારણ થાશે પણ દુકાળ નથી, એમ આ ગણતરી સધીયારો આપે છે.

ચૈત્રી સં. ૧૯૬૫ વગેરેમાં ૫ વધે છે. તો તે સાલ ઠીક હતી. વધુ સાલો મેળવવી.

ચૈત્રી સં. ૧૯૧૪, ૧૯૩૫, ૧૯૪૯, ૧૯૫૬, ૧૯૬૩,

૧૯૭૦ માં ૬ વધે છે. એ જોતાં ફક્ત ૧૯૫૬ છપનના દુકાળ શિવાય બીજાને લાગુ પડતી નથી.

ચૈત્રી. સં. ૧૮૮૧, ૧૮૯૫, ૧૯૪૬, ૧૯૫૩, ૧૯૬૦, ૧૯૬૭ એ વરસમાં ચાર વધે છે. તો એ ગણત્રી ફક્ત ૧૮૮૧ અને ૧૮૯૫ ના વરસને લાગુ પડે છે. પણ બાકીનાં ભલહરા હતાં.

ચૈત્રી સં. ૧૯૫૨, ૧૯૫૪, ૧૯૬૬ ની સાલોમાં ૬ વધે છે પણ તે વરસો સારાં હતાં.

वरसना मुदानी बीजी गणत्री.

જે સાલ ચાલતી હોય તે સાલના આંકને×૩ ગુણી+૩ ઉમેરી તે સરવાળાને÷૭ ભાગ લેતાં બાકી ૦ કે ૪ વધે તો સુગાળ; ૧,૨,૬ વધેતો સાધારણ, અને ૩ ને ૫ વધેતો વરસ કરવરૂં કે દુકાળ થાય. એમ કેટલાક અનુભવીઓ કહે છે પણ અમારો આધીન મતતો એ છે કે ઘણા વરસ સાથે આ ગણતરી મેળવી જોવી. અને હવાપાણીના વરસની ગણતરીનો મુકાબલો કરવો.

त्रीजुं-भाविक-यंत्र.

(પાછલા શાસ્ત્રની ગણતરી-૮૭ વરસે પડતા દુકાળો)

અમારા ૩૦ વરસના અવલોકનમાં આ ગણતરી, ગયા છપનીયા પછી લોકોની દંત કથામાંથી નોંધ લીધી હતી. તેને હવાપાણીના જોગો સાથે કેટલો નિકટ સંબંધ છે તે અખતરા તરીકે ગઈ ચૈત્રી વર્ષના ૧૯૬૭-૬૮ ના શિયાળા ઉનાળા સાથે અનુભવમાં લેતાં-૮૭ વરસે ચૈત્રી સં. ૧૯૬૮નો સામાન્ય દુકાળ આવવાને અનુમોદન લાગુ પડેલ. જે ઉપરથી ચૈત્રી સં. ૧૯૬૮નો ગુજરાત કાઠીઆવાડના સુજ્ઞ રાજકર્ત્તાઓ અને ધનાઢ્ય ગૃહસ્થો તથા અમારા દેશી વેધશાળાના મેંબરોને અગાઉથી ખાસ જણાવ્યું હતું. કારણ આ ગણત્રી હવે પછી લાગુ રહેશે તો આવતું ચૈત્રી વર્ષ. ૧૯૮૨ નું વરસ દુકાળનો

ભય બતાવનારૂં થઈ પડશે.પણ તે પહેલાં અમારે જણાવવાની જરૂર પડે છે કે ૮૭ વરસે પડતા દુકાળની ગણત્રી પહેલાં તે સાલના શીયાળા ઉનાળાની રૂતુના જોગો બગડેલા હોવા જોઇએ. જે ૭૫નીઆ અને અડસઠના દુકાળ પહેલાં લકડ હીમ-અને હુનાશણીના ગર્ભપાતથી જોગ બગડયાનો પુરાવો મળ્યો હતો માટે આવતા ચૈત્રી વર્ષ ૧૯૮૨ના ચોમાસા પહેલાનો શિયાળો તથા ઉનાળો કેવો પસાર પામશે તે નજરે જોઈ કેટલી ચેતવણી રાખવી. તે આથી જાગૃત રહેવાની ભલામણ છે.

આ ગણત્રી માટે ત્રણ મુદ્દાનો અનુભવ કરવો.

૧. ગયા સૈકામાં જે એકી દુકાળ હતા તે આ સૈકામાં બેકી દુકાળ છે.

૨. ગયા સૈકાના એકી દુકાળમાં+૮૭ ઉમેરીએ તો આ સૈકાના બેકી દુકાળ કુદરતનાં હવા-પાણીનો સંજોગ ઇશ્વરી ચમત્કારનો અલૌકિકપણું દેખાડે છે.

૩. આ ગણતરી પાછલા સૈકાથી મળતી આવે છે અને તે ઇશ્વરી કુદરતના અંતઃગોળની મહાન ઇચ્છા મુજબ હવે પછી તે અનુભવવા અમો ભલામણ કરીએ છીએ. પણ તે સાથે-સં.૧૯૫૬ અને સં. ૧૯૬૮ના ચોમાસા પહેલાં શિયાળા ઉનાળાની રૂતુએ જે પ્રપંચપણું દેખાડયું હતું તેવાં ચિન્હો હવે પછીની આવતી ગણત્રીનાં વરસોમાં પસાર પામેલાં છે કે નહિ તેની નોંધ કરી મેળવણી કરતા રહેવી, કે આ ગણતરીનું પ્રાબલ્યપણું-સત્યાસત્ય જણાઈ આવશે.

ગયા સૈકાના એકી કાળ	આ સૈકાના બેકી કાળ.
ચૈત્રી સં. ૧૮૪૭ + ૮૭	= સં. ૧૯૩૪
ચૈત્રી સં. ૧૮૬૯ + ૮૭	= સં. ૧૯૫૬
ચૈત્રી સં. ૧૮૮૧ + ૮૭	= સં. ૧૯૬૮
ચૈત્રી સં. ૧૮૯૫ + ૮૭	= સં. ૧૯૮૨ દુકાળ આવશે

માટે-અગાઉથી ચેતી રૂતુઓની નોંધો રાખી અમારા અવલોકનના વર્તારાની પુષ્ટીઓ પ્રકરણ ૪ થા સાથે મેળવી સધીઆરો પામવો.

प्रकरण–चोथुं.

मेघ–समाचारना वर्त्तारानी पुष्टीओ.

(નવું વરસ–સુકાળ–કે દુકાળ ખોળી કાઢ-વાના ગુરૂભેદ સાથેના મહાન સંજોગો.)

પાછલા–સેંકડો વરસનો રૂતુની કરણીનો અવલોકન પૂર્વક–ભાવિક–ગદ્ય–પદ્ય રૂપે–ઇતિહાસ.

(હીમાલયની કરણી સાથે.)

દરવર્ષની શિયાળા–ઉનાળાની રૂતુ જોઇ આવતું ચોમાસું કેવું આવશે તે બારે માસના જોગથી વીગતવાર વર્ણન આપી મેઘસમાચાર અને વર્ષભાવના પ્રાચીન સંજોગો બો તેટલા અનુભવ સાથે પાછળ બીજા ભાગમાં બતાવી ગયા છીએ. પણ દરસાલની શિયાળા–ઉનાળાની રૂતુ તથા પ્રાચીન જોગો નજરે જોઇ આવતા દરેક ચોમાસાની કરણી અને વર્ષભાવનો વર્તારો કેમ શોધી કાઢવો કે આવતા વરસની અગમચેતી જણાય. જે માટે એક બીજા વરસની રૂતુનો મુકાબલો કરી ભવિષ્યની શોધ ખોળ માટે નજરે જો-એલી નોંધો તથા કેટલીક પાછલી સેંકડો વરસની રૂતુનું સંશોધન કરી સંવત ૧૯૪૬ (સન ૧૭૮૯) થી આજ સુધીનો ઉપયોગી શોધ-સંગ્રહ–સુજ્ઞ રાજા–પ્રજા સમક્ષ મુકતા ઇશ્વરકૃપાથી ભાગ્યશાળી થયો સમજું છું. તો નવા વરસ માટે દરસાલની શિયાળા–ઉનાળાની રૂતુનો ડાયરીમાં નોંધો રાખી–પાછલા વરસ સાથે અનુભવ વધારવો. તો અહીં ગુરૂભેદ સાથે આપેલી પૂર્ણ નોંધો–આપેલુમ બહુ ઉપયોગી અને ફળદાયક થઇ પડશે એમ મારી માન્યતા છે.

આ નોંધો ચૈત્રી વર્ષ મુજબ સમજવી.

(ચૈત્રી વર્ષ સં. ૧૮૪૬ થી ચૈત્રી વર્ષ ૧૯૬૮ સુધી).

ચૈત્રી. સં. ૧૯૪૬–૪૭–આ સાલના શિયાળામાં પોશ શુદ સાતમે દેશમાં ભારે દારૂણ હીમ પડયો હતો. જેથી વનસ્પતિનો મોટો ભાગ બળી ગયો હતો. ઠારોઠાર પાણી જામી ગયાં હતાં. મરચી, રીંગણી ને માઝ્ઝાં વગેરે તમામને ભારે જફા લાગી હતી. અને નદી, નાળાં વગેરેનાં પાણી જામી જતાં કુદરતે પાણીનો પકવાન બનાવી કેમ સઘળી આલમને જમાડવી હોય. એમ એક કવિએ હીમાલયના આ મોટા દારૂણ હીમને જગતના ઉપમા આપી છે. તે આપણને વર્ષોની ભાવના શોધી કાઢવા માટે પુરવાર થાય છે તે માટે ભાંગલી તુટલી ભાષામાં મળી આવેલું કવિત અહીં દાખલ કરીએ છીએ.

હીમાલયનો હીમનો જગન અને કુદરત.

કવિત.

સંવત અઢાર સેંતાળમેં, પોશ શુદ દીન સાત;
હિમાળે જગન કિયો, તે બહુ ભારે.
એંગન બેંગન મીનતે, ઝડી બુટી સબ ઝારી;
કર પાણીકો પકવાન, સઘળી નાત જમાડી.
કહે કવિ ગીરધર રાય, કુદરતે ભાવિ બનાવી;
હિમાળે જગન કિયો, કુદરતે ખ્યાલ બતાવી.

મતલબ–તે સાલ હિંદ પૈકી મુંબઇ ઇલાકામાં દારૂણ (લકડ) હીમ વધુ પડતો હતો. તેનું પરિણામ. સુડતાળો કોરો કાળ પડયો. તેને ચૈત્રી સં. ૧૯૬૮ ના દુકાળને ટેકો મળે છે. કેમકે આગલા શિયાળામાં પુના લગી દારૂણ હીમની અસર જણાઇ હતી. હવે આ ઉપરથી આપણને જાણવા જોગ ઉપયોગી સાર નીચે મુજબ મળી આવે છે.

જુઓ સરકારી વાયુશાસ્ત્રી હિમાલયમાં દરસાલ બરફ જે પડે છે. તે નિયમ કરતાં વધારે પડયો કે ઓછો પડયો અને તે મુદ્દતસર ઓગળ્યો કે લંબાણ્યો, તે ઉપરથી ચોમાસાનો પ્રવાહ કેવો જોરદાર કે નરમ રૂપ પકડશે અને સરાસરી વરસાદ કેડલો પડશે તેની અટકળો કાઢે છે. એટલે શિયાળામાં પડેલો બરફ માર્ચ આખરે ઓગળી જાય તો પરીણામ સારૂં. કારણ ઉત્તર હિંદમાંથી ટાઢ જલદીથી નીકળી ગરમી નિયમીત વધે તો ચોમાસું સારૂં નીવડે. એમ મુંબાઈ સમાચાર એપ્રીલ ૧૯૦૦ ના અંકમાં સરકારી વાયુશાસ્ત્રી જણાવે છે.

પણ એ અટકળો ઘણી વાર ખોટી પડે છે એમ વર્તમાનપત્રોથી તથા અવલોકનથી પુષ્ટી મળતી ગઈ છે. પણ આપણી દેશી રૂઢીનું હિમાલયનું અવલોકન દેશી ગણત્રી પ્રમાણે સિધ્ધ થયું છે કે હિમાલયમાં બરફ ફાવે તેટલો પડે. તેની ગણતરી કરતાં તે બરફના પ્રવાહની અસર આપણા દેશ—મુંબઈ ઈલાકા પૈકી ગુજરાત કચ્છ કાઠીયાવાડમાં કેટલી આવી. તે ઉપર ગુજરાત કાઠીયાવાડમાં હિંદી માહાસાગર તરફથી આવતા પ્રવાહનો ખ્યાલ ઘણે ભાગે બંધાઈ શકે છે એટલે હિમાલયનો પ્રવાહ દારૂણ હીમ રૂપે એટલે ગુજરાતમાં જેને લકડ હીમ કહે છે, તે આવે તો ચોમાસાનો વરસાદ છેવટ ઓછો પડે. અને મુંબઈ ઈલાકાના ચોમાસાના પ્રવાહને ઘણે ભાગે ખલેલ પહોંચાડે છે. જુઓ સં. ૧૮૪૬ માં દારૂણ હીમ આવ્યો હતો. જેથી ઉપર સં. ૧૮૪૭ માં દુકાળ સુડતાળો હતો. એમ ઉપરના સંશોધનથી પુરવાર થાય છે. પણ દારૂણ હીમ સાથે છપનીઆ માફક તથા ગયા અણસઠા માફક બીજા જોગ બગડવા જોઈએ તોજ હીમની કરણીથી દુકાળ પડે. નહિ તો સાધારણ હીમથી ચોમાસાનો ગર્ભ પાકે છે એટલે મરચી, રીંગણી કે કપાસમાં હીમ આવે ત્યાં લગી દારૂણ હીમ કહેવાય નહિ. અને તેથી ચોમાસાના પ્રવાહને ખલેલ પહોંચતી નથી.

એ ખાસ ખ્યાલ રાખવો. કહેવત છે કે:—"સુવાળે હીમ પડે" માટે સાધારણ હીમ પોષ માસમ કે માહ માસમાં આવે તે ચોમાસા માટે ગર્ભ પાકયો ગણવો. અને તે મેઘસમાચારના વાર્ષીક જોગોમાં સિધ્ધ કર્યું છે. પણ કવીતમાં લખ્યા મુજબ દારૂણ હીમથી. વનસ્પતિ ઠારો ઠાર નાશ પામે. નદી નાળાનાં પાણી જામી જાય.

માછલાં, વાંદરાં, તથા પક્ષીઓનો ઘાણ વળે, ઘઉં, બાવળ વગેરેને જફા લાગે તો ચોમાસાને નબળું પાડનાર ચિન્હ ગણવું.

પણ જો સાધારણ. હીમ પડયા પછી ઉનાળાના જોગ સુધરે અને નિર્મળ ગરમી વધી જાય તો હીમની અસર તોડી ચોમાસાનો ગર્ભ એક વાર એવી રૂપ ધારણ કરે છે. તોપણ ભાદરવો કોરો કે ખંડ વૃષ્ટી કરે છે જ.

હીમની ખાશીઅત:—લકડહીમની ખાશીઅત નબળી જાણવી. પણ દરસાલ શિયાળામાં સાધારણ હીમ આવે તો ગર્ભ પાકયો ગણવો. ફક્ત ચોમાસાના છેવટના પ્રવાહને નબળો પાડે છે. પણ જુલાઈ અગસ્ટનો વરસાદ એવી રૂપે વરસે છે. અને છેવટ ચોમાસું ઉતરતાં એક વરસાદની જુજ તાણ રહી જાય છે. મુદ્દે દુકાળ પડતો નથી. પણ વરસ સાધારણ કરી નાખે છે. જુઓ ચૈત્રી—વર્ષ ૧૯૪૪, ૪૬, ૪૯, ૫૨, ૫૫, ૫૮, ૬૦ ના શિયાળામાં હીમ આવ્યો હતો. તો ચૈત્રી વર્ષ-૧૯૪૫, ૪૭, ૫૦, ૫૩, ૫૯, ૬૧ નાં વર્ષોમાં છેવટ એક વરસાદની ખેંચ રહી ગઈ હતી. પણ મુદ્દે દુકાળ પડતો નથી. ફકત ૧૯૫૬ અને ૧૯૬૮ માં સખત હીમ સાથે બીજા જોગો બગડયા હતા. માટે તેથી કરી કાળના રૂપમાં અસર જણાઈ હતી.

ચૈત્રી વર્ષ—સં. ૧૮૪૭—એ કોરો દુકાળ હતો. (વધારે હકીકત દુકાળની તવારીખમાં જુઓ.)

આ દુકાળ પડવાનું મુખ્ય કારણ પાછલા શિયાળામાં દારૂણ

(લકડ) હીમ પડવાનું તથા તે ઉપરાંત બીજાં કુદરતી કારણો બગડેલાં હોવાં જોઇએ. આ દુકાળ માટે લોકો નબળા મનવાળાને મેણું મારતાં કહે છે કેઃ–શું તારા ઘરમાં સુડતાળો આવ્યો છે? (વિશેષ હકીકત દુકાળની નોંધમાં જુઓ.)

સંવત ૧૮૪૮ માં ભીન હતું. વધારે વરસાદ થવાનું કારણ કોરો દુકાળ ગયા પછી હમેશાં ભીન કે ભલહરા આવે છે. એવી રૂતુની ખાશીઅત ઘણે ભાગે નિયમીત ચાલી આવે છે. કેમકે એ વરસનો ગર્ભ ભેગો થવાથી વૃષ્ટિનું પરિણામ વધે છે. જુઓ સં. ૧૮૬૯, ૧૮૮૧, ૧૮૯૫, ૧૯૩૪, ૧૯૫૬ એ પાંચ દુકાળ પછી સં. ૧૮૭૦, ૧૮૮૨, ૧૮૯૬, ૧૯૩૫, ૧૯૫૭ ની સાલો ભીન કે ભલહરા થઇ હતી. બાદ આ અડતાળો દુકાળ ભીન હતો. તેમાં મંકોડા બહુ વધી પડવાથી વરસ મંકોડીઉ કહેવાણું. ઢોર ખડમાં મંકોડા ચરતાં. જેથી ઘી દુધ રાતાં થયાં હતાં.

આ અગણોતરા દુકાળને લોકો કોતડીનો કેર કહે છે. એવો એ સખત દુકાળ હતો. દુકાળના વરસમાં ગરમી સખત હતી અને પવન સાથે હવાના ફેરફારો અનિયમિત હતા.

કહેવત છે કેઃ—

સાખી.

દીએ કરે વાદળાં, રાતે કાઢે તારા;
ચતુર હોય તે સમજી લેજો, એતો ઓગણોતેરાના ચાળા.

આ સાલમાં ગીરનારી વાયુનું જોર વધી જવા સાથ સૂર્ય બહુ તપતો– ગરમી વધી જવાથી તે માણસને માથે ચડી જઇ મરણ થતાં. વળી ઘણી ગરમીથી વરસાદના વાતાવરણની વરાળને ચુસી પાતળી કરી પવનના વેગમાં ડુવાળા ચાલ્યા જતા. માટે આ દુકાળ પડવામાં ગરમી વધવા સાથ પવન શત્રુ થયો હતો.

વળી દુકાળનો ભુખમરો વધતાં ઘણી ગરમીથી રોગમાં વધારો થયો હતો. અનાજ પાંચ દશ માણસો ભેગાં મળી કોઈ બંદરે જઇ ઝુંગીઆં બાંધીને લાવતા. જેથી પાંચ રૂપિએ મણ અનાજ પડતું. આજની પેઠે રેલવે જેવાં સાધન દુકાળ તોડનાર ન હોવાથી માણસોમાં અનાજ વિના ભયંકર ભુખમરો ચાલ્યો હતો. (જુઓ દુકાળનું વર્ણન.)

સંવત–૧૯૭૦ ની સાલ પાછલા દુકાળને લીધે ભીન થઈ હતી.

સંવત–૧૯૭૧ ની સાલમાં ઉંદરની ઉત્પત્તિ વધી ગઇ. જેથી પાકને ભારે નુકશાન કર્યું. ઉંદરની ડાઢ એટલે સુધી વધી ગઇ હતી કે સીમમાં ઉભા મોલમાંથી કણસલાં કાપી જઇ ભોંયમાં કોઠાર ભર્યા. જે માણસો ખોદી ખોદીને લાવી ખાતા. તેમજ ખેતરોમાં બચ્યું તે ખળાવાડમાં નાંખ્યું. પણ ખળાવાડમાં ઉંદરોએ એટલી હાક વગાડી કે હવાલદારને ઉંદરો સાથે લડાઈ કરતાં જીવ ખોવો પડયો હતો. તે માટે આ દેશમાં નીચે મુજબ દંતકથા રૂપે કહેણી ચાલેછે.

ચંદ્રાવળા.

ઉંદરડે ઉત્પાતડી માંડી, ખાધી ખળાની જાર;
હાક મારી હવાલદાર ઉઠયો, ટપ કાઢી તલવાર,
ટપ કાઢી તલવાર તે એલી, નાખ્યું મીયાન વાડમાં ઠેલી;
મીયાં મુઓ અને બીબડી રાંડી, ઉંદરડે ઉત્પાતડી માંડી,
ખાધી ખળાની જાર. ૧

સંવત ૧૮૭૫ માં વરસ કરવરૂં હતું. તેના પરિણામે સંવત ૧૮૭૬ ની સાલ ભીન થઈ હતી. શ્રીનાગજી માહારાજે સંવત ૧૮૭૫ થી કુંડળીઆ રૂપે ભવિષ્યવાણીથી વરસનું ભવિષ્ય ભાખવાની શરૂઆત કરી હતી.

સંવત ૧૮૮૧ ની સાલ એકાશીઆ કાળને નામે ઓળખાય

છે. આ દુકાળમાં મોટું વાયરૂં વાયું. ફક્ત ભાદરવા (શ્રાવણ વદ) અમાસે એક રાતમાં ભારે વરસાદ થયો. જેથી કાંઇક બાંટાં ફક્ત થયાં અને ઘઉંની વાડીઓ નવાણે નીર હોવાથી કરી દુકાળમાંથી બચવા ખેડુતોએ સારો ઉદ્યોગ કર્યો હતો.

સંવત ૧૮૮૯-૯૦ માં વરસાદ ઘણો થયો. અનાજ પાકયું પણ ટીડ આવવાથી ખાઇ ગયાં. આ સાલની આસપાસ હેલીસનો તારો સંવત ૧૮૯૧ માં દેખાયો હતો તે વખતે તેનો માથાનો ભાગ ૩૫૭૦૦૦ મૈલ જેટલો મોટો હતો. તેનું પુંછડું ૯૬૦૦૯૦ મૈલ જેટલુ લાંબું હતું. આપણી પૃથ્વી જેવી ૪૪ પૃથ્વી અને તેના પડખામાં ૪૮૦ ચંદ્ર ગોઠવીએ તેવડું તેનું મોટું કદ હતું. ધ્રુમકેતુ ૭૪–૭૫ વરસે આ જગત ઉપર દેખાય છે. તેની અસર વરસાદના આવા વાહન માટે વધામણી કારક છે. તે સંવત ૧૯૬૬ ની સાલમાં ઉગ્યો ત્યારે આખા હિંદમાં વરસાદે રેલમ છેલમ કરી હતી. જેની વધુ વીગત આગળ આવશે.

સંવત ૧૮૯૫ માં કાળ પડ્યો. પ્રથમ વરસાદ થયો. પછી મેઘ રૂંઠ્યા બાદ વરસાદ થયો નહિ તેથી બાંટાં થયાં. તે સાલમાં અશાડ વદ ૮ નો ભાંડો કોરો અને ભડકા જેવો ઉગ્યો હતો. જે ભાંડ: (ખાંડો ચંદમા) જોઈ ઘણા અનુભવી ખેડુતો બચાવ માટે માળવા વગેરે તરફ ચેતીને ગયા હતા. પાછલો વરસાદ નહિ થવાથી બાંટાં બળી ગયાં. તે સાલનો કુંડળીઓ નીચે મુજબ હતો.

કુંડળીઓ.

કોપ હે મોટા જોપપે, જો કર જાણો કોય;
અન્ન તરણુ અન્ન શાકકા, નિશ્ચે ટોટા નોય.
નિશ્ચે ટોટા નોય, સોઈ મહિ રખહિ માજા;
ખેડ ખાત અર પાત, અનુકો રખો સમાજા,
દેનાગજી વિપ્ર, ખેત અનાજકા ખોટા;ક

પંચાણુકી પ્રીછ, જોષપેં કોષ હે મોટા.

સંવત ૧૮૯૬ માં વરસાદ મન માનતો થવાથી અનાજ અથોક પાકયું. જેથી આજે કોઈ સારૂં વરસ પાકે તેને છનવો પાકયો કહેછે. દુકાળ પછી ભલહરા થવાનાં મુખ્ય ત્રણ કારણ છે. ૧. પાછલા વરસના દુકાળથી જમીન પડતર રહેવાથી કસ વધેછે. ૨. બેઉ વર્ષનો ગર્ભ સંધાયછે. ૩. દુકાળમાં પાપનો ભાર ઉતાર્યા પછી પરમદયાળુ ગરીબ-નિવાજ—પરમેશ્વર પશુ અને નિરપરાધી મનુષ્યો તરફ દયા લંબાવે છે. આ સાલમાં રૂપિયાનું ચલણ થયું. તે સિંધમાં તોફાન જાગ્યું. તે શ્રી નાગજી માહારાજે કુંડળીઆથી જણાવ્યું હતું.

સંવત ૧૯૦૦ (સન ૧૮૪૩) માં એક ધૂમકેતુ દેખાયો હતો. તેનું પુંછડું ૨૦ કરોડ માઇલ જેટલું લાંબું હતું.

આ ધૂમકેતુના ફળ વિષે શ્રીનાગજી માહારાજે કહ્યું હતું કે:—

કુંડળીઓ.

સૈકો આનંદ સંવત્સર, ઠીક ઠર્યો છે ઠાઠ;
અંબરકેતુ ઉગશે, અવગુણ કરશે આઠ.
અવગુણ કરશે આઠ, ત્રધી નૃપ જુદ્ધ કરાવે;
અગન ચોર ઉત્પન, મલેછ—મહિ તેગ ચલાવે.

વગેરે વગેરે ચેતવણી અગાઉથી આપી હતી. વરસ બહુ ઉત્તમ પાકયું હતું.

સંવત ૧૯૦૧ (સન ૧૮૪૪) ના શિયાળામાં માહા માસમાં બહુ હીમ પડયો. અને પાણી જામી ગયાં. કેટલી વનસ્પતી બળી ગઇ. એટલે લકડહીમ આવ્યો. મગ વગેરેની પીઠ બહુ વધી હતી. સંવત ૧૯૦૨ (સન ૧૮૪૫) પાછલા શિયાળામાં દારૂણ હીમ પડવાથી વરસાદ કમતી થયો. વરસ કરવરૂં થયું અને મોંઘાઈ વધી ગઇ હતી.

સંવત ૧૯૦૩, ૪ અને ૫ (સન ૧૮૪૬, ૪૭, ૪૮) ની સાલી સારી હતી.

સંવત ૧૯૦૬–૭ (સન ૧૮૪૯–૫૦) માં શિયાળો ગરમાગરમ. અને વાયાં પડયાં હતાં. ઉનાળો ચૈત્રી વર્ષ ૧૯૫૩ (સન ૧૮૯૬) માફક ઘણો ગરમ અને ઉકળાટ વાળો હતો. ઝાડવેથી પંખી પડતાં જેઠ બહુ તપ્યો હતો. જેથી અશાડ શુદી ૭ થી ૧૩ સુધી ઝડી થઇ. ઝાલાવાડમાં લીમડા વધારે પડયા. બીજે થોડા પડયા. વળી ભારે વરસાદથી નદીઓએ બુડ આવ્યાં હતાં. વાંકાનેરને મચ્છુ નદીએ જફા લગાડી. ભોગાવાનાં પાણી લીંબડીના પરામાં દાખલ થયાં. અને ઘણી નુકશાની કરી આ બુડના વરસાદ વખતે વહન ગીરનારી હતું. સંવત ૧૯૦૭ થી ૧૩ (સન ૧૮૫૦) થી સન ૧૮૫૬ સુધીનાં વરસ ભલહરા માફક હતાં. આ વખતે રાજકોટમાં કોરીનું ચલણ હતું. ચાર કોરીનો એક રૂપિઓ ગણાતો.

અનાજની કળશી ૪૦ શેરનો મણુ લેખે લગભગ ૩૪ થી ૩૫ મણની ગણાતી. (૧૮ શેરનું માપ અને ૮૦ માપની કળશી ચાલતી તે સંવત ૧૯૫૬ પછી બંધ પડી. જીલ્લાની રીત પ્રમાણે તોલ ચાલે છે) એ હીસાબે જાર કળશીની કોરી ૪૦ (૧ રૂા. ની ૪ મણુ લગભગ થઇ) બાજરાની ૫૦ કોરી, ઘઉંની ૫૦, મગની ૩૨ થી ૪૦ કોરી, ચણાની પણ તેજ. કમોદની ૨૪ કોરી હતી.

૨૮ રૂા. ભારના શેરે ૫૦ શેરનો મણુ ગણાતો. એ હિસાબે ગોળ ૬ કોરીનો મણુ હતો. ઘી ૧૮ કોરીનું મણુ (તે મણુ ૪૦ શેરનો ગણાતો) તેલ પણ ૬ થી ૭ કોરીનું મણુ ઘીની માફક તોલ હતો. અથવા ૧૦ શેરના ઘડાની ૧॥ કોરી બેસતી. ખડ ૩ કોરીનું હજાર (૨૫ મણુ મળતું) હતું. રૂ, નો ભાવ હાલ માફક ઉંચુ નીચ થતો. કપાસનું વાવેતર થોડું હતું, પણ અનાજનું વાવેતર બહુ હતું.

ૠતુ નિયમિત અને ચોમાસાં નિયમિત હતાં જેથી અનાજ થોકે થોકે પાકતું. લોકોનાં મન મોટાં અને નીતિ-ધર્મનું તેમનામાં વિશેષ જોર હતું. તે વખતે જે ઘરડાઓ હતા તે શ્રદ્ધાળુ અને પ્રાચીન રૂઢીઓને આધારે આ વખતે ગામેગામ હવન હોમ અને બ્રહ્મભોજ ચાલુ હતાં. ઘરમાં ભીડ (નાણાંની તંગી) નહોતી. રાજદરબારે અને ગામે ગામ બ્રાહ્મણને ઉત્તેજન હતું તેથી ધર્મની કથાઓ ચાલુજ હતી જેથી વરસાદનો દેવ દેશ ઉપર તૃપ્ત રહેતો હતો.

બાદ સંવત ૧૯૧૩ ની સાલ પછી અનાજની પીઠ વધી અને વરસની ૠતુ સાથે ચોમાસાની ૠતુમાં ફેરફાર થવા માંડયો છે. રાજા પ્રજાની ધર્મ ઉપરથી આસ્થા ઘટતી ગઈ છે તેમ વરસાદનો દેવ કરણી પાર ઉતરણી પ્રમાણે કોપાયમાન રહે છે. માટે આપણી પ્રાચીન રૂઢીનાં મૂળતત્વ રીત-રૂઢી અને ધર્મ-નીતિમાં ચાલુ રાખી હવન હોમ અને બ્રહ્મભોજ ગામોગામ ચાલુ રાખવાં કે વરસાદને લાવનારી ક્રિયાઓ સજીવન થાય તો ગએલી બાજીનો દશકો પરમ દયાળુ દેખાડશેજ.

અહો !! આવી સોંઘવારી વખતે લોકો કેટલા બધા સુખી હતા ? કેવા કેવા વરા અને સામાજીક કામ મોટા દીલથી થતા તે અત્યારે એક સાંધે ત્યાં તેર તૂટે એવો કળી અને વર્તમાનને દોષ દઇ બેશી રહેવાનું નથી. પણ રાજાપ્રજાએ આપણી ભવ્ય પ્રાચીન રૂઢીઓનું ઉપયોગી રહસ્ય ચાલુ કરવું કે જેનાં ફળ નવી પ્રજાને અમૃત સરખાં મળશે. (રાજા પ્રજાનો જે ભાગ પ્રાચીન રીત રૂઢી અને ધર્મ-નીતિને વળગી રહ્યો છે; તે રાજકર્ત્તા અને તેમની પ્રજા પણ સુખી હશેજ).

માટે સુજ્ઞ રાજકર્ત્તાઓએ અને ધનાઢય ગૃહસ્થોએ શાસ્ત્રોક્ત વિદ્વાનોની સભાઓ ભરી તથા કમિટિઓ નીમી આપણું પ્રાચીન

ઉત્તમ હોય તે ઘસાઇ જવા ન દેતાં સજીવન કરવું એજ દેશના ઉદ્ધાર માટે મુખ્ય ફરજ છે.

સંવત ૧૯૧૪—(સન ૧૮૫૭) માં પ્રથમ વરસાદ થયા બાદ ચૈત્રી વર્ષ સં. ૧૯૬૧ (સન ૧૯૦૪) અને ચૈત્રી વર્ષ ૧૯૬૮ (સન ૧૯૧૨) માફક રાા માસનું સખત વાયરૂં વાયું હતું. પણ પ્રથમ તથા છેલ્લો વરસાદ ભરપુર થવાથી વરસ સાધારણ પસાર પામ્યું હતું.

સંવત ૧૯૧૫-૧૬ (સન ૧૮૫૮-૫૯) માં વરસાદ મોહોળા અને વરસ સરાં પસાર પામ્યાં.

સંવત ૧૯૧૭ (સન ૧૮૬૦) માં મચ્છુ કાંઠો અને કચ્છવાગડમાં ઘોર દુકાળ પડયો. આવો કરડો દુકાળ કચ્છમાં કોઇવાર પડયો નથી. કાઠિયાવાડમાં પણ આ વરસ ખાંડાબરડું હતું. સતરના દુકાળ માટે કચ્છમાં બોલાય છે કેઃ—"**आठ्यो सतर, माथे पतर**" મતલબ ઘરમાં ખાવા સારૂં વાસણ પણ નહિ રહેવાથી રામપતર માથે ઉંધાં વાળી ભીખારી દાવે માણસો કાઠિયાવાડમાં ઉતરી પડ્યાં હતાં.

સંવત ૧૯૧૮ (સન ૧૮૬૧) માં તકે મે થયો. ભલહરા થયા અને મીઠ મોળી પડી.

સં. ૧૯૧૯ (સન ૧૮૬૨) માં મોલ પાકયા. પણ આસો સુદ ૧૫ ઉપર માવઠું થવાથી બાજરા કાદવીઆ થયા. જેથી મગમાં તેજી આવી. આ સાલમાં રૂપિયાનું ચલણ થયું અને કોરીની ગણતરી રાજકોટમાંથી ગઈ.

સં. ૧૯૨૦-(સન ૧૮૬૩) માં રૂ, માં તેજી આવી જેથી કપાસનું વાવેતર વધ્યું. અનાજ થોડું વવાણું. વરસાદ સામાન્ય હતો. અનાજની પીઠમાં તેજી આવી ૩ રૂા. નું મણ અનાજનો ભાવ બોલાણો હતો તેમ રૂ. નો ભાવ મણના રૂ. ૨૫ થી ૩૦ ભાવ બોલણો કારણ અમેરિકામાં લડાઇ ચાલવાથી ત્યાં કપાસ વવાણો નહિ.

જેથી વિલાયત માટે અહીં નિપજ થોડી અને ખપત વધુ જાગી. (અમેરિકાની પાલાખાદ) માટે પીઠ વધી. અને લોકોને પૈસાનો અ-ઢળક લાભ મળ્યો. અને ઘણા વેપારી વગેરે ન્યાલ થયા. સોના રૂપાની નદીનું પુર ચાલ્યું જેથી સુખમાં વધારો થયો.

હવે આ સાલથી રૂતુની કરણી સાથે–ભાવિક અને બોધિક ઇતિહાસ કાવ્યરૂપે પણ આવશે તે વાંચનારને રમુજ સાથ સુબોધ અને ધડો આપનાર છે તે સુજ્ઞ વાંચનારે ધ્યાનપૂર્વક વિચારી સાર ગ્રહણ કરવા ભલામણ છે.

ભાવિક અને બોધીક ઈતિહાસ.

સં. ૧૯૨૦ ની કરણીનો ચંદ્રાવળો.

કરૂં પ્રણામ ઉર ધ્યાન ધરી, શંકર દીન દયાળ;
વીશેવીશના ભાવ કર્યાં, તેં રંક કર્યા ભૂપાળ.
તેં રંક કર્યા ભૂપાળ તે ગમે, ઘી, ચોખાને શાકરૂં જમે;
એવો ભાવ નહિ ભાળું ફરી, કરૂં પ્રણામ ઉર ધ્યાન ધરી.
શંકર દીન દયાળ.

ચંદ્રાવળો.

બહુ સુખ બાવીશનું જાણી, બેઠાં ન આપે બોલ;
કણબી જાણે કાઠી ગરદેરા, હૈયાં કરી ગયા ઢોલ.
હૈયાં કરી ગયા ઢોલ તે માની, પૃથ્વી ઉપર દે નહિ પાની;
કહે દેવશંકર સત્ય છે વાણી, બહુ સુખ બાવીશનું જાણી.
બેઠાં ન આપે બોલ.

સં. ૧૯૨૩ (સન ૧૮૬૬) માં વરસ ખાંડાબરડું હતું. વરસાદ કમતી થયો. કારણ તારા વરસાદ રૂપે બહુ ખર્યા. જેથી ગર્ભ વણસ્યો હતો.

ચંદ્રાવળો.

ત્રેવીશે તો ત્રણ ઠેકાણે, મનુષ્ય ચાલે મરડાય,

આવ્યાને આદર ન આપે, સતમાં ગયાં સંદાઇ;
સતમાં ગયાં સંદાઇ તે બોલે, આજ નથી કોઇ આપણે તોલે,
મિથ્યા સુખને મુરખ માણે, ત્રેવીશે તો ત્રણ ઠેકાણે.
મનુષ ચાલે મરડાઇ.

સં. ૧૯૨૪-૨૫ (સન ૧૮૬૭-૬૮) ની સાલમાં બેઉ સાલો ભલહરા થઇ હતી. અનાજનો ભાવ મણના ૧ રૂ. થી ૧-૨-૦ હતો.

સં. ૧૯૨૧ (સન ૧૮૬૪) માં પાછલથી વરસાદની તાણ પડી. પણ આસો માસમાં મેઘરવો (ઝાકળ જેવો) પુષ્કળ આવવાથી માલ જમીનને ધાવીને થયા. પાછલા બે વરસની અનાજની પાલાખાદને લીધે અનાજના ભાવ વીશ માફક આકરા રહ્યા. રૂ, ઘી અને મરચાં એ ત્રણેનો ભાવ મણના ૩૨ રૂપિયા થઇ ગયો હતો.

સં. ૧૯૨૨ ની કરણીનો ચંદ્રાવળો.

કનક અકોટા કામની પેરી, ઝુમણાના ઝળકાટ;
કાંબી કડલાં ઠણઠણે, સૌરણમય શણગાર.
સૌરણમય શણગારતે જાણી, પીતળને બેડે ભરવાં પાણી;
ગાદી તકીઆને સુખની લેરી, કનક અકોટા કામની પેરી.
ઝુમણાના ઝળકાટ.

સં. ૧૯૨૨ (સન ૧૮૬૫)ની સાલ ભલહરા થઇ. પીઠ ભાંગી. જાર કળશી મણ ૩૫ ના રૂ. ૨૪, બાજરા-ઘઉંના રૂ. ૩૦ થી ૩૨ હતા.

સં. ૧૯૨૪-૨૫ ના ચંદ્રાવળા.

ચોવીશે છલકું નાખે, નહિ નાણાંનો પાર;
ઔષધી તો એટલી પાકે, ભુ નહિ ઝીલે ભાર.
ભુ નહિ ઝીલે ભાર તે વેણું, ઘણી ઉપજ ને ન મળે દેણું;
ભેંશું ગાયુનાં ઘણ બહુ રાખે, ચોવીશે તો છલકું નાખે.
નહિ નાણાંનો પરા

ઘાટ ઘરેણાં પેરી સૌ ચાલે, જુઓ છતના સાગ;
જાનું જોડે જુગતેથી, બેગા ભાયુના ભાગ.
બેગા ભાયુંના ભાગ તે સાચા, ખરચે પગ ભરે નહિ પાછા;
પુરણુ સુખ પચીશનાં માલે, ઘાટ ઘરેણાં પેરી સૌ ચાલે.
જુઓ છતના સાગ.

સંવત ૧૯૨૬ (સન ૧૮૬૯)ની સાલમાં મે ઘણો થયો. ભલહરા થઇ પણ મોટે આવેલો કોળીઓ કાળ જેમ નાશ કરે છે તેમ મારવાડમાંથી ટીડના મોટા લશ્કરે આવી ક્ષણ માત્રમાં બધા દેશમાં પાકનો નાશ કર્યો. વનસ્પતિ માત્ર મુકી નહિ. વાદળી માફક ટીડનાં ટોળાંના પડથી આકાશ છવાઇ ગયું હતું. અનાજના ભાવ ૩૫ મણની રાજકોટની કળશીના રૂ. ૧૦૦ થી ૧૧૨ થઇ ગયા હતા. જેથી દુકાળ-ટીડાએ આવી પાડયો.

ચંદ્રાવળા.

વીશ આનાનું વર્ષ જોઇ, મન ગયું મલકાઇ;
લખનારે લખ્યું બાર આનાનું, આતો થઇ સવાઇ.
આતો થઇ સવાઇ તે જુઠા, છવીશે શામળીઓ તુઠા;
કહે દેવશંકર હું રહ્યો છું મોહી, વીશ આનાનું વર્ષ જોઇ.
મન ગયું મલકાઇ.

આકાશેથી ઉતર્યાં પંખી, નહિ પાંખાળાનો પાર;
છવીસે બાજરા ચણી ગયા, તે ક્ષણું ન લાગી વાર.
તે ક્ષણું ન લાગી વાર તે થયું, બારેમાર આનાનું રહ્યું;
કહે દેવ-શંકર જીવ અસંખી, આકાશેથી ઉતર્યાં પંખી.
નહિ પાંખળનો પાર.

સંવત ૧૯૨૭-૨૮ (સન ૧૮૭૦ ૭૧)ની સાલમાં મે તડે થયો. અને પાક સારો થયો. અઠાવીશમાં પાક સામાન્ય હતો. સં-

૧૯૨૯ (સન ૧૮૭૨)ની સાલ ભલહરા થઇ. જેથી માગશરે માસે પીઠ ભાંગી અને મણના ભાવે બાર આના ભાવ ઉભા રહ્યા. વૈશાખ માસથી ચોમાસું બેશી ગયું હતું. વૈશાખ વદ આખરે ચોમાસું બેસે તે ઉત્તમ નીવડે. એમ સં. ૧૯૩૫ અને સં. ૧૯૬૭ ના ચોમાસાથી પુરવાર થાય છે. આ સાલમાં ડુંટીઅનું જોર હતું. (તે જુદાજુદા રંગમાં થતું જેથી તેને કશળીઉ, રાતડીઉ, વગેરે નામ દઇ માણસ બોલાવતાં).

ચંદ્રાવળા.

સતાવીશ કહે સમજી લેજો, જોઇને કરાયેં જોર;
વખત પ્રમાણે વર્ત્તવું, નહિ વરતો તો ઢોર.
નહિ વરતો તો ઢોર તે સાચા, પછવાડે પસ્તાશો પાછા;
કાળની વાતુ સૌને કેજો, સતાવીશ કહે સમજી લેજો.
જોઇને કરાયેં જોર.

અઠ્ઠાવીશ કહે એટલું માનો, કરો પુન્યમાં પ્રીત;
ધરમને અર્થે ધન વાવરો, એ અસલની રીત.
એ અસલની રીત તે સાચી, પુન્યે લક્ષ્મી પામશો પાછી;
મંદ મતિને સૌ હું નાનો, અઠ્ઠાવીશ કહે એટલું માનો.
કરો પુન્યમાં પ્રીત.

ઓગણત્રીશ કહે અંત આવ્યો, પ્રજા પામે પીડ;
સુખનો દશકો ચાલતો થયો, ને ઘરમાં ગરી ગૈ ભીડ.
ઘરમાં ગરી ગૈ ભીડ તે જોઇ, માન મોટપમાં સર્વ ખોઇ;
કહે દેવ-શંકર શુભ મારગ ન કાઢ્યો. એ ઓગણત્રીશ કહે અંત આવ્યો.
પ્રજા પામે પીડ.

સંવત ૧૯૩૦-૩૧-૩૨-(સન ૧૮૭૩-૭૪-૭૫)ની સાલો ભલહરા થઈ અનાજની પીઠના ભાવ સંવત ૧૯૧૩ ની સાલ જેવા સતજુગીઆ વર્ત્તાણા. મણના ભાવે આઠ આના પીકાર જેરના અને

ઘઉં-બાજરાના મણના દશ આના શ્રીકાર માલના હતા. કઠોળ વગેરે સસ્તાં હતાં.

બત્રીસ (સન ૧૮૭૬) માં સાબરમતીમાં મોટી રેલ આવી હતી. જેથી શહેરમાં પાણી દાખલ થયું. હજારો ઘર પડી ગયાં. લાખો રૂપિઆના વેપારીના માલને નુકશાન પહોંચ્યું. આવું બુડ અમદાવાદમાં કોઈવાર આવ્યું નહોતું.

સં. ૧૯૩૦-૩૧-૩૨ ની સાલોથી લોકોની રીત, રૂઢી અને ધર્મમાં ફેર પડતો ગયો. તે નીચેના સુબોધ ચંદ્રાવળાથી સમજાશે.

ત્રીશે તોલ ગયો સૌનો, ગઈ રાજની રીત;
કુટુંબમાં કલેશ વધ્યો, નહિ ભાયુંમાં પ્રીત.
નહિ ભાયુંમાં પ્રીત તે રાને, બેટા બાપનુ કેણ ન માને.
સાસુ ચાંદા કરે છે વહુના, ત્રીસે તોલ ગયા છે સૌના.
ગઈ રાજની રીત.

જણ્યા તેનુ જોર ન ચાલે, સાસુની સગાઈ;
માબાપને મારીને કાઢે, શત્રુ ટેવે ભાઈ.
શત્રુ ટેવે ભાઈ તે બોલું આડું, સગપણમાં સાળી ને સાઢું;
કુટુંબ કોરે ને સાળા માલે, જણ્યા તેનું જોર ન ચાલે.
સાસુની સગાઈ.

કાળીંગાનું કારણ મોટું, અધર્મ ને અન્યાય;
પરથમ પાખંડ પરવર્યો, નહિ નીતિને ન્યાય.
નહિ નીતિને ન્યાય તે તનમાં, માન મોટપને મદ ઘણો મનમાં;
એકેત્રીયેથી અત્યંત છે ખોટું, કાળીંગાનું કારણ મોટું.
અધર્મને અન્યાય.

બત્રીસે બે વાનાં ગયાં, એક ધીરજ ને એક ધર્મ;
ન્યાયનીતિમાં કોઈ ન સમજે, કરેછે કુડાં કર્મ.

કરે છે કુડાં કર્મ તે સાલી, વિરોધ વારતા લાગે વાલી;
પ્રાણુ ગયાં ને ખોળીયાં ગયાં, બત્રીશે બે વાનાં ગયાં.
એક ધીરજને એક ધર્મ.

સંવત ૧૯૩૩ (સન ૧૮૭૬) ની સાલનું ચોમાસું ભલહરા નીવડયું. અનાજ પૈકી જાર બહુ પાકી—જાર રૂપિયાની દોઢથી બે મણ વેચાતી. વરસના અંતમાં સવાયા ભાવ થયા.

તેત્રીસેથી ત્રાસ ગયો, ગયાં દયા ને દાન;
પૃથ્વી રસને ચોરી ગઈ, ધરા ન પકવે ધાન.
ધરા ન પકવે ધાન તે જાણી, પૃથ્વી ઉપર ન પડે પાણી;
કહે દેવશંકર હાહાકાર થયો, તેત્રીસેથી ત્રાસ ગયો.
ગયાં દયા ને દાન.

સંવત ૧૯૩૪ (સન ૧૮૭૭) માં દુકાળ પડયો. શિયાળો અતિષે ઠંડો ને હીમ. અને ઉનાળો ગરમાગરમ-(શરદી અને ગરમી બેઉં વર્ત્તાણાં.) નક્ષત્રો કોરાં ગયાં. રોહણી બેસતાં ઝબકી. જેઠી બીજ છપનીઆ માફક પાંચાળમાં ગાજી, અને ભાદરે પૂર આવ્યું. કહેવત છે કે " જેઠી પૂર તો છોકરાં ફાકે ધુળ." વળી રોહણ કુંડાળાં થયાં. કહેવત છે કે:—" રોહણ ગાજે તો ડાંડીઆ નવ વાજે." મતલબ-ગોકળઆઠમનું પરબ રૂડી રીતે ન થાય. વાવણી પૃથક થઇ-ઉપર સખત વાયરૂ ફકત નોરતામાં ખારી (અગ્નિ) વહનથી મે થયો. પણ કયાંક બાટાં થયાં અને ક્યાંક કોરો દુકાળ. એમ કર્ણાટક સુધી કાળ વર્ત્તાણો. ઘણાં ગામ ઉજડ થયાં. અને અનાજની પીઠ મણ જારના રૂ. ૩) થયા.

ચોત્રીશા કાળની ચલગત—(ઋતુની કરણી).

અંદ્રાવળા.

સંવત ઓગણી ચોત્રીશાની ચાલ, બુરા ઉગે ભાણું;

અવળા વાયુ અતિ ઘણા, પ્રજાના જાયછે પ્રાણ.
પ્રજાના જાયછે પ્રાણ તે જાણો, સતે નાણે ન મળે દાણો;
મરે માનવી થઇ બેહાલ, સંવત ઓગણીચોત્રીશની સાલ.
જુરા ઉગે ભ.ણ.

દોહા.

ચોત્રીશાની સાલમાં, ઢઢળી ગયા ઢાંઢા;
પરણેલા પુંછડે પડ્યા, વકરી ગયા વાંઢા. ૧
બાર શેરની જાર વેચાણી, બે રૂપિયે બંટી;
ઘરનાં છોકરાં પાડે રાડુ, કોઇની ફરે નહિ ઘંટી. ૨
મલકમાં મઉ ઉછળી, માળવે થોભ્યો પગ;
સરકારે દુકાળ કઢાવ્યો, ધાનના કર્યા ઢગ. ૩

ચોત્રીશાનું કડતલ.

આવી ચોત્રીસાની સાલ, માણુસ થયાં બેહાલ;
કૈક બાજર કરડે, કૈક ટાંગા ઢરડે.
કૈક સડકે મુઆ, કૈક અધવચ મુઆ;
ખાવો ખજુર ને ખોળ, ફુટી બધા મુલકમાં ફોર.
ખ.વાં બોરીગણીનાં બી, જેમ તેમ લેવા દી;
માણુસે ખાધેલ બરી, હાડ જાયછે ઝરી.
રાંક ઉભાં રૂએ, કોઇ સામું ન જુએ;
મળ્યા પશુના બોગ, દેહ ધરણા અથોક.

વગેરે ભયંકર ચિત્ર આ સાલનુ હતું. કાઠિયાવાડમાં ઘણાં ગામ ઉજડ થયાં. અને ઢોર તથા માણુસને ઘણું ખમવું પડયું. એવો આ કાળ વિચિત્ર હતો.

સંવત ૧૯૩૫ (સન ૧૮૭૯) ટાઢ-પાછલા શિયાળામાં ૫૧ ની સાલ માફક હતી. ઉનાળો ગરમ પણ માત્ર ગરભના રૂપમાં જુજ

નક્ષત્રો વરસ્યાં. ઉકળાટ (બફારો) ઘણો. વૈશાખ વીજવલો. વૈશાખનું કોળાયમાન ઘણું. જેથી વરસ ભીન્ન થયું. (વૈશાખ જેઠમાં કોળાંભ–(આકુળી વાદળાની કોળામણુ) ઘણી હોય તે સાલનું ચોમાસું વહેલું અને રેલમછેલમ નીવડે. વરસ ભીન થવાથી ખડધાન વધી ગયું. જે ગરીબ લોકો અધરાંયાં થઇ ખાતાં. જેથી અનાજની તંગી, ભુખમરો અને ભેજવાળી હવા, પીત્તવાળાં શાક વગેરે વધી પડતાં દેશમાં તાવ વગેરે રોગની મરકી ચાલી, અને હજારો માણસના જાન ગયા. અનાજની પીઠ ચોત્રીશા માફક રહી. આ સાલમાં સમયવાહી. (મનસૂન–નૈરત્ય) વહન વરસાદ માટે જોરમાં ચાલ્યાજ કર્યું હતું. સીરીઝ અને જુઇ રંગનાં વાદળાં વિશેષ હતાં. સાધારણ વાદળાંમાંથી ઘણા ભેજને લીધે પોટલા મોઢે પાણી પડતું. એવી વરસાદના પ્રવાહને ઉતારવાની હવાની અનુકુળતા હતી. વળી કોરા દુકાળ પછી ભીન થવાનો સંજોગ ઈશ્વરી કુદરતે ખરો પાડ્યો.

ચંદ્રાવળા.

પાંત્રીશે પ્રલય કાળ થયો, મુવાં માનવી અપાર;
મા છોરનો સ્નેહ ન રહ્યો, રોતાં મુકયાં બાળ.
રોતાં મુકયાં બાળ ગયાં ભાગી, પાપ જોઇ પૃથ્વી ડોલવા લાગી;
વરણા વરણીનો ભેદ ન રહ્યો, પાંત્રીશે પ્રલય કાળ થયો.
મુવાં માનવી અપાર.

સંવત ૧૯૩૬–(સન ૧૮૭૯) ની સાલ ભલહરા થઈ અને કોરા અને ભીન વરસની વટક વાળી. પણ સંવત ૧૯૩૪–૩૫ની સાલમાં ભુખમરાથી બચ્યા. તેવા ગરીબ માણસો અનાજની સોધરી વાળવા જતાં તાવ વગેરે રોગથી ઘણાં માણસો કાળને ભોગ થયાં. અનાજની પીઠ ભાંગી અને એક રુપિયે મણ અનાજ વેચાવા લાગ્યું.

(પાંત્રીશનો મારકો અને કાળનું પુંછડું).

પુરણુ દુઃખ પ્રજાને થયું, એકે નહિ ઉપાય;
છત્રીશે રોગ ચાલી મળ્યા, નજરે જોયા ન જાય.
નજરે જોયા ન જાય તે જાય, ઢોરનું ખાણું માનવી ખાય;
વાલા સગાનું હેત ન રહ્યું, પુરણુ દુઃખ પ્રજાને થયું.
એકે નહિ ઉપાય.

ખાસ નોંધ.

ચૈત્રી–સંવત ૧૯૩૬–૩૭ (સન ૧૮૭૯–૮૦) આ સાલથી બેઉ સાલોની ભેગી નોંધ લીધી છે. એટલે સં. ૧૯૩૬ એ કા. શુદ ૧ થી ફાગણુ વદ અમાસ લગી અને સં. ૧૯૩૭ એ ચૈત્રથી નવું વરસ બદલાણું ગણવું. મતલબ શિયાળાની રૂતુનો સંજોગ-નવા વરસના જોણુ માટે ઉપયોગી થઈ પડે છે. માટે ૧૯૩૬ એ સન ૧૮૭૯ અને સં. ૧૯૩૭ એ સને ૧૮૮૦ માટે ગણવા. એમ હવે પછી દરેક સાલના સંજોગો ધ્યાનમાં લેવા.

સંવત ૧૯૩૬–૩૭ (સંવત ૧૮૭૯–૮૦) માં શિયાળો ગરમાગરમ નિયમવાળો. ઉનાળો એપ્રીલમાં ઇંડા જેવડા સખત કરા પડયા. (એપ્રીલમાં હિંદમાં તથા આ દેશમાં ઘણીવાર કરા પડે છે. તે નિયમિત ગણવા) ચોમાસું જેઠ વદમાંથી બેઠયું. ઝડી અને એલી અશાડ શુદ ૧૪ થી વધી. નબળાં ઘરો અને ઝાડો પાડી દીધાં. તેમાં હાલારમાં વધારે ઝાડ પડયાં હતાં. વરસાદ પવન સાથે ધોધબંધ પડતો. એટલે ઘરોમાં ચુવાક વધી પડયા. નળીયાં ઝમવા મંડયાં. જેણે કરી સુવા બેસવાની જગ્યા સુખચેન મળતી નાહ. આ સાલના ભાદરવામાં બંગાળાનું ખારી–અગ્નિ (વેપાર વાયુ) નું વહન મધ્ય પ્રાંતમાં થઈ આ દેશમાં ભારે જોરમાં આવ્યું અને સાંજ થાય કે પૂર્વદિશાએથી સેંકડો ગાઉ પ્રકાશ કરતી વીજળીનું તોફાન અને વર-

સાદ હમેશાં ગુજરાત કાઠિયાવાડને માથેથી પસાર પામતું. ભાદરવે રાતનું મેનું જોર પૂર્વદિશાનું વધારે હોય છે. તેજ મિશાલે વીજળીના પાસવાળી અસમાની અને પીળી ખડાદાર ખડાઓનો મેઘાડમ્મરનો ચમત્કાર રાજકોટ મધેથી હું જોયા કરતો. અને આમ થવાનાં કારણો જેને તેને પુછતો. આ ગહન ચમત્કારનો ખ્યાલ અને શોધ ગુપ્ત રહેત. પણ ઇશ્વર કૃપાએ આ ભાદરવાના વહનની નોંધ સુરત- માં આ તર્કે મોટી રેલ આવવાથી શાળાપત્રના વિદ્વાન્ તંત્રી મરહુમ શ્રીયુકત નવલરામ લક્ષ્મીરામ શાળાપત્રમાં લઈ બંગાળાના ઉપસાગર તરફના આ વહનની નોંધ લઈ પોતાના સુરતવાસી બંધુઓને અગ- મચેતી રાખવા ખાસ નોંધ લીધેલી તે મેં શાળાપત્રમાં વાંચી. ત્યારે મારી નિરીક્ષા બંગાળાના ઉપસાગર અને પાસિફિક માહાસાગરના વેપાર વાયુ અને ટાઇફીન નામના તોફાની પવન વિષે સંશોધન કરવા લંબાણી. અને તેનું અવલોકન મારા હિંદના વર્તારા કાઢવાનો આજે મુખ્ય ભાગ ગણાતાં. ગુરૂ પ્રસાદીની ફળીભૂતી માટે મારાપર અને આ દેશપર મોટો ઉપકાર થયો ગણાશે. કારણ વેપાર (ખારી-અગ્નિ) વાયુના જોર કે વહન ઉપર હિંદ પૈકી ગુજરાત-કાઠિયાવાડમાં ચોમા- સું કેવું બળ ધરાવશે, તે હવે પછીના વરસોની વર્તારાની પુષ્ટીમાં આવ્યા કરશે.

ચંદ્રાવળા.

(જાર-માયા ને જુવાર અને ઘરમાં હશે તો ખાશો.)

સાડત્રીશ કહે ચાલજો ચેતી, જગનું જીવન જાર;
દિવસે તારા નજરે દીઠા, ઉતરીઆ આરોપાર.
ઉતરીઆ આરોપાર તે જ્યારે, મદ મનુષ્યના ઉતર્યા ત્યારે;
કરશો ખેડ તો પાકશે ખેતી, સાડત્રીશ કહે ચાલજો ચેતી.

જગનું જીવન જાર

સં. ૧૯૩૭-૩૮ (સન ૧૮૮૦-૮૧) શિયાળો-ઉનાળો નિયમિત હતાં. વરસ સુગાળ અને સાંતે સરા પાકી. પીઠ-ભાવ. રૂપિએ ૧ા મણુ અનાજ મળતું. લોકોની પ્રીતિ ધર્મદાન ઉપર વધી.

આડત્રીશે આનંદની એલી, મળ્યાં મેમાનને માન;
ગંગા આદીક તીર્થ કરે, દીએ વિપ્રને દાન.
દીએ વિપ્રને દાન તે નાઈ, હવન હોમતો આદમે થાઈ;
મળે મિત્રને તેડાં મેલી, આડત્રીશે આનંદની એલી.
મળ્યાં મેમાનને માન.

સં. ૧૯૩૮-૩૯ (સન ૧૮૮૧-૮૨) શિયાળો નિયમિત. વેપાર વાયુ પ્રથમ જોરમાં વાયો. તેવોજ ભાદરવે ખારી-અગ્નિ (વેપારવાયુ) થી ભારે વહન ગુજરાત કાઠિયાવાડ માથે પસાર પામ્યું. મેધાડમ્બરનો વિસ્તાર, કાળી-અસમાની રંગની સુવર્ણમય ટોચની ખડાઓનો ઘેરાવો પંદર દિવસ પશ્ચિમમાં પસાર પામ્યો સાંજે અને રાત્રે વરસાદનું જોર વધારે રહેતુ. તેની અસર ભાલ-ગુજરાતમાં વધુ જોર વાળી હતી. જેથી ભાલમાં ધણા ઉપરા ઉપરી વરસાદથી કપાસ સડી ગયા. પણ ઘઉંનો પાક જબરો થયો. આ સાલમાં મારો નિવાસ શ્રીનાગજી મહારાજના ગાધકડા કરણામાં થયો અને તેમના વિદ્વાન સુપુત્રોની મુલાકાત અને સતસંગ વધ્યો. અને તેમના તરફથી ગુરૂ તરીકે આશીરવાદ મેળવી-તેમના ભાવિક કુંડળીઆ વિલાસ અને સૌદર્પણમાં જાહેરમાં મુકવા માંડયા. અને ગાધકડાની ટેકરીઓ પરથી રૂતુઓનું દિગ્દર્શન કરવા માંડયું. અનાજની પીઠ રૂા. મણુ સવામણુ શ્રીકાર જાર વેચાતી. લોકોને સુખનો દશકો ચાલતો થયો.

ચંદ્રાવળા. સં. ૧૯૩૯ નો

હેતેથી હરિજનને મળવા, ઇચ્છા સૌનાં મન;

સતનારાયણપર પ્રીતિ વધી, જેમ લોભીને વહાલું ધન.
જેમ લોભીને વહાલું ધન તે સેવા, એમ ઇચ્છે સો સંતની સેવા;
સંસારરૂપ દરિયો તરવા, હેતેથી હરિજનને મળવા.
ઇચ્છયાં સૌનાં મન.

સં. ૧૯૩૯–૪૦ (સન ૧૮૮૨–૮૩):—શિયાળો–ઉનાળો ઉત્તમ. ચોમાસાની શરૂઆત મૃગશર નક્ષત્રથી થઈ. કાઠિયાવાડમાં આવેલા ધોરાજીમાં એકજ દહાડે ૧૭ ઈંચ વરસાદ પડયો. મગ રૂ. ના ૧ાા મણ મળતા. અને જાર, બાજરો વગેરે બાર આને મણ મળતું. મૃગશરનું વેપારવાયુનું વહન જેવું જોરમાં હતું તેવુંજ ચોમાસું છેવટ લગી સારૂં નીવડી સાતે સરા પાકી.

ચંદ્રાવળા.

ચાળીસેંથી સુખ થયું, મે વરસ્યા મુશળ ધાર;
વિશ્વનાથે વારસ કરી, અન્ન પાકયું અપાર.
અન્ન પાકયું અપાર તે જાણો, ગઈ પીઠ ને સોંધો થયો દાણો;
કહે દેવ શંકર દુખ દાવાનળ ગયું, ચાળીસેંથી સુખ થયું.
મે વરસ્યા મુશળધાર.

સંવત ૧૯૪૦–૪૧ (સન ૧૮૮૩–૮૪):—સિયાળો–ગરમાગરમ અને પોષ માસમાં વાયુ પડયું. ઉનાળો નિયમિત ઉકળાટ વાળો પાકયો. હિંદી અને પાસિફિક મહાસાગરનો વેપાર વાયુ–નાં વહન એઉ હલંકર્યાં. વરસાદ તકે તકે અને ચોમાસાનો દેખાવ ને વાદળની સુંદર ઘટાઓ બહુ આનંદજનક હતાં. આ સૈકામાં એવો દેખાવને વાદળાં ફરી સંવત ૧૯૬૬–૬૭ માં દેખવામાં આવ્યાં હતાં. એવું રળીયામણું નિયમિત ચોમાસું અને અઢળક સાતે સરા પાકી અને રૂપિઆનું દોઢ મણ અનાજ મળતું.

ચંદ્રાવળા.

એકતાળીસે આનંદકારી, માગ્યા વરસે મેહ;
અડદ મગ ને તલ થયા ઝાઝા, ત્રણે પાકયાં તેહ.
ત્રણે પાકયાં તેહ તે કર્યા રાજી. ઘઉં ચણા ને શેરડી ઝાઝી;
કાઢયું દુખને કોણીએ મારી, એકતાળીસે આનંદ કારી.
માગ્યા વરસે મેહ.

સં. ૧૯૪૧–૪૨–(સન ૧૮૮૪–૮૫):—તેમજ ૧૯૪૨–૪૩ (સન ૧૮૮૫–૮૬) અને સં. ૧૯૪૩ ૪૪ (સન ૧૮૮૬–૮૭) એ ત્રણે વરસ બાર આના પાક થયો. પીઠમાં મણ એક નો રૂા. ૧૧ હતો.

ચંદ્રાવળા.

(પરદેશી કારીગરીની નકલ આવી પહોંચી. દેશીને ધકો.)
બેંતાળીસે બુદ્ધિ બગડી, ચડયાં મનુષ્યને માન;
શાસ્ત્ર પ્રમાણે ચાલે નહિ, ગુપ્ત રહી ગયું જ્ઞાન.
ગુપ્ત રહી ગયું જ્ઞાન તે રોઈ, જારની સામું જુએ નહિ કોઈ;
આવી નકલ અસલને તગડી, બેંતાળીસે બુદ્ધિ બગડી.
ચડયાં મનુષ્યને માન.

ત્રેંતાળીસેં ત્રણ [illegible]વે, વિવેક વિચાર ને લાજ;
જ્ઞાન વૈરાગ્યને [illegible] [illegible]. કોઇ દેખાડો આજ.
કોઇ દેખાડો [illegible] સ[illegible], સંતમાં જઇને ચાકર રહીએ.
કરે [illegible] [illegible], ત્રેતાળીસેં ત્રણ રવે.
વિવેક વિચારને લાજ.

દયા દીનત[illegible] નહિ ઠરવાનું ઠામ;
ચુમાળીસે [illegible] [illegible]ગીરીને કામ
દગો ચોરીને [illegible] દેવું કોઈ ન આપે;
ચોર શાહુકા[illegible], દયા દીનતા ચાલે બીતી.
નહિ ઠરવાનું ઠામ.

સંવત ૧૯૪૪-૪૫ (સન ૧૮૮૭-૮૮):—ચુમાળીસના શિયાળામાં માહા માસમાં સખત હીમ પડવાથી—મરચી-રીંગણી ઉપરાંત કપાસ, શેરડી, બાવળ વગેરેને જફા લાગી. ઉનાળો સખત ગરમ. નક્ષત્ર થોડાં વરસ્યાં—રોહણ—એમતાંજ ધુડના અંધકાર સાથે ગુજરાત કાઠીયાવાડમાં બધે રેલી. અમદાવાદ પંથકમાં રોહણીઆ બાજરા વવાણુ હતા. આદ્રાથી પખ સુધાં ૧ાા માસ એલી બંધ વધતો ઓછો વરસાદ પડયો. પરીણામે ભાદરવે વરસાદ પ્રથક થયો અને વરસ કંતાઈ ગયું. પરીણામે કારતક શુદ પાંચમે બંગાળી વહનથી માવઠું થયું. પથી ૭ ઈંચ વરસાદ થયો. હાલાર વગેરે કેટલેક ઠેકાણે ખળાનો પાક બગડયો. પણ ઘઉં-ચણાનું વાવેતર વધી ગયું. ચણાનો ભાવ વાવેતરમાં મણના ૩ રૂ. થયો હતો. અનાજ મણ ૧ના રૂા ૨ થયા હતા. પણ તે ભાવ એકજ માસ ટકી રહ્યા હતા ચોમાસા પહેલાં ઉનાળામાં હદ ઉપરાંત ગરમી વધી જવાથી કાલેરાનો ઉપદ્રવ થયો હતો. ભાવનગરમાં પાણીની ખેંચ વિશેષ થઈ પડવાથી-રેલ રસ્તે બહાર ગામથી આવતું અને તોલે વેચાણું હતું. ખડની તંગી પડી હતી. વરસ કંતાઈ જવામાં અને પાછલો વરસાદ નહિ થવામાં માહ માસનો વધુ હીમ અને રોહણીનું ધુડનું મોટું તોફાન ગુ કાઠિયાવાડ માથે પસાર થયું તેજ હતું. વેપારવાણુ અનિયમિત હતો.

ચંદ્રાવળા

પેલું શુડ પશુનું કાઢયં, પછે મનુષ્યનો કાળ;
કુટીઆની તડામાર બોલાવી, કેક ભુંડાં બાળ.
કેક ભુંડાંને બાળ તે જાણો, ન મળે અન્ન પીવાનાં પાણી;
આવા તડકાને અતિશે ટાઢયું, પેલું શુડ પશુનું કાઢયું.
પછે મનુષ્યનો કાળ.

ધરમ "ધૂમ" ન્યાય ને નીતિ, વિવેક વિચારને લાજ;

માન મોબતને મરજાદા, એ દશ ગયાં છે આજ;
એ દશ ગયાંછે આજ તે સાચાં, સત જુગમાં અમે આવશું પાછાં;
પીસ્તાળીસે પાંખડમય પ્રીતિ, ધીરજ ધર્મ ન્યાય ને નીતિ.
વિવેક વિચાર ને લાજ.

સંવત ૧૯૪૫-૪૬ (સન ૧૮૮૮-૮૯) શિયાળો બેસતાં ઉપર મુજબ પાંચમનું માવઠું થયું. તે આ વરસ માટે ડોલ થયો. શિયાળો મંદ (ઉત્તમ). મતલબ ગરમાગરમ હતો. ઉનાળો સખત ગરમ. કેરીનો પાક આ સાલ બહુ થયો હતો

વેપાર (ખારી-અગ્નિ) **વાયુનું** બંગાળા ઉપસાગરનું ખારી વહન તા. ૫-૬ ઠી જુન બે દિવસ અંધાધુંધ ઝાપટાં નાખતું વચમાં નિયમિત પસાર પામ્યું. ત્યારપછી ૧ માસે એલીબંધ ૧ાા માસ વરસાદ થયો. અને વચમાં વરાપ શ્રાવણ માસમાં આવ્યો. કહેવત છે કે **श्रावण काढे कोरडो** તો **अनाजनो भराय ओरडो.** તેમ વરાપમાં મોલ ઢુંઢયા બાદ ઓતરા અને હાથીઓ બેઉ નક્ષત્ર વરસ્યાં. જેથી જાર બહુ પાકી અને સાતે સરા નિપજવા સાથ ભલહરા થઇ. રૂની પીઠ તેજીમાં આવી. અને અનાજની પીઠ મંદ પડી. ભાદરવામાં વરસાદ વધવાથી તાવના વાયરા શિયાળામાં વધ્યા.

ચંદ્રાવળા.

છેંતાલીસેં ચતા ઝાઝી, મુઆ મોબત ને માન;
અગ્નિ વ્યાધિની વેદના, તે ધરાય ન પામે ધાન.
ધરાય ન પામે ધાન તે બોલે, ઘણા તાવ ને દેહ પણ ડોલે;
થઇ ભલહરા મન થયું રાજી, સેંતાળીસેં ચંતા ઝાઝી.
મુઆ મોબત ને માન.

સંવત. ૧૯૪૬-૪૭ (સન ૧૮૮૯-૯૦):—શિયાળામાં સખત હીમથી કપાસ, મરચાં ને રીંગણી લાસ. એવો શિયાળો અનિયમીત

(નબળો) પસાર પામ્યો. નક્ષત્ર માત્ર વધતી ઓછી સ્વાતીક રૂપે વરસ્યાં. રોહણ બધા દેશમાં રેલી ગુજરાતમાંથી ધુડ સાથે તોફાન ચડી આવી અંધકાર રૂપે ૧૯૪૫ માફક ગુજરાતમાંથી આવી કાઠિઆવાડમાં દ્વારકાના ઝાંપા લગી પસાર પામ્યું. એ તોફાન, વાવળ, ગાજવીજ સાથે હતું. મોરબીમાં અંધકાર થતાં માણસો ગભરાઇ ગયાં હતાં. સખત પવનથી મચ્છુ નદીનો ઝોલાપુલ તુટયો. મતલબ જે સાલમાં વેળુ–પાણુ અને વાવળ રોહણમાં પૂર્વથી પશ્ચિમમાં અંધકાર રૂપે પસાર પામે તે સાલમાં ગર્ભ ગળે તે મુજબ આ સાલ સં ૧૯૪૫ માફક ભાદરવામાં મે થયો નહિ પણ પ્રથમ અમદાવાદ પંથકમાં રોહણીઆ બાજરા વવાણા. (અમદાવાદ પંથકમાં રોહણીઆ બાજરા વવાય તે સાલ બધે સરખો ન પાકે તે ધ્યાનમાં રાખજો) આદ્રા અધવચથી ચોમાસું મંડાઇ ૧॥ માસ વધતો–ઓછો વરસાદ એલીબંધ ઝાપટાં પડી અશ્લેશાથી ગયો. તે ફેર ન આવ્યો. ભાદરવે છુટાં છવાયાં ઝાપટાં પડયાં. વરસ કંતાઇ ગયું. પણ આસોમાં ઓકળનાં રેડ આવવાથી મોલ જમીનને ધાવીને પાકયા. જેથી કાંઇક ભલહરા અને કયાંક ખાડાબરકું થયું વરસાદ સરાસરી ૮ આની થશે. દીવાળી ઉપર માવઠું થયું. પીઠ એક મણનો ૧૧ રૂ. થી ૧૧॥ હતો.

ચંદ્રાવળા.

કર્યું થાય કિરતાર તે તારૂં, શાણા સમજી લે;
સુડતાળીસે સાત આનાનું, મુળ વરસ્યો નહિ મે,
મુળ વરસ્યો નહિ મે તે જાણે, કયાંક ભલહરા કયાંક મુળ નહિ દાણે;
બાંધ જોઈ મન બળેછે મારૂં, કર્યું થાય કિરતાર તારૂં,
શાણા સમજી લે.

સં. ૧૯૪૭-૪૮ (સન ૧૮૯૦–૯૧):—શિયાળો ઠંડો તેમ ગરમાગરમ માવઠાં ઘણાં–ઉનાળો રેવતી, અશ્વની અને ભરણી પામડયાં

પણ વૈશાખમાં પવનનું નિયમિત (ઉત્તમ) જોર હતું. અને કૃતકા રોહણી મળી એક માસ બેઉ નક્ષત્ર નિર્મળ તપ્યાં. અને ઉનાળાનો ગર્ભ સુધાર્યો. જુનમાં વરસાદ પૃથક અને અસાડ. વદ ૧ (૨૧ જુલાઇ આસપાસ) ની રાત્રે પૂર્વમાંથી વહન ગાજવીજ સાથે બધા દેશમાં ફેલાઇ ગયું. તેજ રાત્રે મુળી (ઝાલાવાડ) માં સખત મોટા કરા પડ્યા. અને વહન અને હવાના સંજોગો અનુકુળ દેખાડ્યા. પણ બીજે ત્રીજે દિવસ હિંદી માહાસાગરનું ગીરનારી વહન પ્રત્યાઘાતથી પાછું હલકર્યું. આઠ દિવસ એલી અને ઝડી રહી. મહુવા અને આસમાં રેલ આવી. રેલવેમાં ઠારોઠાર ગાબડાં પડયાં. હજારો ઘેટાં—ગધેડાં વગડામાં મરી ગયાં. પણ પાછળથી વરસાદ સાધારણ થવાથી પાક સાધારણ થયો. પણ નવાણે નીરનું જોર ઘણું રહ્યું ને પાછતરા પાક સારો થયો. **નિયમ.** જે સાલમાં કૃતકા અને રોહણ બેઉ તપે તે સાલમાં ચોમાસું મોડું એટલે પુનરવસુમાં નિશ્ચય આવી પહોંચે (આ સાલ જેવો બનાવ ચૈત્રી વર્ષ ૧૯૫૨ માં જુઓ).

આજસુધી અમારા વર્તારા કુંડળીઆ રૂપે વિજ્ઞાન વિલાસને સૌરાષ્ટ્ર દર્પણમાં આવતા. પણ આ સાલથી રાજકોટમાં સુપ્રસદ્ધ થતા કાઠિયાવાડ ટાઇમ્સમાં અમારા જ્યોતિ અવલોકનના વર્તારા જાહેરમાં પડવા માંડ્યા. તા. ૨૪ મી જુન ૧૮૯૧. જુઓ.

ચંદ્રાવળા.

ચાળીસે ઉત્પાત થયો, ઝડીયે કર્યુંતું જોર;
... માં તો વહાણ બુડાડયાં, કૈક મરી ગયાં ઢોર,
... રી ગયાં ઢોર તે એંશી, ઝાડે આડને નાખ્યાં ખેંશી.
... કર કોઇ ઉપાય ન રહ્યો, અડતાળીસે ઉત્પાત થયો.
ઝડીયે કર્યું તું જોર.

સં. ૧૯૪૮–૪૯ (સને ૧૮૯૧–૯૨):—શિયાળો મંદ (ઉકા...

મતલબ સં. ૧૯૪૬ ના પાછલા શિયાળા માફક ગરમાગરમ (ઠંડી અને ગરમી બેઉ) ચૈત્ર નિર્મળ. ભરણીનું તોફાન વૈશાખ શુદ ૪ નું ખારી પવનનું ગાજવીજ ને ધુળના અંધકાર સાથે પસાર પામ્યું. તે કચ્છ તરફ થઈ હિંદી માહાસાગરના શેસીલીસના ટાપુ તરફ ગુમ થયું. આવાં મોસમનાં વહન વરસમાં એકાદ બે સાધારણ નીકળે તે વરસ માટે વધામણી જાણવી. આ તોફાનથી કચ્છ બગડાશા તરફ બાજરા વવાણા. આ તોફાનની અસરથી કચ્છમાં ૯૮૦૦૦ ઘર ૧૨,૦૦૦ ઝ.ડ, તેમજ ૧૦ મછવા સાથે એકંદર ૧૩ લાખ રૂ. નું નુકસાન થયું. (અખાત્રીજ કે ગણપતિ ચોથનો વરસાદ કે છાંટા એ વરસ માટે ઉત્તમ વધામણી જાણવી.) અખાત્રીજનો પવન ખારી (આગ્ન) હતો. જેથી આ ખારી પવનથી થોડે થોડે અનાજ પાકે. ફકત અગ્નિનો ભય ત્યાર પછી વૈશાખનો પવન નિયમિત ફુંકાતો વાયો. અને સંવત ૧૯૪૬ (સન ૧૮૮૯) ની માફક તા. ૧ લી જુનથી ૨ જી જુન લગી ખારી અગ્નિ વેપારવાયુનું) વહન બંગાળા ઉપસાગરનું આવી વાવ્યમાં હિંદી માહાસાગરમાં ગુમ થયું. પણ માસ-સવામાસે એલીબંધ વહન રૂપે વરસાદ મોકલવાને હિંદી માહાસાગરે આથી કોલ આપ્યો. અને ત્યાર પછી જુલાઇ શરૂઆતમાં ૧ માસે એલીબંધ વરસાદની એલી મંડાણી. શ્રાવણ-ભાદરવો ખુબ રેલ્યા. પણ ઘણા વરસાદથી આગતર થોડું અને પાછતર બહુ નીપજ્યું. બાજરા કાદવીઆ થયા.

મહાન શોધઃ—જે સાલમાં શિયાળો મંદ (ગરમાગરમ) ચૈત્ર નિર્મળ, (ફુલ વાદળ થાય તેની હરકત નહિ) વૈશાખનું ગાજવીજનું તોફાન કે વહન કે વૈશાખનો ફુંકાતો પવન રોહણ નક્ષત્રનું ઉત્તમ તપવું. (અથવા જેઠનું તપવું) મૃગશરનો ફુંકાતો પવન કે બે કે ચાર દિવસનું ખારી અગ્નિ (વેપારવાયુ) નું વહન તે સાલમાં વરસાદ

ભરપૂર અને વરસ સુગાળ જાણવું. તે બધાં ચિન્હ આ સાલમાં ઘણુંજ નિયમિત હતાં. મતલબ દર સાલનું ચોમાસું કેવું બળ ધરાવશે. તે મૃગશર નક્ષત્ર કે જુનમાં ખારી-અગ્નિ (વેપારવાયુના પ્રથમના) વહન ઉપર દેશી વાયુચક્ર ખાતુ મોટો આધાર અને વધામણી સમજે છે. એટલે જે સાલમાં ખારી-અગ્નિનું વહન જુનમાં બેથી ચાર દિવસ વહે તે ચોમાસું ઉત્તમ. ૫ થી ૮ દિવસ ખારી રાત દિવસ વાય તો વરસ સમધારણ થાય. એ અવલોકન ખાસ ધ્યાનમાં રાખવા સુજ્ઞ વાંચનાર ધ્યાનમાં લેશો. (જુઓ વર્તારો કાઠિયાવાડ ટાઇમ્સ તા. ૨૨ મી જુન ૧૮૯૨).

ચંદ્રાવળા.

સાંગ વરતકને છોડી મેલ્યો, વિઠ્ઠલે કરી વાર;
ઓગણુ પચાસે એલી મચાવી, પાણીનો નહિ પાર.
પાણીનો નહિ પાર તે તાજાં, મોટા મોલ ને ખડ થયાં ઝાઝાં,
શ્રાવણ ભાદરવો ભરપુર રેલ્યો, સાંગ વરતકને છોડી મેલ્યો.
વિઠ્ઠલે કરી વાર.
આગતર નિપજ ઓછી થઈ, પાછતરનો નહિ પાર;
પીઠ આપી પરમેશ્વરે, તેમાં બીજાનો શું ભાર.
બીજાનો શું ભાર તે લીધા, નિર્ધનને ધનવાન પણ કીધા.
કપાસ જોઇને કળતર ગઈ, આગતર નિપજ ઓછી થઈ.
પાછતરનો નહિ પાર.

સં. ૧૯૪૯-૫૦ (સન ૧૮૯૨-૯૩):—શિયાળો નિયમથી ઉલટો. અને સં. ૧૯૪૮ માફક માવઠાંથી ગર્ભપાત હતો. હીમ-પોષમાં તથા માહાવદ ૭ મે પડ્યો. ગર્ભ પાક્યો. પણ શાખત હીમના નિયમ મુજબ ભાદરવે મે ભાગી જાય. ઉનાળે એકાએક જલદી બેઠા—નક્ષત્રો જોરમાં પણ સ્થાનીક રૂપે વરસ્યાં. ફાગણ વદ ૮ મે પાંચાળ વગેરે ઠેકાણે

કરાને ગાજવીજનું તોફાન થયું. આ સાલ અખાત્રીજનો વાયુ વાવ્યનો હતો. વેપારવાયુના આંચકાજ હતા. વેપારવાયુ નિયમ પ્રમાણે જુનમાં વાયો નહિ. પણ વારમવાર જબરા આંચકા રહ્યા. ને ૨૩ મી જુનથી એલી બંધ ચોમાસુ મનસૂન (પશ્ચિમ ને અગ્નિ) પવનથી મંડાણું એક માસમાં ૪૦ થી ૫૦ ઇંચ વરસાદ પડયો. તે અશ્લેશાંથી ગયો. તે પાછો આવ્યો નહિ. પૃથક પાછળથી થયો. જેથી પાછળથી વરસાદની ખેંચ રહી ગઇ. ભાદરવો તપ્યો. અને પાછલી તાણે પાછતર થોડું થયું. શિયાળે દેવદીવાળી ઉપર માવઠું થયું. ખડની તાણ કેટલાક ભાગમાં વર્તાઇ હતી. **હીમની સાક્ષી અત:—** સં. ૧૯૪૪. ૪૬ મે ૪૯ એ ત્રણે સાલના શિયાળામાં સખત હિમ પડવાથી સં. ૧૯૪૫, ૪૭—૫૦ નાં ત્રણે ચોમાસાં પ્રથમ એલી બંધ નીવડયાં ને લગભગ ૧ાા માસ એલીબંધ વરસી અશ્લેશાથી મેં ભાગી ગયાનો નવો મહાન શોધ નીકળે છે. અને એક વરસાદની પાછળથી ખેંચ રહી જાય છે. એમ અમારા નિયમિત અવલોકનની નોંધોથી પુરવાર થાય છે. એ ધ્યાનમાં રાખજો.

પચાશમાં પરશોતમ આવ્યો, વરસ્યો અંદરાધાર;
એક માસની એલી બનાવી, પાણીનો નહિપાર.
પાણીંનો નહિ પાર તે નાય, હવન હોમ સૌ કાશીએ જાય;
ગયો વરસાદ ફેરજ નાવ્યો, પચાશમાં પરશોત્તમ આવ્યો.
વરસ્યો અંદરાધાર.

ઢોરનું દુઃખ મેં નથી જોવાતું, વીઠલા કરજે વાર;
સોનાં હતાં તે છએ આપ્યાં, મહિના કાઢવા બાર.
મહિના કાઢવા બાર તે વહરા, ઉનાળામાં આવી દશરા;
વરસ વરસને આવ્યું ખાતું, ઢોરનું દુઃખ મેં નથી જોવાતું.
વીઠલા કરજે વાર.

શિયાળે ચોમાસું કીધું, પાણીનો નહિ પાર;
પરશોતમજી પરણ્યા તેદી, વરસ્યો અંદરાધાર.
વરસ્યો અંદરાધાર મન મેલી, આઠ દિવસની કીધી એલી;
દુનિયાંને તો સુખપણુ દીધું, શિયાળે ચોમાસું કીધું.
પાણીનો નહિ પાર.

સં. ૧૯૫૦–૫૧ (સન ૧૮૯૩–૯૪):—શિયાળામાં ઉપર મુજબ દેવદીવાળી ઉપર માવઠું થયું એટલે કાર્તક માસમાં માવઠું થાય ત્યાર પછીની સાલ સારી થાય. એમ આપણને પાછલી સં-૧૯૪૫, ૪૭ ને ૫૦ એ ત્રણ સાલના માવઠાથી નવો શોધ નિયમ પ્રમાણે સાબીત થયો. પણ આ માવઠું બધા મુલકમાં પૈકી ગુજરાત કાઠિયાવાડમાં હોયતો ઉત્તમ. શિયાળો–૧૯૪૬·૪૯ ની સાલ માફક મંદ (ઉત્તમ) શિયાળો હુતાશણી તાપીને ગયો. ઉનાળો ઉકળાટ વાળો. તમામ નક્ષત્રમાં વાદળાંનો ગર્ભ જોરમાં હતો. પણ તે બ-ગડયો નહિ. વૈશાખ વિજવલો. વૈશાખનો કેળાંબ (ઝાકળી–દરિયાઈ વાદળાં) રૂપે બહુ આવ્યો. તે વરસાદના વાતાવરણને ઠંડુ પાડી વ-રસાદના આવરણને વધારે છે. જેથી ચોમાસું તા. ૭ મી જુને મુ-પચુપ આવી તા. ૧૦ મી જુનથી વરસાદના ધોધબંધથી સવા-રમાં નૈરૂત્યના પવનના જબરા તોફાનથી બેઠયું. (મુંબઇ કરતાં એકા-એક વહેલું બેઠયું. કારણ વરસાદનું વહન આ તરફ પવનના જોસથી વહેલું ધસડાઈ આવ્યું) આ ચોમાસામાં થોડો વખત ખાંચોનાંખી મનસુન (હિંદી મહાસાગરના નૈરૂત્યનાં વહન ચાર મોટાં આવ્યાં જેથી આખા હિંદમાં જેજેકાર થયો. વરસાદ સરાસરી વધી પડયો ને આગતર–પાછતર સાતે સરા પાકી. અને અનાજના ભાવ મંદ પડયા (આ સાલનો અગાઉથી વર્તારો તા. ૭ મી જુન ૧૮૯૪ ઠા. દા. જુઓ.)

ચંદ્રાવળા.

એકાવનમાં અગ્નિ ઓલાણી, જેઠમાં વર્ષા જળ;
નદિયે નીરતો જાય છે ખળકયાં, ઉતરી આગલી કળ.
ઉતરી આગલી કળ તે ભાઈયો, પચાશના જેવો નાંખ્યો પાયો.
પશુને ભાગ્યે વરશ્યાં પાણી, એકાવનમાં અગ્નિ ઓલાણી.
જેઠમાં વર્ષા જળ.

કુવાનાં નિરતો કાંઠા સુધી, શ્રાવણી ચાલી જાય;
ખડની ખોટ ન રહી, કોઈ પશુ ન ખાય.
કોય પશુ ન ખાય તે સાખી, ઘણા તાવ ને બહુ થઈ આખી;
પડશ્યા ફેડાને બીની બુદ્ધિ, કુવાનાં નિરતો કાંઠા સુધી.
શ્રાવણી ચાલી જાય.

સં. ૧૯૫૧-૫૨ (સન ૧૮૯૪-૯૫):—શિયાળો મંદ (ઉત્તમ) ૧૯૪૫ ના શિયાળા માફક—ઉનાળો સં. ૧૯૪૮ માફક થયો. કૃતકાને રોહણી બેઉ તપ્યાં. તા. ૪ થી ૯ જુન સુધી ૪ દિવસ ખારી વહન ચાલ્યું. ત્યારબાદ એકપાસે સખત પવન ફુંકી તે સાથે ઉપરા ઉપરી કાળાંભ આવો નિયમિત રીતે એક માસે તા. ૯ મી જુલાઈએ પુનરવસુમાં અશાડ વદ ૮ ની રાતે એલીબાષ મે શરૂ થયો. તે લગભગ એક માસ વરશી વચમાં વાયરૂ કાઢી ભાદરવામાં સૂર્ય પવનની ગતિ ત્રણ દિવસ જોરમાં ઉપડવાથી બંગાળા ઉપસાગરનું વહન આવી પહોંચ્યું. (તા. ૯ મી સપ્ટેમ્બરે વહન આવ્યું) ને વધતો ઓછો વરસાદ બધે થયો કહોળની હોણ વધી. છેવટે વરસાદ બંધ પડ્યો. ને રૂતુમાં અનિયમિતપણું વર્તાયું. તા. ૧૮ મી અકટોંબરે ઘેલી ચિત્રાનું માવઠું ઘણાની પવનથી દીવાદાંડી ઉપર થયું. ઘઉં-ચણાનું વાવેતર ઘણું અને વરસ વાળ્યું (જુઓ- અમારો ખાનગી વર્તારો. કા. ટાઈમ્સ તા. ૧૯ મી જુન)

ચંદ્રાવળા.

બાવને તો બીક દેખાડી, જીવશું નહિ જરૂર;
મેના માનવી મરી ગયાં, ને વા ફેંકે ફરૂર
વા ફેંકે ફરૂર તે અજંપે, જોઈ પવનને માનવી કંપે.
કહે દેવ-શંકર શું થાશે માડી, બાવને તો બીક દેખાડી-
જીવશું નહિ જરૂર.

પણ પુનર્વસુમાં મે આવ્યો, વાયરૂં ભાગ્યું. અને આવતી આફત દુર થઈ.

સં. ૧૯૫૨-૫૩ (સન ૧૮૯૫-૯૬):—શિયાળો ઠરો. હીમ અનિયમિત. ટાઢ હુતાશણી તાપીને ગઈ. ઉનાળામાં તડકો વધી પડવાથી વૈશાખમાં પંખી ઝાડવેથી ઘરના આંગણામાં શીતલ જગાએ ભય મુકી ઘુસી જતાં. ગરમી ઘણી વધી જવાથી કોલેરાની ઉત્પત્તિ પુર જોશમાં વધી હતી. વૈશાખ શુદ ગણુપતી ચોથ અને પાંચમનો વાયુ ઉત્તરહિંદમાં પૂર્વનો વાયો. અને ગુજરાત કચ્છ-કાઠિયાવાડ માથે થઇ હિંદીમાહાસાગરમાં પસાર પામી ગુમ થયો. અને હિમાળુ પવન વાવાથી ગોળાનાં પાણી શિયાળા માફક જણાયાં. (આ અનિયમીત ઉંધા વહનથી ઉત્તરહિંદમાં ભારે દુકાળ પડયો.) મેઘસમાચારનાં વૈશાખ માસના જોગમાં પાંચમના પવન વિષે જે કહેલું છે તેવુંજ થયું. પણ મુંબઇ ઇલાકામાં વૈશાખનો કોળાંભ (ઝાકળી વાદળાં રૂપે) ઘણો ઉપરાઉપરી આવ્યો હતો. નક્ષત્રો કોરાં ગયાં. ગર્ભ જોરમાં રહ્યો. ભેજ વધારનારાં તોફાન રોહણુથી સ્થાનીક શરૂ થયાં. મૃગશરનું ખારી (અગ્નિ) વેપારવાયુનું વહન ચોમાસાના મુખમાં જુનના પહેલા પખવાડીઆમાં બાર દિવસ વહ્યું. પણ અરબી સમુદ્રમાં સામેથી મનસૂન-(ગીરનારી) જોસ્પર આવી પશ્ચિમ કોલ્હાપર તા. ૨૦ મી જુનની આસપાસ ગાજવીજ સાથે જુદ વ્યાપ્યું. મનસૂન જીત્યો.

અને તા. ૨૧ મીએ પ્રભાતે ગીરનારી વહન મુંબઇ ઇલાકામાં ભારે મેધાડમ્બર સાથે દાખલ થયું. તે વહન રૂપે ૪૦ થી ૫૦ ઇંચ સુધી વરસાદ ગુજરાત, કાઠિયાવાડમાં અને મુંબઇ ઇલાકામાં સરાસરી વધારે પડયો. તે બજેવ સુધી લંબાણો. પણ છેવટે ન પડવાથી એક વરસાદની ખેંચ રહી. હિંદના ઉત્તર વાયવ્ય પ્રાંત વગેરે વિસ્તાર વાળા ભાગમાં ઘોમ દુકાળ પડયો. અને મુંબઇ ઇલાકામાં પાછળથી ખેંચ રહી તેના પરિણામે માવઠું થયું. અનાજ, ખડ ઉત્પન્ન થયાં. નવાણે નીર વધવાથી ઘઉંનો પાક અઢળક થયો. તેણે હિંદના દુકાળની ભીડ સાચવી. ને ઘઉં ૨ાા રૂ. મણ થયા. તેનું કારણ ઉત્તર હિંદમા ખેંચાણ હતું. આથી નાણાં ભીડ વધી ને ગરીબ લોકોને શોષવું પડયું.

(આ સાલનો વ. ટા. ટાઇમ્સ તા. ૨૪ મી જુઓ).

ચંદ્રાવળા.

તેપનમાં તડકો ઝાઝો, ટુંટીઆની તડામાર;
કોગળીયું થાય કારમું, કોઇ નીકળે નહિ બાર.
કોઇ નીકળે નહિ બાર તે વળી, દોરમાં આવી ઉતળી શીળી;
પડે ધાડાં ને કહેશે ભાગો, તેપનમાં તડકો ઝાઝો.
ટુંટીઆની તડામાર.

બજેવ સુધી બહોળાં પાણી, જેઠેથી તે જાણ;
પછે ફોરૂં પડયું નહિ, વાંસેથી કરી તાણ.
વાંસેથી કરી તાણ તે જાણી, સડી પીઠને પ્રજા અકળાણી;
કાળ કાળ એમ ઓચરે વાણી, બજેવ સુધી બોહોળાં પાણી.
જેઠેથી તે જાણ.

માઠે વરસે માવઠું કીધું, મોંઘું કીધું અન્ન;
ઉધારે કોઇ આપે નહિ, ચોરાઇ ગયાં છે મન.

ઓરાઇ થયા છે મન તે ભાઇ, ગયો નાતો ને ગઇ સગાઇ;
પડયું દુઃખ તે ભોગવી લીધું, માઠે વરસે માવઠું કીધું.
મોઘું કીધું અન.

સં. ૧૯૫૩–૫૪ (સન ૧૮૯૬–૯૭):—મઇ સાલ ચેપનમાં હિંદમાં દુકાળ પડ્યો અને મુંબઈ ઇલાકામાં ભાદરવામાં વરસાદ થયો નહિ ને ઋતુ અનિયમિત લંબાણી જે પરિણામે કારતક શુદ ૧૫ તા. ૧૯ મી નવેંબરે માવઠું થયું. એટલે આવતી સાલ ૧૯૫૪ માટે વધામણું થઇ ચુકી જાણવી.

શિયાળામાં ૧૯૪૮ માફક માવઠાના હુમલા હિંદી માહાસાગરમાંથી દુકાળવાળા ભાગમાં જતાં શિયાળો ઘણે ભાગે નિયમિત હતો. અખાત્રીજનો પવન પશ્ચિમ વાયો. ગરમીનો ઉકળાટ સખત હતો. ફાગણ વદમાં અને ચૈત્ર વદમાં મોસમનાં વાદળાંના હુમલા હતા. પણ વૈશાખ જેઠમાં ગરમી નિયમિત પડી. ખારી વહન તા. ૫ મી જુનથી ૮ મી સુધી ૪ દિવસ પસાર પામ્યું. જેથી એક માસ વાધરે કાઢી પુનરવસુ નક્ષત્ર અને તા. ૯ મી જુલાઇએ વહન શરૂ થયું. હિંદના દુકાળને લીધે સાલની શરૂઆતમાં અનાજ ખડની મોંઘવારી રહી. કારણ હિંદમા ખેંચાણ હતું. માણસોને કમાણી નહિ અને અનાજ મેંઘુ માટે વધારે વસમું લાગ્યું. પણ આખરે ચોપનની સાલ ભલહરા [illegible] મેઘવરી રૂપી કાળની દૃષ્ટિમાંથી છુટી.
(અશાડથી ભાદરવા [illegible] વાર ભારે વહન આવ્યાં)

દુહા.

મોપનમાં [illegible] શના [illegible] વાય વાય;
આદ્રાનો [illegible] ઠરી દળાય.
ત્યાં માવે [illegible] પુરૂં નારણ્ વ મળે દાણો;
નથી [illegible] ગોચરણના.
[illegible] વાયુ વાય;

પીઠેતો પણ મેલાવ્યું, હાર્યા હીંમતદાર;
મજૂરી કરતાં અન્ન મળે નહિ, મોંઘું અપરમપાર.
મોંઘું અપરમપાર તે શું ખાય, ચૌદ શેરનું અન્ન વેચાય;
નિરધનીયાં કહે મોત આવ્યું, પીઠેતો પણ મેલાવ્યું.
હાર્યા હીંમતદાર.

અશાડ વરસ્યો શ્રાવણ વરસ્યો, ભાદરવો ભારપૂર;
વીશ આનાનું વર્ષ કહ્યું, પણ મોઢે મળે નહિ નૂર.
પણ મોઢે મળે નહિ નૂર તે શું કામે, મ.ની કમાણીમાં છોરૂ ન સામે;
કહે દેવ-શંકર શું કરશો, અશાડ વરસ્યો શ્રાવણ વરસ્યો.
ભાદરવો ભરપૂર.

કાળ જાશે કાણીઉ રહેશે, એવી ચોપનની સાલ;
દુનિયાને માથે ડામ ઉગ્યો, આજથી વધતો કાલ.
આજથી વધતો કાલ તે જાણો, ઉધારે કોઈ ન આપે દાણો.
કહે દેવ-શંકર ઈશ્વર કેને જઈ કહેશે, કાળ જાશે ને કાણીઉ રહેશે.
એવી ચોપનની સાલ.

ભંલહરા કરી ભય દેખાડયો, ત્રણવાર આવ્યાં તીડ;
ઉપર થઈ ઉડી ગયાં, ચાખી નહિ કોઇ ચીજ.
ચાખી નહિ કોઈ ચીજ તે ગયાં, નહિ નુકશાનને આકળાં થયાં;
કાચા મોલમાં વાઢ લઈ પાડયો, ભલહરા કરી ભય દેખાડયો.
ત્રણવાર આવ્યાં તીડ.

સં. ૧૯૫૪-૫૫ (સન ૧૮૯૭-૯૮):—શિયાળો મંદ (ઉત્તમ) અને હીમ પોષ માસમાં ગર્ભના રૂપમાં હતો. પણ હાલાર કચ્છ ને મચ્છુ કાંઠામાં વધારે હતો.

હુતાશણીનો પવન ઈશાની વાયો. વરસની વધામણી કીધી. ઉનાળો ગરમ. કૃતકા વરસી. રોહણ તપી. વેપારવાયુ-નું ખારી વ

ન-જુનની તા. ૧૦ થી ૧૩ સુધી ૪ દિવસ નિયમિત રહ્યું. પછી નિયમ પ્રમાણે એક માસે તા. ૧૭ મી જુલાઇયે એલીબંધ મે થયો. વચમાં તાણ પડી. પણ આખરે વરસાદ ગુજરાત-કાઠિઆવાડમાં વે-પાર (ખારી) વાયુથી ચડી અ.વી ગાજવીજ સાથે સપ્ટેંબરમાં અ-ઠ્ઠાડીયું પડયો. અનાજ, ખડની ઉપજ સારી થઈ અને બાર આને જાર મણ વેચાવા લાગી. રૂનો ભાવ સસ્તો થયો ને પાંચરૂપિયે મણ રૂ વેચાતું હતું. અને ભોગવેલા દુઃખનો બદલો અનાજની સોંઘવારી થતાં ગરીબ નિવાજે-એકલના બેલી-પરમેશ્વરે કાઢયો. અને ખડ ને જાર હુડેહુડે થવા માંડયાં પણ ઇશ્વરની કુદરતને કોઇ પાર પહોંચ્યું નથી. પણ વિદ્વાનો અને અનુભવિઓ ઇશ્વર કૃપાથી મનમાં સમજી જાય છે કે—જ્યારે કોઇ વસ્તુ હુડે હુડે થાય ત્યારે તે પછીનું વર-સ કઠણ આવશે. આ અનુભવ દરેક વસ્તુને માટે કુદરતનો સાહેબ સાક્ષી પુરે છે. (જુઓ. વર્તારો કાઠિયાવાડ ન્યુસ તા. ૮ જુન)

ચંદ્રાવળા.

પંચાવનમાં પાણીને પાડ, રઝળે રૂપુ ને રૂ,
મોટા મોટા મુંઝાઇ ગયા, ભડને પાયાં ભુ.
ભડને પાયાં ભુ તે જાણું, સમરથને ત્યાં નીકળે નાણું.
કહે દેવશંકર-સંધરજો, પંચાવનમાં પાણીને પાડ
રઝળે રૂપુ ને રૂ.

રૂ વાળા ઝાઝું રોવે, માળે ટકે નહિ મન;
દાણાવાળા દાંતુ કાઢે, જેણે સંઘર્યાં અન્ન.
જેણે સંઘર્યાં અન્ન તે ખાય, પછવાડેથી પૈશા થાય.
વીશના ભાવની વાટું જુએ, રૂ વાળા ઝાઝું રૂએ
માળે ટકે નહિ મન,

સં. ૧૯૫૫-૫૬ (સન ૧૮૯૮-૯૯):—આ સાલના એટલે

ચોમાસા પહેલાના શિયાળામાં સખત હીમ આવ્યો હતો. પણ તે ઘણું નહોતો. તોપણ તે નબળું ચિન્હ હતું ઉપરાંત આ સાલમાં ઝાકળ વારમવાર બહુ આવ્યો. એ ગર્ભપાતનું ચિન્હ હતું. હુતાશણીનો વાયુ ગીરનારી પણ આંચકાનો હતો. અખાત્રીજનો પવન નૈરૃત્ય ખુણાનો હતો. વળી ચૈત્રમાં સખત માવઠું થયું–ચારે માસનો ગરભ ગળ્યો. પુનમ અને દનોયાં માવઠાની અસરમાં હતાં. ઓછામાં પુરૂં જેઠી બીજ એકાએક ઘણા દેશમાં ગાજવીજને કરાના સખત તોફાન સાથ વરસી. કાઠિયાવાડના મખીઆળે ઢસા રેલવે સ્ટેશનનું છાપરૂં પવનના તોફાનથી ઉડાડી મુકયું. ઘણે ઠેકાણે નદીઓમાં પુર આવ્યાં. કહેવત છે કે " જેઠી પુર તો છોકરાં ફાકે ધુળ." વળી જે સાલમાં " પડે બહુ કરા તે સાલમાં ઉતરે સાજને વળા " મતલબ જેઠી બીજનેજ રહાડે એકાએક ગાજ-વીજ બીજે દહાડે ઉઘાડ થાયતો તે નબળું ફળ. પણ આગળ પાછળ વરસાદ વરસતો હોય અને ગાજવીજ કે વરસાદ હોયતો તેટલે દરજ્જે નબળું ફળ ન આવે પણ વરસને અંતે પણ વરસાદ માટે કહેવરાવે તો ખરૂંજ (સંવત ૧૯૧૧ ને સં. ૧૯૫૦ માં પ્રથમ એલીબધ વરસાદ હતો. ને જેઠી બીજ વરસી હતી. તો છેવટ કેહેવરાવ્યું હતું.) ઉપરાંત—તે સાલમાં ધરતીનું ધરેણું (આંચકા હતા) વળી વેપાર વાયુ નિયમ પ્રમાણે વાયોજ નહિ. છેક જુલાઈ આખરે સાધારણ વાયો. જેથી અગષ્ટ આખરે ગુજરાત-કાઠિયાવાડના દક્ષિણ ભાગમાં વરસાદ થયો હતો. વાયરાની અને દુકાળ પડવાની સખત અગમ ચેતીઓ શરૂઆતથીજ જણાઈ હતી, એ બાબત અગાઉથી સુજ્ઞ રાજા પ્રજાને બનતી ચેતવણી આપી હતી, ને ગુજરાતી સુપ્રસિધ પેપરમાં આ વિચિત્ર દુકાળ પડવાની અગમચેતી અમારા ખાસ વર્તારાથી જણાવી હતી. વળી શ્રીનાગજી મહારાજના કુંડળીઆની આગમ વાણી પણ દુકાળના ધરનીજ હતી.

આ દુકાળ—ગંગા કાંઠે અને બંગાળા રંગુન શિવાય હિંદના વિસ્તારવાળા ભાગમાં લંબાયો હતો. તેનુ રૂપ મોટું હતું. સપ્ટેંબરમાં શિયાળાની ઋતુએ દેખાવ આપ્યો હતો. વનસ્પતિના નવો કોળ લીંમડા વગેરેમાં ઋતુવિના દેખાવા લાગ્યો. દુકાળ પગથીએ પગથીએ આશા આપી પડયો. રાજા પ્રજા ઓંચીતી સપડાણા. અનાજ ખડના ભાવ વધી ગયા. અનાજના છેવટ રૂ ૩ મણના થઈ મણના રૂ. રા થી રાા રહ્યા હતા. રંગુની ચોખાનો ભાવ ૨ રૂા. રહી તેણે રંગ રાખ્યો હતો. ખડ હજાર પાઉંડ (૨૫ મણના) રૂા. ૩૦ થી ૩૫ રાજકોટમાં બોલાણો. અને ગુજરાત-કાઠિયાવાડમાં ૧૧ લાખઢોર મરણ પામ્યાં. ઘીનો ભાવ રૂા ૩૦ થઈ ગયો હતો. મા-છોરૂનોરનેહ રહ્યો નહિ. સબાની સગવડ રહી નહીં. શ્રાવણ વીતતાં અનુરાધાની આશાપર વરસાદની વાટ જોતા નિરાશ થયા, અને રાજા-પ્રજાને દુકાળને સન્મુખ આવેલો ઉભો જોઇ થર થર ધુજારો છુટયો. સરકાર-દરબાર અને રાજાઓ મોટા વિચારમાં પડી ગયા. શેઠ શાહુકારો હેબકાઈ ગયા-કે આપણું દ્રવ્યને સુખ શું કામનું પણ જ્યાં બ્રિટિશ રામરાજ્યનું શીતળ છત્ર બિરાજે ત્યાં પ્રજાને બચાવવા મોટા દીલના બ્રિટિશ હાકેમો દરેક પ્રાંતોમાં એકદમ જાગ્રત થયા. અને દુકાળને પહોંચી વળવાને ઘટીત હુકમો કાઢી, જોઇતી મદદ આપી. ઠારોઠાર રીલીફ અને પુઅર હાઉસો-વગેરે કામો ઉઘાડી પ્રજાને બચાવવા દયાળુ અને ચાંપતા ઉપાયો લીધા. આ વખતે કાઠિયાવાડને સુભાગ્યે બ્રિટિશ હાકેમ નામદાર કર્નલ હંડર પોલીટીકલ એજંટ હતા તેમણે દુકાળને પહોંચી વળવા માટે રાજા. પ્રજાને વેળાશર જગાડી. તન, મન અને ધનથી ટાઢ, તડકાની દરકાર ન કરતાં જે સ્તુતિ પાત્ર મહેનત લીધી છે. જેનું વર્ણન લખીએ તો પુસ્તક થાય.

છપનની કરણી

દુહા

મો પ્રુગી માળવે, પોગી પાવન પાલ.
ઓગણતેરાથી આકરી, ગઈ છપનની સાલ.
રેઢું કોઈ છોડે નહિ, કાળું કે ધોળું ઢોર
છપનીઆની સાલમાં, કે ત્રાઢી ખાવા મંડયા ચોર
બાર શેરની બાજરી વેચાણી, તેર શેરના ઘઉં.
ટોપી વાળો કહે કોઈ પુલોમાં, મેં જુવાડી મઉં.

દુકાળ પડવાનાં કુદરતી કારણો શિવાય—રાજા—પ્રજાની કરણીનાં ફળ દુકાળ પાડે છે કે વધારો કરે છે માટે રાજા—પ્રજાની કરણી નીતિ ધર્મ અને દયાળુ અને શ્રધાજ્ઞાનથી ભરપુર જોઈએ.

વારમવાર—દુકાળ પડવાના વિશેષ કારણો—

ચંદ્રાવળા.

બહુ અધર્મે અવની અકલાણી, કંપી વારમવાર;
ખળ પુરૂષને ખોટા બોલા, તેના થયો મુને ભાર.
તેના થયો મુને ભાર તે ગાજી, પુત્રીને પૈસે થાય સૌ રાજી;
ચાયો બોલ ગઈ સતવાણી, બહુ અધર્મે અવની અકળાણી.
કંપી વારમવાર.

કામ ક્રોધ કબુધી ઝાઝી, ઘણા મોહને માન;
સિધ્ધા રસ્તા છોડી દીધા અવળું પકડી જ્ઞાન.
અવળું પકડી જ્ઞાન તે થયું, ભીખનું નાણું ભંડારમાં ગયું;
કહે મકવાણા દીલમાં દાઝી, કાળ ક્રોધ કબુધ્ધી ઝાઝી.
ઘણા મોહને માન,

કર્યો કોપ કૈલાસને નાથે, જોઈ પ્રજાનું પાપ.
ખોટું લેવું ખોટું દેવું, ખોટાની કરે વાત.

ખોટાની વાત તે આ ટાણે, લીંડીઆં મેળું શામુંની માણે;
કરે દગો ને કોઈ સામું ન જુએ, કર્યો કોપ કૈલાસને નાથે.
જોઈ પ્રજાનું પાપ

સં. ૧૯૫૬–૫૭ (સન ૧૮૯૯–૧૯૦૦):-શિયાળો ઠંડો અને પોષ માસમાં હીમની અસર જણાઈ–તેમજ પોષમાં વીજળીની સાથ માવઠાની અસર પસાર પામી. (પોષની વીજળી થઈ એટલે આવતું વરસ ઘણે ભાગે સુકાળ થાય–હુતાશણી અને અખાત્રીજનો પવન નિયમિત હતો ચૈત્રમાં રામ નવમાનું વાદળવીજને ધુમસ અંધકાર સાથ તોફાન ઉત્તર દિશાતરફ પસાર પામ્યું તેમજ ચૈત્ર વદ ૧૨–૧૩ (તા. ૨૬–૨૭ મી એપ્રીલે) શિયાળું પવનનું ધુળ વાદળાના અંધકાર સાથ તોફાન પશ્ચિમમાં પસાર પામી ગોળાનાં પાણી શીતળ કર્યાં. (સ. ૧૯૫૩ નું તોફાન વૈશાખ શુદ ૫ નું હતું એટલો તફાવત હતો.)

વૈશાખમાં કૃતક–ગાજવીજનો કાલ આપ્યો. પાંચમની વીજળી નીયમીત હતી. વેપારવાયુ. જુન આખરે બે દિવસ અંધાધુંધવાળા એકમાસે ચોમાસું રેલમછેલમ બેસવાના વરતામણી આપી. પણ સરકાર–દરબારો આ પ્રથમના વાયરાથી બીજે દુકાળ પડવાની આ-રતોમાં આવા પડયા. પણ ઇશ્વરી કુદરતના આ વહનની અસરોની આપણને કેટલીક અનુકુલ ચેતવણી આપે છે. જે અમે તા: ૨૮ મી જુન શિયાજી વિજયમાં વર્તારાથી જાહેર કર્યું હતું. અને વેપાર (ખારી) વાયુએ પોતાના નિયમ પ્રમાણે જુલાઇ આખરે વહનરૂપે વરસાદ શરૂ થઈ, સપ્ટેંબરની તારીખ ૧૦ મીએ ગયો. છેવટ છુટાં છવાયાં ઝાપટાં પડયાં. પણ પ્રથમ સારો વરસાદ પડવથી બાજરો ઘઉં અને તલની નિપજ સારી થઇ.

ખડ-પાણી બોહોળાં થયાં. અને કાળ ગયો અને કહાણીઓ રહી.

(આ સાલમાં ઉંદરની ટાઢ વધી પડી હતી. તેની અસર ગુજરાતમાં વધારે જણાઈ હતી. જેથી વરસ કેટલાક ભાગમાં ઉંદરીયું કહેવાણું)

કાળ મારતો નથી. પણ કાળનું પુછડું મારે છે.

છપનીઆ જેવા સખત દુકાળની અસંતોષી ભુખથી ગરીબ-રાંકડી પ્રજા નવા અનાજની સોથી વાળવા વગડામાં જ્યાં ત્યાં રસ્તો વાળો રહી. પાકે ચઢેલું કાચું અનાજ રાત્રે ખેતરમાં પડી ખાતાં તથા ખડધાન, (સામો, મગુસો,) વગેરે ખાઈ તાવ અને મરકીના ભોગ થઇ પડતાં દેશમાં મરકી ફાટી નીકળી. અને એક સામટા વરસાદે ભેજ વધવાથી હવામાં એટલો બધો ફેરફાર થયો કે-છપનીઆમાં પૈસાદાર લોકો જેને પૈસાના જોરને લીધે બચી જવાનું અભિમાન આવી ગયું હતું. તેવા તેવા શેઠ-શાહુકારો અને જમીનદારો-" સુકા પાછળ લીલું " એ કહેવત મુજબ-તાવ વગેરે મરકીના ભોગ થઇ પડયા. જેથી ગરીબ અને શાહુકાર વગેરે ઘણા ભાગને આ કાળના પુંછડે માર્યા. હમેશાં દુકાળ કરતાં, દુકાળનું પુછડું વધારે વસમું ન લાગે માટે-રાજા-પ્રજાએ તેનો વિચાર દુકાળને પહેલે પગથીએજ કરવો કે ગરીબ લોકોના છાંટા સારા માણસોને ભોગવવા ન પડે (આ સાલનો અગાઉથી વર્તારો શિયાજીવિજય તા. ૨૮ મો જુન વાંચો)

સં. ૧૯૫૭-૫૮ (સન ૧૯૦૦-૧):—શિયાળો-ઉનાળો. પાછલી સાલ માફક અને તા ૨૭ મી એપ્રીલ (વૈશાખ શુદ ૯) ને દિવસે શિયાળુ પવન સં. ૧૯૫૭-પાછલી સાલમાં ફરવાર્યા અને પાણી શીતલ થયાં. ફતકા કલ્યાણના છાંટા બધે થયા. રોહણી બેસત ઝાપટાં-તા ૧૦ મી જુને નૈપારવાયુ (ખારી) અગ્નિ) નું તોફાન બધા પ્રાંત ખાતે થયું. પણ વેપારવાયુ ટકયો નહિ (હિંદી મહાસાગર તરફ લંબાયો નહિ. તેમ-કચ્છ-કરાંચી સુધી નિયમ પ્ર-

માણુ બે વરસ પછી નહિ. આ સાલ ચોમાસુ પ્રથમ ખંડ વૃષ્ટિ થઈ ખરેખરૂં શ્રાવણ વદ ૨ થી બેઠું હતું. આટલું મોડું ચોમાસુ કોઇવાર બેઠેલું જણાતું નથી. મોડું ચોમાસુ બેસવામાં મુખ્ય ત્રણ કારણ હતાં.

૧ લુંઃ—તા. ૨૭ મી એપ્રીલનો ભુરપવન. ૨ રોહણી નક્ષત્રનું બેસતાં ઝબકવું. ૩ વેપારવાયુનું મંદપણું. ફકત ફતકાનાં સ્થાનીક તોફાન, અને વૈશાખ વીજવલો હતો. જુલાઇમાં પ્રથક વરસાદ થયો. અગષ્ટમાં વધતો—ઓછો પડયા કર્યો. સપ્ટેમ્બરના બીજા અઠવાડીઆમાં ખલાસ થયો. આ સાલમાં ગુજરાત કઠિયાવાડમાં ઉંદરની ડાઢ વધી પડતાં અનાજ તથા કપાસના પાકનો જેમ કાતર ચાલે તેમ ઘણે ઠેકાણે ખરાબી ઉંદરોએ કરી હતી. એટલે વરસ સાધારણ. જેથી ઉંદરની રંજાડ વસમી લાગી હતી. સોરઠ—હાલરમાં વરસાદ કમતી સાથ નિપૂજમાં ખાડાબરડું થયું. ફક્ત પાંચાળ અને ગુજરાતનો દક્ષિણ ભાગ પાકમાં ઉત્તમ હતો. આ સાલનો વર્તારો શિયાજીવિજય તા. ૬–૬–૦૧ જુઓ.)

સંવત–૧૯૫૮–૫૯ (સન ૧૯૦૧–૦૨):—શિયાળો મંદ (ઉત્તમ) મતલબ ગરમાગરમ હતો. ઉનાળો નિયમિતપણુ તા. ૨૭ મી એપ્રીલ (ચૈત્ર વદી ૪) હિમાલયમાં બરફ પડવાથી શિયાળુ પવન સં. ૧૯૫૭–૫૮ બેઉ સાલો માફક વાયો.

ઉનાળામાં હિમાળુ પવનની નવી શાશી ત:—છેલા ત્રણ વર્ષથી બરાબર ૨૭ મી એપ્રીલે હિમાલયમાં બરફ પડવો જારી રહ્યો હતો. જેના પરિણામે સં. ૧૯૫૭ થી ૧૯૫૯ લગી ત્રણે ચોમાસાં મોડાં બેઠાં હતાં. માટે એપ્રીલનો શિયાળુ પવનની ગતિ ઉપરથી આપણને ચોમાસું બેસવાના સંબંધમાં નવું આલોકન મળ્યું છે. વળી સં, ૧૯૪૯ ના વૈશાખમાં જેવું તોફાન હિંદી 'મહાસાગરનું મી-

કબ્જુ હતુ. તેને લગતુ તોફાન વૈશાખ શુદ ૬ તા. ૧૩ મી મેએ-વાહન, વીજ ધુળના અંધકાર સાથે ઝાપટાં નાખતુ તોફાન ઇશાનમાં પસાર પામી. ચોમાસા માટે વધામણીનું વોળાવું કીધું. (નક્ષત્ર કૃત્તકા હતુ) વેપારવાયુ તા. ૧૦ થી ૧૪ મી જુન સુધી બરાબર નિયમ પ્રમાણે અને જોરમાં વાયો-હતો. જેથી તા. ૧૫ મીએ કચ્છમાં થઈ વરસાદના તોફાન સહીત કરાંચીને સપડાવ્યું. અને લાખો રૂપિયાનું નુકસાન વરસાદ અને દરિયાઈ તોફાનથી થયું. (જેથી પાછલા વેપાર.) (ખારી-અગ્નિ) વાયુના વહનની સુરતને ચેતવણી રાખવાનું છે. તેમ પહેલો વેપારવાયુ જે બંગાળા તરફથી જોશમાં આવે છે તેની ચેતવણી કરાંચીને રાખી ચેતવા જેવું છે. ગુજરાત કાઠિયાવાડમાં નિયમ પ્રમાણે રાત દિવસ શરૂ થાય કે તુરતજ કરાંચી કચ્છના સતાવાળાને તારથી ખબર અપાય અથવા સરકારી વેધશાળાથી તેની ગતિ મુજબ ખબર અપાય છે. પણ તે કરતાં દેશીવાયુ ચક્રની ગતિ પહેલા ખબર આથી આપી શકે તેમ છે.

અશાડ શુદ ૨ થી ૬ સુધી (જુલાઈ શરૂઆતમાં) બંગાળાના ઉપસાગરનું વહન પંજાબ તરફ જોરમાં પહોંચી ગતિ બદલાતાં-આ તરફ વળતાં ઈશાન ખૂણામાંથી નૈરુત્ય તરફ વળી. અને મોટા મેઘાડમ્બર સહિત સ્વારી સોરઠ અને હાલારના કોષ્ટાપર લંબાતી ત્રણ દિવસમાં ૩૦-૪૦ ઈંચ જેટલો ભારે વરસાદ પડયો. પછી અવૃષ્ટિ અવ્યવથા એવી મંડાણી. અને સપ્ટેંબર સુધી ઝાપટાં ચાલુ રહેવાથી ગુજરાત-કાઠિયાવાડમાં અનાજની નિપજ અથોક થઈ. સોરઠ અને હાલારને ઉપજમાં હાંકી દોવા. પીઠ ભાંગી. અને બાર આને મણ જાર, બાજરો વેચાવા લાગ્યાં. ખડી પણ ભૂખ ગઈ. (જુઓ વર્તારો ગુજરાતી તા. ૧૩-૮-૦૨.)

સંવત. ૧૯૫૯-૬૦ (સન ૧૯૦૨-૦૩) શિયાળો-ચરસા-

૨૨. (ઉત્તમ) હુતાશણીનો પવન પશ્ચિમ. ચૈત્ર માસના પહેલા સાત દિવસ—સુકો શિયાળુ વાયો. (ફાગણ અને ચૈત્ર વચે શિયાળુ વાય તે ચિન્હ નબળુ નહિ ગણવું.

બાદ વૈશાખનો પડવો ગાજયો. અને વરસ માટે વધામણી થઇ ચુકી. વળી અખાત્રીજને દહાડે સવારમાં પવન જોવા જતાં, ગાજ-વાજનું દર્શનીક તોફાન સામું મળ્યું. અને અમીનો છંટકાવ નાખ્યો. આ વખાની રૂપેરી ખડાદાર ઘટાઓ—પર્વતના શિખર જેવી ખુબ અમને આનંદ જનક હતી. જેથી પવન જોવા જેવો બંધ રાખ્યો. તોફાનની ગતિ—પશ્ચિમ પવનની હતી. પવન જોવા જવા, બંધ રાખવાનું કારણ જે માટે જતા હતા. તે મેઘરાજા રસ્તામાં મળ્યા.) કૃત્તકા ગાજી વીજી કોલ આપ્યો. રેહણ રેલી. સુઆ થઇ વેગાર (ખારી—અગ્નિ) વાયુ મૃગશર નક્ષત્રની તા. ૧૪ મી જુન થી તા. ૧૮ મી જુન સુધી આખા દેશ માથે નિયમ પ્રમાણે અને મજબુત વાયો. જેથી વચમાં એક માસ પૃથક વરસાદ કે વાયરૂં ગયા બાદ તા. ૧૪ મી જુલાઇએ વેપારવાયુ (બંગાળાના ઉપસાગર તરફનું અગ્નિનું વહન ખુલ્લું થયું. અને તે ત્રણ દિવસ હાલાર, કચ્છ, મચ્છુ કાંઠાના કોણાપર ભારે વરસાદ અને ગાજવીજ સાથે સં. ૧૯૫૯ (સન ૧૯૦૨) માફક તોફાન ચાલુ રહ્યું. વચમાં પાંચ દિવસ ઘાણુ વાદળાં સહિત (સ્થિર) રહ્યાં તા. ૨૦ મી જુલાઇ પુષ્પ નક્ષત્રથી મનસુન વહન હિંદી મહાસાગરનું ઉપડી પંદર દિવસની હેલી મચાવી. અને જેજેકાર કર્યો. શ્રાવણ ભાદરવો ભરપુર રેલ્યા. સાતે સરા પાકી અને આનંદ સંવત્સરમાં આનંદ ફેલાણો અનાજની પોઠ ભાંગી જાર રૂપિયાની બે મણ વેચાવા લાગી. કપાસમાં તેજી આવી. મણના રૂપિયા પંદર થયા.(સં. ૧૯૪૯ માફક)

અહો ! આ પાકથી પ્રજામાં મિથ્યાભિમાનનો કોટો આવ્યો. જેથી ઇશ્વરે ટીડ હીમને માવઠા રૂપે વરસના પાછલા ભાગે શિયા-

ળામાં ત્રણુ જબરા હલ્લા મોકલી ભય દેખાડયો. પણુ જબરા પાકને લીધે અને ઇશ્વરે ભયમાં હદ રાખવાથી પ્રજા એ ત્રણે હલ્લામાંથી ઘણે ભાગે બચી જવા પામી હતી.

સં. ૧૯૬૦–૬૧ (સન ૧૯૦૩–૦૪):—શિયાળાથી રૂતુ ઠંમખડા વગરની પોષ શુદ ૭ મે સખત (દારૂણુ) હીમ પડયો.

ઝાકળીનું અતિશે ઝરવું. ફાગણુમાં એક પખવાડીઉં ચોમાસા માફક ગર્ભપાત થયો. હુતાશણીને દહાડે ગાજવીજ અને કરાનું સખત તોફાન ગુજરાત–કાઠિયાવાડ માથે પસાર પામી અપશુકન બતાવ્યાં. હુતાશણી દેવી પ્રગટ કરતી વખતે વરસાદથી વીઘ્ન આવ્યું. એ વરસ નબળાની અપશુકન ભરેલી મુખ્ય નિશાની હતી.

વળી હુતાશણીને દહાડે તોફાન થાય. ત્યારે ચોમાસામાં મોડું વાયરૂં વાય. અને ભાદરવામાં વરસાદ થાય. અને છ માસની અંદર ચીજ માતરના ભાવ ચડે. એવો હુતાશણીના તોફાનનો ભાવ પૂરો પડયો હાલારમાં કરાનું રૂપ પથર જેવા ચોસલાં પડયાં હતાં. નક્ષત્રો ક્રમ વરશ્યાં અખાત્રીજનો પવન દક્ષિણનો હતો વૈશાખવાયુ તા. ૯મી જાં. ૧૯૫૮ માફક નબળો વાયો ટકયો નહિ. જેના પરિણામે જુલાઈ શરૂઆતમાં અઠવાડીઉં વરસાદ થયો.

પણુ પછી રાા માસનું સખત વાયરૂં કાઢી ભાદરવા શુદ ૫–૬ અનુરાધા નક્ષત્રે ગુજરાત–કાઠિયાવાડમાં પોતાના જોગ સાચવી દુકાળની આવેલી આફતને ઘણે ભાગે ખાળી કેટલેક ભાગમાં સાતઆની પાક થયો. કયાંક બાંટી અને કયાંક વાવેતરમાં મુંઠાપણુ ન મુકી હતી. તેમાં વિશેષે ગોહલવાડ અને કાઠિયાવાડનો મધ્યભાગ વધારે સંકટમાં આવેલ છે. અનાજની અછત પાછલી સાલના જબરા પાકને લીધે ભાવમાં રૂપિએ મણ ભાર ચોમાસા લગી મળી. પાછળથી ભાવ વધીને રા ૧૧ થી ૧ાા. થયા. ખડ રૂપિયાનું ૨ મણુ મોંઘું જડયું

નહોતું. એટલે આ ગુપ્ત દુકાળ પેટ ખાળનો આપણે માથેથી પસાર પામતો આપણે નજરે જોયો છે. કેટલેક ઠેકાણે ઉનાળો આવતાં ખડ–પાણીની બુમ પડવા નિશાનીઓ જણાઈ હતી જેથી સં. ૧૯૬૧નું વરસ કાળ કે કરવરૂં કહેવાણું. અને દારૂણ હીમ, હુતાશણીનું તોફાન અને વેપારવાયુનું મંદપણું એ ત્રણે જોગ ઉલટા જે સાલમાં થાય. તે સાલ કાળ કે કરવરૂં થાય તે નિહાળતા રહેજો.

સં. ૧૯૬૧–૬૨ (સન ૧૯૦૪–૦૫):—કાર્તકમાં માવઠું થયું. એટલે કારતક શુદ ૪ થી છઠ સુધી ગુજરાત–કાઠિયાવાડ માથે માવઠાની અસર થઈ–વીજળીએ દેખાવ આપી આવતા ચોમાસા માટે વધામણી આપી. વાદળાં ખડાકાર, રાતાં–પીળાં, જુદે રંગાં વગેરે ગર્ભનાં રૂપનાં હતાં શિયાળાનો ઘણો ભાગ ગરમાગરમ ફક્ત. પોષવદ ૩ થી ૫ સુધી હીમ ગર્ભના રૂપમાં આવ્યો કચ્છમાં હીમની અસર વધુ હોવાથી લાખો જાનવર મરી ગયાં.

(જાનેવારી તા. ૨૦થી ૨૫– ૧૯૦૪) પોસ અમાસે અને માહાશુદ ૧ મે સં. ૧૯૪૮ માફક માવઠું હતું.

ફાગણવદ ૮ મે બધા પ્રાંત માથે માવઠાની અસર થઈ ચોમાસા માટે વધુ વધામણી કીધી ચૈત્ર વદ– ૩–૪ (એપ્રીલ)નું ગાજવીજ અને કરાનું તોફાન માળ ઉપર થઈ ગુજરાતમા પસાર પામ્યું. (એપ્રીલમાં કરા પડે તે આવતી સાલ સારી. કારણ ગર્ભ જોરમાં છે એમ બતાવે છે).

અખાત્રીજનો વાયુ. વાવ્યનો હતો– તે ઉતમ હતો– ઉનાળાની પાછલી ગરમી વધી ગઈ. વેપાર (ખારી અગ્નિ) વાયુ જુન આખરે ચાર દિવસ નિયમ પ્રમાણે વાયો– તેથી ચોમાસાનું વહન તા–૨૨મી જુલાઈએ આગાહી મુજબ સં ૧૯૪૮ (સન ૧૮૯૧) માફક ચોમાસું રેસમ ઝેસમ પસાર પામ્યું. ૮ દિવસની એવી જમાવટ. (આ બાબત જુનાગઢ, ભાવનગર, જામનગર, લીંબડીના મહારાજાઓને તા. ૨૦ મી જુલાઈએ

વહન ઉઠવાના ખબરે તાર વડે અગાઉથી આપ્યા હતા.

વચમાં કોરાકુ કાઢી. ભાદરવે વહન ઉઠી-વરસ- આબાદ નીવડયું: પહેલું વેપાર વાયુનું વહન નિયમ પ્રમાણે બે કે ચાર દિવસ પસાર પામે. તે પાછળથી પણ વેપાર વાયુનું વહન આવેજ. એ ચોકસ નિયમ જાણવો.

સં- ૧૯૬૨-૬૩ (સન ૧૯૦૫-૦૬) શિયાળો મંદ (ઉત્તમ) તેમ હીમનાં લેરાં અને વયાં વાળો હતો. પોષ શુદ ૧૫ અને વદ ૧ હીમ ગર્ભના રૂપમાં. ગુજરાત કાઠીયાવાડમાં પસાર પામ્યો. તેવો સાધારણ હીમ-ચોમાસામાં એલીની વધામણી આવે છે આ હીમની અસર ઉત્તર ગુજરાત ને મેસાણા તરફ એરંડાને વધુ નુકશાન કરનાર નીવડી હતી. માહ માસ મેલો પણ ગર્ભના જોરમાં હતો. માહ શુદ અને વદમાં માવઠાના હુમલા અને છાંટા ચાલુ હતા પણ સખત માવઠું થયું નહોતું. આ વખતે કરાંચી-ઉત્તર હિંદ, કચ્છ, મદ્રાસ, બંગાળા, વાવ્ય પ્રાંત, રંગુન તરફ માવઠાની સારી અસર થઈ હતી.

માહાવદ ૭ અને વદ ૧૪ ને દિવસ હિંદી માહાસાગરમાંથી મોસમનું મનસુન. (નૈરૂત્ય) વહન. મેઘાડમ્બર અને પવનના સખત તોફાન સાથ-આ પ્રાંત માથેથી ઉત્તર હિંદમાં પસાર પામી-આ શીવરાત્રીના મહાન તોફાને ચોમાસા માટે વધામણી આપી. ભાદરવાનો કોલ આપ્યો. આ તોફાનનું અવલોકન કાઠિયાવાડ મધે આવેલા હિંગોળ ગઢ માથેથી નિરિક્ષા કરી-જોયું હતુ જે ઉપરથી ગુજરાતી સુપ્રસિદ્ધ પેપરમાં તુરતજ વધામણી ભર્યો વર્તારો પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો માટે શીવરાત્રીનું તોફાન-એ ભાદરવાનો કોલ જાણવો.

હુતાશણીનો વાયુ ચક્ર-પ્રથમ અગ્નિ ખુણાનો પછી ઇશાની વાયો. તેપણ સારો હતો (દરિયા કાંઠાના મુલકમાં અગ્નિ પવન ફેરામ જાણવો) ફાગણ વદ ૧૨ ને દહાડે લોકલ ત્રણ વાગે તારો

ખરો. તેનો અવાજ ધનુષ બાણુ જેવો કડાકો થયો. (સંવત ૧૮૯૯ માં પણ થયો હતો. જેથી તારા અનેક ખરે તે કરતાં આવો કડાકો થાય તે વરસ સારૂં) અખાત્રીજનો મહાન વાયુ ... વાયનો હતો. વાણી આજ રહો. લાડુ જમો ને આનંદ કરો. એવી અનુમતિ ચેથની સવારની વાણી સંવત્સર ભાવનાં તેજીમંદીનાં અંદર જોઇ આવતાં થઈ.

વૈશાખ શુદ ૧૫ તા ૮ મી મે ઝાલમાં-રાણપુરથી ધોલેરા તરફ પાશેર પાશેરના કરા પડયા તેમજ તા. ૨૫ મી મે ઉમરસવની (મધ્યપ્રાંત) માં કરા પડયા અને આવાં સ્થાનીક કરાનાં તોફાન ચેમાસા માટે વધામણી આપતાં રહ્યાં. મતલબ વૈશાખમાં અજવીજનાં તોફાન તે શુભ ગણવાં.

ઘરારવાયુ. (ખરી-અગ્નિવાયુ) નું મૃગસર નક્ષત્રમાં તા. ૪ થી જુને ધુડના અંધકાર અને મેગાડંબર અને વરસાદ સહીત ભીમઅગીઆરસને દહાડે-ગુજરાત-કચ્છ-કાઠિયાવામાંથી નીયમ પ્રમાણે પસાર પામી તા ૮ મી સુધી ચાલુ રહી. હિંદી મહાસાગર તરફ પસાર પામ્યું. (મૃગશર નક્ષત્રમાં આ વહન ખુલ્લે તે ચોક્સ નિર્મીત ને વધામણી ગણવી. જેથી ચોમાસાના ચારેમાસ મે વરસ્યો. શ્રાવણ ભાદરવો ખુબ રેલ્યા. દોઢો સુગાળ થયો. અને આસો સુદ ૨ સુધી ચોમાસું લંબાયું સાતે સરા પાકી. (બંગાળીમાં આ સાલ વરસાદ કમતી હતો.)

ચૈત્રી વર્ષ. સં. ૧૯૬૩-૬૪ (સન ૧૯ ૬- ૦૭):—આ વરસ સમધારણ થયું. પ્રથમ મે થયો. ભાદરવે ભાગી ગયે. જેથી કયાંક ભલદરો અને કયાંક ખાંડા બરડું નીપજ્યું.

કાન્તુ—કારતક વદ ૮ (તા. ૨૫ મી અક્ટોબર) દક્ષિણ હિંદમાં સં. ૧૯૬૫ માફક ભારે માવઠું થયું. તે તોફાનનાં અસર ક-

રાંચીથી કોલ બો સુધી હતી. મદ્રાસમાં એક દિવસમાં ૯ ઈંચ મે પડ્યો. ઘણાં વહાણોને જોખો લગાડ્યો. પરિણામ—દક્ષિણ હિંદમાં કારતકને માવઠે વરસ સારૂં થવાનો કોલ આપ્યો. ઉતર હિંદમાં વરસ સાધારણ થયું પોશ શુદ ૩ ને વદ ૧ સુરતમાં વાદળ—છાંટા હતા.

મહા વદ ૭ માવઠું ભારે થયું. ગરમ ગાજ્યો. ને મહા માસ આખો વાદળાંમાં પ્રસાર પામી માવઠાંથી ઉત્તર હિંદમ ાંગર્ભ બગાડ્યો. (વાદળાં થાય ને ગર્ભ જોરમાં રહે તે સારો—મતલબ સાધારણ માવઠુ સારૂં) વારમવાર માવઠાં નહિ સારાં.

ફાગણ શુદ ૫—૬ નું કરાનું સખત તોફાન—કાઠિઆવાડના મધ્ય ભાગ ચોટીલાથી શરૂ થઈ. ભાલના દેવપરા ગામમાં ૨૮ માણસના જીવ લઈ, ઘઉં—કપાસના પાકને નુકશાન કરતું બોરૂં લગી પસાર પામી—પાંચ પાંચ શેરના કરા પડયા. દેવપરામાં તે બેઝાં રૂપ જામી ગએલ ચોસલાં પડયાં. ને નુકશાન કર્યું; (કરા ઝીણા પડે તે સારા. મોટા પડે તે ગર્ભ ને વણસાડે, ઉનાળો ગરમા ગરમ. ચૈત્ર નિર્મળ પણ દનિયાં બગડ્યા. ચૈત્ર બે હતા. બીજા ચૈત્રમાં શુદ ૧ થી પુનમ લગી વાદળ વરસાદ ને ગાજવીજનાં તોફાન- ચૈત્રના ગર્ભ ગાળો પુરમાં જાય છે. અખા-ત્રીજનો વાયુ પશ્ચિમ હતો

વૈશાખ વીજળીનો હતો. અને વૈશાખ શુદ ૮—૯ (તા ૨૦મી મે) રાણપુરને ધંધુકા વચ્ચે સ્થાનીક તોફાન પસાર પામી. કેટલાંક ઝાડ ઉડાડી મુકી ચોમાસાના જોર વિષે. પુરાવો આપ્યો (ચોમાસું મધ્ય ભાગે ભારે જોરમાં હતું).

વેપારવાયુ વૈશાખ વદ—૮—૯ (તા—૩—૪ જુન) ગુજરાત કચ્છ-કાઠીયાવાડ માથે થઈ સિંધ તરફ ગયો. ફરી તા.૧૮મી જુને બે દિવસ વેપાર વાયુ બંગાળા તરફનો નિયમિત વાયો. અને ઝાપટાં સાથ વહન પસાર પામી. જુલાઈમાં એની બધ મે આવશે. એમ વર્ષામણું આવી.

(વેપાર વાયુનો) એવો નિયમ છે કે જ્યારે જ્યારે જે સાલમાં બે-ત્રે ચાર દિવસ—અંધાધુંધ કે ઝાપટાં સાથે વાવ્યમાં પસાર પામે ત્યારથી લગભગ૨૦ દિવસથી માંડી ૩૫ દિવસમાં એટલે લગભગ માસ—સવા માસે હેલીબંધ મે હિંદીમાહાસાગર મોકલે અને તે સાલ કાળ પડે નહિ એ નિશ્ચય જાણજો. માટે દર સાલ આ મહાન જોગ નિહાળતા રહેવું.

અસાડ—શ્રાવણ ભરપુર વરસ્યા. ભાદરવે મે પ્રથમ થયો. જેથી કેટલેક ઠેકાણે કપાસ જુવારના પાક મન માનતો થયો નહિ ભાદરવે મે થયો નહિ. તેનાં મુખ્યએ કારણ હતાં માહ માસ અને ચૈત્ર બેઉ માવઠાંથી સખત બગડયા હતા

સંવત ૧૯૬૪-૬૫ (સન ૧૯ ૭-૦૮:—શિયાળોમંદ (ઉત્તમ) એટલે ગરમા ગરમ એટલે થોડા દિવસ વાયાં પડે અને થોડા દિવસ ગરમાવો જણાવે. તે શીયાળો ચારે માસ ચોમાસા માટે વધામણી જાણવી.

આવા શીયાળા—સંવત ૧૯૪૫.૪૮,૫૩,૫૯, ૬૧,૬૨, ના હતા. માટે ચૈત્ર વર્ષ. ૧૯૪૬, ૪૯, ૫૪,—૬૦,૬૨,૬૩ના વર્ષો સારાં ઉત્તમ નીવડયાં હતાં.

આ સાલ પોશ શુદ૬—૭ અને પોશ વદ ૧૪ ને અમાસે (તા. ૮ મી જાનેવારી)મકરસંક્રાતિનું તોફાન હિંદીમાહાસાગરમાં આવી આખા પ્રાંત માથે થઇ આખા હિંદ માથે પસાર પામ્યું. અને તે પંજાબ વાવ્યપ્રાંત અને બંગાળા સુધી લંબાણું. જેથી પાછલા વરસની વરસાદની તાણ મટી અને નવા વરસ માટે વધામણી નીવડી. મકરસંક્રાંતિના છાંટા કે માવઠુ એ ઘી દુધ બોહોળાં એમ, કોલ, ગણવો, (જુઓ મેઘ સમાચાર પ્ર ૨ જું માહા માસ ના જોગ)

માહાશીવરાત્રીની આસપાસ સં. ૧૯૬૨ માફક પવનનું તોફાન હિંદીમહાસાગરમાંથી હિંદમાં પસાર પામ્યું, ગર્ભ જોરમાં રહ્યો, ને

ભાદરવા માટે વૃધામણી કીધી. (કહેવત છે કે એક પાકયો તે બારે પાકયા ને એક કાચો તો બારે ક્રાચા. તેમ ભાદરવો જે સાલ વરસે તે સાલ સાતે સરા પાકે.)

ફાગણ વદ ૭–૮ મે વાદળ વીજળી છે. એટલે કહેવત છે કે.–

મહાન જોગ.

હોળીથી આઠદિન, અરા કાં પરા;
ફાગણ માસે કેશુ ધુવે.
વૈશાખ વિજ વલોવે, જેઠ જો તપંતો જાય;
તો કોણ રાખે વરસંતો રાય.

મતલબ હુતાશણી માથે વરસાદ કે કરાનું તોફાન થાય એ વરસ માટે અશુભ ચિન્હ જાણવું. પણ હોળીથી આગળ પાછળ ૭ કે ૮ દિવસ તોફાન કે વરસાદ કે કરા પડે અને કેશુડાં ધુવે તેટલા છાંટા થાય. તોપણ વરસ સુગાળ જાણવું. તેવુંજ ચિન્હ વૈશાખની વીજળી અને જેઠનું તપવું છે. આ મહાન જોગનું અમે ઘણા વરસ અવલોકન કર્યું અને તે જોગ ખરો જાણવો.

નક્ષત્રો થોડાં વરસ્યાં. અખાત્રીજનો પવન ઉત્તરનો વાયો. વાણી–દુઝણાં બોહોળાં સાતે સરા પાકે એવાં ચિન્હ જણાયાં.

વૈશાખ શુદ ૧૨–૧૩ (તા. ૧૩–૧૪ મી મે) ગાજ–વીજ કરા સાથનું તોફાન કાઠિયાવાડ–ગુજરાત મધ્યે પસાર પામ્યું. ધોળકા તાલુકાના ગામ અર્ણેજમાં કરા સાથની અસર વધુ હતી.

વેપારવાયુ (ખારી–અગ્નિ) નું પ્રથમ વહન જેઠ શુદ ૧૫ (તા. ૧૪ મી જુનથી ૧૬ જુન લગી) ની આસપાસ નિયમ પ્રમાણે ઝાપટાં નાખતું સિંધ–ને સેચીલીસના ટાપુ તરફ હિંદી મહાસાગરની મધ્યે જે બેટ છે. ત્યાંથી ચોમાસું આ તરફ દરસાલ આવે છે. અહીંથી લગભગ ૨ હજાર ગાઉ હશે).

ત્યારબાદ ૧ મસે જુલાઇમાં ૧૮૫૭ માફક વરસાદ થયો. કાઠિયાવાડમાંથી રેલ આવી. ભાલ જળાકાર થયું.

અશાડ શુદ ૨ અને ૫ વરસ્યાં. વીજળી થઈ. જેથી શ્રાવણ માસ ભરપુર વરસ્યો. અને ભાદરવા (સપ્ટેંબર) લગી વધતો ઓછો પડયા કર્યો. અને સાતે સરા પાકી. જાર રૂપિઅની મણ વેચાવા લાગી. બીજા અનાજના ભાવ ઘટયા. કપાશીઆ હુકે હુકે ૪ાા થી ૫ રૂપીએ ૭ મણનો ભાર હતો. કપાસના ભાવ નીચા હતા.

સંવત. ૧૯૬૫-૬૬ (સન ૧૯૦૯):—શિયાળો ઉતમ અને ગરમાગરમ હતો. કારતક વદમાં તા. ૧૨ મી નવેંબરે માવઠું ગજ્યુ. મદ્રાસ તરફ ભારે વરસાદ ને તોફાન હતું.

પોષ વદ ૭-૮ **હીમ** પડયો. પણ તે ગર્ભના રૂપમાં પૃથક હતો રાજકોટની સદરની ટાંકીનું પાણી હીમથી જામી ગયું. અને ચોમાસા માટે વધામણી કીધી. (મરચાં-રીંગણી, કપાસને કેટલેક ઠેકાણે જ-ફા લાગી.

તા. ૧૨ મી જાનેવારી પોષ વદ ૧૩-૧૪ ઉત્તર હિંદમાં માવઠું હતું. માહા શુદ ૧૨-૧૩ નું માવઠું આપણા પ્રાંત માધે ગર્ભના જોરમાં હતું તેનું ફળ ૬ાા મહિને ગર્ભ ગળે-એ જોતાં શ્રાવણ બીજામાં વરસાદ સારો થાય.

ચૈત્ર શુદમાં કરાનુ તોફાન ગાજવીજ સાથે ગુ-કાઠિયાવાડ માથે એપ્રીલ તા. ૪-૫-૬ થી પસાર પામ્યું.

ચૈત્ર વદ અમાસ અને વૈશાખ શુદ ૨ થી ૪ સુધી આખા દેશ માથે ગાજવીજનું તોફાન અને વહન સંવત ૧૯૬૦ ની સાલ માફક-અખાત્રીજે ચોમાસા માટે આવતા વરસનો કોલ આપ્યો.

ગરમીનો ઉકળાટ વૈશાખથી વધ્યો. વૈશાખ વદ ૪-૫ (તા. ૭-૮ મે)ઉમરગાર ને ગોવા તરફ ભારે વરસાદ ૧૯ ઇંચ જેટલે

પડયો, અને પાંચ વહાણ ડુબાડયાં અને લાખો ઝાડ જમીનદોસ્ત કર્યાં. અને એ વહન હિંદી માહાસાગરમાં ગરકાવ થઈ ચોમાસું વહેલું બેસવાની વધામણી કીધી.

ગુજરાત કાઠિયાવાડમાં કૃતકાનાં સ્થાનીક તોફાને ગાજી-વીજી કોલ આપ્યો. વૈશાખનો कोळांम સં. ૧૯૫૧ સાલ માફક બહુ આવ્યો. રોહણ રેલી, કેટલેક ઠેકાણે કરા પડયા. પવનના તોફાનથી ઝાડો જમીનદોસ્ત થઈ ચોમાસાના બળ વિષે ખાતરી આપી. રોહણથી ધોલેરાનું તલાવ ભરાયુ. અને રોહણ સુઆ થઈ.

વેપારવાયુ:—આ સાલનો વેપાર વાયુ (ખારીવાયુ) જેવો ગાજવીજ ને ધામધુમથી પસાર પામ્યો તેવો મારી આખી જીંદગીમાં જોયો નથી. ખંભાતના અખાત માથેથી આવી એક રાગી ગગડાટ સાથે-જેમ ઇંદ્રે ઓચ્છવ કર્યો હોય તેમ કાઠિયાવાડ તરફ-તા. ૧૩-૧૪ મી જુને ભાવનગરથી અમદાવાદ સુધીની લંબાઈમાં-વાદળ-વીજ-વરસાદના ભારે ગગડાટ વચે વાવ્યમાં પસાર પામ્યો. પરિણામ જુન આખરે હિંદી માહાસાગરે એ વહન પકવીને પાછું મોકલ્યું. એ મૃગશર નક્ષત્રના દેશી-વેપારવાયુ (ખારીવાયુ) નું વોળાવું હતું. હવે તેટલા જોગ જોવો. પણ આ જોગ નિયમિત રીતે જોરમાં હોય તો તે સાલનું ચોમાસું અફર જાણવું.

અશાડ ભરપુર વરસ્યો. અધિક શ્રાવણમાં ત્રણવાર અગીઆર નવાર વહનથી વરસાદ પડયા કર્યો. વચમાં એક માસ ઉઘાડ આપી શ્રાવણ વદનાં પરબ માથે બંગાળાના ઉપસાગરનું મોટું વહન કડાકા ભડાકા સાથે પસાર પામી જેજેકાર કર્યો. હાથીઓ અને ઉતરા નક્ષત્ર પણ વરસ્યાં. અને અનાજ કપાસ વગેરે સાતે સરા પાકી.

ચૈત્રી સંવત ૧૯૬૭-સન (૧૯૧૦)

શિયાળો ૧૯૬૬ નો ગરમાગરમ એટલે ઉત્તમ પસાર પામ્યો.

માગશર શુદ ૫-૬ વાદળી ખડાદાર ગર્ભમાં હતાં. ટાઢનું વાયુ પડ્યું. (ગુજરાતના હાંસોટ ગામે બરફ વેરાયું.)

માગશર શુદ ૧૫ (તા ૨૫-૨૬ ડીસેમ્બરે) અમદાવાદ અને મધ્ય પ્રાંતમાં ભારે વરસાદ પડ્યો. અને તાપી નદીમાં રેલ આવી.

પોષ શુદ ૧૦ તા. ૨૦ મી જાનેવારીએ હેલીસનો પુંછડીઓ તારો પૂર્વમાં દેખાયો તે તા. ૨૧ મા મેએ પશ્ચિમમાં ઉગ્યો. આ હેલીસના તારો ઉગવાથી લોકોમાં વિચિત્ર વાતો ચાલી. પણ તે જે મારોમાં ઉગ્યો તે સારાં ચિન્હ હતાં. પણ રાજકર્તાને માથે ભાર દિતર્યો હેલીસના તારાએ આવા વરસાદના વાતાવરણમાં સુધારો કર્યો.

ઉનાળો હુતાશણીથી શરૂ થયો. ચૈત્ર શુદ ૧૨-૧૩ સુધી મેઘાડમ્બર અને છાંટા પસાર પામ્યા. પણ ગર્ભ જોરમાં રહ્યો. ચૈત્ર વદ ૨-૩ ભરણીનું ગાજવીજ સાથે તોફાન અને વહન સં. ૧૯૪૯ માફક પસાર પામ્યું. ૦ા ઈંચથી ૧ ઈંચ આપણા પ્રાંત માથે મે થયો.

વૈશાખ શુદ પડવાને દિવસ ફૂતકાના છાંટા હતા, પડવો ગાજી સં. ૧૯૬૦ માફક વધામણાં કીધાં. વૈશાખે વહન નીકળે તે ગર્ભ ચોમાસા માટે ઘણો જોરમાં છે એમ જણાયું.

ગરમી-સં. ૧૯૫૩ માફક શરૂ થઈ. મે માસ સખત તપ્યો.

કોઠાંમ (દરિઆઈ ધુંસરીઆં વાદળાં) સં. ૧૯૪૯ અને સં. ૧૯૫૧ માફક આવે છે. રોહણ તપે છે.

વેપારવાયુ--(ખારા-અગ્નિવાયુ) વૈશાખ વદ ૧૧, ૧૨, ૧૩ (જુનની તા. ૨ થી ૪) નિયમિત વાયો. અને એ દિવસે ખારી (અગ્નિ) વહન મેઘાડમ્બર સાથે વરસાદના અવાર નવાર ઝાપટાં સાથે વાયવ્યમાં પસાર પામી હિંદી મહાસાગરના શેચીલીસના ટાપુને ભેટયું અને ચોમાસા માટે જોસ આપ્યો. અને લગભગ ૧ માસે જુનની તા. ૨૫-૨૭ વેપારવાયુ (ખારી) ફરી વાયો. અને તા. ૨૮

મીએ આખા પ્રાંત માથે ધાબું (વાદળાં વારછી—થર) રહી તા. ૨૯ મી જેઠ વદ ૬ ભારે વરસાદ પડયો. અને અશાડ-શ્રાવણ ભરપુર વરસ્યા અને ભાદરવા (સપ્ટેંબર) આખર બંગાળાનું છેલ્લું વહન આવ્યું. આખા હિંદમાં જેજેકાર થયો. અને હિંદમાંથી દુકાળનું નામ નાશ પમાડયું. આવું એક સરખું વરસ હિંદને માટે આ અનુકુળ હતું સાતે સરા પાકી. કપાસ-ઘઉંની નિપજ અથાક થઈ. ૧, ના ભાવ મણના ૧૮ બોલાણા. સોના રૂપાની રેલ ઘણે વરસે આવી. ઘઉં રૂપિઆના મણ મોંઘું થવાથી હુડે હુડે થયા. ખડ પણ હુડે હુડે થયું. જારના સામું કોઈએ જોવા ન માંડયું. એ ચિન્હ નવા વરસ માટ નબળું હતું. (આ સાલનાં જેવાં ગાજવીજ ને કડાકા મારી ૫૦ વરસની ઉમરમા મેં કોઈવાર જોયાં નહોતાં.) હાલારમાં સરાસરી વરસાદ વધવાથી પ્લેગ વગેરે રોગ વધ્યા.

સવત ૧૯૬૮ (સં. ૧૯૧૧)

સં ૧૯૨૭ નો શિયાળો—માગશરે સખત ટાઢ હતી. પોષ વદમાં મોંઘું સખત થયું. ઘઉં પ[illegible]ા અને ગરભ ગાળ્યો.

માહા શુદ ૧-૨-૩ (દારૂણ લકડ) હીમ ગુજરાત-કચ્છ કાઠિયાવાડથી મડી ઠેઠ પુના લગી પડયો ધંધુકા (ભાલ) ની આસપાસ ઘઉં, કપાસના પાકને ભારે જફા લગાડી. (ધંધુકા નજીક અડવાળમાં બરફના કટકા આંબરથી પડયા.)

વઢાઆર દક્ષિણ ગુજરાત અને કેટલેક ઠેકાણે ઘઉં, એરંડા, બાવળને ભારે જફા લાગી.

જનાવર-પંખી લાખો મરી ગયાં. ગુજરાતમાં વાંદરાઓ હીમથી કેટલાંક મરી ગયાં. પાર નદી બરફ રૂપ થઈ ગઈ. મછલાં ઠરી ગયાં. હીમની અસર ઠેઠ પુના લગી એટલે મુંબઈ ઇલાકામાં જણાઈ આવેલ દારૂણ હીમ ગયા સૈકાના સવત ૧૮૪૭ ના દુકાળ પછી પડયો ન.

હોતો. આવો દારણ (બડક) હીમ આવતાં મુંબાઈ ઇલાકાના એક ચાસાના પ્રવાહને મોટી ખલેલ પહોંચાડે છે એ અશુભ ચિન્હ હતું.

આ હીમની અસરનો બદલો ઉત્તર ગુજરાત—કચ્છ—કાઠિઆવાડ અને મુંબાઈ ઇલાકાના ઘણાખરા ભાગોને મળ્યો. જેથી વરસાદ ઘટવાથી ખડની ભારે તંગી ભોગવવી પડે છે. તોપણ સુજ્ઞ સરકાર—દરબાર ને ધનાઢ્ય ગૃહસ્થો આ દુકાળ કે કરવરા વરસને પહોંચી વળવા જાહેર ફંડોથી અને બીજી રીતે સંકટ ઓછું કરવા રેલરસ્તે અનાજ, ખડની સારી આબાદાની હોવાથી અને ચાંપના અને દીલસોજી ભર્યા ઉપાયો લેવાતા જણાય છે. એજ ખરો ધન્યવાદ છે.

વળી આ દુકાળ કે કરવરૂં વરસ થવાને દારૂણ હીમ ઉપરાંત ફાગણ બેસતાંજ હુતાશણી ઉપર સંવત ૧૯૬૧ માફક માવઠાની ભારે અસર ચાલુ રહી અને રાા માસનું વાયરૂ વાયાના અને ૭ માસે બધી ચીજના ભાવ ચડયાનાં અપશુકન બતાવ્યાં. એ અડસઠાના દુકાળનું બીજું ખરાબ ચિન્હ હતું.

અખાત્રીજનો પવન દક્ષિણનો વાયો એ ત્રીજું નબળું ચિન્હ હતું. કૃતકા ને રોહણ કાઠીયાવાડના પૂર્વ ભાગથી માંડી મધ્ય અને દક્ષિણ ગુજરાત તરફ વરશી. હિંદમાં તોફાન લંબાણાં. પણ રોહણતાં રોહણ કુંડાળાં અને ભારે કડાકા સં. ૧૯૪૫ માફક અનિયમિત હતા. એ વાયરૂ વાયાના ચિન્હમાં ઉમેરો હતો.

વેપારવાયુ. (ખારો—અગ્નિ) બંગાળાના અખાતથી કાઠીયાવાડના પૂર્વ કિનારા લગી જોરમાં અને નિયમિત હતો. ઉત્તર ગુજરાત—કચ્છ—કાઠીયાવાડમાં નિયમ પ્રમાણે બે કે ચાર દિવસ વાયો નહિ કે લંબાયો નહિ. એ દુકાળ પડવામાં અને વરસાદ કમની પડવામાં વધારે નબળું ચિન્હ હતું. ઉપર લખ્યાં ચિન્હો ચૈત્રી વર્ષ ૧૯૬૧ (સને ૧૯૦૪) કરતાં વધારે નબળાં હતાં.

ઉમરનાં સઘળાં નબળાં ચિન્હો ઉપરથી-ગુજરાતી. તા. ૨૩ મી જુલાઈ તથા ગુજરાતી પંચ તા. ૧૩ મી ઑગષ્ટના અંકમાં જાહેર વર્તારાથી સુજ્ઞ-રાજા પ્રજાને. બનતી ચેતવણી આપી હતી. તથા અમારા દેશી વેધશાળાના મેંબરોને ચોમાસાની શરૂઆતમાંજ સંપૂર્ણ ખાનગી વર્તારાથી સઘળી રીતે ચેતવણી આપી ચુકયા હતા. "સુ. કિ. બ."

प्रकरण ५.

મુંબઈ અને મુંબઈ ઈલાકાનાં હવાપાણી.

तळपद-मुंबईनो वर्तारो शा उपर आधार राखे छे ?

(૧) આગળ-પાછળ સઘળાં વર્ષના વરસાદની સરાસરી મુંબઈ શહેર સાથે મુંબઈ ઈલાકા પૈકી ગુજરાત-કાઠિયાવાડના શહેરોની વરસાદની સરાસરી મેળવતા રહેવા માટે આ નીચે મુંબઈ ઈલાકાનાં મુખ્ય શહેરોની દરસાલની સરાસરી આંકડા આપ્યા છે: તે તપાસી જોઈશું તો ઘણું કરીને જે સાલમાં ગુજરાત કાઠિયાવાડમાં સરાસરી વરસાદ થોડો ત્યારે મુંબઈમાં પણ સરાસરી વરસાદની ઓછી આવતી માલુમ પડી છે.

(૨) ગુજરાત-કાઠિયાવાડમાં वेपारवायु (ખારી-અગ્નિ પવન) નું જે જોર અને પરિણામ તે મુંબઈ શહેર માટે પણ ઘણે ભાગે અનુકૂળ થાય છે. અને મુંબઈમાં વેપારવાયુ (ખારી) નું જે આખરે કે જુન માસમાં જેવું જોર બનાવે તે ઉપર ગુજરાત-કાઠિયાવાડના વરસાદનું તથા મુંબઈ તળપદમાં કેવું આ વરસાદ ધસવશે, તે જાણવા જોગ ખ્યાલમાં લેવાનું શાબિત થાય છે.

(૩) અથવા ગુજરાત-કાઠિયાવાડ માથે-બંગાળા ઉપસાગર તરફથી જુનની શરૂઆતમાં કે પાંચ દિવસ અગાઉથી વેપારવાયુ (ખારી વાયુ) મધ્ય પ્રાંત ને માળવા વચ્ચે થઈ અહીં પસાર-થે કે ચાર

દિવસ લાગાલગી જોરમાં વરસાદનાં ઝાપટાં સાથ વાવમાં પસાર પામે ત્યારે મુંબઈમાં તે સાલનું ચોમાસું રેલમછેલમને અફર ગણવું. માટે ગુજરાત–કાઠિયાવાડના અમુક શહેરોથી કે દેશી વેધશાળાથી અમારી ઓફીસથી દેશી વેધશાળાના મેંબર થઈ દરસાલ ખબર મગાવતા રહેવાથી કે નજરે જોઈ નોંધ રાખી જ્ઞાન વધારવાથી દરસાલનું ચોમાસું મુંબઈ અને આખા ઇલાકામાં કેવું પસાર પામશે તે આબેહુબ જણાશે. (આખા હિંદુસ્તાનમાં દરસાલ ચોમાસું કેવું પસાર પામશે તે અમારી સાઠ સંવત્સરી કુંડળીઆ અને ચોમાસાના વર્તારાનો કોહીનૂર ભાગ ૧ લો મગાવ્યાથી ખરો ખ્યાલ આવશે.

(૪) ગુજરાત–કાઠિયાવાડમાં જ્યારે શિયાળામાં સખત હીમ કે ટાઢ પડે, ત્યારે મુંબઈ અને પૂના લગી તે ટાઢ કે હીમની અસર પહોંચી છે કે નહિ, તે મુંબઈ અને પુના નિવાસીઓએ શિયાળામાં નોંધ રાખવી. કારણ શિયાળામાં મુંબઈની અંદર સખત ઠંડી લાગતી નથી. પણ જો ગુજરાત-કાઠિયાવાડના દારૂણ હીમની અસર મુંબઈ કે પુના લગી એકાએક પહોંચે તો ગુજરાત–કાઠિયાવાડના ચોમાસાના હવા-પાણીની અસર મુંબઈ અને પુનાને લાગુ પડે છે. જુઓ–ચૈત્રી સંવત ૧૯૬૧ (સન ૧૯૦૪) ની સાલના પહેલા શિયાળામાં લકડહીમની અસર પોશ શુદ ૭ મે મુંબઈ જણાઈ હતી. તેમજ ચૈત્રી સં. ૯૬૮ (સન ૧૯૧૧) ના ગયા શિયાળામાં ગુ. કાઠિયાવાડમાં દારૂણ હીમ માહા શુદ એકમે આવ્યો હતો. તેની અસર પુના લગી પહોંચી હતી. જેના પરિણામે ગુજરાત–કાઠિયાવાડમાં વરસાદની કરામતી ઓછી આવી હતી. તો-મુંબઈ-પુનામાં પણ ઓછી આવી છે પણ ગુ. કાઠિયાવાડ કરતાં–મુંબઈ પુનામાં જુનના વેપાર (ખારા) વાયુનું જોર મજબુત

હતું. જેથી વરસાદની સરાસરી ફક્ત કાંઇક ગુ. કાઠિયાવાડ કરતાં વધુ હતી.

(૪) લંકામાં ચોમાસું કોઇવાર એકાએક વહેલું બેસે–ત્યારે મુંબઈમાં ચોમાસું વહેલું નિયમ પ્રમાણે બેસવાની ગણતરી ખોટી જાણવી. કારણ એપ્રીલ મે મ સમાં લંકામાં ઘણીવાર એકાએક ગરમીના વધારથી–ચોમાસું હવામાં ફેરફાર થઇ વહેલું બેસે છે પણ તે ગુમ થઇ જાય છે. ત્યારે મુંબઇ નિયમ પ્રમાણે આવશે નહિ એમ જાણવું.

(૫) માટે વર્તમાનપત્રો એ આ દેશના ચોમાસાના વર્તારાના મહાન પ્રાચીન જોગોના સત્ય ઉધાર માટે પોતાના વર્તમાનપત્રોમાં હવા–પાણી, ગરમી, ઠંડી, વાદળ–વાયુ. વહનની નોંધ લઇ તેનાં સ્વાદીષ્ટ ફળ સુજ્ઞ–રાજા–પ્રજાને અગમચેતી તરીકે મળે માટે એકી વારે આ દેશી વાયુ–ચક્ર ખાતાને પુષ્ટિ આપવાથી મારા સદ્ઉદ્યોગમાં કૃતાર્થ થયો માનીશ. અને પશ્ચિમની વિદ્યાના સરકારી વેધશાળા સામે દેશી હવાપાણીના વર્તારાનો સંગીન લાભ વૃદ્ધિ પામે. એજ અમારો દેશભાઇઓ માટે લખવાનો મુખ્ય ઉદ્દેશ છે.

મુંબઈ અને મુંબઇ ઇલાકાના શહેરોના વરસાદની દરસાલની સરાસરીનું માપ.

	ઇંચ.		ઇંચ.		ઇંચ.
મુંબઇ	૭૦ થી ૮૦	કરાંચી	૮	ભુજ	૧૪
કપડવંજ	૩૦	સક્કર	૫	રાજકોટ	૨૯
વીરમગામ	૨૨	શિકારપોર	૪	ઘોઘા	૨૧
અમદાવાદ	૩૦–૩૫	ડીસા.	૨૬	આનંદ	૩૨
જેકોબાબાદ	૪	પાલનપુર	૨૮	જંબુસર	૨૯
હૈદ્રાબાદ	૭	નડીઆદ	૩૧	વડોદરા	૩૩

ઝુઝુવાડા	૩૯	રત્નાગીરી	૯૯	ભરૂચ	૩૨
વીગોરલા	૧૧૨	અંકલેશ્વર	૩૩	ગોઘા	૧૦૧
માંડવી	૪૭	કરજન	૧૧૦	સુરત	૪૧
શીપઝુન	૧૧૩	ધુલીઆ	૨૦	સાવંતવાડી	૧૩૮
નશીરાબાદ	૨૬	ધારવાડ	૩૩	ભુસાવળ	૨૩
હુબલી	૨૬	ચાલીશગામ	૧૮	નશીરાબાદ	૨૧
નાનગામ	૨૫	નીમચ	૩૧	મલેગામ	૨૩
મઉ	૩૭	જબલપોર	૪૫	અંકોલા	૨૬
ચાંખલી	૭૦	નાશીક	૨૭	વલસાડ	૬૫
ધમતપુરી	૧૦૩	પારડી	૭૦	સોલાપુર	૨૬
દહેણું	૬૪	અહમદનગર	૨૮	વસઇ	૬૩
પંઢરપુર	૨૦	કલાબુ	૮૦	પુના	૨૮–૩૨
થાણા	૯૦	ખડકી	૨૦	કુરલા	૭૯
બીજાપુર	૨૧	પનવેલ	૧૦૪	બેલગામ	૫૦
ઉરન	૭૮	કલાદગી	૮	પેન	૮૯
કોલ્હાપુર	૩૭	અલીબાગ	૭૦	સતારા	૪૨
દાપોલી	૧૧૩	કારવાડ	૧૦૯	આંબુપદાંડ	૮૧
માથેરાન	૨૮	પુરંધર	૫૪	મહાબળેશ્વર	૨૫૧
પંચગની	૬૫				

પ્રકરણ છઠ્ઠું.

ગુજરાત–કાઠિયાવાડમાં પૂર્વે પડેલા દુકાળોની તવારીખ.

(સુધારા–વધારા સાથ.)

ગુજરાત–કાઠિયાવાડમાં પૂર્વે પડેલા દુકાળના સંબંધમાં ટાઇમ્સ ઓફ ઇંડીઆ અને સત્યવકતા (૨૧ મી જુલાઇ–૧૯૦૦) તેમજ

કાઠિયાવાડ ટાઇમ્સ તા. ૨૮ મી માર્ચ–૧૯૦૦ ના વર્તમાનપત્રમાં નીચે મુજબ હકીકત આપી છે. તે પડના દુકાળ ઉપરથી ધડો લેવા રાજા–પ્રજાની જાણ માટે અહીં વધારા સાથે નોંધ લેવામાં આવી છે.

એ પ્રાંતના દુકાળની પહેલી નોંધ સને ૧૫૫૯ (સંવત ૧૬૧૫) ની મળી આવે છે. એ નોંધ નવાનગર રાજના દફતરમાં છે. આ વર્ષમાં દુકાળ ઘણો હતો. અને તે વખતના જગડુશાહ નામના વણિક શેઠે અનાજનો મોટો કોઠાર ભરી રાખ્યો હતો (જગડુશાહનો કોઠાર રાજકોટ ભીમસરીને નાકે આજીના પૂર્વ કિનારે હજુ જુની નિશાની તરીકે મોજુદ છે.) એ ઉદાર વણિકે ગરીબોને છુટે હાથે અનાજ વહેંચ્યું હતું. જેથી હજુ તે વખણાય છે. તે દુકાળ એ શેઠને નામેથી ઓળખાયો હતો. સને ૧૬૩૧–૩૨ (સં. ૧૬૮૭-૮૮) માં પડેલા દુકાળને પંડલો સત્યાશિયો કરી કહે છે. આ વર્ષ ગુજરાત–કાઠિયાવાડ તથા દક્ષિણમાં પણ વરસાદ થયો નહોતો. એ વખત દુકાળિયાઓ એક કટકા રોટલા માટે પોતાનાં વ્હાલાં બચ્યાંને વેચી નાખતા હતા. પરંતુ કોઈ લેનાર મળતું નહિ. એવા વખતમાં જેઓ સદાવ્રત આપતા હતા તેઓ પણ મહોલ્લે મહોલ્લે ભટકી અનાજ માગતા હતા. આ સંકટમાં હાડકાં દળીને લોટમાં ભેળવવાનો પણ રીવાજ એ પ્રસંગે પડયો હતો. સંખ્યાબંધ મરેલા માણસો મહોલ્લાઓમાં અને અન્ય સ્થળે પડયાં રહેતાં. પરંતુ તેઓને દાટવા કે બાળવાનો કંઈ પણ ઇલાજ લેનાર મળે નહિ. અમદાવાદ અને સુરતમાં લંગારખાનાં એટલે ગરીબોને વસ્તે અન્નછત્ર ઉઘાડવામાં આવ્યાં હતાં. અમદાવાદમાં ભૂખે મરતાં ગરીબોને અનાજ આપવા વાસ્તે રૂ. ૫૦૦૦૦ ની રકમ ઉભી કરવામાં આવી હતી. એ વખતની સરકારે મહેસુલમાં ઘણી છુટ મૂકી હતી. તોપણ દેશ આ-

બાદ થતાં ઘણાં વરસ લાગ્યાં હતાં (એ પછી સન ૧૬૪૭ ના વરસમાં બીજો દુકાળ પડયો હતો. '

એ પછી સન ૧૬૮૧–૮૨ (સંવત ૧૭૩૭–૩૮) માં ગુજરાત અને કાઠિયાવાડમાં દુકાળ પડયો હતો. પણ તે સન ૧૬૩૧-૩૨ (સંવત ૧૬૮૭) ના જેટલો ભયંકર નહોતો. તે પછી સન ૧૬૯૬ (સંવત ૧૭૫૨) નો દુકાળ ઉત્તર ગુજરાત, કાઠિયાવાડ અને મારવાડમાં હતો. એ વખતે ઘાસ ને પાણીની ભારે ખોટ હતી. એ કરતાં સન ૧૭૧૮–૧૯ (સંવત ૧૭૭૪–૭૫) નો દુકાળ ઘણો ભારે હતો. તે સંવત ૧૭૭૫ માં પડયો હતો, તેથી તે પંચોતરો દુકાળ કહેવાય છે. એ વખતે બાજરી અને મઠ રૂપિયાના ચાર શેરને ભાવે વેચાતાં હતાં ગરીબ લોકોને ઝાડનાં પાતરાં તથા મુળીયાં ખાવાં પડયાં હતાં. એ ખોરાકથી રોગ ચાલ્યો હતો અને તેવાં ઘણાં માણસો મૃત્યુ પામ્યાં હતાં. ઘણાઓએ રૂપિયે અને બમે રૂપૈયાની કિમ્મતે છોકરાં વેચી દીધાં હતાં. તે બાદ સન ૧૭૩૧–૩૨ (સંવત ૧૭૮૭) માં દુકાળ પડયો હતો. તે બીજા સત્યાશીઆને નામે ઓળખાયો. એ લીલો દુકાળ હતો. ચૌદ દિવસ સુધી વરસાદ મુસળધાર વરસ્યો, અને જ્યાં ત્યાં પાણી પાણી થઇ ગયું હતું. તેથી જવાને રસ્તો ન મળે, તેમ ઘાસ પણ હાથ ન લાગે. બેલ, ઘોડા વિગેરેને ઘાસનાં પાંદડાં ખાવાં પડયાં હતાં. અને અનાજ રૂપિયાનું એક શેર વેચાતું હતું. ચોમાસું વિત્યા પછી તાવનો મરજ ચાલ્યો આસપાસના ભૂખે મરતા ગરીબ લોકો અમદાવાદ શહેરમાં ભરાયા. તેમાંથી જેઓ મરતાં તેનાં મુડદાં ઠેકાણે પડતાં નહોતાં. મુસલમાન લોકોનાં મુડદાં એક કબરમાં બબ્બે મુકતા. અને ચારને બદલે બે જણ લઇ જતા. હિંદુ લોકોમાં એટલાં તો મૃત્યુ પામ્યાં કે, બાળવા વાસ્તે

આકડાં પણ ખુટી પડયાં, અને ઉચકનારની પણ ખોટ પડી હતી. જેથી ઘણા હિંદુઓના મુડદાઓ સાબરમતીમાં પધરાવવામાં આવ્યાં હતાં.

એ વખતમાં મારવાડી લોકોએ મુસલમાન લોકોનાં ઐરાં વેચાતાં લઇ તેઓને ગૌમુત્ર ને છાણ વિગેરે ખવડાવી દેહશુદ્ધિ કરાવી હિંદવાણી કર્યાં હતાં અને તે એટલા માટે કહેવાય છે કે, ઔરંગજેબ બાદશાહે જોધપુરના હિંદુ લોકોને મારી બાંધીને મુસલમાન કરેલા હતા. તેનું વેર લેવા માટે તે હતું. એ વખતે માબાપોએ પોતાનાં છોકરાં રૂપૈયે રૂપૈયે વેચ્યાં હતાં. આ દુકાળને માટે નાચેનો દોહરો બોલાય છે.

દોહરો.

"સંવત સતર સત્યાશિયે સૃષ્ટિ તજાવી સચ;
અકળાવ્યા અડયાળયે વિવિધ પાડી વિપચ."

સન ૧૭૪૭ વા સંવત ૧૮૦૩ માં દુકાળ પડગો હતો, એ તીલોતરો એટલે ત્રણનો કાળ કહેવાયો. એ વર્ષમાં ઉત્તર ગુજરાત અને કાઠિઆવાડમાં વરસાદનું અંદ પણ પડયું નહિ. રાની ઝડનાં મુળીયાં અને મુવેલાં ઢોરનું માંસ ખાઇને લોકોને દિવસ કહાડવા પડયા હતા. અમદાવાદ અને પાટણની આસપાસના લોકો ઘરબાર છોડી ચાલ્યા ગયા હતા. ઘણાં ગામો ઉજડ થયાં હતાં માણસ અને ઢોરનો ખાણ નીકળી ગયો હતો. એ પછી સન ૧૭૫૧ (સં. ૧૮૦૭) માં અને સન ૧૭૧૯ (સં. ૧૮૧૫) સન ૧૭૬૪ (સં. ૧૮૨૦) નાં વરસો ખનીયાં પસાર પામ્યાં હતાં એટલે કરેવરાં હતા. સન ૧૭૮૦ (સં. ૧૮૩૬) તથા સન ૧૭૮૧ (સં. ૧૮૪૧) માં પાક ઘણોજ થોડો ઉતર્યો હતો. અને તેથી ચોર અને લુટારાઓનો ભારે ઉપદ્રવ શરૂ થયો હતો. પણ મરણનું પ્રમાણ થોડું હતું. ઝાલાવાડમાં દુકાળની અસર ભુખમરાને લીધે વિશેષ થઇ હતી.

આ વરસ પછી પાંચ વરસે ૧૭૯૦–૯૧ એટલે સંવત ૧૮૪૭–૪૮ માં પડેલો દુકાળ સુડતાળો દુકાળ કહેવાયો. એ વખતે રોટલીના ટુકડા માટે ઘણા હિંદુઓ મુસલમાન અને ઘણા મુસલમાન હિંદુઓ થયા હતા. ઘાસ કેશરને ભાવે વેચાતું હતું. વરસાદનું ટીપું પડયું નહોતું. ઘણાંએ છોકરાં વેચી દીધાં અથવા રખડતાં મુકયાં હતાં. મુવેલાં ઢોરનું અને ઘેટાનું માંસ ખાવામાં આવ્યું હતું. સંખ્યાબંધ મનુષ્યો મરી જતાં ઘણાં ગામ ઉજડ થયાં હતાં. સંવત ૧૮૪૮ નું વરસ ભીન પસાર પામ્યું હતું. ત્યારબાદ સંવત ૧૮૬૦ (સન ૧૮૦૪) માં ઝલાવાડ ને હાલારમાં સૂકવણું હતું. તેને લીધે ઘાસ અનાજની મોંઘવારી થઈ હતી. સન ૧૮૧૧ (સં. ૧૮૬૭) માં મારવાડમાં દુકાળ પડયો અને આ પ્રાંતમાં વરસાદ કમી થયો તેથી મારવાડના પ્રદેશના લોકોનાં ટોળેટોળાં ઉતરી પડયાં તેથી અનાજ મોંઘું થયું અને રોગ પણ પસર્યો. સન ૧૮૧૨ (સં. ૧૮૬૮) માં કચ્છમાં દુકાળ, કાઠિયાવાડમાં વરસાદની તાણ અને ઝાલાવાડમાં તીડ પડવાથી સખ્ત મોંઘવારી થઇ હતી.

તવારીખે સોરઠમાં સન ૧૮૧૩–૧૪ (સંવત ૧૮૬૯–૭૦) ના વરસ માટે દુકાળનું ભયંકર વિકરાળ ચિત્ર આપ્યું છે. ને આપણા ઘરડાઓના ચાલતી આવેલી દંતકથાઓ ઉપરથી એ કાળ ઓગણોતેરો કહેવાણો. સન ૧૮૧૩ (સં. ૧૮૬૯) માં વરસાદ મુદ્દલ પડયો નહિ. ભુખમરાથી અને અનિયમિત રતુથી ઘણાં માણસો મરણ પામ્યાં. દાટવા જનાર મળે નહિ. તેથી મડદાં જ્યાં ત્યાં રખડતાં જોવામાં આવતાં. અને ગામની ભાગોળે ફેંકી દેવામાં આવતાં. જેથી હવામાં વધારે બિગાડ થયો હતો. માબાપોએ પોતાનાં વહાલાં છોકરાંને વેચી દીધાં, રઝળતાં મુકયાં, અને છેવટ ભક્ષ પણ કરતાં. ઢોરનો પણ ભક્ષ કરવામાં બાકી રહી નહોતી અનાજ ભાગ્યે મળતું

જેથી ઉચ્ચ જ્ઞાતીના લોકોને માંસ ખાવાનો વખત આવ્યો હતો. આ કાળ કાલડીના ફેરને નામે લોકોમાં કહેવાણો. સન ૧૮૧૪ (૭૦) નું ભીન આવાથી પાકનો ઘાણ કહાડયો. ને સન ૧૮૧૫ (૭૧) નું ઉપર ઉંદરાઉં કહેવાણું (આ બાબત વધારે વર્ણન પ્રકરણ ચોથામાં ૠતુની કરણીમાં જુઓ) ત્યાર પછી સન ૧૮૨૫ (સં. ૧૮૮૧) માં વરસાદની તાણ રહી પણ ગુજરાતમાં ચારાની છતથી લાજ રહી. ત્યાર પછી સન ૧૮૩૯ (સં. ૧૮૯૫) માં ખાટાં થયાં. પણ ચારાની છતને લીધે ઝાઝી હરકત ન આવી. ત્યાર પછી સન ૧૮૭૮–૭૯ (સં. ૧૯૩૪-૩૫)માં અનુક્રમે કોરો ને ભીનો દુકાળ જોડે પડયા. સં. ૧૯૩૪ માં જુનથી જુલાઈ સુધી મેહ થયો નહિ, પાછળથી સાધારણ થયો. પણ પાક ઘણા ભાગમાં થયો નહિ. જેથી ઘણાં ગામ ઉજડ થયાં. અને સંવત ૧૯૩૫ માં ભીન થયું. આ દુકાળમાં પાંદડાં, મુળીઆં, અને વનસ્પતિનો ખોરાક તરીકે ઉપયોગ કરવાથી પાછળથી મરકી ફાટી નીકળી હતી. જેથી ઘણાં માણસો મરણ પામ્યાં હતાં. (આ દુકાળોનું વધારે વર્ણન પાછલી ૠતુની કરણીના ઇતિહાસમાં જુઓ) પણ તે વખતના લોકો અત્યાર સુધી યાદ કરવાને ભાગ્યશાળી થઈ જીવવા પામ્યા છે. તે જણાવે છે કે છપ્પનીયા દુકાળ જેવાં માણસોનાં શરીર તે વખતે નબળાં નહોતાં. ત્યાર પછી ૧૮૯૯–૧૯૦૦ (૧૯૫૬) નો ભયંકર દુકાળ પાછલી કેણી મુજબ છપનના પાટા માફક પડયો. જેની વિચિત્ર કરણીનો ઇતિહાસ સૌએ નજરે દીઠો છે. તેથી તે વિષેની હકીકત અનુભવવાને ઘણાને તક મળી છે.

આ દુકાળ ૪૦૦ વરસે પડયો મનાય છે. એમ જામનગર અને લીંબડી રાજ્યની ઐતિહાસિક હસ્તકથાઓથી જણાય છે.

સંવત ૧૯૬૮ (સન ૧૯૧૧) માં મુંબઇ ઇલાકો પૈકી-કચ્છ-કાઠીઆવાડ અને ઉત્તર ગુજરાતમાં વરસાદ સરાસરી કમતી પડયો. જેથી કયાંક બાટાં થયાં અને કયાંક કોરો દુકાળ પડયો ગણાયો. આ દુકાળ પડવાનાં મુખ્ય ત્રણ કારણ હતાં. ૧ શિયાળામાં દારૂણ (સકડ) હીમ. ૨ હુતાશણીનું તોફાન. ૩ ચોમાસાના મુખમાં વેપારવાયુ નબળો વાયો અને રોહણ કુડાંગાં થયાં. જેથી વરસ કરવરૂં કહેવાણું. અનાજ, ખડ પરદેશથી મોટા જથામાં માગવા, દક્ષિણ ગુજરાત વગેરેથી આવ્યાં. જેથી દુકાળનો ભાવ તુટયો. સરકાર-દરબારો અને ધનાઢ્ય ગૃહસ્થો સભાઓ ભરી જબરાં ફંડ એગાં કરી પશુ ઢોરને બચાવવા અને અનાથને બચાવી લેવા વખતસર વારે ધાયા. જેથી આગલા દુકાળ માફક ઢોરનો સખત ઘાણ ન નીકળ્યો. શિયાળાની રતુ ગરમાગરમ રહી. જેથી ઢોર સખત ટાઢનાં ભોગ ન થયાં. એટલો ઇશ્વરી કુદરતનો પણ લાભ મળ્યો. વાગડ, સોરઠ, ગીર ને દક્ષિણ ગુજરાત ને કાઠિયાવાડના પૂર્વ કિનારાપર વરસાદ-સામાન્ય થયો. જેથી ૪ થી ૬ આની પાક અને ખડ નિપજ્યું. અને વાડીનાં સાધન વધી પડવાથી ચાસટીઆ, ઘઉં, રજકો વગેરે કરી રૈયતે આ કાળ જેવા કરવરા વરસ સામે ટકર ઝીલી. પરિણામ વિચિત્ર ન આવ્યું. એ દુકાળ સામે વહેલું જાગૃત થવાનું પરિણામ હતું. અનાજ મણના ૧ાા રૂ. થી ૧ાાા રૂ. જારના રહ્યા. ઘઉંના રૂ. ૨ા બાજરીના ૨, ઘી મણના ૨૦ થી ૨૩ રહ્યા. ખડ રૂપિયાનું ાા થી બે મણ પરદેશી મળતું. દેશી ખડ રૂ. નું ૧ મણ મળતું. તેલ ૧૦ રૂ. મણ હતું. કપાશીઆના ભાવ ૬ મણના ૧૦ાા રૂ. થી ૧૧ થઈ ગયા હતા. પીઠ સામે ટકર ઝીલવાને હિંદના બીજા ભાગનો અનાજ, ખડનો પાક આવકાર દાયક થઈ પડયો હતો.

प्रकरण-सातमुं.

गुरु सार अने संक्राति विचार.

બાર રાશીનાં નામઃ—૧ મેષ, ૨ વરખ, ૩ મિથુન, ૪ કર્ક, ૫ સિંહ, ૬ કન્યા, ૭ તુલા, ૮ વૃશ્ચિક, ૯ ધન, ૧૦ મકર, ૧૧ કુંભ, ૧૨ મીન.

દર સાલ કઇ રાશીપર ગુરૂ આવે છે. તે પંચાંગથી જોતા રહેવું. અને ફળ ભોગવતા રહેવું. ગુરૂ સારની પ્રતો અમારે પાસે ત્રણ ચાર આવી છે. પણ તે મુજબ ભાવ મળતા આવતા નથી. લોકોની પ્રીતિ ગુરૂ વિચાર માટે બહુ ઇંતેજારી રહે છે. માટે જૈન પવિત્ર સાધુ પાસેથી તથા એક ભાવિક ગૃહસ્થ પાસેથી પ્રજાના કલ્યાણ માટે આ પ્રત અમને મળી છે. માટે તે તકે જોતા રહી સંશોધન વધારવું. સત્ય ગ્રહણ કરવું. અસત્ય તજી દેવું. એવો અમારો આધીન મત છે.

૧-મેષ રાશીના ગુરુ આવે તે વારે **સુવર્ણમેહ** કીજે. ચૈત્ર નામ સંવત્સર તેજ રાજા જાણવો. મનુષ્યના મતિ ભલી રહે. ધનવાન થાવ ભલા મે વરસે. અનાજ, તૃણ થાશે. લોકને શાંતિ થાશે. કોઇ દેશમાં રાજ વિરોધ જાગશે. દેશમાં સુગાળ અને અનાજ બહોળાં નિપજશે. નાના પ્રકારની વ્યાધીઓ નાશ પામશે. અશાડ, શ્રાવણ મધે ગાયો, ભેંસો, ઉંટ, મોંઘાં. અને ભાદરવે તથા આસો માસમાં સુખડ, કેશર તથા બીજી સુગંધી વસ્તુ, તથા તેલ, સોનું, રૂપું, કપાસ, પરવાળાં, મજીઠ, નાળીએર, વસ્ત્ર, કસુંબ, લોહ (લોઢું) સોપારી એટલાં વાનાં મોંઘાં. ઉત્તર હિંદમાં ઘઉં, સાળ (ચોખા)

મગ, કઠોળ, ધાન એ સર્વ ૬ માસ મોંઘા. ઉત્તર-દક્ષિણ (વાયવ્યમાં) ખંડ વૃષ્ટિ હોશે. માસ ૬ દુકાળ જેવું અને ભાવ આકરા રહેશે. ત્રણ માસ ઘણું મોંઘું. મારવાડ, ગુજરાત, સોરઠ, (કાઠિયાવાડ) માળવો, નાગપુર બંગાળ વગેરે પૂર્વ અને દક્ષિણ દેશે સુગાળ વર્ત્તાવે. (સં. ૧૯૬૨-સન ૧૯૦૬ માં એ રાશીના ગુરૂ હતા.)

૨—वृषभ રાશીના ગુરૂ થાય તે વારે વૈશાખ સંવત્સર તેજ રાજા—આ સાલમાં ગાય-ભેંશે ને દૂધ ઘણું, ઘણાં ધાન નિપજશે. સુગાળ થાય. મેઘ ભલો, માસ ૫ ચોપદ (ઢોર) મોંઘાં થાય. આ સાલમાં ધાનનો સંગ્રહ કીજે. આવતે વર્ષે લાભ થાય. દેશમાં માંહો માંહે વેર વધશે. ઉત્તરે મે થોડા. દુકાળ ભય જણાવે. પણ પરિણામ સુગાળ થાય. મજીઠ, મેથી, પરવાળાં, રાતું વસ્ત્ર, કપાસ, એ મોંઘાં. ઘઉં, ચોખા, જુવાર, ચણા, મગ-કઠોળ, ઘી, તેલ એ સર્વે સોંઘાં. તેલ સંગ્રહનારને લાભ (સંવત ૧૯૬૩. સન ૧૯૦૬ માં એ રાશીના ગુરૂ હતા.)

૩ मिथुन રાશીના ગુરૂ થાય તે વારે જેઠ સંવત્સર कल्पक (થોડા) મેહ વરસે. એ ખંડ વૃષ્ટિ થાય. બાળકને પીડા, લોકને પાપબુદ્ધિ થાય. ધાનનો પાક આકરો થાય. ચોપદ મોંઘાં. દુકાળનો ભાવ જણાવે માસ ૮ અંદર મોંઘા-પશ્ચિમ દિશા તરફથી સિંધુ તક દુકાળ જેવું. મહારોગ ઉપજે. ઇશાન ખુણના દેશમાં અગ્નિ ભય. પૂર્વ દેશમાં લડાઈ જાગે ઉત્તર દેશના લોકને પીડા છે. અન્ય દેશાંતર નહિ. ધાળું કાપડ પશ્ચિમ દીશાએ મોંઘું. સોનું, રૂપું, ત્રાંબું, શ્વેત વસ્ત્ર, વાલાં, તેલ, ઘી ગુડ (ગોળ) લુણ, કેશર, કપુર, સુખડ, મજીઠ, નાળિયેર, સોપારી, માસ ૫ મોંઘાં. માળવ દેશે સારૂં, માગશરે વસ્તુ લેવી અને વૈશાખે વેચવી તો લાભ થાશે, ઘોડા મોંઘા થાશે. (સં. ૧૯૬૪ સન ૧૯૦૬ માં એ રાશી હતી).

૪—કર્ક રાશી ગુરૂ આવે તે વારે **પૂર્વકી શ્રયા મેઘ** દીજે તે રાજા અષાડ સંવત્સર કીજે. વિગ્રહ કોઇ દેશે જાગે. ઉતર-પૂર્વે કહેવરાવે પશ્ચિમ ધરામાં સુગાળ. કારતકે ધાન સેવું. પછી આકરૂં થાશે ઘઉં, ચણાની નિપજ ઘણી ધોળું કાપડ, ઘી, તેલ, ગોળ કપાસ, કઠોળ, મજીઠ અનાજ, સોનું, રૂપું. ત્રાંબું, રેશમ, પરવાળાં, મોતી, શેરડી એટલી વસ્તુ સોંઘી વેચાશે. ઉતર દેશમાં રૂપિયા ૧ નુ માણું ૩।। અનાજ વેચાશે. (માણું ૮ શેરનું ગણવું) ચોપગાં મોંઘાં. ખડ, પાણી થોડાગાં થાશે (સં. ૧૯૬૫ સન ૧૯૦૮ માં એ રાશી હતી.) કોઇ વાર કર્ક રાશી કોઇ દેશે નબળું વર્ષ પણ બનાવે છે.

૫—સિંહ રાશી એ ગુરૂ આવે તે વારે **વાસ્તુક** મેહ કીજે. મેઘ ઘણા, ધાન ઘણાં નિપજે, સુખી લોક થાય અને ચોદશ સુગાળ વર્તાય. માગશરે ધાન્ય સંગ્રહ કરવો. અશાડ તક સવાયો લાભ. પછી ભાવ નરમ પડશે. રોગ ઘણા, પૃથ્વી ઉપર ઝગડા વધશે. અનાજ, ઘઉં, કઠોળ, ઘી, તેલના ભાવ મંદી. કપાસમાં તેજી આવશે. સોનું, ધોળું વસ્ત્ર અને માતા થકી લાભ. પાલી ૧૫ ઉપરાંતનું ધાન વેચાશે. (પાલી ૨ શેરની ગણવી) કોઇ ભાગમાં પાલી ૧૧ વેચાશે. ભાદરવેથી કપાસનું આકરૂં જણાશે. (સં. ૧૯૬૬ સન ૧૯૦૯ માં એ રાશી હતી)

૬—કન્યા રાશી ગુરૂ આવે તે વારે **તક્ષક** મેહ કીજે. શ્રાવણ સંવત્સર સૌવી રાજા કહાજે. ધાન વગેરેના ભાવ સમતા થશે. ગોળ, ઘી, તેલ, રૂ, કપાસ અને ધાનનો સંગ્રહ કરવો. ચૈત્ર, વૈશાખ મોંઘાં. પગપીડા (વાળા નીકળશે) અનાજની સસ્તાઇ થશે. માગશરે સંઘરી શ્રાવણમાં વેચનાર ખાટશે. ખુરાશાનમાં રોગ થશે. (સંવત ૧૯૬૭ સન ૧૯૧૦ માં એ રાશી હતી.)

૭—તુલે રાશી ગુરુ આવે તેવારે મનુષ મેહ કીજે. ઉ-ત્તર પૂર્વ દેશે મે ઘણા. ગુજરાત, સોરઠ, મારવાડ મે થોડા. સોપારી, નાળીએર, મજીઠ, ગોળ, ઘી, તેલ સર્વ મોંઘાં. રાજવિગ્રહ કોઇ દેશે ઘણો થાય. માગશરે છત્ર ભંગ થાય. ધાનનો સંગ્રહ કરવો. ચોમાસામાં વેચતાં બમણો લાભ. પશુ ઢોરને માથે વધુ ભાર છે. (સંવત ૧૯૬૮ સન ૧૯૧૦ માં એ રાશી હતી)

૮—વૃશ્ચિક રાશી ગુરુ આવે ત્યારે સુતરાંશુ મેહ કાંતિ સંવત્સર રાજા કહીજે. ખંડ એ ખડ મેહ વરસે. કોઇ દેશે રે રૌ દુકાળ પડશે. પૃથ્વીપર ભય થાય. લાજ લોપાય. ધાનનો સંગ્રહ કીજે. ઘી, તેલ, ઘઉં, કપાસ, ગોળનો સંગ્રહ કરવો. આગળ જતાં વેચતાં સવાયો-દોઢો લાભ મળશે. ચોપદને પીડા. અંતે ધાન નિપજે. માસ ૩ ધાનના આકરા રહે. પછે સમતા ભાવ થાશે. કોઇ દેશમાં વરસાદ વધી જાય, તો કેઇ દેશમાં કંહવગાવે. પશ્ચિમ દેશમાં સુગાળ થાશે. સોનું. રૂપું, ત્રાંબું, કાંસું, પીતળ, ચેતરમાં આકરૂં. જેઠ બળદ મોંઘા. (સંવત ૧૯૬૯ સન ૧૯૧૨ માં આ રાશી આવશે.)

૯ ધનરાશી ગુરુ આવે તે વારે હમાલિ મેહ કહીજે. દૃઢસ મેહ વરસે. વરસાદ વાળી સાલ છે. ચોમાસે—ઘઉં, કપાસ, મોંઘા. લુણ, ગોળ મુલ્ય પામે. પછે સમતા ભાવ. રોગ નાશ પામે. ધાન્ય, ઝોળ, ચણા-પ્રમુખ. સર્વ માસ ૬ ધાન પાડ આકરા. અન્યદેશે ધાન મૂલ્ય પામે. ગાયો, ભેંશો ને દૂધ ઘણાં રાજા-બ્રાહ્મણ સ્વધર્મે વર્તશે. સાકર, પરવાળાં, કાંસું, લોહ, સુવર્ણ, સીસું, રૂપું, ધોળું કાપડ, ગોળ, સોપારી, મજીઠ, તલ, તેલ, એટલાં વાના એકવાર મૂલ પામે.

ઘઉં, ડાંગર, તલ, ને શેરડીની નિપજ ઘણી થાશે. દિલ્લી-આગ્રે મોંઘું. કાર્તિક ઘી સંઘરવું ચૈત્ર માસે વેચવું. ગાય તથા બાળકને

અતે સસ્તું થાશે. (સંવત ૧૯૭૦ સન ૧૯૧૩ માં એ રાશી આવશે.) પાલી ૩ સેરની ગણવી.

૧૦—મકર રાશી ગુરૂ આવે તે વારે ગ્રાલેંદ્ર મેઘ વરસે. ચો-૬ મરે. મૃગનો પણ નાશ પામે. તૃણ થોડું નિપજે. ઠાય ઠામ માંહો માંહે વિગ્રહ થાય. રાજાઓમાં જુદ્ધ જાગે. ઘણા ભાગમાં દુકાળ વર્તાશે. લોકમાં પાપબુદ્ધિ જાગશે. હાહાભુત પૃથ્વી થાય. ભાવ વગેરે રોગની પીડા. માસ ૩ ભુંડા. પાણી, અનાજ, ઘી, તેલ, ગોળ, શેરડી એટલાં વાનાં થોડાં નિપજે. સર્વ એકાકાર થાય. મેઘ થોડા વરસે. કોઇક દેશ નિપજશે, પાછળથી માસ ૩ પછી સમતા ભાવ થાય.

ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, મારવાડ, દીલી આકરૂં. અનાજ ખડનો સંગ્રહ કરવો.

સોનેરી ચુડા ઉતરે તેવું વરસ છે.

(સંવત ૧૯૭૧—સન ૧૯૧૪ ની સાલમાં એ રાશી આવશે.)

૧૧—કુંભ રાશી ગુરૂ આવે ત્યારે માઘ સંવત્સર કીજે. મેઘ ઘણા. નવ ખંડ નિપજે. સુગાળ થાય. શ્રાવણ, ભાદરવે મે ઘણા. આસો ભલો. ગુજરાત, સોરઠ, મારવાડ, માળવા સુગાળ દેશ ઉતરમાં અનાજ કપાસ આકરૂં. સોનું, લોહું, મજીઠ, મોતી મોઘાં. ચોમાસાની ઋતુમાં પ્રથમ લાભ. ઘી, તેલમાં આઠ માસે બમણો લાભ. કપાસ, કાપડ, હરડે, તેલ, પરવાળાં, રૂપું, રેશમ, સોપારી, એટલી વસ્તુ મુલ પામશે. પાછળથી અનાજ રસકસ મંદ થાશે. (સંવત ૧૯૭૨—સન ૧૯૧૫ માં આ રાશી આવશે.)

૧૨—મીન રાશી ગુરૂ આવે તેવારે ત્રિભુવન પ્રભુ નામ સંવત્સર કીજે. નવે ખંડ મેઘ વરસે, પણ ગુજરાત કાઠિયાવાડ મે અલ્પ. ધાન મુલ પામશે. લોકમાં પાપ બુદ્ધ વર્તાશે. વ્યાધીની પીડા છે. પૃથ્વી ઉપર અનાજ, ઘી વગેરે સઘળાં વસ્તુ નિપજે. દક્ષિણ

પશ્ચિમ દેશ ભણું. ઉત્તર મધ્ય ને પૂર્વમાં કહેવારશે. એક આસો ધાન્‌નમાં ઉપાડો રહેશે. ગોળ, લુણ, ઘી, તેલ, ધાન, કપાસ એ સર્વ સંઘરનાર લાભ પામશે. પશુ-ઢોરને પીડા થશે. (સં. ૧૯૧૩માં)

બાર માસની સંક્રાંતિ ફળ.

શિયાળે સુતી ભલી; ઉનાળે ઉભી ભલી અને ચોમાસે બેઠી ઉત્તમ ગણવી.

૧—ચૈતર માસની મેખ સંક્રાંતિઃ—રવી, મંગળ કે શનીવારી બેસે તો કષ્ટકારી અને ઢોર ઘણાં મરે. દંત, મજીઠ, તેલ, કેશરમાં તેજી થાય. સોમવારી બેસે તો ધોળી વસ્તુમાં તેજી આવે. બુધ, ગુરૂ, શુક્રવારી બેસે તો વરસાદ ઘણો. અનાજ ભાવ સોંઘા. સલાહશાંતિ દેશમાં રહે.

૨-વૈશાખ માસની વરૂખ સંક્રાંતિઃ—સોમવારી સુગાળ કરે, મંગળ, શની કે રવીવારી પ્રજાને કષ્ટ ઉપજાવે. બુધવારી સુખ કરે, ગુરૂવારી રોગ કરે શુક્રવારી સુગાળ કરે.

૩—જેઠ માસની મીથુન સંક્રાંતિઃ—રવીવારી બેસે તો રોગ કરે, સોમવારી હોય તો સુગાળ કરે, ને અનાજ સસ્તું થાય. મંગળવારી પ્રજામાં ભય ઉપજાવે. બુધવારી ઉત્તમ. ગુરૂવારી વરસાદ ઘણો કરે. શુક્રવારી અનનો સુગાળ કરે, શનીવારી કલેશ ઉપજાવે.

૪—અશાડ માસની કર્ક સંક્રાંતિઃ—રવીવારી બેસે તો સર્વ વસ્તુનો સંગ્રહ કરવો. અનાજમાં દોઢો લાભ કરે. સોમવારી રસ-કસ-અનાજ સોંઘાં કરે. મંગળવારી (અન) પાકા, બુધવારી સુગાળ કરે. ગુરૂવારી—વરસાદ ઓછાણો થાય. શુક્રવારી અનાજના સુગાળ કરે, શનીવારી અનાજ મોંઘું અને કલેશ ભય ઉપજાવે.

૫—શ્રાવણ માસની સિંહ સંક્રાંતિઃ—રવીવારી હોય તો અનાજ ભાવ મોંઘો કરે. સોમવારી સુગાળ. મંગળવારી મેં ઘણો થાય-

કપાસ બગાડે. પણ રાજાને પીડા. બુધવારી કપાસનું વણસાડે. મે થોડા ને ખેડનો વિનાશ કરે. ગુરૂવારી રીતસર કરે, મે ઘણો કરે. શુક્રવારી ધાન્ય બગાડે. શનીવારી વાયુ ઘણા કરે અને અનાજ તથા રસ-કસ મોંઘા થાય.

૬—ભાદરવા માસની કન્યા સંક્રાંતિ:—રવીવારી હોય તો મે ઘણો. સોમવારી સુખાકારી. મંગળવારી પ્રજાને દુ:ખી કરે. બુધવારી મે ઘણા ને સુખ કરે. ગુરૂ, શુક્રવારી મહા સુગાળ કરે. શનીવારી બેસે તો મોંઘારૂ કરે.

૭—આસો માસની તુલ સંક્રાંતિ:—રવી કે મંગળવારી ભય કરે, દેશ ભંગ થાય. કટક ચાલે અને તીડ આવે. સોમવારી સુખ કરે, બુધવારી બ્રાહ્મણને થોડી પીડા કરે. અન્યવર્ણને પીતની વ્યાધી કરે. ગુરૂવારી—જુવાર ઘણી પાકે, શુક્રવારી સોંઘુ કરે. કપાસ મોંઘો કરે, શનીવારી વાવેતર બગડે ને મોંઘાઈ.

૮—કાર્તક માસની વૃશ્ચીક સંક્રાંતિ:—રવીવારી ભય ભંગ કરે, સોમવારી લાભ કરે, મંગળવારી રાજાને પીડા-પાછતર પાકે. બુધવારી—ધાન્ય-ઘી મોંઘાં. ગુરૂવારી—રસ—તથા અનાજ સોંઘાં. શુક્રવારી ઘી, મગ, ચોખા સોંઘા કરે. શનીવારી વરસાદ ઘણો કરે ને પાકને બગાડે

૯—માગશર માસની ધનસંક્રાંતિ:—રવી-સોમવારી હોય તો મે ઘણો ને સુખ કરે. મંગળ તથા બુધવારી રોગ કરે. ગુરૂ કે શુક્રવારી આનંદકારી વર્તાવે. શનીવારી રોગ ઉપજાવે.

૧૦—પોષ માસની મકરસંક્રાંતિ:—રવીવારી બેસે તો અનાજ ધીમાં હોટો લાભ થાય. સોમવારી સુખ કરે. મંગળવારી અનાજ મોંઘુ કરે. બુધવારી સુગાળ કરે. ગુરૂવારી સારી સુખાકારી

તે અનાજ ઘણું નિપજે. શનીવારી પ્રજાને પીડા કરે ને અનાજની આફરત થાય.

૧૧--માહા માસની કુંભસંક્રાંતિઃ—રવીવારી બાળકને પીડા. સોમવારી વરસાદ ઘણો કરે ને વેપારમાં લાભ. મંગળવારી પક્ષીને પીડા. બુધ કે ગુરૂવારી પ્રજામાં સુખ શાંતિ કરે. પણ અનાજમાં પેઠ આવે. શુક્રવારી રાતી વસ્તુ મોંઘી થાય. શનીવારી ચોરોનો ભય ઘણો થાય.

૧૨--ફાગણ માસની મીનસંક્રાંતિઃ—રવીવારી હોય તો રાજાને [illegible] સોમવારી હોય તો વરસાદ ઘણો. મંગળવારી હોય તો ઘી, રસ-[illegible] માં તેજી આવે. બુધ ને ગુરૂવારી રૈયતમાં સુખ શાંતિ [illegible] અનાજ તથા રસકસ સોંઘા થાય. શુક્રવારી ધોળી વસ્તુ [illegible] શનીવારી ઉલ્કાપાત કરાવે.

[illegible] મંદીના જોગ.

([illegible] ચોખા વગેરેની તેજીમંદીના કરણી.)

[illegible] સંક્રાંતિ આર્દ્રા, શ્રાંતિ, કે મુળ એમાંના કોઈ પણ [illegible] અનાજમાં તેજી આવે.

[illegible]-કરણી, મઘા કે ચિત્રા એમાંનુ કોઈ પણ [illegible] અનાજનો સંગ્રહ કરવો.

([illegible] અને મકરસંક્રાત શનીવારી બેસે અને તે [illegible] ૫ ના હોયતો ઘણી મોંઘવારી તે વરસમાં [illegible])

([illegible] ના શની, તુલના મંગળ હોયતો ઘઉં, ગોળ ને [illegible]

([illegible] કર કે કુંભના શની થાયતો અનાજમાં મંદી પડે.

(૬) વિશાખા (વિંછીડા) પંદરીઉ નક્ષત્ર આવે ત્યારે તે વિંછીડાને સુરજની સાથે જઈ મળે અથવા વિંછીડાને આંકડે ચંદ્ર હોય તો રૂતનો ભાવ વધે. પણ વિંછીડાના ચંદ્ર સાથે મિત્રાચારી અથવા વિંછીડાના મોંઢા પાસે ચંદ્ર કે સુરજ હોયતો રનો ભાવ મંદ પડે.

(૭) કોઈપણ માસમાં પખવાડીઉ તેર દિવસનું આવે તે સાલમાં મોંઘવારી ચાલે ને જગતમાં ઉલ્કાપાત થાય.

(૮) અધિક માસમાં શનીનો બદલો થાયતો નબળું ફળ ને મોંઘવારી ચાલે. મંગળનો થાયતો મરકી અને મોંઘવારી બેઉ ચાલે.

(૯) કોઇપણ માસની શુદી ૨ નો ચંદ્રમા સોમવારે ઉદય થાયતો રૂ, નો ભાવ ૨૦ દિવસ આકરો રહે પણ શનીવારે ઉદય થાયતો રૂ, નો ભાવ એથી વધે.

(૧૦) કોઈપણ માસની શુદ ૨ નો ચંદ્ર રોહણી, ભરણી, અનુરાધા, મુળ, વિશાખા, મધા, પુષ્પા, પુનરવસુ એમાંના કોઈપણ દનિયા નક્ષત્રમાં ઉગેતો તે માસમાં ધાન્ય મોંઘું થાય અને જરૂર આફત થાય. (મેળવી જોવું).

(૧૧) કોઈપણ માસમાં સુદી ૨ બુધવારી, શુદી ૬ રવીવારી અને શુદી ૧૦ ગુરૂવારી હોયતો ધાંનો ભાવ સવાયો થાય.

(૧૨) કોઈપણ માસની પુનમ ઘડી પાંચની અંદર હોયતો રૂ, નો ભાવ વધે.

(૧૩) કોઇપણ માસમાં વદી ૬ નો ક્ષય હોયતો રૂ, માં જરૂર તેજી આવશે. (એક માસ પાંચ ટકે) પણ વદ ૬ ઘડી એની અંદર હોયતો પીઠમાં સેંકડે ૨૦ ટકા ઘટે.

(૧૪) કોઈપણ વરસમાં ફાગણ શુદી ૧૫ તથા આસો શુદી ૧૫ ની રાત્રે ચંદ્રમાની પાસે આંદરડું દેખાયતો રૂ, ના ભાવ વધે.

(૧૫) કોઈપણ માસમાં રવીવારે તીથીનો ક્ષય હોય અને સોમવારે અમાસ હોય તો ૧,ના ભાવમાં રૂપિયા ૩૦ સુધી મંદી થાય.

(૧૬) કોઈપણ વરસમાં કારતક શુદ ૫ ના રોજ મુળ નક્ષત્ર જેટલી ઘડી હોય તે તથા અશાડ શુદ ૧૫ ના રોજ મુળ નક્ષત્ર જેટલી ઘડી હોય તે બંને સરવાળો લેવાથી જેટલી ઘડી થાય તેટલા શેરનું અનાજ તે સાલમાં થાય. (મેળવી જોવું)

(૧૭) દરેક માસની અજવાળી દસમ ૫૦ ઘડી અથવા ઉપરાંત હોયતો જે સાલમાં એવી એક દશમ હોયતો પંદર શેર અનાજ વેચાય. અને તે સાલમાં એવી બે દશમું હોયતો ૩૦ શેર અનાજ વેચાય. એ રીતે બારે માસની અજવાળી દશમો જોવી.

(૧૮) કારતક શુદ ૫ અને પોષ વદ અમાસ એ બે શની ક્વી કે મંગળવારાં હોયતો અનાજ દેહું મોઘું થાય.

(૧૯) ચૈત્ર શુદ પાંચમના વાયુ ચારે દીશાનો વાયતો ઘઉંનો સંગ્રહ કરવો. શ્રાવણમાં લાભ થશે.

(૨૦) વૈશાખ શુદ પાંચમને દહાડે પૂર્વનો વાયુ ચલે કે વાદળ વીજનું તોફાન પૂર્વમાંથી આવી પશ્ચિમમાં જાયનો અમણો ભાવ ભાદરવે થાય. (હિંદમાં—કાળ કે કરવૃ થાય.

(૨૧) ચૈત્ર વદી ૧ થી વૈશાખ શુદી પુનમ સુધી જે જણસનો ભાવ આકરો રહે તે જણસનો ભાવ ભાદરવે આકરો રહે.

(૨૨) કારતક શુદ ૫ તથા ફાગણ શુદ ૨ જે વારી આવે તે વારના ભાવની વીગત.

મંગળવારી હોયતો દાણા તથા રસ-કસ મોંઘા અને વરસ સારૂં નહિ.
રવીવારી હોયતો—કાળજું ખડ ખડ થાય. અને મોંઘવારી ચાલે.
શનીવારી હોયતો—વરસ સારૂં નહિ દાણા મોંઘા થાય.
સોમ, બુધ, ગુરૂ, ને શુક્ર હોયતો વરસ સારૂં ને અનાજની મંદી થાય.

પ્રકરણ-આઠમું.

ગ્રહણ-અને ગ્રહ ઉદય અસ્ત વિચાર.

ચંદ્ર તથા સૂર્ય ગ્રહણ વિષે મેઘસમાચારના પ્રકરણમાં વિચાર અને ફળ બતાવેલ છે. અહીં સૂર્ય-ચન્દ્રનાં ગ્રહણ ક્યા ક્યા વારે આવે છે તેનું તથા ક્યા ચોઘડીઆમાં થયું તેનું ફળ બતાવવામાં આવ્યું છે. તે પંચાંગથી મેળવના રહી અસલે કન વધારવું.

સૂર્ય ગ્રહણ વારવિચાર.

રવીવારે—સૂર્યગ્રહણ થાયતો ઘી, તેલ, ખાંડ લેવાં જેથી કરી માસ એથી ચાર લગીમાં ઠીક લાભ થાય

સોમવારે—સૂર્યગ્રહણ થાયતો અનાજનો સંગ્રહ કરવાથી લાભ આવશે.

મંગળવારે—હોયતો-અગ્નિ ભે થાશે. ૪ માસ લગી મોંઘાઈ રહેશે. અને ધોળી જણસનો સંગ્રહ કરવાથી માસ ૩ પછી લાભ હોશે.

બુધવારે—હોયતો-રાતી વસ્તુ મોંઘી થાશે.

ગુરૂવારે—હોયતો કસુંબી, તલ, તેલ, ઘઉં, ગોળ વગેરે રાતી વસ્તુ મોંઘી થાશે

શુક્રવારે—થાયતો વરસાદ મનમાનતો થાય. ને સર્વ અન્ન શનિવારે સુધી થાયતો-સમો કરવરો આવશે. રાતી, પીળી વગેરે સર્વ જણસમાં ત્રણ માસમાં તેજી આવશે.

ચંદ્રગ્રહણ-વાર વિચાર.

રવીવારે—ચંદ્રગ્રહણ થાય તો સર્વ ધાનનો સંગ્રહ કરવો. ૬ માસની અંદર લાભ થાશે.

સોમવારે—ચંદ્રગ્રહણ થાય તો ત્યાર પછીથી ૧, માં ૪૦ રૂપિયા સુધી તેજી આવી જાય તથા ઘી, તેલમાં તેજી આવશે. (ચૈત્રી વર્ષ ૧૯૬૯ ની ચૈત્રી શુદ ૧૫ એટલે આસુ, આસમાં ગ્રહણ સોમવારે હતું. ભાવ માર્ચ જીનના ૨૮૦–૮૫ હતા ને અખાત્રીજ સુધીમાં ૩૧૦ થી ૩૧૫ લગભગ થઈ રામબાણ ૪૦ ટકા વધ્યાનો આ પુરાવો છે માટે તક તક જોતા રહેવું.

મંગળવારે - ચંદ્રગ્રહણ થાય તો, ત્યાર પછીથી કપાસ, સોપારી, ઘઉં, ગોળ, તેલ વગેરે મોંઘાં થાય.

બુધવારે—ચંદ્રગ્રહણ હોય તો તેજ ફળ જાણવું.

ગુરૂવારે—ચંદ્રગ્રહણ હોય તો, ૩માં રૂ ૨૦ થી ૨૫ ટકા ૩ માસની અંદર આવે. તેમજ, ઘી, તેલ, કસુંબી મોંઘાં થાય.

શુક્રવારે—ચંદ્રગ્રહણ થાય તો ૩ માસમાં રૂ ની ૫૦ વધી જાય. તે શિવાયની જણસો સસ્તી થાય અને પ્રજામાં સુખ વધે.

શનીવારે—ચંદ્રગ્રહણ થાય તો, અડદ, અફીણ, જાર, બાજરી ને કાળું કાપડ એમાં તેજી આવે.

સાત વાર અને ચોઘડીઆ ગ્રહણ વિચાર.

રવીવારે—ઉદ્વેગ ચોઘડીઆમાં ગ્રહણ હોય તો અનાજનો સંગ્રહ કરવો વરસ કરવરૂં થાય ને કોઈ દેશમાં લડાઈ જામશે.

સોમવારે અમૃત ચોઘડીઆમાં પુરેપુરૂં કે અરધું ગ્રહણ થાય તો, તલનો સંગ્રહ કરવો.

મંગળવારે—રોગ ચોઘડીઆમાં ગ્રહણ થાય તો, રૂ, કપાસ નો સંગ્રહ રાખવો પૈસા આવશે.

બુધવારે— લાભ ચોઘડીઆમાં ગ્રહણ થાય તો રાતી વસ્તુ સંઘરવાને લાભ-બીજે ત્રીજે મહિને-થાશે.

ગુરૂવારે- શુભમાં ગ્રહણ થાય તો તેલમાં લાભ થાશે.

શુક્રવારે—ચાગમાં ગ્રહણ થાય તો પ્રજા આનંદ કરે. અર્ધું ગ્રહણ થાય તો સર્વે જણસ સંઘેરી. બે ત્રણ માસે લાભ મળશે.

શનીવારે—રોગમાં ગ્રહણ થાય તો દેશમાં મરકી ચાલે.

ग्रहणनुं ममाण फळ.

પુરેપુરો ઘેરાય તો ૨૦ દિવસ ફળ આપે ત્રણ ભાગનું ઘેરાય તો એક માસ સુધી, બે ભાગનું થાય તો બે માસ સુધી ફળ ગણાય ત્રીજા ભાગનું ઘેરાય તો ત્રણ માસ સુધી ફળ ગણાય. ચોથા ભાગનું ઘેરાય તો ચાર માસ લગી ફળ ભોગવે.

અધીક માસમાં ગ્રહણ થાય તો દેશ ભંગ થાય.

ग्रहना उदय-अस्तनुं फळ.

શુક્રનો ઉદયઃ—મેઘદ્વારો-ભરણી આદિ આઠ નક્ષત્ર મે ઉદય હોય તો વરસાદ ઘણો અને ધાન્ય સસ્તા અને રૈયતમાં આનંદ પ્રવર્તે. ધુલીદ્વાર-મઘા આદિ ૫ નક્ષત્રમાં ઉદય થાય તો અનાવૃષ્ટિ અને રૈયતને પીડા. રાજદ્વાર-સ્વાતિ આદિ ૭ નક્ષત્રમાં ઉદય પામે તો પ્રજા ભયભ્રાંત ને રાજાઓને ખમવું પડે. કનકદ્વારો શ્રવણ આદિ ૭ નક્ષત્ર મે ઉદય થાય તો સારી વૃષ્ટિ અને સુગાળ વરતાવે ને પ્રજા ખુશાલ કરે. શુક્ર ઉદય-વૃષ, કર્ક, વૃશ્ચિક અથવા મીનમાં થાય તો ઘણો વરસાદ થાય તુલામે ઉદય થાય તો કમ વરસાદ થાય. અને જો ધન કે કુંભમાં ઉદય પામે તો છેક અનાવૃષ્ટિ થાય

શુદઃ- પડવે, બીજ, ત્રીજ કે ચોથનો ઉદય થાય તો પ્રજા સુખી થાય.

શુદ પંચમ—છઠ, સાતમ કે આઠમને દિવસે ઉગેતો ચોરનો ભય.

શુદ નોમ-દશમ, એકાદશી, બારસમાં ઉગે તો લડાઈઓ ઘણી થાય.

શુદ ૧૩, ૧૪ કે પુનમ ઉગે તો દુષ્કાળ થાય. પૃથ્વી જો રહી

૯, ૧૪ કે અમાસે અસ્ત-ઉદય હોય તો સારો વરસાદ ને સુ-ગાલ થાય.

ચોમાસામાં શુક્ર પૂર્વમાં પાછલી રાતે દેખાય તો વરસાદ કમ પણ અનાજ તથા ઘાસ નિપજે તેટલો વરસાદ થાય. પશ્ચિમમાં આગલી રાતે દેખાય તો વરસાદ વધી જાય પણ અનાજ તથા ઘાસ કમ નિપજે.

શુક્ર-અસ્ત—કારતક, માગશરે અસ્ત થાય તો વરસાદ વધારે થાય. પોષ-માસે અસ્ત થાય તો છત્ર ભંગ થાય. માહા માસે અસ્ત થાય તો-નબળું ફળ માનવું. ફાગણ માસે અસ્ત થાય તો અગ્નિ ભય. ચૈત્ર-વૈશાખે અસ્ત થાય તો વનસ્પતિ બગડે. જેઠ માસમાં અસ્ત થાય તો વરસાદ વધી જાય ને પ્રજા દુઃખ પામે. અસાડે થાય તો વરસાદની ખેંચ કરાવે. નદી-સરોવર સુકાય. શ્રાવણમાં અસ્ત થાય તો વરસ કરવરૂં થય ભાદરવે થાય તો ધાન્યની ઉત્પત્તિ થાય. આસોમાં અસ્ત થાય તો વરસાદ સારો ને સુગાળ થાય.

શની-અસ્ત-ઉદયનું ફળઃ—શની તુલા મીન રાશીમાં અ-સ્ત હોય તો સારો વરસાદ થાય. પણ જો મિથુન, કર્ક સિંહ, ક-ન્યા, વૃશ્ચિક અથવા મકરમાં અસ્ત હોય તો તે સાલમાં વર-સાદ કમ પડે.

શની—મેષ, મિથુનમાં ઉદય થાય તો સુગાળ થાય. અને કર્ક તથા તુલામાં ઉદય થાય તો કમ વરસાદ તે સાલમાં થાય. (મે-ળવી જોવું.)

મંગળ-અસ્ત-ઉદયનું ફળઃ—મંગળ વરસાદની મોસમમાં વક્રીઅસ્ત થાય તો વરસાદ તે સાલમાં થોડો પડે. મંગળ-મિથુન રાશીમાં અસ્ત થાય તો વરસાદ સાધારણ અને મકર રાશીમાં અસ્ત થાય તો વરસાદ વધી જાય. મંગળ ધનસંક્રાંમાં ઉદય થાય તો

વરસાદ સારો થાય. મકરમાં ઉદય થાય તો પ્રથમ વરસાદ સારો. પાછળથી ખેંચ થશે. કુંભમાં ઉદય થાય તો ઘણો વરસાદ થાય. પણ જો મીનમાં ઉદય થાય તો કમ વરસાદ પડે.

બુધઃ—નો ચોમાસામાં કન્યાપર વક્રીગમન થાય તો વરસ સુગાળ થાય.

બુધનો અસ્ત કર્ક રાશીમાં થાય તો અનાવૃષ્ટિ. પણ સિંહ પર હોય તો થોડો વરસાદ થાય. અને કન્યાપર અસ્ત થાય તો ઘણો વરસાદ થાય.

બુધ-ઉદય વૃષ પર હોય તો ઘણો વરસાદ અને મિથુન પર હોય તો દુકાળ કે કરવરું થાય.

બુધનો ઉદય જેઠમાં થાય તો ઘણો વરસાદ થાય. અસાડ સુદમાં ઉદય થાય તો પાછો અસ્ત થાય ત્યારે વરસાદ કમ અને અનાજ મોંઘું કરે. પણ જો ભાદરવો કે આસો હોય તો ઘણોજ વરસાદ થાય.

બૃહસ્પતિ—ઉદય-અસ્તનું ફળઃ—બૃહસ્પતિનો વક્ર હોય તો દોઢો સુગાળ થાય.

ચૈત્રમાં ઉદય હોય તો ચોમાસું બેડોળ થાય, વૈશાખમાં ઉદય થાય તો સુગાળ થાય. જેઠમાં ઉદય થાય તો અનાવૃષ્ટિ. અસાડમાં ઉદય થાય તો કાળ કે કરવરું થાય, શ્રાવણમાં ઉદય થાય તો સારો વરસાદ થાય. ભાદરવામાં ઉદય થાય તો પશુઓનો નાશ આસોમાં ઉદય થાય તો સાધારણ વરસાદ થાય. કાર્તકમાં અનાવૃષ્ટિ. માગશરે ઉદય થાય તો અલ્પ વરસાદ થાય. પોષ માસે ઉદય થાય તો સારો વરસાદ થાય. પણ જો માહ, ફાગણમાં ઉદય થાય તો કરમાફ રશો મે થાય.

प्रकरण—नवमुं.

दुकाळ-सामे चढाई.

(દુકાળ સામે-ઉતાવળે ચઢાઈ લઈ જવાનાં ખાસ કારણો.)

હિંદનો મુખ્ય આધાર ખેતીવાડી ઉપર છે. એટલે હિંદની ૩૦ કરોડ પૈકી ૧૯॥ કરોડ માણસ કેવળ ખેતીના ધંધાથી પોતાના કુટુંબને પોષે છે. તેથી ચોકસપણે કહી શકાય છે કે હિંદ એક રસાળ ભૂમિ છે. તેના ઉપર કુદરતી અમૃત ઇશ્વરે પાથરી દીધું છે. ને હિંદ એક કાચા માલનું કલ્પતરુ છે, એમ કહીએતો તે ખોટું નથી. જેથી આ દેશનાં ૯॥ કરોડ માણસનો નિર્વાહ અનાજની પેદાશ ઉપર ચાલે છે. વિદ્યા હુન્નરની પેદાશ કરનારાં ૩–૪ કરોડ માણસ દેશમાં છે. બાકી ૪ કરોડ મજુરી કરનારાં ને ચાર કરોડ ભીખારી મળી હિંદની કુલ વસ્તીનો સમાવેશ થાય છે. વિલાયતમાં તેમ નથી. ત્યાં વિદ્યા કળાનો ઉદ્યોગ સેંકડે ૯૦ ટકા છે. એટલે આપણે ત્યાં ખેતીવાડીનું મુકાબલે ? માણસ વિદ્યા હુન્નરના કામ કરનાર છે. જેથી હિંદમાં વિદ્યા હુન્નરની પેદાશ થોડી છે. આથી સુજ્ઞ વાંચનાર સમજશે કે,– હિંદમાં ઉદ્યોગની ભારે ધમાલ નથી તેમ ભારે પેદાશ હુન્નરી માલની નથી. પણ વિલાયતમાં કારખાનાના ધુમાડાથી આકાશ બારે માસ ને રાત દિવસ છવાઈ ગએલું હોય છે ને અહીં ચોમાસાના ચાર માસ વાદળાંથી આકાશ છવાએલું દેખીએ છીએ. અહો!! કેટલો તફાવત! હુન્નરી માલના જગજાહેર વિલાયતમાં પુરજોશથી ચાલી રહ્યા છે. અને વિદ્યા હુન્નરની કુંભનવીન શોધખોળ ... ગાડીની દોડધામ મોટા વિસ્તારમાં ચાલી રહી છે ... અહીં નથી, જેથી

ત્યાં પૈસાની પેદાશ વધારે છે, ને આખો દેશ પૈસાથી તરી રહ્યો છે જેથી ત્યાંની સમૃદ્ધિ ને વિદ્યા હુન્નરનું વર્ણન કરીએ તો મહાભારત રચાય. જેથીજ ત્યાં પૈસાનો દુકાળ નથી. અને જ્યાં પૈસાનો દુકાળ નહીં ત્યાં અનાજનો દુકાળ પડતો નથી.

પણ આપણા દેશમાં મુખ્ય નિભાવ ખેતીવાડી ઉપર હોવાથી એકાદ વરસ વરસાદ ન આવે તો દુસ્કાળ વર્તાય છે. અને દુસ્કાળ સાથેજ પૈસાનો દુકાળ મોટે ભાગે જોવામાં આવે છે. કેમકે વિલાયતની પેઠે વિદ્યા હુન્નરના ઉદ્યોગથી આપણે ઘણા પછાત છીએ. જેથી હુન્નરી પેદાશ થોડી છે. જેના લીધે આપણે દુકાળ જેવા જોરાવર દુશ્મન સામે થવામાં બે માર પડે છે. એક તો ખેતીવાડીની પેદાશ બંધ એટલે ખેતીવાડીની પેદાશ ઉપરજ જે મોટો આધાર તે આવક બંધ પડે છે. ને બીજી બાજુ વિદ્યા હુન્નરની પેદાશ દેશની વસ્તીના પ્રમાણમાં ઘણીજ ઓછી એટલે રાજા પ્રજા ઉભય તુરત સપડાય છે. અને મોટા વિચારમાં આવી પડીએ છીએ. માટે આ બેઉ મારથી મુક્ત થવાય ને ઓચીંતો દુકાળ સપડાવી ન શકે, માટે આપણે વેળાસર ચેતવાની અને ચાંપતા ઉપાય લેવાની રાજા અને પ્રજાના ધનાઢ્ય ગૃહસ્થોની મુખ્ય ફરજ છે.

લોર્ડ બેકન નામનો કવિ કહે છે કે—"[illegible] કરતાં કરી બતાવો" એ જેટલે દરજ્જે ખરૂં છે તેટલેજ દરજ્જે ગુણકારી છે. એટલે આ દેશની રીત પ્રમાણે આગ લાગ્યા પછી કુવો ન ખોદાવો. પણ આપણા દેશમાં દુકાળ ન પડવા દેવા અથવા તેનું રૂપ બાળી નાખવા પ્રથમથીજ ઉપાય લેવા જોઇએ. ખરેખર! ૧. દુકાળની કુદરતી આફત નજ આવે માટે ઉંડા ઉતરી કુદરતી કારમતો [illegible] શું કામે લગાડવી? ૨—જોગાનુજોગે એવી ઓચિંતી આફત [illegible] તે [illegible] સાગા થકી કેમ બચાવ કરવો? અને ૩ તેના

દુર્ઘટ સમયે પૈસાનો દુકાળ ન પડે ને સુખ સંપત્તિ સાથે બચાવ કરી શકીએ તેમાટે આ દેશમાં શું વધારે તાત્કાળીક મોટા પાયાપર ઉપાયો લેવાની જરૂર છે? તેનાં મૂળતત્વ શોધી કાઢી દુકાળની મોટી આફત સામે થવા આ વિષય લખવાનો અમારો હેતુ છે. તેનો રાજા-પ્રજાએ એકીવારે સ્વીકાર કરી આપણા દેશની જે દયામણી સ્થિતિ દુકાળના વારમવાર હુમલાથી થાય તેને સામે બચાવ કરવા આપણે તૈયારી કરીએ. ભારતભૂમિ એક રસાળ ભૂમિ છે. તેનાં કુદરતી હવાપાણી ખેતીવાડી અને વિદ્યાહુન્નરના સંગીન સુધારા વધારવા માટે અનુકૂળ છે અને ખેતીવાડી માટે દુનિયાના બીજા દેશો કરતાં હિંદની રસાળ ભૂમિ કુદરતી સંજોગથી ચડે છે. કેમકે ભરતખંડ એ એક કલ્પતરૂ માફક પેદાશ આપનારો દેશ છે. જેની જાહોજલાલી દેશવિદેશને ચોદેશ ગાજતી. તેવી એક કામદુગ્ધા ભૂમિની ઉપર વસનારી પ્રજા એકાદ દુકાળથી રાંકડી બની જઈ ન વર્ણી શકાય તેવા બનાવ બને છે. શું! આ થોડી શરમની વાત છે? ને થોડી કમનસીબી? કે જે ભૂમિની પ્રજા ઓહોળો વૈભવ ભોગવતી તેની તેજ ભૂમિ ઉપર વસનારી પ્રજા દુકાળ આવતાં એકદમ સપડાય છે. તેનો દોષ એકલો ઈશ્વરી આફતને નામે લઈ જવો—એ રાજનેતાઓ અને સુજ્ઞ રાજા-પ્રજાનો ધર્મ નથી. પણ તેમાં કેટલીક મહાન ભૂલો આપણી પણ જોવામાં આવે છે. કેમકે આપણું કેટલુંક પ્રાચીન દેશી રીતીઓ વગેરેનું રહસ્ય આપણે ધીરે ધીરે કાળચક્રની સાથે વિસ્મરણ થતું ગુમાવતા જઈએ છીએ માટે આપણું પ્રાચીન રહસ્ય અવલંબન કરી નિત્ય કર્મમાં અ.ગ.બ. વધવાથીજ સંગીન લાભ છે. આપણામાં કહેવત છે કે—"આપણા વડવાઓ એકવાર વાવતા ને સાતવાર લણતા." પણ હમણાં [illegible] વાવે ને એક વાર લણ-
[illegible] ... તો જમના [illegible]

રોષ કાઢે છે કે જમીન રસને ચોરી ગઈ છે. જેથી નિપજ મનમાનતી આવતી નથી. પણ એ દલીલ તેમની ઘણે ભાગે ખોટી છે. કારણ એ કસ ઘટવાનાં કારણ જોશું તો ૧. ખેડુતોની ખેતી કરવાની અનિયમિત કઢંગી રીતો ૨. તેમની નબળાઈ અને ૩. રાજ તરફથી મળતું સંગીન ઉત્તેજન બંધ પડવાનાં કારણો અને ૪–વરસાદને માટે કુદરતી સંજોગો બંધ પડી વરસાદનું અનિયમિતપણું એ ચાર મુખ્ય છે.

કારણ વસ્તી વધતી ગઇ તેમ ખેડ પણ વધતી ગઈ છે. એટલે અર્થશાસ્ત્રના નિયમ પ્રમાણે જોઇશું તો વસ્તી વધી પણ તેના પ્રમાણમાં જમીનનો કસ ઘટવાથી ઉપજ પણ ઘટતી જાય છે; કેમકે દર વરસે વાવેતર કરી કસ લેવાય છે. પણ તેમાં ઘટ લાગે છે તેની ખોટ પુરાવા વહેલી નિયમસર ખેડ અને ખાતરનો જોઈએ તેવો બદલો આપી કસમાં પડેલી ઘટ પુરતા નથી. તેથીજ ઉપજ ઘટવા સાથ ખેડુતોની નબળાઈ થવાથી દુકાળમાં સપડાવાનો વખત આવી લાગે છે. માટે અમારા ખેતીવાડી સુધારાના મહાન ભોમીઆમાં બતાવ્યા મુજબ તથા ભાગ ૧ લાના પ્ર. ૬ ઠ્ઠામાં ખેતીવાડીનાં સંગીન સુધારા બતાવ્યા મુજબ વહેલી ખેડ કરવાથી શિયાળામાં ટાઢ, ઝાકળથી જમીન કસદાર થાય છે. અને ઉનાળાના તાપથી ગળાઉ રસ પીગળી ખાતર માફક ગુણ વધે છે. અને ખાતરનો બોહોળા જથામાં ઉપયોગ વધારવો. કારણ માણસને પોતાનું જીવન વધારવા જેમ ઉતમ ખોરાકની જરૂર છે તેમ જમીનનું જીવન વધારવા દર વર્ષ ખાતર આપી કસ વધારવાની જરૂર છે. વિલાયત અને જાપાન દેશમાં દર સાલ ખાતર આપ્યા વિના વાવેતર કરતા નથી. જેથી ત્યાંની ખેતીવાડી આજે ઉંચા પંક્તિમાં ગણાય છે. કેમકે આપણે ત્યાં હાડકાં જેવાં ખાતર ને નિરૂપયોગી ગણી ફેંકી દઇએ છીએ. તેનો વિલાયતમાં ખાતર તરીકે ઉપયોગ કરે છે. આવી

રીતે હાડકાં રૂપી હીરા લાખો રૂપિયાની કિંમતના આ દેશમાંથી ખર્ચે જઈ ત્યાં ઉપયોગ થાય છે. જેથી અહીંની ખેતીવાડીની દોલતમાં દર વર્ષે લાખો રૂપિયાનો ઘટાડો થતાં ઘણા વર્ષે આ દેશની ખેતીવાડીની દોલતને કેટલો બધો ઘસારો લાગશે ? જે વિચારવાનું કામ રાજા-પ્રજાની મુનસફી ઉપર ઉતાવળે સોંપુંછું. માટે આવો દેખીતો ઘસારો જલદીથી બંધ પાડી રાજા-પ્રજાએ આપણા દેશના હીરા, પરદેશ જતા અટકાવી અહીંની ખેતીવાડીમાં કસ વધારો, કે ઉપજ વધવા સાથ દુકાળ સામે થવામાં ખાતરનો ઉપયોગ એક મિત્ર રૂપ મદદગાર થઈ પડશે. જાપાનમાં ખાતરનો ઉપયોગ એટલો બધો છે કે ત્યાં ઘરે ઘરે ને જાહેર રસ્તા ઉપર ને ખેતરે ખેતરે જાજરૂ હોય છે. ને કોઇ પણ માણસ કે મુસાફર તે જાજરૂમાં જંગલ જાય તેને પૈસો આપવા પાટીઆં ચોહોડેલાં હોય છે, એકવાર એક મુસાફર જાપાનના ખેડુતને ત્યાં મેમાન થયો હતો. તેની મોટા ખરચથી મીજબાની કરી પણ તે મુસાફર વિદાય થયા બાદ માલીકને ખબર પડી કે મુસાફર પોતાને ત્યાં જાજરૂ ગએલ નથી. જેથી તેણે તે મુસાફર ગૃહસ્થને પત્ર વહેવારે કારણ સાથ ઠપકો લખ્યો કે તમને મેં કરેલી મીજબાની મારી ફરજ મુજબ બજાવી. પણ તે નકામી ગઈ છે. જેને માટે દીલગીરછું. અહો ! જાપાનમાં મલીન ખાતરનો કેટલો બધો ગુણ લેખાય છે. આથી આપણને ધડો મળે છે કે ત્યાંની ખેતીવાડીની સમૃદ્ધિ આજે કેટલી બધી વધી ગઈ છે. એ સમૃદ્ધિ વધવાથી તે દેશ પૈસે ટકે તેજ ને સમૃદ્ધિ વાળો હોવાથી રૂશિયા જેવા જબરા રાજ સામે લડાઇમાં ટકવાને ખેતીવાડીની સમૃદ્ધિએ જાપાનને ખરેખર મોટો ટેકો આપ્યો હતો. (વિદ્યા હુન્નરની સમૃદ્ધિનો પણ તેવોજ ટેકો છે.) આપણા ખેડુતો હાડકાં અને મળમુત્રના ખાતરને નકામું ગણે છે. ને સુધરેલા દેશમાં તેનો બોહોળો ઉપયોગ થાય છે, ને એક પણ ખેતર નવું ખાતર આપ્યા

વિના જાપાનમાં ફરી યાતના નથી. માટે આપણા ખેડુતોને જમીનમાં કસ ઘટે છે, તે ખોટ પુરી પાડવા રાજ તરફથી સંગીન મદદ ખેડુતોને મળવા સારૂ ખેડુતોને ઓહોળા અખતરાથી લાભ સમજાવવા કે આગળ પાછળ વર્ષનો સારો પાક ઉતારી અનાજ કે પૈસા ફાજલ પાડી દુકાળ વખતે બચાવ કરી શકે.

दुकाळ सामे कुदरती अने वहेवारिक योजनाओनी चडाइ

(બચાવ.)

દુકાળ પડવાનાં ભવિષ્ય ચિન્હ પહેલા ભાગમાં અમે વિસ્તારથી બતાવ્યાં છે. અને દુકાળ સામે ચઢાઈ લઈ જવાનાં ખાસ કારણો ઉપર બતાવ્યાં છે. એટલે ફાવે તેટલી વહેલી ખેડ કરી જમીનમાં ગળાઉ કસ વધાર્યો હોય, જૂદી જૂદી જાતનાં ખાતરનો ઉપયોગ કરી જમીન તૈયાર કરી હોય, તેનો પરિણામે લાભ તો જતો નથી ખરો, પણ વરસાદ એકાદ વરસ ન આવે તો કેટલાક ખેડુતો આકાશ સામું જોઇ, ઉદાસ થઈ દુકાળ પડયો ગણી હિંમત હારી બેસે છે. પણ હિમત હોય તો કુદરતી અને વહેવારીક કારગતો આગળ પાછળ કામે લગાડયાથી આપણે દુકાળ સામે બચાવ ઘણે ભાગે કરી શકીએ છીએ. આવે વખતે રાજા પ્રજા આગ લાગ્યા પછી ઉપાય લેવા દોડધામ કરે છે. પણ રોગ થયા પહેલાં રોગ ન થવાના ઉપાય લેવા. એજ આપણા પ્રાચીન મહર્ષીઓના વચન પ્રમાણે દુકાળ સામે ટકવાને જેમ સરકારશ્રી કમીશન બેસાડી નવી યોજનાઓ શોધી કાઢે છે. તેમ આપણે આપણા પ્રાચીન રહસ્યને નામે દેશી વાયુ ચક્ર ખાતાની બેઠક લેતાં નીચેના મહાન ઉપાયો પ્રાચીન દેશી રૂઢીઓ વગેરેમાં દેખાવ આપે છે. તે દુકાળ સામે સદ્ઉપયોગ કરવાની ઇશ્વર કૃપાથી સંશોધન તરીકે ભલામણ કરૂંછું.

૧:—અગાઉ વરસાદ નિયમિત વરસતો અને જમીનનો પાક બહુ જબરો થતો. હવે વરસાદ અનિયમિત ને સુકવણાં આવ્યા કરે

છે. તેના કારણમાં વેદશાસ્ત્ર પ્રમાણે વરસાદ લાવવાના પ્રાચીન પ્રયોગો પ્રથમ આપણા દેશમાં થતા. હવે ઘણે ભાગે બંધ પડી ગયા છે. એટલે વરસાદને લાવવાના સાધનમાં યજ્ઞ યાગાદિના ધુંવાડા બંધ થયા છે. આપણા દેશમાં ધુંવાડા યજ્ઞ યાગાદિના હમેશાં ઘેર ઘેર થતા. વૈશ્વદેવ અગ્નિ હોત્રોથી થાય છે. આજ અગ્નિહોત્ર વૈશ્વદેવ તો એક બાજુ રહ્યા. પણ સંધ્યા જેવા નિત્યકર્મ ઉપરથી પણ લોકોની આસ્થા ઉઠી ગઈ છે.

આપણે સૌ જાણીએ છીએ કે ધુંવાડા (વાતાવરણ) નાં વાદળાં બંધાવાથી વરસાદનું મૂળ મંડાણ છે.

ગીતાજીમાં કહ્યું છે કે—

यज्ञाद्भवति पर्जन्य, पर्जन्यादन्न संभवः

તેમજ—**अग्नो मास्ताहुति, सम्य गादित्य मुळ तिक्षते ॥**

आदित्याज्जायते वृष्टिर्वृष्टेन्नं ततः प्रजाः ॥

માટે આપણી પ્રાચીન રૂઢીઓ પ્રમાણે યજ્ઞયાગાદિ ઠારોઠાર પાછા થવા જોઇએ. અને ઇંદ્રનો યજ્ઞ દર વર્ષે ગામો ગામ થવો જોઇએ. તો વરસાદના અનિયમિત પણામાં ઘટારો થતાં દુષ્કાળની વારમવારની ધાસ્તી દુર થાશે.

૨:—દેશમાં અગાઉ ઠારોઠાર વનસ્પતિનાં જંગલનાં જંગલ હતાં. હાલ દેશમાંથી વનસ્પતિનો ઘટારો થઇ ગયો છે. એ પણ પગમાં કુહાડો માર્યા જેવું થયું છે; કારણ એતો ચોકસ છે કે દેશના જે ભાગમાં વનસ્પતિને જંગલ વધારે છે ત્યાં આજે વરસાદ વધારે પડે છે. ને રણવાળા ભાગમાં વારમવાર સુકવણાં આવે છે. (જુઓ ભાગ ૧ લાનું પ્રકરણ પાંચમું) માટે દેશમાં વેળાસર વનસ્પતિનાં ઝાડો વધારવા રાજા પ્રજાએ નિયમિત યોજનાઓ મોટા પાયા ઉપર વધારવ દૃશી વાયુ ચક્ર ખાતું ભલામણ કરે છે (ઝાડ વધારવા

આણી સરકારે કાંઈક લક્ષ આપવા માંડયું છે) (જુઓ નામદાર શહેનશાહ ગાદીનશીન થવાની યાદગીરીમાં એ યોજના સુચવી હતી.)

વનસ્પતિના ફાયદા:—

૧:—વરસાદ વધારે છે. કારણ વનસ્પતિનો ભેજ વાદળાંને ઠંડા પાડી વરસાદ રૂપે નીચે ઉતારવાને સહાયકારી થાય છે. ૨—સુકવણા વખતે મોલને ભેજ મળે છે. ૩—ટીડનો નાશ કરે છે. ૪—પવનનો વેગ નબળો પડે છે. ૫—મદ્રાસ તરફ જે નદીઓ બાર મહીને સુકાતી તે હવે ૬ મહીને સુકાઇ વહેતાં પાણી બંધ પડે છે. એમ મદ્રાસ ખેતીવાડી ખાતાનો ઉપરી લખે છે. કારણ જંગલનો નાશ થવાથી એમ બન્યું છે. વળી આપણા દેશમાં પણ કેટલીક નદીઓ વહેતી વહેલી બંધ પડે છે. ને પુરાણ થતાં જાય છે. એ અનુભવ આપણે નજરે નિહાળીએ છીએ. ૭ આબીશીનીઆ અને નીનેવેનાં મેદાન વનસ્પતીનાં જંગલ નાશનું પરિણામ છે.

૩. દુકાળ ગયા બાદ સરકાર દરબાર આગ લાગ્યા પછી કુવો ખોદાવે છે. ને કમીશન બેસાડી કુવાનાં પાણી વધારવા મજબુત ભલામણો થવા લાગી છે. પણ આપણા વડવાઓ તો કહી ગયા છે. કે આમળ એવાં વરસ ને ચોમાસાં આવશે કે તેમાં કહેવત છે કે,

"જો સુકે વરત, તો મરે તરત."

ભાવાર્થ—જે ખેડુતનો વરત કુવામાં ચાલતો હશે, તેને દુકાળ નડશે નહિ. પણ તેવા ખેડુતો પોતાના બચાવ સાથે રાજને પણ સહાયકારી થાય છે. માટે આપણી પ્રાચીન રૂઢીઓમાં મહાન કહેવત કુવા વધારવાની યોજના માટે સેંકડો વરસ પહેલાંથી ભલામણ કરતા આવેલ છે. એ આપણા વડવાઓની અગાધ બુદ્ધિની સાક્ષી આપે છે.

૪:—પાતાળ કુવા વધારવા માટે ગામે ગામ જ્યાં પાણીનાં તટ હોય ત્યાં કે નદી કાંઠે કુવાના ખરાઓ પાસે જોવરાવી અને

વિલાયતી સારડીઓ (મશીન) મુકાવી તેવા કુવા મોટા પાયા ઉપર વધારવાની સરકાર દરબારોને ધનાઢય ગૃહસ્થોએ ઉતાવળે પગલાં ભરવાની જરૂર છે. (આ બાબત નામદાર સરકારનું ધ્યાન ખેંચાયું જણાય છે).

૫:—થાપણીઆ કુવા વધારવા એટલે જ્યાં પાણીનાં તટ હોય કે કહ હોય ત્યાં દશ વીશ કોશીઆ કુળા ગળાવવા કે ઝરો ગળાવવી કે સુકવણા વખતે તેવા કુવામાંથી આસપાસની સીમમાં આકાશી ઉપજનાં ખેતરમાં પાણી લઇ શકાય, વળી જે ગામ કુવા ન પડી શકતા હોય, ત્યાંના લોકોને દુકાળ વખતે થાપણીઆ કુવાવાળા ગામમાં વસાવી તેનો માલ બચાવવા લીલો ચારો કરવાની કે અનાજ પેદા કરવાની તક આપવી.

૬:—જે નદીઓ જીવતી હોય તેનું પાણી બરબાદ ન જાય, માટે બાંધકામથી તળાવરૂપી વોટરવર્કસ કરી પ્રજાને લાભ આપવો. આવાં વોટરવર્કસ છપનીઆ દુકાળ વખતે કેટલેક ઠેકાણે થયાં છે. પણ જેમ બને તેમ જીવતી નદી નાળાંનાં બાંધકામ વધારવાથી લાભ થાય છે. તોપણ એવા બાંધકામ વધતા ઓછા વરસાદને અંગેજ લાભકારી થાય છે. પણ વરસાદ ન હોય ત્યારે તો ખરેખરા પાતાળ કુવાને થાપણીઆ કુવા વધારવાની યોજના વધારે ઉપયોગી થાયછે. માટે પાતાળ કુવાને થાપણીઆ કુવા વધારવા પૈસાનો વધારે વ્યય કરવો. અને નહેરો વધારવા ઉતાવળે જરૂર છે.

૭:—નદીઓ જીવતી હોય તેને કાંઠે કાસ, સારણ, ઓરીઆ વગેરે વધારવા (આ ચાલ ગુજરાતમાં વધારે છે).

૮:—દુકાળ વખતે જે કુવામાં પાણી થઇ રહેતાં હોય તેણે કુવાની ઉંડાઇ વધારવી.

૯:—જ્યાં જ્યાં બની શકે ત્યાં નહેરો વધારવી કે ચોમાસાનું પાણી નદીદ્વારે દરીઆમાં બરબાદ જતું અટકે.

૧૦:—સારા વરસમાં ખડ, કડબ હુડે હુડે થાય ત્યારે લોકો પૈસાને મુલે વેચી નાખે છે. તો દરેક ખેડુત પાસે ઢોરના પ્રમાણમાં બબે વરસની આગળ પાછળ નીરણ છે કે નહિ, તેની સત્તાધીશોએ ભરતી રખાવી દર વરસે લોકલ ઓફીસરો મારફત પત્રક માગવાં કે એ ચિંતા દુકાળ વખતે નીરણની બુમ ન પડે વળી આ પ્રમાણે ખડની લોકોમાં બરાબર યોજના ચાલે છે કે નહિ, તેનો અમુક ખેડુતનો એ ચિંનો નીમતાણો લેવો બે વરસ ઉપરની નીરણ હેય તે ખેડુતોને વેચવા છુટ આપવી કોઇ કહેશે કે છપનીઆ જેવા દુકાળથી રાજા પ્રજાને શીખામણ મળી છે. ને સંઘરો રખાય છે. પણ જેને એ લાગણી પુરપુરી હોત તો આ સાલ કમ વરસાદથી ખડની અછત થતાં અગલો સંઘરો પુષ્કળ હોત તો આજે રૂપિઆનું ૧॥ મણ ખડ થઈ ગયું છે તે ન થતાં પાંચ છ મણનું મળતુ હોત; પણ તે વાત લોકો ભૂલી જાય છે. માટે દેશી વાયુચક્ર ખાતાની ફરમાશ તો એ છે કે દુકાળ ફાવે તેવો આવે પણ ખડ ઠારોઠાર બોહોળા જથામાં નીકળી પડે ને ભાવમાં દુકાળ ન જણાય ત્યારેજ રાજા પ્રજાને સુખનો આરો આવશે.

૧૧:—જે સાલમાં અનાજ હુડે હુડે થાય ને સસ્તુ હોય ત્યારે લોકો પાસે ખાણો નંખાવવી ને તેનાં પત્રક માગવાં. ઉપરાંત રાજકર્તાએ સોંઘવારી વખતે મોટી મોટી ખાણો ને કોઠારો વારાફરતી રાખ્યા જવા. અને મોંઘવારીના વખતમાં પ્રજાને બચાવવા સસ્તા ભાવની દુકાનો ખોલાવવી કે ગરીબ પ્રજાનો બચાવ થાય. કારણ દુકાળના વરસમાં કમાણી હોય નહિ ને મજુર લોકને સાંજે જે રોજ મળે તેમાંથી મોંઘુ અનાજ હોય તો " માની કમાણીમાં છોરૂ ન સામે " એટલે ભુખમરો વધે છે ને દુકાળ પોતાનું રૂપ વધારે છે. માટે દેશી વાયુચક્ર ખાતું એવી ફરમાસ કરે છે કે માની કમાણીમાં છોરૂનો બચાવ થાય, એટલે દરજે અનાજ સસ્તું રહે એ મુખ્ય તત્વ

ધ્યાનમાં રાખી અનાજનો સંઘરો, ખાણો વગેરેથી કરાવવો ને કરવો.

૧૨:—રાજકર્તાએ પોતાના જંગલનું ખડ બધું વેચી નાખવું નહિ. તેમણે પણ પોતાના રાજના પશુ, ઢોર ઉપરાંત પ્રજાના બચાવ માટે મોટી મોટી ગંજીઓ કરાવી રાખવી. કારણ કોઇ વરસ ખડની ઓહોળી છતથી વઢામણુ માથે પડે છે. તેવી રીતે ખડ ફુડે ફુડે થાય અથવા જંગલ ઉભાં ને ઉભાં ભેળાઇ જાય, ત્યારે રાજકર્તાએ તેવાં જંગલ પોતાની પ્રજાનેજ જુજ વેચાણથી કે વણેથી વાઢી લેવા છુટ આપવી કે તેનો લાભ પરિણામે પ્રજાજ ભોગવે.

૧૩:—દેશમાં અંગ્રેજ સરકારશ્રીનું રામરાજ જામ્યા પછી અનાજનો દુકાળ નથી પણ ખરેખર પૈસાનો દુકાળ આવી પહોંચે છે. કારણ લોકોને ખેતીવાડીની ઉપજ આગળનાં કરતાં ઘટતી જાય છે. તેના કારણમાં વહેલી ખેડ કરવામાં સુસ્તાઇ અને ખાતરનો ભરપુર ઉપયોગ નહિ જે અમે પાછળ બતાવ્યું છે. એટલે આગળ જ્યારે સારી ઉપજ આવતી ત્યારે ઉત્તર ક્રિયાઓ કે વિવાહ વગેરે પ્રસંગમાં જે નાણાં ઉડતાં તેજ મીશાલે આગ્રહને લઇને અથવા નાત રૂઢીને લઇ ખરચાળ રીતીઓ એવીને એવી. ને ઉપજની ઘટ. 'મનલબ ખરચ વધારે. (વળી અગાળના કરતાં જણસ માત્રના ભાવ તેજ–જેથી નાત વરામાં ખરચ વધી જાય છે) જેથી કરજ કરવામાં ખેડુતા વગેરે શુરા બની નિર્ધન થઇ ગયા છે. જેથી ખરેખર પૈસાનો દુકાળ આવી પડે છે. પણ આ બ્રિટિશ રામરાજમાં આગગાડી, આગબોટ વગેરે સાધનથી અનાજ જે ભાગમાં પાકયું હોય ત્યાંથી વીજળીને વેગે દુકાળવાળા ભાગમાં લાવે છે. પણ અગાઉના દુકાળો વખતે આવાં રેલવે વગેરે સાધન નહોતાં કે છતે પૈસે અનાજ વિના સંકટ ગાલનું. પણ હાલ પૈસાની તંગીનાં કારણોમાં ગેરવાજબી ઉડાઉ ખર્ચ અને વિદ્યા–હુનરની કમાણી ઓછી એ મુખ્ય કહેવત્ છે કે—

દોહા.

" દી ઉઠાડે દીકરા, કાં વરીને કાં વરા;
કાંઇક સમાં સાગવાં, પછી ભાયું તો ખરા "

ભાવાર્થ–ખેડુતને સારી ઉપજ આવી કે દીકરાને કે પોતાને નવી વહુ લાવે, કાંતો નાતવરામાં કુલને ઘોડે ચડી પૈસા ઉડાડે કે કરજ કરે, કાંતો સગાંસાગવાંના કામમાં જામીન થાય. કે ભાઇઓને નાણાં ધીરે એટલે ખાતર વગેરેથી જમીનનો કસ સુધારવાની સત્તા ઘટે. અને દુકાળ વખતે પૈસાની તંગી આવી પડતાં ખેડૂતોની દશા દીન પ્રતિદિન નબળી પડતી જાય છે. માટે સુજ્ઞ ખેડુતોએ સમયને અનુસરી નાત–વરા વગેરે કરવા લક્ષ રાખવું.

૧૪:–દેશમાં ખેતીનો ધંધો મુખ્ય હોવાથી તે પેદાશ એકાદ વરસ ન આવે તો ખેડૂતો સપડાયા સાથ બીજી બાજુ વિદ્યા–હુન્નરની કમાણી દેશની વસ્તીને મુકાબલે બહુ ઓછી છે. અને આ દેશના લોકો પોતીકા બાપના ધંધાથી સંતોષ માની વધારે હુન્નર ઉદ્યોગ વધારતા નથી. તેમ ધંધામાં નવો સુધારો કરતા નથી. જેથી દુકાળ વખતે હુન્નરની થોડી પેદાશ ઉપર આખો દેશ લાભ લઇ શકતો નથી. માટે બીજા સુધરેલા દેશને મુકાબલે આ દેશમાં વિદ્યા–કળાનાં કારખાનાં વધારવા રાજા, પ્રજા અને ધનાઢય ગૃહસ્થોએ મોટી મોટી આપણો રોકી દેશી કારીગરીને ઉત્તેજન વધારવાની ઉતાવળે જરૂર છે કે દુકાળ વખતે નાણાંનો ભીડ ન પડે ને નિરાશ થએલા ખેડુતોને એકાદ વરસ ટેકો મળે. માટે વિલાયત જાપાન જેવા સુધરેલા દેશમાં હુન્નરની કેળવણી લઇ આવી આ દેશના ભાગ્યોદય માટે ચાંપતા ઉપાય લેવાની ઉતાવળે જરૂર છે કે દુકાળ વખતે વસમું ન લાગે, ને દેશી માલ વધવાથી દેશનો પૈસો દેશમાં રહે ૧૫:–આ દેશમાં ચાલતી કેળવણી અપૂર્ણ છે. જેથી હાલની ઉછરતી પ્રજાનો મોટો ભાગ નોકરી શોધવા ઉપર દોડે છે. અને પોતીકા બાપદાદાનો ધંધો

સુધારવા કોઇ લક્ષ આપતું નથી. પણ પશ્ચિમના સુધારાની ઉપલક મોહીંક ફેશનની નકલ પકડી અપૂર્ણ કેળવણી પામેલા જુવાનીઆ નોકરીને લાલચે ખુવાર મળે છે. અને અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ જોવામાં આવે છે. નહિ સારી નોકરી, નહિ પોતાના ધંધામાં ફતેહ. જેથી ઉલટા બોજારૂપ થવાય છે. માટે કેળવણી લેવાનો મુખ્ય હેતુ પોતાના ધંધા સુધારવાનો છે. કે તેથી બીજા હજારો અન્ય પ્રાણી સુખી જીંદગી ભોગવે. માટે સુધરેલા દેશની કેળવણી આપણી પેઠે અપૂર્ણ નથી, પણ વિલાયત, જાપાન, અમેરિકા, જર્મની વગેરે દેશોમાં કેળવણી સાથે હુન્નરની કેળવણી મોટા પાયા ઉપર અને ખર્ચથી અપાય છે જેથી ત્યાંના લોકો કેળવણી લઇ મોટા હુન્નરી બની દેશને મોટા આધારરૂપ થઇ પડે છે, ને પોતાની જીંદગીનો વૈભવ સુખશાંતિથી ગુજારે છે. પણ આ દેશમાં કેળવણી લઇ ઘણાખરા ઉલટા દેશને બોજારૂપ થઈ પડે છે. કારણ સુધરેલી ઢબને ઉપરથી મોહી જઈ પોતાના બાપીકા ધંધાને સુધારવાને બદલે તેમાં ખામી લાવે છે. જેથી દેશી કારીગરીને ઉત્તેજન નહિ મળવાથી દેશની સમૃદ્ધિને મોટો ધકો લાગે છે. ને એ ધકો દુકાળ જેવા વખતમાં વધારે વસમો લાગે છે. તે માટે નીચેના મહાન વાકયોના ચાબખરૂપી ચંદ્રાવળાનો બોધ ગ્રહણ કરવા જેવો છેઃ—

પરદેશી મોહ અને દેશી કારીગરીને ધકો.

(દેશનું નાણું પરદેશમાં જાય છે.)

ચંદ્રાવળા.

જાડાં લૂગડાં જાતાં રહ્યાં, ઝીણાંનું થયું જોર,
ઢેઢવાડે ગામેથી ગયાં, ને પૈસા લઇ ગયા ચોર;
પૈસા લઇ ગયા ચોર તે થઈ વેરી, કાળા કબજાને ટોપીયું પેરી,

ખોઈ ધનને ખુવારે ... જાડાં લુગડાં જાતાં રહ્યાં;
ઝીણાનું થયું જોર.

ભાવાર્થ:—આવા મોટા મોહથી દેશી કારીગરીને મોટો ધક્કો લાગ્યો જાય છે. જેથી દુકાળ વખતે ખેડુતો સાથે કારીગર લોકો પણ સપડાય છે. માટે કેળવણી લઈ દેશી કારીગરીનો મોહ વધારો કે દેશની સમૃદ્ધિમાં વધારો થતાં દુકાળ વખતે નવાણુંનો ધક્કો ન લાગે.

આ બાબત હિંદના વાઈસરાય લોર્ડ કર્ઝનની સરકારે છપની-આ દુકાળ વખતે રાજકોટની કીંગ કોલેજની ભેટ લેતાં રાજકુમારોને નીચેનો ઉત્તમ બોધ આપ્યો હતો:-" તમે અમારૂં દેખાદેખી નવી નકલનો મોહ વધારી બાગલાં ન બનો. પણ તમારા વડવાના રીત રીવાજને સુધારવા લક્ષ વધારો " વગેરે બોધ આ દેશના રાજા પ્રજાને બહુ ધ્યાન ખેંચનારો ને દેશીકારીગરીને ઉત્તેજન આપનારો છે. માટે શાણી સરકારની હાકેમો આપણી ચડતી થવા કેટલી કાળજી ધરાવે છે. તે આ ભવ્ય વચનો બસ છે.

૧૬:—દુકાળ વખતે ગરીબ ખેડુતોને વીઘોટીની ભરપુર છુટ આપવી જોઈએ. અને દુકાળના વખતમાં તેમને તગાવી તરીકે જાન માલના બચાવ માટે બને તેટલી વેળાસર મદદ આપવી. ટુંપાવી, ટુંપાવી મદદ આપવાથી ખેડુત અને સત્તાધીશ બેઉને નુકશાન થાયછે.

૧૭:—દુકાળ વખતે જંગલમાં ઢોરને ચારવા પોતાની પ્રજાનો છુટ આપતાં અન્ય તાલુકાની પ્રજાને બને તેટલી મોટા દીલથી સગવડ કરી દેવી અને એકંદરે માણસ પશુનો નિર્વીઘ્ને બચાવ થાય તેવા ઉદાર દીલથી રાજા પ્રજાએ શાંતિ ભરેલા ઉપાય લઈ આશિશ મેળવવી.

ઉપરના ૧૪ નિયમનો બરાબર ઉપયોગ થશે તો અનાજ ખડકી પ્રજાને ખેંચ પડશે નહિ. ઈશ્વર પાસે પ્રાર્થના છે કે આ નિયમોનો ત્વરાથી ઉપયોગ થવા રાજા પ્રજામાં વેગથી સદ્બુદ્ધિ વધો કે દુકાળનું કાળું મોં દેખાવાનો વખત ન આવે અસ્તુ.

प्रकरण दशमुं.

મરકી વિષે.

મરકી:—કોઇપણ પ્રાંત કે શહેરમાં તાવ, પ્લેગ, કોલેરા, શોળી વગેરે વાયરાથી માણસો તત્કાળ મરણ પામે છે. ત્યારે લોકો મરકી આવી એમ કહે છે. તો તે ઉત્પન્ન થવાનાં કુદરતી અને વહેવારીક કારણો નિહાળવાથી અનુભવ મળવા સાથ દેશહિત માટે ઉપયોગી તત્વો માલુમ પડી આવે છે. દેશમાં સારા વરસાદથી વરસ સુગાળ થાય. અને રાજા પ્રજા સારા વર્ષનો લાભ લેવા આતુર હોયજ, પણ ઇશ્વરની કુદરત ન્યારી છે જેથી હમણાં સુકાળ દુકાળની સાથે અનેક જાતના રોગનો વધારો થતો જોવામાં આવે છે અને પ્રજા શાંતિથી સુખ ભોગવી શકતી નથી. મતલબ કે વર્ષની રૂતુની કરણી સાથ હવા પાણીનો નિકટ સંબંધ છે. તે અમે પાછલા વર્ષની રૂતુનો અનુક્રમિક ઇતિહાસ આ ગ્રંથમાં લખી આબેહુબ સાબીતીઓનો ચિતાર આપ્યો છે. તોપણ મરકીના સંબંધમાં ઉત્પત્તિ અને શાંતિનાં મુળતત્વો બતાવી રાજા પ્રજાને આ વિષય સગ્રાહ્ય તરીકે ઉપયોગી થઈ પડશે જાણી લાંબી મુદતના અવલોકનની અત્રે નોંધો લીધી છે.

મરકી ઉત્પન્ન થવાનાં ખાસ કારણો

૧—કોરો દુકાળ:—૧. કોરા દુકાળમાં અનિયમિત રૂતુ એટલે હદ ઉપરાંત ગરમી વધી પડવાથી કોલેરા થાય છે. ૨-પાણી અને ખોરાકની તંગી (પાણી ને ખોરાક નબળા મળવાથી) ૩-વનસ્પતિનાં ખડધાન ખાવાથી; જેવાં કે ભોરીંગણી વગેરે ૪-અનાજ શિવાયના પદાર્થ ખોરાક તરીકે વધારી બચાવ કરવાથી; જેવાં કે, ખજુર, ખોળ, ગાજર, મુળા, જારની બરી વગેરેથી માણસનો મરો થાય છે.

તેમજ ૫-પશુ ઢોર ખડ વિના ઠારો ઠાર મરવાથી ગામની આસ પાસ ખરાબ હવામાં વધારો કરવા સહાયભુતી મળે છે. ૬-માણુસોમાં રોગના વાયરાથી ચેપ અરસપરસ રાત દિવસના ભેગા સંબંધથી વધતો જાય છે. ૭-કોરા દુકાળ પછવાડે કાળ કરતાં તેનું પુછડું વધારે મારે છે. જુઓ સંવત-૧૮૪૭-૬૫, ૬૧ અને સંવત ૧૯૩૪, ૫૬ ના કોરા દુકાળો હતા અને તેમાં મરકી ચાલવાનાં વિશેષ કારણો ઉપર મુજબનાંજ હતાં. ૨-લીલો દુકાળઃ-૧ અતિશે-વરસાદ વધી જવાથી દેશમાં શરદી વાળી હવા વધે છે. જેથી શરદીને લીધે તાવના વાયરા, અને શ્લેષ્મના જીવજંતુની ઉત્પતિને ટેકો મળે છે. ૨-વનસ્પતિનાં શાક, ભાજી પ્રમાણમાં વધારે ખવાય છે. જેથી તે પીત્ત કફ કરનારાં હોવાથી તાવના વાયરામાં સખત વધારો થાય છે.

૩:-બીજા વરસ ઘણું કરી કોરા કે કરવરા વરસ પછી આવે છે. જેથી કોરા દુકાળના ભુખમરામાંથી બચેલાં ટગટગતાં નિરાધાર મનુષ્યો અનાજના ખોરાકથી અસંતુષ્ટ હોય છે. તેઓ બોહોળા વરસાદથી ઉત્પન્ન થએલાં ખડ ધાન જેવાં કે સમેરવાનાં બી. સામો, વગેરે વનસ્પતિ પેટની સોવરી વાળવા રાંકા કે ગરીબ મનુષ્યો ખાઇ બચાવ કરવા જતાં રોગના ભોગ થાય છે.

૪:—અને ઓછામાં પુરૂં નવા મોલમાં રાત્રે દાખલ થઇ નવું કાચું અનાજ પેટની સોધરી વાળવા રાંક ઘરો કરવા જતાં ઘણાં માણુસોનાં પેટ છુટી પડતાં મરકીને વશ થાય છે.

૫:—લીલા દુકાળમાં કે સરાસરી કરતાં વધુ વરસાદ ભાદરવામાં વધી જાય તો શાકભાજી જેવાં કે, ભીંડા ચોળાડાં, તુરીયાં, ડોડા, કથી, તાંદળજો વગેરે શાક ભાજી હદ ઉપર થાય છે અને તેનો ઉપયોગ શાહુકાર કે ગરીબ હદ ઉપર અનિયમિતપણે ખોરાકમાં લે છે. તેથી તાવ કોલેરા વગેરે ઉત્પત્તિને મોટો આધાર મળે છે. માટે લીલા દુકાળ વખતે વનસ્પતિનાં શાક ભાજી વગેરે ખોરાકનો, હવા પાણી

સાથે કેટલો નિકટ સંબંધ છે, અને તે તાવ વગેરે રોગના વાયરાને કેટલે દરજ્જે સહાયકારી છે. તેનાં પ્રાચીન મૂળતત્વ વાળી આપણા અનુભવી વડુવાઓની અમુલ્ય બોધની કહેવતો નીચે આપું છુંઃ—

કહેવતો.

દહીં ડોડા ને ચીભડાં, (વનોવનનાં) ભાદરવાનાં શાક;
જ્વર સંદેશો મોકલે, આજ આવું કે કાલ. ૧

દુધ પૌંઆને કાકડી, ઉપરથી ખાધું દહીં;
તાવે સંદેશો મોકલ્યો, ખાટલો પાથર્યો કે નહિ. ૨

કુટ કાકડીને તુરિયાં, ને કારેલાનું શાક;
તાવે સંદેશો મોકલ્યો, આજ આવું કે કાલ. ૩

તાવ કહે તુરિયામાં વસુ, ગલકું દેખી ખડખડ હસુ;
જેને ઘરે જાડી છાશ, તેને ઘરે મારો વાસ. ૪

તુરિયું કહે વાંકુ ચુંકું, મારે દીલે છે સળી;
મારા ખાવામાં સ્વાદ કરે તો, નાખ લીંબુ ને મરી. ૫

કહોળુ કહે હું ગોળ ગોળ, મારે દીલે છે છોલ;
મારા ખાવામાં સ્વાદ કરે, તો નાખ મેથીને ગોળ. ૬

દૂધી કહે હું લાંબી લીસી, મારે દીલે છે છાલ;
મારા ખાવામાં સ્વાદ કરે, તો નાખ ચણાની દાળ. ૭

પાપડી કહે હું પાંચ લીલવાની, સૌને મન છું પ્રસન્ન;
જો ખાધાની મજા કરે, તો નાખો લીલું લસણ. ૮

મતલબ કે ભીન વરસમાં અથવા જે સાલમાં શાકભાજી બહુ વધી પડે, ત્યારે તેને ખાવાની રીત રૂઢી પ્રમાણે નિયમ પાળવાથી તાવ વગેરે વાયરાને ટેકો મળતો નથી. નહિ તો ઉપર પ્રમાણે તાવ વગેરે વાયરાને ટેકો મળે છે. જુઓ, સંવત–૧૯૩૫, ૩૬, ૪૬, ૫૧, ૫૭ વગેરે સાલોમાં તેમજ થયું હતું.

૩ઃ—તાવના વાયરાને જેમ—ઉપરની શાક ભાજી વગેરે જેમ

સહાય થાય છે. તેમ જારના સાંઠા, બોર વગેરે જીભની સ્વાદીષ્ટ વસ્તુઓ પીત વિકારને સહાય થઈ તાવનાં વાયરામાં વધારો કરે છે. માટે મનને કબજામાં રાખવું

ટીપ—સેનીટરી (આરોગ્યવિદ્યા) ના નિયમ પ્રમાણે ગામમાં સુધારો રાખ્યા છતાં, ઉપર પ્રમાણે ખોરાકની વસ્તુઓમાં રોગોની ઉત્પત્તિઓનાં મુળ તત્વ રહેલાં છે. માટે તેનો નિયમ અને અનુભવ પ્રમાણે ઉપયોગ કરી નહિ વર્તવાથી આપણા શરીરની સુખાકારીમાં વિઘ્ન તરીકે આપણે જાતેજ પગમાં કુવાડા મારીએ છીએ. અને દૈવ કોપનો દોષ કાઢીએ છીએ.

૪:—અનિયમિત કે હદ ઉપરાંત ગરમી—જે સાલમાં વધી જાય, ત્યારે માણસમાં તાપ વખતે જેમ હદ ઉપર ગરમી વધી જવાથી માણસની સલામતી માટે દહેશત રહે છે. તેમજ જમીન ઉપર હદ ઉપર ગરમી વધી જવાથી જમીન ઉપરના મલીન પદાર્થો તથા પાણીને હવામાં બગાડ થવા સાથ કોલેરા વગેરે રોગનાં ઝેરી જંતુ ઉત્પન્ન થાય છે. આવે વખતે વહેમી લોકો નીચ વરગના લોકો ઉપર વહેમ લઇ જાય છે. પણ હવા પાણીનું અવલોકન કરનાર અનુભવીને વિદ્વાન માણસો આવી રીતે અનિયમિત હવાનાં કારણો જલદી સમજી શકશે ને બીજાને અનુભવ કરાવશેજ. જુઓ—સં. ૧૯૪૫–૧૯૫૩ અને ૧૯૫૬–૫૭ ના ઉનાળામાં સખત ગરમી વધી જવાથી કોલેરાએ દેશમાં ઠારોઠાર રાડ પડાવી હતી.

૫:—અનિયમિત ઠંડી કે હદ ઉપરાંત શરદી,—હદ ઉપરાંત ગરમીથી કોલેરા વગેરે રોગની જેમ ઉત્પતિ થાય છે તેમ અતિશય ઠંડી કે શરદીથી તાવ વગેરેના વાયરાને તેમજ ગાંઠીઆ તાવની મરકીને ઉત્તેજન મળે છે. અને ગાંઠીઆ તાવની મરકીનાં ચેપી જીવજંતુ ઉત્પન્ન થઇ ભેજવાળી હવામાં નવાં ઇંડાં મુકવાને વધારે શક્તિમાન થાય છે. અને તે જીવજંતુ ગંદકી ગલીચવાળા પદાર્થ, ઘરમાં

અસ્વચ્છતા, ગામનાં અસ્વચ્છ પાણી કે સડેલ અનાજ, શાકભાજી વગેરે નબળા સંજોગમાં દાખલ થઇ પોતાનું જોર વધારી મૂળ નાખે છે. પછી તેને નસાડનાર સબળ હવાનો અવરોધ ન મળે ત્યાં સુધી કે દુર કરવાના ઘટીત ઉપાય તેને ન લેવાય ત્યાં સુધી અમુક ગામ, મોહલ્લો કે ઘરમાં નિવાસ રૂપે પ્રવેશ કરે છે. અને ઝેરી કાર્બોન હવા વધવાથી શરૂઆતમાં અમુક ઘરમાં સૂક્ષ્મ પ્રાણી ઉંદર જેવાને પોતાના પંજામાં લઇ તેનો ભોગ કરે છે અને ઘરના માણસને તે ઘરની હવા બગડવાનો તાર માફક સંદેશો આપે છે. દાખલા તરીકે, ધારો કે એક કાચના સીસામાં ઉંદરને પુર્યો હોય અને ઉપર બુચ મારીએ તો સીસામાંથી ઉંદર ઓકસીજન લેશે ને કાર્બોન કાઢશે. એમ કરતાં ઓકસીજન ખુટયો એટલે ઉંદર મરી જવાનો. મતલબ કે ઓકસીજન વિના કોઇ પ્રાણી આ પૃથ્વી ઉપર જીવી શકે નહિ. હવે ઉંદર સીસારૂપી નાના ઘરમાં ઓકસીજન ખુટવાથી કાર્બોન હવા (મરકીના જંતુવાળી ઝેરી હવા) નો ભોગ થયો. ત્યારે આપણને પ્રત્યક્ષ પુરાવો ઉંદર મામો આપે છે. કે હું સૂક્ષ્મ પ્રાણી નાશ પામ્યો તેટલે દરજ્જે આ ઘરની હવા બગડી છે. ત્યારે તમે મોટા પ્રાણ પ્રવાહવાળા મનુષ્ય પ્રાણીઓ વધારે હવા બગડતાં–તે ઘરમાં રહેનાર સૌ ભોગ થશો. માટે તે ઘરની હવા સાફસુફ વગેરે ઉપાયથી સુધારો નહિ તો બીજે સારે સ્થળે રહેવા જાઓ, નહિ તો વહેલા મોડા ભોગ થશો. છતાં ન ચેતીએ કે ન ઉપાય લઇએ, અને પછી તે ઝેરી હવાના ભોગ થઇએ તેમાં શું નવાઇ ? ને કોનો દોષ !

૬:—શિયાળા ઉનાળામાં અનિયમિત વાદળાં,—વગેરેથી તાવ વગેરે રોગને સહાયકારક થય છે

૭—ખાવદાંથી—સારૂં પાણી બગડે છે અને જમીન ઉપરના પદાર્થો સડી નબળા હવા છુટે છે. ને હવાના બગાડમાં સહાયકારક થાય છે.

૮:—ચેપી રોગના વાયર:—ત્રણે રૂતુમા જે પવન રૂતુ પ્રમાણે વાવો જોઇએ, અને તે પ્રમાણે ન વાતાં અનિયમિત વાય ત્યારે, અછબડા, ઓરી, સલેખમ, ઉધરસ, વગેરે ચેપી રોગો ઉત્પન્ન થાય છે. ને ઘણે ભાગે નાનાં બાળકો તેનાં ભોગ થાય છે. ત્યારે તાવ, શીળી, ઓરી, અછબડાના વાારા ચાલે છે એમ લોકો કહે છે. અને તેની લગામ કુદરતના સાહેબના હાથમાંજ છે માટે એવા ચેપી રોગના વાયરા જે ગામમાં કે પ્રાંતમાં ચાલતા હોય ત્યાં બનતાં લગી જવું નહિ. પણ તેવા સમયમાં જુની રૂઢીઓ પ્રમાણે વર્તવું.

૯-રૂતુ સંધિના રોગો—ઋગ્વેદના બ્રાહ્મણ ગ્રંથમાં લખ્યું છે કે રૂતુ સંધિમાં નવા નવા વ્યાધીઓ થાય છે. એથી પણ રૂતુનો હવા પાણી સાથે નિકટ સંબંધ પુરવાર થાય છે.

૧૦—અસ્વચ્છતા:—ઘરમાં, ફળીમાં, ગલી કે જાહેર રસ્તા કે ગામની આસપાસ અસ્વચ્છતા હોય તો તે પ્લેગ, કોલેરા વગેરે રોગોને સહાયકારી થાય છે વગેરે.

મરકી સામે—ચડાઈ.

(કુદરતી અને વહેવારિક ઉપાય.)

સંવત-૧૯૫૩-(સન ૧૮૯૬)માં પ્લેગે મુંબઈમાં પોતાનો પગ ડંડો નાખી એવો-જબરો ત્રાસ બેસાડયો કે મુંબઈને જાનમાલનું નુકશાન થવા ઉપરાંત સહસ્રાર્જુનના છાંટા જેમ આખા ક્ષત્રીકુળને ઉડયા. તેમ મુંબઈની મરકીના ભય ત્રાસથી નાઠેલા માણસો જ્યાં જ્યાં ગયા ત્યાં ચેપ લેતાં ગયાં, અને આખા ભારતખંડમાં આ ચેપી રોગ જોતજોતામાં ફેલાઈ ગયો છે. એ ચેપી રોગ મુળ ચીનથી માલ મુંબઇ આવતાં તેના ઝેરી જંતુ આવ્યા જણાય છે. આ ગાંડીઆના

કરી તાવ પહેલાં કોલેરા–તાવ વગેરે રોગની વ્યાધીઓથી વર્ત્તમાન-કાળના પ્લેગ જેવો આ દેશ કોઇવાર સપડાયો નહોતો. હિંદના સ-ઘળા ભાગમાં પ્લેગે પોતાનો જબરો હાથ લંબાવ્યો છે. અને ધંધા રોજગાર ઉપર ઘણીજ માઠી અસર કરી છે. અને પ્રજા હૈયે હૈડે ભેગી પોતાનો સત ઉદ્યોગ કરવા પામતી નથી એટલામાં પુરૂં બીજી તરફથી દુકાળ જેવો જોરાવર દુશ્મન અચાનક ડોકીયાં કરતો રહે છે, અને મનુષ્યને અચાનક સપડાવી દેનાર દુશ્મન તરીકે પોતાનો પગ-ડંડો વધારતો જાય છે. અને તે પાછળ બતાવેલ મરકીના મુળ ત-ત્વની ઉપાધીઓ સાથે દોસ્તી રાખે છે, જ્યાં તેને અનિયમિત હ-વાની અનુકુળતા મળે ત્યાં તેનો તે મેમાન થાય છે. અને માહાકા-ળીના હવનને નામે પોતાનો ભક્ષ કરે છે. જેથી મરકીનો ભય ત્રાસ રાજા–પ્રજા ઉભયને નુકશાન કરનાર છે. માટે શરીર સંપત્તિના સુ-ખને અર્થે અને દેશના ધંધા રોજગારને ધકો ન લાગે માટે પ્રા-ચીન કુદરતી અને વ્યવહારીક કારગતો સાથે તેની સામે ચડાઈ લઈ જઈ બચાવ કરવા ઇશ્વરકૃપાથી વેગાસર તૈયાર થવાની જરૂર છે.

મરકી સામે ઉપાય.

૧:—વેદની ચડાઈ:—ઋગ્વેદના બ્રાહ્મણ ગ્રંથમાં લખ્યું છે કે ૠતુ સંધિમાં વ્યાધિ થાય છે તે સમન કરવા સારૂ–ૠતુ સંધિમાં યાગ કરવા. એટલે યાગમાં ચાતુર્માસ્ય નામનો એક યાગ થાય છે. તે ૠતુની સંધિએ ફાગણ, અશાડ ને આસોની પુનમે કરવામાં આવેછે તે જેને ત્યાં પાંચ કુંડનો અગ્નિહોત્ર હોય તે ચાર દિવસ ઉપરની ૠતુ સંધિએ કરે છે. તે પ્રાચીન કાળમાં બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈશ્ય ઘણે ઘરે ઘરે રાખતા. તે યજ્ઞમાં ઘી, તલ, સાળ વગેરે પદાર્થો હોમવાથી તે હવાને સુધારે છે અને રોગ ઉત્પત્તિ હવાના બગાડને બાધે છે. તેવા યાગ હવે ક્યાં થાય છે? જેના પરિણામે અનિષ્ઠ ફળ ભોગવવાં પડે છે. માટે પ્રાચીન યજ્ઞ યાગાદિ ૠતુ સંધિએ કરવા.

તેમજ અગ્નિહોત્ર-વૈશ્વદેવ યાગ ઘરે ઘરે થાય તેવી યોજનાઓ રાજા પ્રજાએ ઠારોઠાર નિયમોત ચાલુ કરાવવી કે અનિયમિત હવાનાં અનિષ્ઠ ફળ ભોગવવાં ન પડે. (ઋતુની સંધીએ નાનો જુલાબ લેવો.)

૨:—તહેવારોના નિયમ બરાબર પાળવા અને અશાડી બીજે ગામેગામ દરવર્ષે હવન હોમને બ્રહ્મભોજ કરવો કે માહાકાળી (હવાદેવી) તૃપ્ત થતાં સ્વચ્છ હવાનો લાભ વધશે. માટે પ્રાચીન રૂઢીઓમાં જે વૈદિક કર્મોના નિયમો ગુપ્ત ભેદે રહ્યા છે તે રાજા પ્રજાએ આસ્થા વધારી ચાલુ કરવા. (આગ લાગ્યા પછી કુવો ખોદવા દોડીએ છીએ તેમ ન કરવું.)

૩;—આપણા ઘરડાઓની પ્રાચીન રીતો પ્રમાણે દરેક ઘરમાં હમેશાં ઘીનો દીવો અને અગરબત્તીનો ધુપ પુજા દ્વારે કે બીજી રીતે ચાલુ કરવાં. સાધારણ લોકોએ પોતાની કુળદેવી કે ઇષ્ટદેવને નામે લોબાન, ગુગળ વગેરેના ધુપ નિયમિત પણે ચાલુ કરવા. (સમજુ વર્ગમાં આ રીવાજ ચાલુ છે.)

૪:—સુધારો:—દરેક ઘરમાં, ફળીમાં, રસ્તામાં અને ગામની ફરતો પણ સુધારો રાખવો જોઇએ, નહિ તો ૧૦૦ ઘરનો સુધારો ને ૨૦૦ ઘરનો કુધારો મિશ્રણ થવાથી હવામાં બગાડ થાય છે. માટે જાહેર રસ્તા સારા હોય ને ફળીમાં ગંદકી થતી હોય તો જેમ શરીર ઉપરથી સાફસુફ પણ અંતરમાં રોગ હોય તો તે શરીરને ઓચીતી વ્યાધી થવાનીજ. માટે સ્વસ્છતાના નિયમ બધે સરખા જોઇએ.

૫:—ગામનાં મળમુત્ર અને કચરો પટો ગામથી દુર દક્ષિણ દિશાએ ઉંડા ખાડા ખોદી ખાતર પકવવા નખાવવો. અથવા ખેતરોમાં લઈ જઇ નાખે તેમ કરવું. પણ ગામમાં કે શહેરમાં કોલેરા, પ્લેગ, તાવ વગેરેના વાયરા વખતે તેવા ગંદા પદાર્થનો આથો ન મળે તેમ ચાંપતા ઉપાય લેવાની જરૂર છે.

૬:—જે સાલમાં શાક ભાજી બહુ વધી પડે તે સાલમાં તે ખાવાનો મહાવરો હદમાં કે વીધી પ્રમાણે કરવાથી પીત્તકોપના રોગ થશે નહિ. સારી ને નિયમિત હવાના વખતમાં શાક ભાજી ખાશો તોપણ તેની અસર ગુણકારીજ જણાશે. અને એનાં એ શાક ભાજી કોલેરા વગેરે નબળી હવાના સંજોગમાં ખાશો તો તે શરીરને અનુકુળ ન થતાં શરીરમાં ઓચીંતા વ્યાધી થવામાં ટેકો મળશે. દાખલા તરીકે ભીંડા કે ભાજી સારી હવાના વખતમાં ખાઓ તો શરીરને કાંઈ અસર નહિ થાય પણ કોલેરાની કે બીજી નબળી હવા ચાલતી વખત ખાશો તો તમને તેજ શાકભાજી વાયડાં પડશે કે વધુ અસર જણાવશે. માટે અમે શાક ભાજી ઉપર જે કહેવતો કહી છે તે અવલોકન કરી ઉપયોગ કરવા દેશી બધુઓને નમ્ર સલાહ છે. (ખરાબ શાકભાજી સત્તાધીશીએ વેચવા દેવાં નહિ.)

૭:—પાણીના કુવા દર વર્ષે એકવાર ઉલેચાવી તેમાં પડેલો ગાળ કઢાવતા રહેવુંજ. જરૂર જણાય તો કળીચુનો નાખવો.

૮:—કોરા દુકાળ કે ભીના વખતે ગરીબ લોકો અનાજના નિર્વાહ વિના રાંક બની રોગના વાયરાના વધારા તરીકે ભોગ થાય છે માટે તેના ઉપર સરકાર દરબાર અને ધનાઢ્ય ગૃહસ્થોએ પોતાના દયાના હાથ લંબાવી તેવો દુર્ઘટ ભુખમરો ન આવે તેની પહેલેથી પાળ ચાંપતા ઉપાયથી બાંધવી. નહિ તો તેવા માણસોમાં રોગ વધતાં તેની અસર સારા માણસોને પણ ભોગવવી પડે છે. જુઓ સંવત ૧૯૫૬ માં બચેલા ગૃહસ્થોને જમીનદારો ફુલાઈ ગયા કે આપણે સત્તા (પૈસા) વાળા માટે કાળ ઉતર્યો. પણ સંવત ૧૯૫૭ માં કાળનું પુંછડું કુદરતના સાહેબે એવું માર્યું કે, મોટા મોટા મુનીવરને ગચ્છદારો પણ નબળી હવાને શરણ થયા અને કેકને ઘરે તાળાં દેવાણાં. માટે ગરીબ નિરાધારમાં ભુખમરો કે રોગચાળો ન ચાલે તેનો દુકાળને પહેલે પગથીએ વિચાર બાંધવો ને ઠારોઠાર મોટાં ઉ-

ધરાણું કે પદરના પૈસાથી સહાયતા અને અન્નાશ્રમો બાંધી કોમે-કોમના ગૃહસ્થોએ ઉઠવું રંગ છે, જગડુશાને કે તેણે એકલે હાથે પંનડોતેરો કાળ આખા દેશને અનાજ પુરૂં પાડી ઉતરાવ્યો હતો. ધન્ય છે. તેની જનેતાને. એવાજ દયાના ભંડાર રપ શાહ કે પાદશાહ હોવા જોઇએ. કહેવત છે કે—

"જનની જણ તો એવા જણજે, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગમાવે નૂર."

પ્લેગ સામે ધુજારો.

૯:—કોલેરા ઘણી ગરમી કે ઘણી સરદીથી થાય છે. તેમ પ્લેગનો રોગ ગરમીથી વધતો નથી. પણ ગરમીથી તેનાં જીવજંતુ નાશ પામે છે. હવે આ રોગનો હુમલો દેશમાં વધારે છે. માટે તેના ઉપાય તરીકે કિંચિત સલાહો અહીં લખવા રજા લઉં છું.

૧૦:—જે ઘરમાં ઉંદર પડે કે પ્લેગની અસર જણાય તે ઘર ખાલી કરવું અથવા તુરત નીચેના ઉપાય લેવા.

૧. ઉંદર પડ્યો હોય તે ચીપીઆથી પકડીને અથવા કચરા બંગો ગામબહાર દાટવો. ૨–ઉંદર પડ્યો હોય તે જગ્યાએ ખોદી ક્યાસલેટ ને ખડ બાળી ગાર કરી નાખવી. ૩–ઘરનાં બધાં માણસે નાવું ધોવું. ૪-ઘરમાં ગાર કરી ધોળવું. ૫–ઘરનાં નળીઆં પવન આવે જાય તેમ ઉખાડવાં. ૬–ઘરનાં તમામ માણસને નાવા ધોવાની સુચના આપી, ઘર ખાલી કરી પાછળથી ઘરના માલીકે કે ચાકરે સગડી સળગાવી તે ઘર વચ્ચે મુકી તેમાં ઠામર ને ગંધક બાળવાં ને ઘર બંધ કરવું. પછી તે ઘર ઉઘાડી ઓસરી તથા ફળીમાં પણ એજ પ્રમાણે કરવું. પછી તે ઘરમાં રહેવું (આડોશી પાડોશીને પણ એજ સલાહ દેવી) ભોગજોગે વધારે. પ્રમાણમાં ઉંદર પડે તો તે ઘર ખાલીજ કરી દઈ બીજે સારા લતામાં કે ગામબહાર ઝુંપડાં કરી રહેવું. ૭–છેવટ તે ગામ તજી જ્યાં સારી હવા હોય ત્યાં ચાલતા થવું. પણ ઝેરી હવામાં રહેવું સલામતી ભરેલું નથી.

૧૧—ગામમાં પ્લેગનું જોર વધી જાય તો ગામ બધું સત્તાધીશોએ ખાલી કરાવવું. કારણ થોડાં ઘર ખાલી કરાવ્યાં હોય ને થોડાં ઉંદર પડેલ બંધ હોય તો હવા ઉલટી વધારે બગડે છે. માટે તમામ ઘર આઠ દિવસની મુદતે માલીકે સુધારવાં કે સત્તાધીશોએ માલીકના ખર્ચથી સુધારવાં. (ગરીબ વર્ગના લોકોને ઘર સુધારવા મદદ કરવી) જો બધાં ઘર ન સુધરે તો હવા શાંત થતાં માણસોજ (ઉંદર પડેલ ઘર ઉઘડતાં સાથ) ઝેરી હવા જતુવાળી ફેલાય છે. ત્યારે પ્લેગે ફરી જોર પકડયું એમ લોકો કહે છે. માટે પ્રથમથીજ બધાં ઘર સુધારવાં

खास—प्रयोगो.

૧૨:—ગામ ખાલી કર્યા પછી, તે ગામમાં દાખલ થતી વખતે માહાકાળીનો ગામ વચ્ચે હવન કરી ગામને ધારાવાડી દઈને પછી દાખલ થવું.

૧૩:—જ્યારે ઘર છોડવું ત્યારે ઘરની અંદરની પછીતે એક નાળીએર રડતું મુકવું. ઘરની ખડકીએ બે બાજુ સિંદુરનાં ત્રિશુળ કરવાં, જ્યારે પ્લેગ શાંત થાય ત્યારે તે ઘરમાં દાખલ થયા પહેલાં ગાર ગોરમટી કરી, પોતાના ઇષ્ટ દેવના નિવેદ ઝારી-પેલું નાળીએર માહાકાળીને નામે વધેરી વહેંચી દેઈ પછી તે ઘરમાં સુખેથી રહેવું. આ પ્રયોગો ઇશ્વર કૃપાથી ગામની અને ઘરની હવા નિર્મળ રહેવામાં સહાયભુત થાશેજ.

૧૪:—મરકીવાળા ભાગનાં માણસો બીજા ગામમાં ચેપ દાખલ ન કરે તે માટે ઘટીત-ભય વિનાના ઉપાય લેવા જોઇએ.

૧૫:—મરકીવાળા ભાગમાં લાખોનો ગણ હોય તોપણ જવું ન જોઇએ. કેમકે એ ચેપી રોગ છે.

૧૬:—જેના શરીરનો બાંધો મજબુત અને આરોગ્યતાના બરાબર નિયમ સાચવનારને તે અસર કરી શકતો નથી. કેમકે આપણા શરીરમાં જીવજંતુની કોથળીઓ છે તેને અંગ્રેજીમાં બોર્નીગાર્ડ કહે

છે તે બોનીમાર્ડ આરોગ્યતાના નિયમ પાળનારનાં મજબુત હોયછે, જેથી બહારનાં ઝેરી જંતુ બોનીમાર્ડ સાથે જુદ્ધમાં પાછાં પડી અંદર જવા પામતાં નથી. માટે પ્લેગના વખતમાં આરોગ્યતાના નિયમ પાળવા સાથ હિંમત રાખવી.

प्लेगनो दरदी माटे उपचार.

૧૭:—૧ શરદીનો વખત હોય તો ઘરે ઘરે સગડીઓના તાપ રાખવા ને ચકલે ચકલે હોળીઓ કરવી. ૨ તુળશીનાં ઝાડ ફળીમાં રાખવાં. કે ઝેરી જંતુ તેનાથી નાશ પામે છે. ૩ દરદીવાળા મકાનમાં ધુપ ધુમાડો કરતાં રહેવો. ૪ દરદીને ખોરાક કાંજી વગેરે હલકો આપવો. ૫ પ્લેગનો તાવ નરમ પડે તો બકાંદ, લીંડીને આકડાના પાંદથી શેક કરવો. કે ઝેરી જંતુ શરીરમાં પ્રવેશ કરતાં નાશ પામે. ૬ ભોગજોગે અંદર પેશી ગાંઠ નીકળે તો તેના ઉપર અળશીની પોટીસ મારવી. કે ડુંગળી કે રીંગણું બાફી બાંધવાં. ૭ કેટલીકવાર ગાંઠની શરૂઆતમાં ડામ પણ અકસીર ઉપાય થઇ પડે છે. કેટલાક આકડાનું દુધ પણ મારે છે. ૮ ઘઉંની પોટીશ પણ મારે છે ૯ કેટલાક કુણા લીંબડાનાં પાંદની ટીશીઓની લુગદીઓ કરી ગાંઠ ઉપર મૂકે છે. ૧૦ વળી કેટલાક ગુગળ, વધારણી, રાઇ, એરંડ, પારેવાની ચરક, સાવરસીંગ (ઘશીને ઉતારવું) એ છને ભેગાં કરી લઈ ગાંઠ મટે ત્યાં સુધી ગાંઠ ઉપર લેપ કરવો. એટલે ગાંઠ પાકી ફુટી જશે (સાવરસીગ ન મળે તોપણ ચાલશે.) લેપ કર્યા પહેલાં ઉના પાણીથી ધોતા રહેવું.

૧૧—ઈંટનો ભૂકો કરી તેની પોટલી કરવી. અને ઉના પાણીનો બાફ પોટલીએ લઇ—પછી તેનો શેક કરવો. અથવા તાંબાના લોટામાં ઉનું પાણી નાખી તેનાથી સેતો શેક કરવો.

૧૨—પ્લેગવાળા માણસને તાવ નરમ પાડવા દાક્તરો કુઇનાઇન પણ આપે છે. તે દાક્તર કે દેશી વૈદ્યની સલાહ લઇ તાવ વખતે કેટલું દેવું. અને ધીમે તાવે કેટલું દેવું—તે પુછવું.—પ્લેગમાં બહુ લોપ્પણ હોય અને મુંઝારો જણાય તો ગધેડીનું દુધ પાવું—કે

અથેઅનાં આ લીંડાં બ શેર પાણીમાં દિવસ ઉગતાં પગ્નાડી નેવે મુકવાં. પછી ૩ કે ચાર કલાક રહેવા દઇ–લીંડાં ચીપીયાથી પકડી ફેંકાવી દેવાં. એટલે લીંડાનો રસ પાણીમાં ઉતર્યો હોય તેમાં ૧। રૂ. ભાર ગોળ નાખી–મસળી ગળવું. અને તે રીતે દરદીને ત્રણ દિવસ પાણી પાવાથી રોગની શાંત્તિ થાશે. માટે શરીર, હવા-પાણીને અનુસરી માફક ઉપાય લેવા.

કોલેરા માટે દાકતરી ભલામણ.

એક અનુભવી દાકતર કોલેરા માટે નાચેના સલાહો આપે છે.

(૧) મનમાં સંકલ્પ કરવો કે એ રોગનો ભોગ હું થઇ પડનાર નથી, અને મનને બીકમાં ન રાખતાં આનંદમાં રાખવું. અને ઇશ્વર તરફ દોરવવું કે જેથી ચીત્તની એકાગ્રતા થાય.

(૨) કુદરતના નીયમને અનુસરીને, જઠરાગ્ની પ્રદીપ્ત રાખવો, કારણ કે તે "એસીડ" હોવાથી કોલેરાના જંતુને સંહારે છે, માટે સવારમાં ભૂખે પેટે મીઠાવાળા ચણા અને આદુની ચટણી ખાવી.

(૩) એ તો એક જાણીતી વાત છે કે જો આપણું શરીર તાંબાના તાર જેવા એકાદ વાહન યંત્ર (conductor) થી જમીન સાથે જોડવામાં આવે તો, તે શરીર પોઝીટીવ ઇલેકટ્રિસિટિ (Positive electricity) ખેંચી લઈ, નેગેટીવ (Negative) રહેવા દેછે. ઓકસીજન નામનો પ્રાણુ વાયુ, આ નેગેટીવ સ્થીતી તરફ આકર્ષાય છે. હવામાં ઓકસીજન છુટો છે અને તેથી શ્વાસ મારફતે ફેફસામાં અને ચામડીના છિદ્રોદ્વારા શરીરમાં સોસાઈ જઇ આખા શરીરને જાગ્રત બનાવે છે. આ કારણને લીધે હીંદુઓને, શરીર પર ત્રાંબાની ધાતુનું કોઈ પણ ઘરેણું પહેરવાનો રીવાજ, શુખશાસ્ત્રીના નીયમને અનુસરીને ઉત્તમ ગણવામાં આવ્યો છે.

(૪) અઠવાડીઆમાં એક વખત પંદર મીનીટ સુધી "ગંધકનો ભૂકો" હથેલીમાં અને પગને તળીએ ખુબ મસળતા રહેવો.

સમાપ્ત.

અમૂલ્ય જાહેર ખબર.

(ખાસ અમારી પાસેથીજ મળવાના ગ્રંથો)

ભાગ-પહેલો.

હિંદની મોટામાં મોટી દોલત અને મહાન લાભો.

સાઠ સંવત્સરી-કુંડળીઆ.

અને

ચોમાસાના વર્તારાનો કોહીનૂર.

ઉપરના નામના અપૂર્વ ઉપયોગી ગ્રંથની બે હજાર નકલ ખલાસ થતાં ત્રીજી આવૃત્તિ ઘણા સુધારા-વધારા સાથ જલદી બહાર પડશે. એમાં શ્રી નામજી માહારાજના **સાટ સંવત્સરી કુંડલીઆ.** ગુજરાતીમાં ટીકા સાથ દાખલ કરવા ઉપરાંત **વારાહ સંહિતાના ૬૦ સંવત્સર** અને બારે યુગનું સં. ૧૯૭૩ થી સંવત ૧૯૭૨ના વરસ સુધીનું ભવિષ્ય ફળ ઉમેરાશે, તેમજ, વરસફળના મહાન જોગો પંકો ગરમી, ગર્ભ દેશીવાળુ ચક્ર, પવન ચક્રો સાથે, નક્ષત્રના તમામ વર્તારા ટાળા સાથે, હુતાશણી, અખાત્રીજના મહાન વાયુચક્રના જોગો જોવાની પ્રાચીન રીતો, અનાજ, રૂ, ઘી, ખાંડ, ગોળ, ચોખા, વગેરેની તેજીમંદીનાં ખરાં જોણ, હાંડો-ભાડો અને સુકાળ-દુકાળની અગમચેતીઓ, ચોમાસાના પુષ્કળ ચમત્કાર, વહન, પાકમાં હીમ, ગેરૂ, મેલો, ટીડ વગેરે કુદરતી ઉપાધીઓ અને નાસ. જાતે નવાણુ નાખવાની રીતો, હિંદના સુકાળ-દુકાળનું ભવિષ્ય, અને પ્રાંતવાર દીગદર્શન, સરકારી વાયુશાસ્ત્રીની અવલોકન કરવાની રીતો અને દેશી રૂઢીના મહાન જોગોનો ચમત્કાર ધુમકેતુ અને બીજા અનેક મેઘ નિર્ણયના મુદ્દા ઉપર.સુધારો વધારો કર્યો છે, વગેરે વગેરે મહાન બાબતોનો બાર પ્રકરણમાં પુષ્કળ શોધ સંગ્રહ દાખલ કરી કર્તવ્ય પરાયણ દેશભક્તિ છેવટની દેશ સેવા માટે, ગ ૭. ૯ છે

પુસ્તક માટે શુ. કાઠિયાવાડના સાક્ષર મંડળ અને ભાવિક ગૃહસ્થો-એ ઉત્તમ મત આપી ફતેહ ઇચ્છી છે. માટે નિર્ણય અને સંશોધન વિનાના ગ્રંથોમાં પૈસા ન ખરચતાં આ નિર્ણયકારક ગ્રંથને દરેક ઘરમાં રાખી તમારા વારસાને નિર્ભય બનાવો. (જુની આવૃત્તિ જેમની પાસે હોય તેમણે આ છેવટના સુધારા વધારા વાળી ત્રીજી આવૃત્તિ મગાવો. કે જોગ જોવામાં ભૂલ ન થાય.) પુસ્તક રોયલ સોળ પેજી પૃષ્ટ ૨૫૦ ઉપરાંત ઉત્તમ છાપણી. કાગળ ને ક્રીટના પુંઠાથી બંધાશે. કીં. રૂ. ૧ (એક) પો. જુદું પાંચ નકલે એક નકલ ભેટ ને પો. માફ. પાંચથી વધુ નકલો મગાવનારને સેંકડે ૨૫ ટકા કમીશન મળશે પણ પોષ્ટેજ અને વિ પિ. ખર્ચ મગાવનારને શીર છે. "સુ કિં બ."

ખેતીવાડી સુધારાનો મહાન ભોમીઓ.

(પ્રાચીન–અર્વાચીન–ખેતીવાડી સુધારાનું કલ્પ વૃક્ષ.)

આ અમૂલ્ય ગ્રંથ સુજ્ઞ રાજા, પ્રજા–ખેડુત, વહીવટદાર, તલાટી, મુખી, મતાદાર, માસ્તર સાહબો વગેરે સર્વને ઉપયોગી થઈ પડવા આજ ૩૦ વરસના સંશોધનથી અનુભવ સિદ્ધ અખતરાથી અને પ્રાચીન અર્વાચીન મહાન વિષયથી પ્રકાશમાં લાવવા ઇશ્વર કૃપાથી દઢ પ્રતિજ્ઞ થયા છીએ

ખરેખર શાણી સરકાર અને હિંદના રાજવેત્તાઓ હિંદનો ઉધાર કરવા મથન કરે છે તેમણે તથા સુજ્ઞ રાજા પ્રજાએ હિંદની રસાળ ભુમિનો કસ વધારી, દેશની દોલતમાં ખરો વધારો ચાહી પુષ્ટીકારક ખોરાક મેળવી–અમેરિકા, વિલાયત અને જાપાન માફક જોરાવર પ્રજા બનવું હોય અને દરેક જમીનદાર અને ખેડુત વર્ગે જમીન સુધારી બમણી ઉપજ લાવી–ઉછરતી અને ભવિષ્યની પ્રજાને તેનાં સ્વાદિષ્ટ ફળ ચખાડવાં હોય તો આ મહાન ખેતીવાડી સુધારાનો ભોમીઓ મગાવી અવશ્ય લાભ લો.

એમાં જમીનના પ્રકાર, અને ગુણધર્મ-જમીનની જાતવારી સુધારવાનાં સંગીન મુળતત્વો, ત્રણે રૂતુની ખેડની રીતો અને કુદરતી લાભો. ખાતર પૈકી દેશી-પરદેશી (વિલાયતી)ની સંખ્યા, ગુણ અને જમીનની જાતવારી પ્રમાણે મેળવણીની રીતો, પાણીની પરીક્ષા અને યાંત્રીક બળની યોજનાઓ, પ્રાચીન ખડ જાતોનો કહેવતો સાથે નીરમુળ કરવાના ઉપાય. જમીનનું દળ સુધારવાનાં અને અને બગડવાનાં કારણો. વનસ્પતિને ઉછેરવાના ફાયદા, પશુ ઢોરની માવજત, રોગો અને ઉપચાર, બગીચાની કૃતિ, ફળ, ઝાડ નિરોગી રહેવાના ઉપાય. ઉત્તમ બીયાં મેળવવાની પ્રાચીન મૂળતત્વો, ને તેના અમૂલ્ય ફાયદા, છોડની કૃતિ-જુદા જુદા પાક-અનાજ. શેરડી, વણરાજ, કઠોળ વગેરેના વાવેતરની પ્રાચીન રીતો. તેના રોગો અને ઉપચાર. હાલના ખેડુતોની ખામીઓ, તેમની નબળી સ્થિતિ અને તેમને સુધારવાને કરવી જોઇતી સરકાર-દરબારોએ મહાન યોજનાઓ વગેરે વગેરે ૮૪ ઉપરાંત ઉપયોગી વિષયથી ભરપુર ઉપયોગી પુષ્કળ શોધસંગ્રહ ખેતીની અભિવૃદ્ધિ થવા આ અમારો કલ્પવૃક્ષ સમ માહાભારત પ્રયાસ છે માટે સુજ્ઞ રાજા-પ્રજા અને દરેક જમીનદાર, ખેડુત વર્ગે આ અમૂલ્ય ગ્રંથ મંગાવી એકીવારે તેનો નિયમપૂર્વક સદ્ઉપયોગ કરવાથી આ દેશની ખેતીવાડી પૂર્ણ કળાએ પહોંચતાં દેશની અને ખેડુતોની સ્થિતિ સુધરશેતો મારા મનની ઉર્મીઓ પાર પડી ગણી કર્તવ્ય પરાયણ દેશભક્તિને માટે મુક્તિને પામીશ.

પુસ્તક રોયલ સોળ પેજી છીંટના પુંઠાથી લગભગ પૃષ્ટ ૨૦૦ નું કદ થશે. કીં. રૂા. ૧ (એક) પો. જુદુ. પાંચે એક નકલ ભેટ ને પોષ્ટ માફ.

મુ. રોજીદ (ધંધુકા થઇ)
ચૈત્રી વર્ષ-૧૯૬૯ વૈ. શુ. ૫

કર્તા પ્રાચીન સંશોધક,
હરજીભાઇ ઉકાભાઇ મકવાણા
દેશી વાયુશાસ્ત્રી ગુજરાત-કાઠિયાવાડ.

દેશી વેધશાળાની મહાન સ્થાપના.

શુભ-હેતુ.

આ દેશમાં ખેતીનો મુખ્ય આધાર વૃષ્ટિ ઉપર છે. પણ દર સાલ કેવી આવશે તે વૃષ્ટિ વિદ્યાથી અજાણ રહેવાથી રાજા-પ્રજા ઓચીંતી સપડાઇ જઈ અનાજ, ખડની મોંઘવારીથી માણસ પશુ ઢોરની પાયમાલી થવા સાથ અનેક રીતે હાડમારી ભોગવવી પડે છે. અને " આગ લાગ્યા પછી કુવો ખોદવા પડે " એ જેટલે દરજે રાજા-પ્રજાને નુકશાનકારક છે. તેથી હજાર ગણે દરજે દુકાળમાં સપડાયા પછી ઉપાય લેવાનો ગેરલાભ છે. માટે એવી આંચીતી આંધીમાંથી થોડે ખર્ચે ઉધ્ધાર કરવો. અને આપણા દેશી રૂઢીના મહાન ચોમાસાના વર્ત્તારા, ખેતી, અને વેપારની અભીવૃદ્ધિ થવા અમારી પાસે ઇશ્વરી કૃપા બળ અને પ્રાચીન સંહિતાઓથી તથા પ્રાણ-પ્રવાહ (મેઝમેરિઝમ)ના આધારે તથા ગુરૂ પ્રતાપે જે મહાન શોધસંગ્રહ એકઠો થયો છે. તે અમારી હયાતીમાંજ અજવાળામાં લાવવા-આ દેશી વેધશાળાના ફંડની મહાન યોજના ચાલુ કરી છે. જે યોજના " એક પંથ દો કાજ " જેવી છે. એટલે રાજા પ્રજા તથા વેપારી, ખેડુત વર્ગને થોડે ખર્ચે અગાઉથી સુકાળ-દુકાળની ખબર પડે છે. અને વેપારી વગેરેને અનાજ, રૂ,ની તેજી-મંદીનો લાભ અમારા વર્ત્તારા મગાવી લેવા લાગ્યા છે. અને ઇશ્વરકૃપાથી બને તેટલી સેવા બજાવવી ચાલુ કરી છે અને તેથી અમારા ચોમાસાના વર્ત્તારા તથા, રૂ, અનાજના વર્ત્તારાની ખરી શ્રદ્ધા ચોતરફ પ્રસરી ગઇ છે અને લગભગ ૨૦૦ બસેં મેંબરો અને દેશી વેધશાળાના ઉત્પાદક મુ. સાહેબોએ હોંશેથી લાભ લેવા માંડયો છે. જેના પરિણામે ગુ. કાઠિયાવાડના મધ્ય ભાગે એક દેશી વેધશાળા બાંધી શાખાઓ વધારી દેશી વાયુ ચક્ર ખાતાના હવામાન વગેરે યંત્રોની ગોઠવણથી હિંદ, ગુજરાત, કચ્છ, કાઠિયાવાડના ચોમાસાના વર્ત્તારાના ચોકસ નિયમોનો ઉધાર કરતા જવો. અને થોડે ખર્ચે સરકારી વાયુશાસ્ત્રી સામે જાહેર હરિફાઈમાં ઉતરી આપણી પ્રાચીન વિદ્યાના

અભિમાન માટે બનતુ કરવામાં આવશે. માટે દેશી વેધશાળાના નીચેના મુખ્ય નિયમ ઉપર સુજ્ઞ રાજા–પ્રજાનું ધ્યાન ખેંચવામાં આવ છે. (આવી સંસ્થા સ્થાપન થવાની જરૂર હતી. તે ઇશ્વરકૃપાથી પાર પડશે તો દેશહિત માટે જુદીજુદી યોજનાથી જે કર્ત્તવ્યપરાયણ દેશભક્તિ બજાવી જવાની છે તે માટે કૃતાર્થ થયો માની વધારે મહાન શોધો અને ઉપયોગી ગ્રથો પ્રકાશમાં મુકતો જઈશ. અસ્તુ.

દેશીવેધશાળાના લાભકારી નિયમો.

હવેથી અમારા ઇશ્વર કૃપાબળ (પ્રાણપ્રવાહના આધારે) અને પ્રાચીન સહિતાઓને આધારે અમારા ખાનગી વર્ત્તારાની સંપૂર્ણ નોંધો નીચેના આકારમાં જણાવાશે.

(૧) સુજ્ઞ રાજા સાહેબો, ધનાઢય ગૃહસ્થો, મીલમાલેકો વગેરે દરસાલ દેશીવેધશાળાના ફંડમાં એકજવાર રૂા. ૧૦૦ કે તેથી વધારે રકમ ભરી મોકલશે. તેમને વેધશાળાના ખાસ કાયમના ઉત્પાદક મુ. સાહેબ ગણતાં તેમની ઇચ્છા મુજબ દરસાલના વર્ત્તારા અને ફંડમાંથી બહાર પડતાં પુસ્તકો વગર ફીએ ભેટ મળશે. (વધુ લાભોપર ધ્યાન રાખી વેધશાળા પ્રત્યે ઉત્તેજન રાખવું.) આવી મદદ આપવાની ઇચ્છા જેમને થાય ત્યારે તેમને પુછવા ઉપરથી વેધશાળાના સઘળા હેતુ અને વ્યવસ્થા જણાવવામાં આવશે.

આ બાબતમાં દેશીવેધશાળાના ઉત્પાદક તરીકે સનાબાદથી શ્રીયુત બાબુ ત્રીકમચંદજી બાબાજી રાલી બ્રાધરસના સબએજંટે ચોમાસાના વર્ત્તારા અને તેજી મંદીની શોધ ખોળને અંગે રૂા. ૨૫૧ ભર્યા છે.

(૨) જમીનદારો, વેપારી ગૃહસ્થો, મીલમાલેકો અને જબરા ખેડુતો દરસાલ રૂા. ૨૫ ફકત મોકલશે તેમને અખાત્રીજ વગેરેના સઘળા વર્ત્તારા, રૂ, અનાજના તેજીમંદી, અને માર્ચના રૂ, ના વાયદાની તેજીમંદી તથા હિંદ, ગુજરાત, કચ્છ, કાઠયાવાડના કયા ભાગમાં દરસાલ સુકાળ–દુકાળ કે રૂ, અનાજની કે માર્ચના રૂ, ના વાયદાની જબરી ઉથલ પાથલ તેમને ખર્ચે જણાવાય છે. આવા ઉત્પાદક મુ. સાહેબ ૧ લા વર્ગના ગણાતા તેમને ખર્ચે તેમને વર્ત્તારા

બારે માસ પુરા પડાય છે આવા મુખ્ય ઉપાદકોની સંખ્યા પણ વધતી જાય છે.

(૩) દરસાલ રૂ. ૨૦ મોકલશે તેમને ૧ લા વર્ગના મેંબર ગણતાં ઉપર મુજબ સઘળા વર્તારા અને વાયદાનો લાભ તેમને ખર્ચે પુછે તેમ જણાવાય છે.

(૪) દરસાલ રૂ. ૧૦ મોકલશે તેમને બીજા વર્ગના મેંબર ગણતાં ૨ ના વાયદા શિવાય સઘળા વર્તારાનો લાભ બારેમાસ તેમને ખર્ચે મળશે (વગરપુછે ફેરફાર લખાય છે).

(૫) દરસાલ રૂ. ૫ વેધશાળાના ફંડમાં મોકલી મેંબર થાશે તેમને ત્રીજા વર્ગના મેંબર ગણતાં ૨, ના વાયદા શિવાય સઘળા વર્તારાનો લાભ તેમને ખર્ચે પુછે તેમ જણાવાશે.

(૬) દરસાલ રૂ ૧-૨-૦ મોકલશે તેમને ચોથાં વર્ગના મેંબર ગણતાં દરસાલ ચોમાસાના ચારવાર વર્તારા મળશે. પહેલો શિયાળાની ૠતુના જોગનો શિવરાત્રીએ. ૨ જો અખાત્રીજના વાયુચક્રનો હસ્તલેખીત મહાન વર્તારો. તમામ વસ્તુનું તેજીમંદીના વરસફળ સાથે ફક્ત એકજ વાર. ૩ જો મૃગશર નક્ષત્રના વેપારવાયુ (ખારીવાયુ) પરથી ચોમાસાના વરસાદની સરાસરીનો. ૪ થો અસાડી પુનમનો હાંડાનો.

આવતા ખ્રિસ્ત્રી વર્ષ-૧૯૧૯ ઓગણોતેરાની સાલનો ખાનગી વર્તારો તૈયાર છે.

આવતું ચોમાસું હિંદ પૈકી ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ, મુંબઈ ઇલાકામાં કેવું પસાર પામશે કયા ભાગમાં સુકાળ દુકાળ વર્તાશે. તથા તેજીમંદીનું વરસફળ જાણવાની ઇચ્છા રાખનાર ગૃહસ્થોએ ઉપર મુજબ ચોથા વર્ગના મેંબર તરીકે ૧-૨-૦ ફી દેશીવેધશાળાના ફંડમાં મ. ઓ. થી મોકલી તુરત મગાવી લો. (નામ નોંધાવાથી વી. પી. થી પણ મોકલીશું.)

સુચનાઃ—અમારા બેઉ ભાગના પુસ્તકોનાં ગ્રાહકોને ફક્ત અમારા અવલોકનના ચોમાસાના ખાનગી સંપૂર્ણ વર્તારા દરસાલ ૦-૯-૦ રૂપીઆને મુલ્યે પાઠવામાં આવશે.

૨ સઘળો પત્રવહેવાર ઉત્પાદક મુ. સાહેબ અને મેંબરો શિવાયના સદ્‌ગૃહસ્થોએ જવાબ માટે ટીકટો મોકલવી.

૩ નોટપેટ પત્ર લેવામાં આવશે નહિ.

૪ વેધશાળાના વિશેષ નિયમો માટે કાગળપત્રથી કે સુચીપત્ર મગાવી વાકેફ થવું. " સુ. કિં. બ. "

મુ૦ રોજીદ (ધંધુકા) થઈ } પ્રાચીન સંશોધક. દેવજીભાઈ ઉકાભાઈ મકવાણા દેશી વાયુશાસ્ત્રી. ગુજરાત-કાઠિયાવાડ.

અભિપ્રાયો.

(૧) વૉટસન મ્યુ. ના કયુરેટર શ્રીયુત વલભજીભાઈ આચાર્ય રાજકોટઃ—આપનાં બેઉ ભાગનાં રચેલાં પુસ્તકો વાંચ્યાં છે તેમાં જે સંગ્રહ કર્યો છે. તે અમૂલ્ય છે. અને પુસ્તકો બહોળો ફેલાવો પામવાને લાયક છે. તો અમારી રાજાસાહેબો, વેપારી ખેડુતો વગેરે પોતાની પાસે રાખી ઉપયોગમાં લેવાની ખાસ ભલામણ છે. મિ. મકવાણાની શોધકબુદ્ધિ લાંબા વખતથી એવા કામ પાછળ મચી રહેલી છે. સરકારે લાખો રૂ. ખરચી વેધશાળાઓ સ્થાપી છે તેમ આ દેશમાં મિ. મકવાણા જેવાને હસ્તક એવું ખાતું સ્થાપ્યું હોય તો બેશક દેશને ફાયદો થાય.

(૨) એગ્રીકલચર શા. વજેરામ મોતીચંદ જામનગરવાળા (મદ્રાસ) આપનાં બંને પુસ્તકો વી. પી. થી મળ્યાં. વાંચી ઘણોજ ખુશી થયો છું. આપના ચોમાસાના વર્તારા ગુજરાતી પેપરમાં વાંચવામાં આવ્યા હતા. તેજ પ્રમાણે ચોમાસું ગુ. કાઠિયાવાડ અને હિંદમાં થતું જાય છે. આપને ઉત્તેજન મળવા કુમારશ્રી હરભમજી સાહેબને ભલામણ કરી છે. સં. ૧૯૬૪ મા. શુ. ૧૩

(૩) ઠાકોરશ્રી વખતસિંહજી સાહેબ વલાઃ—સં. ૧૯૬૯ નો વર્તારો મોકલશો. કુશળતા ચાહું છું—તા. ૧૪—૯—૧૧

(૪) ગૌ. સભાના ઓ. સેક્રેટરી ઓધવજી રામજી મહુવા:—આપે શ્રમ લઇ પ્રજાને ઉપયોગી બે પુસ્તકો રચી મહદ ઉપકાર કર્યો છે. તે વિશે મુબારકબાદી આપુ છું. તે વાંચી અપાર આનંદ થયો છે તે દરેક કુંટુંબને રાખવાની અવશ્ય જરૂર છે. હું ઘણો ફેલાવો કરીશ.

(૫) શ્રીયુત બાબુશ્રી ત્રીકમચંદ બાબાજી રાલી બ્રધર્સના સબ-એજંટ સનાબાદ:–આપના રૂ, અનાજની તેજીમંદીના તથા માર્ચના વાયદાની તેજી મંદીના વર્તારાની ઇશ્વરી કુદરતના તમારા જોગની મહેનતને વર્તારા જોઇ ખુશી થઓ છું. મને તેપર પૂર્ણ વિશ્વાસ છે. આપે જે દેશી વેધશાળાનું કર્ત્તવ્યપરાયણ ભકિતનું કામ માથે લીધું છે. તે ઇશ્વર પાર ઉતારશે. અને તેમાં આપનો યશ યશ થવા ઇશ્વરી પ્રાર્થના છે. દેશી વેધશાળામાં શોધખોળને અંગે રૂા. ૨૫૧ મોકલું છું તે સ્વીકારશો.

(૬) ઠકર મથરાદાસ ઠાકરશી મુંબઈ:–રૂ, વિગેરેની તેજીમંદીના વર્તારા રૂા. ૧૦ થી વી. પી. થી મોકલો. હવેથી દર માસે રૂા. પાંચ મોકલતો રહીશ. બીજા મેંબરો વધારવા તજવીજ ચાલે છે.

તા. ૨૬–૩–૧૨

(૭) શા. ડોસાભાઈ ગણજી વીરમગામ પહેલા વર્ગના મેંબર તરીકે આજે રૂા. ૨૫ મ. ઓ. થી મોકલ્યા છે. મારે અનાજનો વેપાર છે. કોઇ વખત રૂ નો વેપાર પણ કરૂંછું. તમારૂં જોણુ આપવા મે. કરશો. રૂા. ૮ ની ટીકટ આ લખત છે. તા. ૧૬-૧૦-૧૧

(૮) શા. જેસંગભાઈ ડાહ્યાભાઇ:—તમારા અબાત્રીજના વર્તારા તથા રૂ, અનાજ, ચોખા વગેરેના ખાનગી વર્તારા રૂ. ૧૦) વી. પી. થી બીડો. તમારા વર્તારા ઉપર પુરણ વિશ્વાસ છે. ૧ લા વર્ગના મેંબર તરીકે વર્તારા મોકલજો. બાકીના રૂા પછી મોકલીશ.

તા૦ ૧૬—૪—૧૨.